જીવન સાફલ્ય.

અથવા

જીંદગીનો ઉપયોગ.

સદ્વર્ત્તન, નીતિ અને વ્યવહારનાં દૃષ્ટાંતો

સહિત.

કર્ત્તા

ધી રાઈટ ઑનરેબલ સર જૉન લબક. બાર્ટ

ઍમ. પી. ઍફ. આર. ઍસ. ડી.

સી. ઍલ; ઍલ. ઍલ. ડી.

હાલ

લૉર્ડ એવબરિ.

ભાષાંતરકર્ત્તા.

મોરબી નિવાસી

લક્ષ્મીશંકર માધવજી શુકલ.

ફર્સ્ટ ઍસિસ્ટન્ટ માસ્તર તાલુકદારી ગરાશિયા સ્કૂલ.

વઢવાણ કેમ્પ.

મુંબાઈ

એજ્યુકેશન સોસાયટિ સ્ટીમ પ્રેસ.

કિમ્મત રૂ. ૧-૮-૦.

અર્પણપત્રિકા.

મુંબાઈ નિવાસી સુજ્ઞ શ્રીમાન્

શેઠ પુરૂષોત્તમ વિશ્રામ માવજી.

સુવિધા સંપાદન
કરી, લોકહિતાર્થે પ્રયાસ કરવાથી
ગયા દુષ્કાળમાં અન્ન વિગેરે છૂટથી ધર્માદા
આપી, આટલી યુવાવસ્થામાં પણ આપે ઉજ્વલ
યશ:પ્રાપ્તિ કરી છે અને વિદ્યાવૃદ્ધિકારક પ્રશંસનીય ઉ-
ત્સાહથી આપે નૂતન ગ્રંથકારોને ઉત્તેજન આપવા માંડ્યું છે; તે-
મજ આ ભાષાંતર કરવામાં મારો અભિલાષ સફળ થવા અનુ-
કૂલતા કરી આપી, આપે આપની સ્વાભાવિક ઉદાર બુદ્ધિથી
આશ્રય આપ્યો છે અને વિશેષમાં આ ભાષાંતર સાથે
આપનું યશસ્વી નામ યોજવાની માનપ્રદ અ-
નુમતિ આપી છે, તે કૃપાનુસાર કૃતજ્ઞતા-
પૂર્વક આ ભાષાંતર હું આપનેજ
પ્રેમથી અર્પણ કરૂં છું.

લી. હું છું.
આપનો ખરો હિતેચ્છુ,
લ. મા. શુ.

स जीवति यशो यस्य कीर्तिर्यस्य स जीवति ।
अयशोऽकीर्तिसंयुक्तो जीवन्नपि मृतोपमः ॥ १ ॥
चलं वित्तं चलं चित्तं चले जीवितयौवने ।
चलाचलमिदं सर्वं कीर्तिर्यस्य स जीवति ॥ २ ॥

પ્રસ્તાવના.

ભારત વર્ષના એક પ્રખ્યાત વિદ્વાન લખે છે કે, "ભિન્નભિન્ન મનુષ્યોની અનેક કારણોથી વારંવાર બદલાતી ભિન્નભિન્ન રૂચિઓની પ્રસન્નતા તૃપ્ત કરવા વાલ્મીકિ, **વ્યાસ** અને **હોમર** જેવા લેખકો પણ સમર્થ નથી થયા એમ પણ કહેવાય છે, તેમ ઉજ્વલ કીર્તિનો પાયો તો ક્ષણિક તથા ચલ પરકીય મનોવૃત્તિ ઉપર છે એમ ભાસે છે, તો અતિ ચંચળ અને અનિવાર્ય બુદ્ધિના નિરંકુશ પ્રભાવમાં તલ ઉપર ચિરકાલ પર્યંત ટકી રહેવાની આશા વ્યર્થ જ છે. માટે વિસ્મૃતિના પાતાળમાં બુડતાં બુડતાં સભ્રમ તથા કંપતા સ્વસ્થાનના અન્ય ગ્રાહકનીજ માત્ર રાહ જોતી નશ્વર લોકૈષણા પણ સુજ્ઞ જનને અનપેક્ષિત છે." આ લેખને સર્વ રીતે માન આપી પ્રત્યેક ગ્રંથકારે અનુવાદ કે પ્રવૃત્તિ કરવી યોગ્ય છે.

અન્ય પદાર્થો કરતાં વિદ્યા એક વિલક્ષણ પદાર્થ છે, વિદ્યાધનને સર્વ ધનોમાં પ્રધાન ધન ગણ્યું છે, તે યથાર્થ છે. વિદ્યા ધન અન્ય સર્વ ધનોને આકર્ષીને આણી શકે છે. વિદ્યા આપણા દેશમાં પ્રકાશતી હતી, ત્યારે આપણો દેશ સર્વના તન, મન, ધનને આકર્ષતો હતો અને સર્વથી શ્રેષ્ઠ ગણાતો હતો, એ ઇતિહાસના પૃષ્ઠપર પ્રસિદ્ધ છે. આ દેશના તે સુખ સમયે કરેલા વિદ્યાના કોષોરૂપ અસંખ્ય ગ્રંથો જેમ જેમ શોધાઈ પ્રગટ થાય છે તેમ તેમ એ વૃત્તાંત સિદ્ધ થાય છે અને દેશી પરદેશી પરીક્ષકો તેઓને બહુ મૂલ્યવાન ગણી એક સ્વરે તેઓની પ્રશંસા કરે છે.

જેમ આપણા **ભરતખંડના** સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ પ્રગટ થતો જાય છે અને તેમાં પ્રાચીન અને અર્વાચીન વિદ્વાનોની જે ચમત્કારી શક્તિ આપણને આનંદ આપે છે તેમ સર્વોપરી વિદ્વાન **જર્મન** આદિ **યૂરોપના** વિદ્વાનોનું સાહિત્ય પણ આપણને આનંદ આપે છે. **યૂરોપિઅન** સાહિત્ય સ્વભાષામાં લખાયેલું હોવાને લીધે તેની રસિકતાથી આપણે પૂર્ણ રીતિએ

અજ્ઞાન રહીએ છીએ તેથી તે સાહિત્યના ગ્રંથોનું દેશી ભાષામાં ભાષાંતર થવાની જરૂર છે.

આ ગ્રંથના કર્તા **સર જૉન લબક-હાલ લાર્ડ એવબરિ** યૂરોપ ખંડમાં વિદ્યમાન છે, આપણા આર્યાવર્તપર અધિકારસંબંધી અનુભવ પૂર્વક તેઓએ આ ગ્રંથ રચ્યો છે. પ્રાતઃકાલના પ્રથમ પ્રહરના શાંત સમયમાં નિદ્રામાંથી જાગૃત થયેલા તાજા મગજને પ્રમાણ પુસ્તકોના બોધથી ભરપૂર કરવું ઉચિત છે ગુર્જર પ્રજાની બદલાતી જતી બાલ્ય-સ્થિતિમાં આ ગ્રંથની એવી રીતિએ ગણના કરવી ઘટિત છે.

આ સ્તુતિ મૂળ ગ્રંથને માટે છે, ભાષાંતરને માટે તેવું ઉન્મત્ત સાહસ હું નજ કરૂં; કેમકે મારા સમજવામાં છે કે મૂળગ્રંથની વિચાર પોષક રસિકતા ભાષાંતરમાં આવી શકતી નથી, તથાપિ મૂલગ્રંથકર્ત્તાના આશયની વિરૂદ્ધ માત્ર મારા પોતાના વિચારનું અવલંબન કરી ઉત્પન્ન થતા દોષોને જરા પણ અવકાશ આપ્યો નથી.

જ્યારથી એ પુસ્તક મેં આગલ વાચ્યું હતું, ત્યારથીજ મને તેના ઉપર મોહ થયો હતો, પણ તે કાર્યમાં પૂર્ણ અવકાશ અને સત્પ્રેરણાની રાહ જોઈ હું મારા મનોરથનું ભવિષ્યની આશાથીજ પોષણ કરતો હતો. આ દરમીયાન મુંબાઈના પ્રખ્યાત શેઠ **પુરૂષોત્તમ વિશ્રામ માવજીના** પ્રસંગમાં હું આવ્યો. અને એ સુખી દિલના ગૃહસ્થે મને આ કાર્યમાં ઉત્સાહિત કર્યો. જેથી હું મારા મનોરથોમાં સર્વ અંશે સફળ થયો છું. સમય અને સાધનના યોગથી મેં ભાષાંતર તો પૂર્ણ કર્યું, પણ મને લાગ્યું કે, એ પુસ્તકમાં પ્રમાણભૂત દૃષ્ટાંતોમાં ઘણા પ્રખ્યાત પુરૂષોનાં અસંખ્ય નામ આવે છે, તેની કાંઈક પણ ઓળખ ગુજરાતી વાંચનારને આપવી જોઈએ. એ કામ જેવું અગત્યનું હતું તેવું જ મુશ્કેલ હતું. પણ મારા ઉત્સાહિત મનને તૃપ્ત કરવા સારા પુસ્તકોની સહાયતાથી આ પુસ્તકમાં નીચે 'ફુટનોટ' માં વિવેચન આપી તે કામ પૂરૂં કર્યું છે.

પ્રત્યેક અભ્યાસી સ્ત્રી અને પુરૂષ તેમજ આખા દેશની ચારિત્રસ્થિતિ સુધારવાને આવાં પુસ્તકોનું મહત્વ અવર્ણનીય છે. દરેક માણસ અને આખા જનમંડલને પોતાની દશાનું ભાન કરાવવું, અને ઉન્નત સ્થિતિએ પહોંચવાને તેમને ઉત્સુક અને સાધનયુક્ત કરવાં, એ પરમ કલ્યા-

ણની વાત છે અને આ પુસ્તકનો પણ એ મહાન્ ઉદ્દેશ છે. તે ઉદ્દેશ જો આ ભાષાંતરથી સફળ થશે તો હું મારા પ્રયત્નને સફળ થયેલો ગણી આત્માને કૃતાર્થ માનીશ.

આ પુસ્તક છપાઇને બહાર પડતાં પહેલાંજ મુંબાઇના પ્રખ્યાત શેઠ **પુરૂષોત્તમ વિશ્રામ માવજી**એ આ કામમાં મને મદદ આપવા અપાવવામાં અત્યંત શ્રમ લીધો છે, તેથી તેમનો તથા રાજવંશીયોનો, યૂરોપીઅન તથા દેશી અધિકારીઓનો અને સદ્‌ગૃહસ્થોને હું ઘણોજ આભારી થયો છું.

આ મૂળ ગ્રંથના કર્ત્તા **સર જૉન લબક**-હાલ **લૉર્ડ એવબરિ** સાહેબે કૃપા કરીને મને ભાષાંતર પ્રગટ કરવાની પરવાનગી આપી તેથી તેમનો હું આ પ્રસંગે ઉપકાર માનું છું.

મુ. વઢવાણ કેમ્પ	**લ. મા. શુ.**
તા. ૧૯ મી જુન સન ૧૯૦૦	**ભાષાંતર-કર્ત્તા.**



જીવન સાફલ્ય.

શુદ્ધિપત્ર.

પૃષ્ટ.	ઓળ.	અશુદ્ધ.	શુદ્ધ.
૧	૨૧	પોતાના	પોતાનાં
૨	૧	જીંદગીના	જીંદગીનાં
,,	૧૩	કર્તા	કર્ત્તા
,,	,,	,,	,,
,, (ટીકા ૧ લી)	૪	કાર્શિકા	કૉર્સિકા
,, ,,	૭	પોતાના	પોતાનાં
૩	૫	ન કે	ને કહ્યું છે કે
,,	,,	વર્ણી	વણી
,,	૧૬	ઉપટર	વિટર
,, (ટીકા ૧લી)	૨	સેઈનિપૉલ	સેઈન્ટપૉલ
,, ,, ૫મી)	૧	ઉપટર	વિટર
૪	૧૪	અહિમાનલ	અહિર્માન
૫	૬	બિજાના	બીજાના
,,	,,	થયલી	થયેલી
૬	૬	કર્તા	કર્ત્તા
૭	૪	સેન્ટપાલ	સેઈન્ટપૉલ
,,	૭	ઉપયાગી	ઉપયોગી
,, (ટીકા ૧ લી)	૧	વર્ફૂલમ	વેરૂલમ
૮	૧૪	ચેસ્ટર્કીલ્ડ	ચેસ્ટર્ફીલ્ડ
,, (ટીકા ૧ લી)	૧	જેના	જેનાં
,, ,,	,,	તેનાં	તેના
૯	૨૮	ઇન્દ્રિઓનેજ	ઇન્દ્રિઓનેજ
૧૦	૧૬	સિનિકસ	સિનિક્સ
,, (ટીકા ૧ લી)	૧	,,	,,
૧૧	૯	વલકન	સર. ટી. બ્રાઉન
,,	૧૦	ચારી	દુરાચારી
૧૨	૧૬	(કલૅરોફૉર્મ)	(કલૉરૉફૉર્મ)
૧૪	૧૫	દુનિયાદારેમાં	દુનિયાદારીમાં

પૃષ્ઠ.	ઓળ.	અશુદ્ધ.	શુદ્ધ.
૧૪	૧૩ (ટીકા ૧ લી) ની ઓળ ૪ થી	સોક્સન	સૅમ્પસન
૧૫	૧૮	તમારાં	તમારા
,,	૨૪	નેમ	તેમ
,, (ટીકા ૧ લી)	૩	હમ્પશિયર	હૅમ્પશિયર
૧૬	૩	અલ્બત	અલબત
,,	,,	ઇન્કિવ ઝિટર્સ	ઇન્કિવઝિટર્સ
૧૬	૩	રોમનકથલિક	રોમનકૅથલિક્
,, (ટીકા ૨ જી)	૨	હતે	હતો
૧૭	૧૫	પુસ્ટિન	પ્યુરિટન
,,	૧૬	રીછની	રીંછની
,, (ટીકા ૧ લી)	૭	બીજા	બીજાં
૧૮	૨	(સાઉથ)	(સાઉધે)
૧૯ (ટીકા ૧ લી)	૧	પોતાનાં	પોતાના
૨૦	૨૧	પાછળના	પાછળનાં
૨૪ (ટીકા ૨ જી)	૧	એડિમ્બરા	એડિન્બરા
૨૮	૩	ચેસ્ટર્ફિલ્ડ	ચેસ્ટર્ફીલ્ડ
૨૯	૯	,,	,,
,,	૧૩	બોસ્ટૅટ જેમમાં	બૅાસ્ટ્રૅટજેમમાં
,,	,,	સ્કુબ	સ્કૂબ
૩૧	૯	દીલતા	દીલના
,,	૧૨	રહેલા	રહેલી
,, (ટીકા ૧ લી)	૧	ગોએથ	ગોથે
૩૨	૨૧	વિવીએન[૧]	વિવીએન[૨]
,,	,,	મર્લિન[૨]	મર્લિન[૧]
,, (ટીકા ૨ જી)	૧	ભોળવાએલી	ભોળવાએલી સ્ત્રી
૩૪	૨	બોલતાં	બોલતા
,,	૧૨	જેવી	જેવાં
૩૫	૧૨	દેવાં	દેવા
૩૬	૧૦	લૉર્ડ ચેસ્ટર્ફિલ્ડ	લૉર્ડ ચેસ્ટર્ફીલ્ડ
,,	૨૦	મરકયુરી	મર્ક્યુરિ
૩૭	૧૧	થઈ શકે	થઈશ કે
,,	૧૯	છોકરાઓને	છોકરાંઓને
૪૦	૧૮	તમને	તેમને
,,	૨૧	નહિંમત	ના હિમ્મત
,, (ટીકા ૧ લી)	૨	ઈફિસમાં	ઈફીસસમાં
૪૧	૨૧	તેવા	તેવાં

પૃષ્ઠ.	ઓળ.	અશુદ્ધ.	શુદ્ધ.
૪૨	૧૪	સાધારણ પણ ભુલ	સાધારણ ભુલ
,, (ટીકા ૨ જી)	૩	નિશાન	નિશાનથી
,, (,,)	૮	વિક્ટોરીઆની	વિટૉરિઆની
૪૩	૪	ભલાવો	ભુલાવો
,,(ટીકા ૧ લી)	૩	ઉવગ	ઉદ્વેગ
૪૫	૧	તે ઇશ્વર	ઇશ્વર
,,	૨૨	ઓકસફર્ડમાં	ઑક્સફર્ડમાં
૪૬	૬૧	નીપજાવી ન શકો તેવી ચીજો સોંધી આપવી.	નીપજાવી ન શકો તેના બદલામાં તમે નીપજાવી શકો તેવી ચીજો સોંઘી આપવી.
,, (ટીકા ૧ લી)	૧	કાલિજ	કૉલિજ
૪૮	૧	બાઇલિબ	બાઇબલ
,,	૧૯	લૅાટિન	લૅટિન
૫૩	૨૨	નિવારણા	નિવારણ
,, (ટીકા ૧ લી)	૨	નાર; રાણી	નાર; ઍન રાણી
૫૫	૨૩	ખજાનાના	ખજાનાનો
૫૬	૨૨	ઉવૅાટરતની	ઉવૅાટરલુની
૫૯	૯	પકડવાના ગુણથી	પકડવાના ગુલથી
૬૦	૫	આઆકાસને	આકાશને
૬૨	૨૬	ઉવેગ	ઉદ્વેગ
૬૫	૯	મજા પડી.	મજા પડી "
૬૯	૮	ફ્રૅરેડે એ	ફ્રૅરેડે એ
૭૨	૩	ઇન્સ	ઇન્સ
૭૬	૨	સકટો	સંકટો
૮૫	૧૩	ગ્રે હવે²	ગ્રે² હવે
૮૭	૧૭	બાજુઅ	બાજુએ
૮૯	૧૭	શબ્દાજ	શબ્દોજ
,,	૧૯	સીસેરો	સીસેરોનો
૯૧	૨૨	જાહીરાંત	જાહેરાંત
૯૨	૨૨	" જુવો	" જુઓ
૯૫	૯	પાવણામાંથી	પારણામાંથી
૯૭	૭	કાઇ	કોઇ

પૃષ્ઠ.	ઓળ.	અશુદ્ધ.	શુદ્ધ.
૯૭	૮	ઘણાં	ઘણા
,,	૧૨	કઈ	કંઈ
૧૦૩	૧૭	લેખ છે."	લેખ છે
૧૦૭	૨	મટ	માટે
૧૦૮	૬	સગ્રહ	સંગ્રહ
,,	૧૮	ઇચ્છવા	ઇચ્છિવા
૧૧૦	૨૦	કરવા	કરવાં
૧૧૯	૧૬	પ્લેટોનો	પ્લેટોનાં
,,	૨૦	માટે " હું	માટે હું
૧૨૦	૯	સારૂં લાગેછે.	સારૂં લાગેછે."
,,	૧૮	કવિતાદ્વારાએ " એક-	કવિતાદ્વારા એ એક
૧૨૧	૨	કે, અનુભવ	કે, " અનુભવ
,,	૨૬	આપણા	આપણાં
,,	,,	માટ	માટે
૧૨૨	૨૬	પ્રદશામાં	પ્રદેશામાં
૧૨૪	૧૪	પોટકાનાં	પોટકાના
૧૩૦	૩	પહેલા	પહેલાં
૧૩૧	૧૨	ઇગ્રેજ	ઇંગ્રેજ
,,	૧૩	,,	,,
,,	૨૪	નૌકાનાં	નૌકાના
,,	૨૫	આપણાં	આપણા
૧૪૧	૯	હિંદુરતાન	હિંદુસ્તાન
૧૪૧	૨૩	રાજ્યતંત્રનાં	રાજ્યતંત્રના
૧૪૩	૧	છ	છે
,,	૨	પૌન્ડ કરતાં	કરતાં
૧૪૮	૨૨	કટલા	કેટલા
૧૬૯	૧	" આ	આ
૧૭૦	૯	તે સુખનું	" તે સુખનું
૧૭૧	૧૨	માટ	માટે
,,	૧૩	હિત	હિત
૧૭૨	૨	શબ્દા	શબ્દો
૧૭૬	૫	પણ	પુર્ણ
૧૭૯	૧૮	ક્રિયામાજ	ક્રિયામાંજ
૧૮૨	૧૩	ફાયદા	ફાયદો
૧૮૪	૨૮	દવાની	દેવાની

પૃષ્ઠ.	ઓળ.	અશુદ્ધ.	શુદ્ધ.
૧૮૫	૧૮	ર	રમૂ
૧૮૬	૨૭	તમ	તમે
૧૮૯	૮	હાજર છે.	હાજર છે. "
૧૯૦	૨૪	આવું છું.	આવું છું "
૧૯૧	૩	તરીક	તરીકે
૧૯૧	૮	કે, મારી	કે, 'મારી
"	૯	આપીરા "	આપીશ' "
"	૧૯	હોય છે.	હોય છે. "
૧૯૨	૧૫	દવદૂત	દેવદૂત
૨૦૦	૨૬	पर ाधानम्	परं निधानम्
૨૦૮	૧૬	કઈ	કંઈ
૨૧૭	૪	દુનિયામા	દુનિયામાં
૨૨૨	૫	અનો	અને
"	૬	મૂખ્પમરાની	ભૂખ્પમરાની
૨૨૫	૧૧	ધરે છે	ધરે છે."
૨૨૮	૧૯	દાષિત	દોષિત
૨૨૯	૨	તે	"તે
૨૩૧ (ટીકા ૧ લી)	૧	પુરીકાઇસિ	પુરીડાઇઝ
૨૩૩	૧૪	ફ્લારેન્સ	ફ્લૉરેન્સ
૨૩૪	૨૪	મોકલ્યુ	મોકલ્યું
૨૩૫	૧૨	અશાનો	અંશાનો
૨૪૩	૧૩	કારણ કે	" કારણ કે
૨૪૫	૮	એવાં	એવા
"	૧૪	દવથી	દેવથી
૨૪૬	૨૦	કઈ	કંઈ
૨૪૭	૧૧	પ્રસરે છે.	પ્રસરે છે."
૨૫૪	૧૨	કરે છે.	કરે છે. "
૨૫૬	૧૪	અકદમ	એકદમ

જીવનસાફલ્ય.

પ્રકરણ પહેલું.

મહત્ પ્રશ્ન.

(वसंततिलका.)

यज्जीवति क्षणमपि प्रथितं मनुष्यै-
र्विज्ञानविक्रमयशोभिरभज्यमानम् ।
तन्नामजीवितमिह प्रवदन्ति तज्ज्ञाः
काकोऽपि जीवति चिराय बलिं च भुंक्ते ॥

हितोपदेश.

(પ્લવંગમ.)

જ્ઞાન પરાક્રમ પ્રૌઢ, ભલો યશ ભૂતળે;
તેથી જેહ પ્રસિદ્ધ, જીવે પછી પળ ભલે;
જાણ પુરૂષ તે કહે, તેનું જીવતર ખરૂં;
જીવે કાક સદાય, બલી ભક્ષી નર્યું.

ર. ઉ.

જીંદગી કેવી રીતિએ ગુજારવી તે શીખવું, તે જીવતરનું ઘણુંજ અગત્યનું કામ છે. જીંદગી જાળવવાને માણસો જેટલાં આતુર છે, તેટલાં આતુર બીજી કોઈપણ વસ્તુને માટે રહેતાં નથી, અને તો પણ જીંદગી સારી રાખવાને જેટલાં બેફીકર રહેછે તેટલાં બેફીકર બીજી કોઈપણ વસ્તુને માટે રહેતાં નથી.

આ સહજ બાબત નથી. હિપૉક્રેટીસે[1] પોતાના વૈદક સૂત્રોની શરૂઆતમાં કહ્યું છે કે—"જીંદગી ટુંકી છે, હુન્નર વિશાળ છે, તક ચલિત છે, પ્રયોગ અચોકસ છે અને નિર્ણય મુશ્કેલ છે."

---

૧. હિપૉક્રેટીસ—પ્રાચીન કાળનો ગ્રીસનો વૈદ્ય. તેણે ઘણાં વૈદકનાં પુસ્તકો લખ્યાં છે. તે ઈ. સ. પૂ. ૪૬૮ માં કોસ બેટમાં જન્મ્યો હતો અને ઈ. સ. પૂર્વે ૩૫૭ માં મૃત્યુ પામ્યો.

જીંદગીના સુખ અને ફતેહનો આધાર આપણી સ્થિતિ ઉપર નથી પણ આપણા પોતાનાજપર છે. "આજ સુધીમાં બીજાઓએ પાયમાલ કરેલાં માણસો કરતાં વધારે પોતપોતાની મેળેજ પાયમાલ થયેલાં છે.

"उद्धरेदात्मनाऽऽत्मानं नात्मानमवसादयेत् ।
आत्मैव ह्यात्मनो बंधुरात्मैव रिपुरात्मनः ॥

भगवद्गीता.

ભાવાર્થ—વિવેકી પુરૂષે પોતાની જાતે પોતાના આત્માનો ઉદ્ધાર કરવો, પરંતુ તેને અધોગતિએ પહોંચાડવો નહિ. આત્માજ પોતાનો બંધુ છે અને શત્રુ છે.

ધરતીકંપ વિગેરે આજ સુધીમાં દૈવિક ઉત્પાતો કરતાં મનુષ્ય જાતીના હાથથી વધારે ઘરો અને શહેરોનો નાશ થયો છે. નાશ બે જાતના છેઃ—એકનો કર્તા કાળ છે અને બીજાનો કર્તા મનુષ્ય છે.

સઘળા નાશમાં મનુષ્યનો નાશ એ સૌથી દીલગીરી ભરેલો છે. અને **સેનેકાએ**[1] કહ્યું છે તે પ્રમાણે માણસનો સૌથી ખરાબ દુશ્મન તેની છાતીમાં વસે છે. **લાબ્રુયેર**[2] કહે છે,

---

૧. રોમનો એક પદાર્થવિજ્ઞાની, વક્તા અને અલંકારશાસ્ત્રી હતો. તેણે રોમમાં કેળવણી લીધી હતી અને સારી પદ્વીએ પહોંચ્યો હતો, પણ જર્મનિકસની પુત્રી જુલિઆની સાથે કાંઈ છુપી મસલતને માટે તેને કાર્શીકા ટાપુમાં દેશનિકાલ કરેલો હતો. પછી ક્લૉડિઅસ પાદશાહની બેગમ એગ્રિપિનાએ તેને પાછો બોલાવી લીધો અને પોતાના પુત્ર નીરોનો શિક્ષક નીમ્યો. નીરો જ્યારે ગાદીએ આવ્યો ત્યારે સેનેકાએ તેની લોભી પ્રકૃતિ જાણીને પોતાના ઘરબાર તથા માલમિલકત તેને આપી દઈને નિવૃત્તિપરાયણ થવાની અરજ કરી, પણ નીરોએ તે કબુલ કરી નહિ. પછી પાઈઝોનું કાવત્રું જ્યારે ખુલ્લું પડયું તેમાં સેનેકાએ ભાગ લીધો છે, એવું જાહેર કરવામાં આવ્યું, તેથી તેણે પોતાની મેળેજ મરવું એવો હુકમ કાઢવામાં આવ્યો; જે ઉપરથી તેણે પોતે ઝેર ખાધું, જેની તેના ઉપર કંઈ અસર ન થતાં તેની ફસ ખોલી નાખી મૃત્યુએ પહોંચાડયો. ઈ. સ. પૂર્વે ૭ માં સ્પેઈનના કાર્ડોવા શેહેરમાં જન્મ્યો હતો. ઈ. સ. પૂ. ૩ થી ઈ. સ. ૬૫ સુધી.

૨. એક પ્રખ્યાત ફ્રેન્ચ ગ્રંથકર્તા, તે નૉર્મન્ડિના **ડોર્ડન** શહેરમાં ઈ. સ. ૧૬૪૬ માં જન્મ્યો હતો અને **વર્સેલ્સમાં** ૧૬૯૬ માં મરણ પામ્યો.

"ઘણાં માણસો બીજાઓને દુઃખી કરવામાં પોતાનો ઘણો વખત ગાળે છે." **લીલી**[1] કહે છે,-ઘણાં દૃષ્ટાંતોમાં જુવાનીના ચટકા ભરતા લોહીએ એવી બાબતો અજમાવી હોય છે, કે જેનો પશ્ચાત્તાપ વૃદ્ધાવસ્થાનાં કળતાં હાડકાંઓને કરવો પડયો છે; તેવિષે લ્યુશ્યન[2] કે "જે ગયું અને થઈ ગયું તેને **ક્લોથો**[3] ફરી વણી શકતી નથી અથવા **એટ્રોપૉસ** પાછું બોલાવી શકતી નથી[4]." માણસને પોતાની જાત પરનો પ્યાર ડહાપણવાળો નથી, પણ બેહદ છે.

"જે થાય છે તે સારાને માટેજ થાય છે," એવો મારો મત છે. એવો કોઈ કોઈ વખત મારા પર અપવાદ મુકવામા આવે છે. પણ જીંદગીના સંતાપ અને દીલગીરીઓને ખોટી ગણી મેં નામંજુર કર્યાં નથી. માણસો સુખી થાય તેટલાજ માટે માણસો સુખી છે, એમ હું કોઈ દિવસ કહેતો નથી; અને જો તેઓ સુખી ન હોય તો ઘણે ભાગે દોષ તેઓનોજ છે. વળી આપણામાંના ઘણાખરા જેટલાં સુખનો ઉપભોગ કરે છે તેના કરતાં વધારે સુખ નાખી દે છે. આથી તે બાબત વધારે ખેદયુક્ત થાય છે. **ઉપટર**[5] કહે છે કે "જિહ્વા અથવા કલમના સઘળા ખિન્ન શબ્દો કરતાં 'આમ થાત' એ શબ્દો સૌથી શોકકારક છે.

---

૧. એક નામીચો વૈયાકરણી, તેણે ઑક્સફર્ડમાં કેળવણી લીધી હતી. સેઇનપૉલ સ્કૂલનો તે ૧૫૦૯ માં શિક્ષક નીમાયો હતો, અને તેનાં શીષ્યો અતિ પ્રખ્યાત વિદ્વાનો થયા છે. તે હૅમ્પશીયરમાં ૧૪૬૮ માં જન્મ્યો હતો અને ૧૫૨૩ માં લન્ડનમાં મરકીથી મરણ પામ્યો.

૨. લ્યુશ્યન. ગ્રીસનો એક પ્રખ્યાત ઉપહાસ કાવ્ય રચનાર અને અલંકાર શાસ્ત્રી હતો. તેના ઘણાં પુસ્તકોનાં ઇંગ્રેજીમાં ભાષાંતરો થયેલાં છે. ઈ. સ. ૧૨૦-૨૦૦.

૩. વિધાતા દેવીની ત્રણ શક્તિમાંની એક શક્તિ જેની સત્તા જન્મ ઉપર છે અને જે પોતાના રેંટીયાની ત્રાકમાંથી મનુષ્ય જીવનદોરી ઉત્પન્ન કરે છે.

૪. વિધાતા દેવીની ત્રણ શક્તિમાંની એક શક્તિ જેની મરણ ઉપર સત્તા છે અને મનુષ્યજીવનદોરીને તોડી નાંખે છે. ત્રીજી શક્તિ **લેક્સિસ** છે. જે જન્મ અને મરણની વચ્ચેની જીવનદોરીને કાંતી વધારે છે.

૫. ઉપટર એક અમેરિકન કવિ, તે ગુલામગિરી કાઢીનાંખનારી સભાનો મંત્રી હતો. એણે પોતાનાં ગદ્યપદ્યથી લોકોમાં ઘણી દયા ઉપજાવી હતી. અમેરિકાના કવિઓમાં તે અગ્રણીય છે. તેની કવિતા ઈંગ્લન્ડ તેમજ અમેરિકામાં ઘણી લોકપ્રિય છે. એ ૧૮૦૭માં જન્મ્યો હતો.

ઘણા દાખલામાં જેને આપણે દુષ્ટતા કહીએ છીએ તે દુરૂપયોગ થયેલી અથવા હદબહાર ગયેલી માત્ર ભલમાનસાઇ હોય છે. ઉથડક એક ચક્ર અથવા એક દાંતો પણ આખા યંત્રને બેસતું થવા દેતો નથી. તેમ જો આપણે જગતના બંધારણમાં ભળી ન જઈએ તો આપણી પણ તેવીજ દશા થવાની વકી રાખવી. અતિશય હિમ્મત તે અવિચારી ગાંડાઇ, અતિશય પ્યાર તે નબળાઈ, અને અતિશય કરકસર તે લોભ ગણાય છે. એકને અમૃત તે બીજાને ઝેર તે વાત લોકપ્રસિદ્ધ છે. કુદરતના ધારાઓમાં કાંઈ પણ ફેરફારથી સુધારો થાય એવું બતાવવાને કોઇ પણ આજસુધી શક્તિમાન થયેલ નથી. માણસ પડે છે અને તેનો પગ ભાગે છે, પણ ગુરૂત્વાકર્ષણના કુદ્રતિ નિયમમાં કાંઈ પણ ફેરફારથી સુધારો થાય નહીં.

ભલું કરનાર પીશાચી દેવ **ઓરમઝદ**[1] સુખ આપે છે અને ભુંડું કરનાર રાક્ષસ **અહિમાનલ**[2] દુર્ભાગ્ય આણે છે, એમ ઈરાની લોકો માનતા; પણ ખરૂં જોતાં જીંદગીના સંતાપ આપણે આપણા ઉપર આપણી પોતાનીજ ભૂલોથી આણીએ છઈએ જે ભૂલોના બે પ્રકાર છે. હમેશાં જેને ખોટું જાણતા હોઈએ, તે છતાં તે કરવું તે; અને જે અજ્ઞાનથી આપણી પોતાનીજ ભૂલ થાય તે. પહેલી જાતની ભૂલ વિષે જો બોલીએ તો આપણામાં અચુક માર્ગોપદેશ સજ્જડ થયો છે એમ માનવું તેથી આપણે ખોટું કરતા હોઈએ તો તે ખુલ્લી આંખે કરીએ છઈએ. જો તમે જાણી જોઈ આંખોને બંધ કર્યા સિવાય તે ઉઘાડી ન હોય તો આપણે અવિચારથી ચાલીએ છીએ, પણ તે પાપ નથી.

વળી બીજા વર્ગની ભૂલ વિષે પૂછો તો આપણે આપણી, આપણા માબાપની, વડીલોની, મિત્રોની વિચારશક્તિપર, આપણી કેળવણી અને જાત ઉપર ભરોસો રાખવો જોઈએ. આપણ સર્વને કોઈપણ રીતીએ એક (સ્વસ્વરૂપ) શિષ્ય છે. જેને આપણે ભણાવવો અને કેળવવો જોઈએ.

---

૧. તેજ અને શુભનો દેવદૂત. ૨. તિમિર અને અશુભનો દેવદૂત.

આપણે બીજાઓ પાસેથી જે શીખીએ છીએ તેના કરતાં આપણે પોતાની મેળેજ શીખીએ છીએ, તે આપણા અસ્તિત્વનો ઘણો ભાગ બને છે.

"परोपदेशजा शिक्षा स्वाशिक्षाया लघीयसी।"

साहित्य.

ભાવાર્થ—બિજાના ઉપદેશથી થયલી શિક્ષા પોતાની મેળે પ્રાપ્ત થયેલી શિક્ષા કરતાં હલકી છે.

જ્યારે આપણે નિશાળ છોડીએ છઈએ ત્યારે કેળવણીનો અંત આવે છે એમ માનવાનું નથી, પણ ત્યારે તો તે ખરેખર ભાગ્યેજ શરૂ થયેલી હોય છે, તે આખી જીંદગી ચાલ્યાંજ કરે છે. **સેનેકાએ** કહ્યું છે—"માણસો તેઓનાં શરીરને જેટલી મેહનત આપે છે તેટલીજ તેઓનાં મગજને જો આપે અને મોજશોખને માટે જેટલી મહેનત લે છે તેટલી જો સદ્ગુણ પાછળ લે તો કેવું સારૂં થાય."

કેટલીક જાતનાં મનુષ્યો ખરેખર દૈવવાદી છે. દરેક ચીજ નિર્માયેલીજ છે અને તેઓની મરજી હોય કે ન હોય પણ જે બનવાનું હશે તે બનશે એમ તેઓ માને છે. માણસને એક ચઢીયાતી સત્તાના હાથમાં માત્ર રમકડા જેવું પોતાની મેળે ચાલતું યંત્ર ગણે છે.

अवश्यंभाविनो भावा भवन्ति महतामपि ।
नग्नत्वं नीलकण्ठस्य महाहिशयनं हरेः ॥

हितोपदेश.

અને વળી,

यदभावि न तद्भावि भावि चेन्न तदन्यथा ।
इति चिन्ताविषघ्नोऽयमगदः किं न पीयते ॥

हितोपदेश.

ભાવાર્થ—હોવાનું જે જરૂર તે, મહાત્‌ને પણ થાય;
નીલકંઠને નગ્નપણું, સાપ સુવા હરિરાય.
નહિ બનવાનું નહિ બને, બનવું વ્યર્થ ન થાય;
ક્યમ ઔષધ એ નવ પીઓ, જેથી ચિન્તા જાય.

૨. ૯.

ત્યારે જીંદગી ભોગવવાની વિદ્યા છે કે નહીં, તેનો વિચાર કરવો એ પહેલી વાત છે. કાળના સમુદ્રપર આપણે આપણું વહાણ હંકારી શકીએ કે તેને અહીં તહીં અથડાવાને આપણે નિર્માણ થયેલા છઈએ ?

જવાબ—સ્પષ્ટ છે "માણસ એ માણસ છે અને પોતાના ભવિષ્યોનો કર્તા છે." અને જો તેમ ન હોય તો તે દોષ તેનો પોતાનોજ છે. "જેવા થવાની તમે ઇચ્છા રાખો છો તેવા તમે છો. કારણ કે, ઈશ્વરપ્રેરિત આપણી ઇચ્છાનું એવું જોર છે કે ખરા અંતઃકરણ અને સાચી દાનતથી જેવા આપણે થવાને ઇચ્છીએ છઈએ તેવા આપણે થઈએ છઈએ."

હવે જો આપણા દૈવ ઉપર આવી સત્તા આપણામાં છે તો આપણે કેવા થવાની ઈચ્છા છે, અને જીંદગીની તાલેવર જ્હાગીરનો સરસ લાભ કેમ લેવાય તે આપણને પોતાને પુછવું તે ઘણીજ અગત્યતાનું છે. કેટલાક માણસોને પોતાના જીવનમાં કાંઈ હેતુ હોય છે અને કેટલાએકને હોતો નથી. આપણી જાતનો સૌથી ઘણો અને સારો ઉપયોગ કરવો તે આપણો પહેલો હેતુ હોવો જોઈએ.

હમ્બોલ્ટે[1] કહ્યું છે. "પોતાની સમગ્ર શક્તિઓ પૂર્ણ અને અનુકૂળ થઈ સૌથી ઉંચી અને સર્વાંગ શુદ્ધ પરિપક્વતા મેળવે એવી દરેક માણસની ધારણા થશે." **જીનપોલરિચ્ચર**[2]ના શબ્દો કહીએ તો "આપણામાં જેટલું દૈવત હોય તેટલાનો બનીશકે તેટલો લાભ લેવો." તો પણ આ યત્ન ફક્ત સ્વાર્થને માટેજ કરવો નહિ, કારણ કે તેમ કરવાથી આપણો પરાભવ થવા સંભવ

૧ એક પ્રખ્યાત જર્મન ગ્રંથકાર તે ૧૭૬૧ માં જન્મ્યો હતો અને ૧૮૩૫ માં મરી ગયો.

૨. એક જર્મન ગ્રંથકાર, સ્વભાવે ઘણો આનંદી, નમ્ર અને મળતાવડો હતો. તેની કલ્પનાશક્તિ ઘણી ચંચળ અને દીર્ઘદૃષ્ટિ ઘણી ઉંડી હતી. મરતાં પહેલાં એક વર્ષ તે આંધળો રહ્યો હતો. તે ૧૭૬૩ માં જન્મ્યો હતો અને ૧૮૨૫ માં મરી ગયો.

છે. **બેકને**[1] કહ્યું છે તે પ્રમાણે "કોઈ પણ માણસની આત્મપોષક સમૃદ્ધિ તેનાં જીવતરને કોઈ પણ રીતે લાયકી આપી શકતી નથી." ઉત્તમ મહાશયો **પ્લેટો**[2] અને **એરિસ્ટોટલ**[3], **બુદ્ધ**[4] અને **સેન્ટપાલ**[5] પોતેજ સર્વ રીતીએ સંપૂર્ણ થવાથી સંતોષ માની બેસી રહ્યા ન હતા.

હવે ત્યારે હું એમ ધારૂં છું કે, આપણે બીજાઓને પૂર્ણ રીતીએ ઉપયોગી થવું અને આ સ્થળે મારે તમને વગર વિલંબે

---

૧. તેને બેરન વેરૂલમ વાઈકાઉન્ટનો ખેતાબ હતો. તે પ્રખ્યાત તત્ત્વજ્ઞાની અને પ્રસિદ્ધ રાજદ્વારી હતો. નાનો હતો ત્યારે રાણી એલિઝાબેથને બહુજ વહાલો હતો. ધીમે ધીમે તે રાજ્યમાં સૌથી મોટી પદવીએ પહોંચ્યો હતો. તેના પર લાંચનું તોહમત આવવાથી તેને ૪૦૦૦૦ પૌન્ડ દણ્ડની અને રાજાની મરજીમાં આવે ત્યાં સુધી કેદમાં રહેવાની સજા થઈ હતી. થોડી મુદત તેને રાખી, દણ્ડ માફ કરી મુક્ત કર્યો હતો. તે ૧૫૬૧ માં જન્મ્યો હતો, અને ૧૬૨૬ માં મરણ પામ્યો.

૨. એક ગ્રીક તત્ત્વજ્ઞાની હતો, તે પહેલો કવિ હતો, પણ સોક્રેટીસનું લાંબું ભાષણ સાંભળીને તેણે પોતાની કવિતાઓ બાળી નાખી અને તેનો શિષ્ય થયો હતો. તેનું પદાર્થવિજ્ઞાન ઘણુંજ ઉચ્ચ છે, તેની નીતિ ઘણીજ શુદ્ધ છે અને ઈશ્વર તેમજ ભવિષ્યસંબંધી તેના વિચારો ઘણા સ્વચ્છ છે. તે ઈ૦ સ૦ પૂર્વે ૪૨૯ માં એથેન્સમાં જન્મ્યો હતો અને ૩૪૭ માં મરી ગયો.

૩. તે એક વૈદ્યનો છોકરો હતો. તે સતર વરસની ઉમરે પ્લેટોનો શિષ્ય થયો હતો. મેસિડોનિઆના ફિલિપ્સ રાજાએ તેને મહાન શિકંદરનો શિક્ષક નિમ્યો હતો. અલંકાર, કવિતા, રાજ્યનીતિ, અર્થશાસ્ત્ર, વૈદક, ગણિત, તર્કશાસ્ત્ર, માનસશાસ્ત્રસંબંધી તેનાં પુસ્તકો છે. એ ઈ૦ સ૦ પૂર્વે ૩૮૪ માં જન્મ્યો હતો અને ૩૨૨ માં મરી ગયો.

૪. એટલે ડાહ્યો સિદ્ધાર્થ રાજા, જેને સામાન્ય રીતિએ સક્યસ્વામી કહે છે, તેને આ નામ આપવામાં આવ્યું છે. તેણે બોધ ધર્મ પ્રવર્તાવ્યો છે. તેની સ્ત્રીનું નામ ગોપા હતું. આ ધર્મ હિંદુસ્થાનમાં ત્રીજા શતકમાં સ્થાપ્યો છે.

૫. પહેલાં તેને સૉલ કહેતા, તે એક ધર્માચાર્ય હતો. તે એક હાથમાં તરવાર, ધર્મમાટે પ્રાણ પણ અર્પણ કરવાની નિશાની તરીકે રાખતો અને બીજા હાથમાં પોતાના નવા કાયદાની નિશાની તરીકે પુસ્તક રાખતો. તે કદે ઠિંગણો, માથે બોડો, અને ગીચ દાઢીવાળો હતો. નીરોના રાજ્યના ચૌદમા વર્ષમાં તેને તરવારથી મારી નાખવામાં આવ્યો એમ કહેવાય છે.

દર્શાવવું જોઈએ કે, જો એમ થાય તો આપણને આપણા કામમાં કેટલો બધો આનંદ આવશે.

"તું પોતાને ઓળખ" આ ગ્રીક નીતિવચન પોતાને ઓળખવાની અગત્યતા તેમજ મુશ્કેલી બતાવી આપે છે. **મોન્ટેન**[1] પોતાની વિલક્ષણ રીતિએ કહે છે, "મારા કરતાં વધારે અદ્ભુત કદાવર પુરૂષ અથવા ચમત્કાર દુનિયાપર મેં જોયો નથી. અને **સર ટી. બ્રાઉન**[2] જેની સારી જીંદગી એક સામાન્ય જીંદગીની માફક થોડા બનાવવાળી અને ઉલટવાળી હતી; તે ખાત્રી કરી આપે છે કે "મને પોતાને તે એક ત્રીશ વર્ષના ચમત્કાર જેવી લાગી, જેનું ઇતિહાસરૂપે વર્ણન થઈ શકે નહિં; પણ માત્ર કવિતાના એક પદ જેવી અને એક જોડી કાઢેલી વાતના જેવી લાગે."

એવું સાબીત છે કે, **રીહોબોમથી**[3] માંડીને **લૉર્ડ ચેસ્ટર્ફીલ્ડના**[4] વખત સુધી શીખામણ આપવાના કામને માટે કોઈએ

---

૧. એક ફ્રેન્ચ લેખક, જેના લખાણ તેનાં મરણ પછી તેના વારસોના હાથમાં આવવાથી બહાર પડયાં છે. મૈત્રી, કેળવણી તથા ન્યાયસંબંધી તેના નિબંધો ઘણાજ સારા છે. તે ૧૫૩૩ માં જન્મ્યો અને ૧૫૯૨ માં મરી ગયો.

૨. એક પ્રખ્યાત વૈદ્ય; તેણે એમ. ડી. નો ઇલિકાબ મેળવ્યો હતો. બીજા ચાર્લ્સ રાજાએ તેને ૧૬૭૧ માં નાઇટનો ઇલકાબ આપ્યો હતો. તે ૧૬૦૫ માં લન્ડનમાં જન્મ્યો હતો અને ૧૬૮૨ માં મરી ગયો.

૩. ઇ૦ સ૦ પૂર્વે ૭૯૫ માં તેના બાપ સૉલોમન પછી ગાદીએ આવ્યો. તેના જુલમી કરોને લીધે દસ જાતીએ તેની સામે બંડ ઉઠાવ્યું અને મિસર દેશમાંથી પાછા બોલાવી લીધેલા જેરોબોમને પોતાનો રાજા બનાવ્યો, તેથી બે રાજ્યો થયાં. તે ઇ૦ સ૦ પૂ. ૧૦૧૫માં જન્મ્યો અને ૯૫૮ માં મરી ગયો.

૪. બીજો જ્યોર્જ રાજા ત્યારે પ્રિન્સ ઑફ **ઉવેઇલ્સ** હતો ત્યારે ચેસ્ટર્ફીલ્ડ તેનો સોબતી હતો. ત્યાર પછી તે પાર્લમેન્ટનો મેમ્બર થયો. ૧૭૨૬ માં તેના પિતાના મૃત્યુ પછી તે લૉર્ડ થયો. ૧૭૨૮ માં તેને એલચી તરીકે હોલન્ડમાં મોકલવામાં આવ્યો હતો. તે સર રાબર્ટ ઉવાલપોલના વિરૂદ્ધ હતો. તે રાજ્યમાં સેક્રેટરીની જગ્યાએ પહોંચ્યો પણ તબીયત ખરાબ હોવાથી રાજીનામું આપ્યું. તેનું સરસ પુસ્તક "પોતાના પુત્રપરના કાગળો" છે. તે દયા વગરનો અને વિષયી મનુષ્ય હતો. તે ૧૬૯૪ માં જન્મ્યો અને ૧૭૭૩ માં મરી ગયો.

ઉપકાર માન્યો નથી; તે વિષે ન્યુઝીલેન્ડના ક્રિશ્ચિન થયેલા માણસની દશાનું હું તમને સ્મરણ કરાવું છું. જેના વિષે તેના સરદારે પાદરીને એમ કહ્યું કે "તેણે અમને એટલી બધી શીખામણ આપી કે આખરે અમારે તેને મારી નાખવો પડ્યો."

विद्वानेवोपदेष्टव्यो नाविद्वांस्तु कदाचन ।
वानरानुपदिश्याथ स्थानभ्रष्टा ययुः खगाः ॥

हितोपदेश.

(ગીતિ.)

ભાવાર્થ—વિદ્વાનને શિખામણ, પણ વિદ્યાહીનને ન કદિ દેવી;
વાનરને દીધેથી, સ્થાન તજી ખગ ગયા કથા એવી.

ર. ઉ.

તો પણ જેઓ પ્રથમ મળતો સોંઘો બોધ કબૂલ નહિ કરે, તેને પાછળથી થતો મોંઘો પશ્ચાત્તાપ કરવો પડશે. ત્યારે જેઓ કંઈક થવાને અને કંઈક કરવાને ઇચ્છે છે તેમને થોડી એક સૂચના આપવાનો મારો ઇરાદો છે કે, તેઓની જાતનો તેમજ તેમની જીંદગીનો જેમ બને તેમ સરસ ઉપયોગ કરવો.

માણસ પોતાને મળતી તક કેમ ગુમાવે છે તે જોવું એ ખરેખર દીલગીરી ભરેલું છે; સુખનાં જે સાધનો બેપરવાઇથી વાપરી અથવા ઉડાવી નાંખવામાં આવે છે તેમ ન થાય તો કેટલા બધાને સુખી કરી શકાય!

તમારી મોજમજાહ ખરી હોવી જોઇએ અને કલ્પિત ન હોવી જોઈએ; તેને માટે તમારે સંભાળ રાખવી.

ઘણી બાબતો મોજમજાહને નામે ઓળખાય છે. માટેજ આપણે તે કરીએ છઈએ, પણ જો તેમનું નામ કાંઇક બાજું હોત તો આપણે તેમને ધિક્કારયા વિના ન રહેત. ઘણા લોકો કાંઈ પણ ઉપયોગી કામમાં નહિ લાગેલા હોય ત્યારે તેઓ પોતે મોજમજાહ ભોગવતા હોય એમ ધારે છે. બીજાઓ મજાહ એ શબ્દ માત્ર ઇન્દ્રિઓનેજ લાગુ પડતો હોય એવી રીતિએ વાપરતા જણાય છે, પણ એથી ઉલટું મનની મઝાઓ તો વધારે પૂર્ણ અને ટકાઉ બન્ને હોય છે. આપણું જે માત્ર એકજ શરીર છે, અને જેની તંદુરસ્તી ઉપર મનની તંદુરસ્તી ઘણો

મોટો આધાર રાખે છે, તેને માટે આપણે ગફલત કરીએ છઈએ, અથવા અવિચારથી તેને નુકશાન કરીએ છીએ. હુન્નરના કામમાંથી જેટલી મઝા આપણને મળવી જોઈએ તેના કરતાં અર્ધીપિણ મેળવી શકતા નથી. હું અજાએબી પામું છું કે લંડનમાં આપણા લોકોમાંથી કેટલો ભાગ જાહેર ચિત્રાલય જોવાને અત્યાર સુધીમાં ગયો છે! વિદ્યાના રસની ખુજ કરવાને આપણે આપણી મેળે પળોટાતા નથી; બ્રિટિશ સંગ્રહસ્થાનમાં કેટલા ગયા છે? અથવા તેની ખુજ કરી શકે તેવા કેટલા છે? જે પૃથ્વી પર આપણે વસીએ છીએ અને જે આકાશ આપણા માથા પર છે, તેની શોભાઓનો આપણે ઉપભોગ લેતા નથી; કદાચ આપણે ગાયનનો વધારે ઉપભોગ કરીએ છીએ તો પણ જોઈએ તેથી ઘણો ઓછો થાય છે; આપણે ગર્વ રાખીએ છીએ કે બીજા પ્રાણીઓને માત્ર પ્રેરણાબુદ્ધિ છે અને માણસ વિચાર કરનારૂં પ્રાણી છે, તેમ છતાં આ અહંકારવાળી બુદ્ધિએ માણસજાતના સુખમાં કેટલો થોડો ઉમેરો કર્યો છે!

સિનિક્સ[1] પંથવાળાઓએ ખરેખર સવાલ ઉત્પન્ન કર્યો છે કે મનનું અસ્તિત્વ તે સુખના કરતાં દુઃખનું કારણ છે કે નહિ, તે શંકા ભરેલું છે. બીજા પ્રાણીઓને સ્વજન્ય ક્લેશ થતો નથી અને આપણને થાય છે. "માણસ ફોકટ ભ્રમમાં ભમે છે અને ભ્રમથો અસ્વસ્થ થાય છે." શંકા, ભય, જંજાળ અને ચિન્તા આપણને દમ્યા કરે છે. આપણે સઘળી બાજુએ ગુપ્ત ભેદથી ઘેરાયલા છીએ પણ તેથી આપણે અધીરા થવું ન જોઈએ.

જો કે આપણે ચિન્તાતુર થવાની જરૂર નથી તો પણ આપણે સાવધ રહેવું જોઈએ. જેમાં ઘણીજ થોડી ભૂલ કરવાનો સંભવ છે એમ આપણે ધારતા હોઈએ, તેમાં પણ સંભાળ રાખવી જોઇએ. લૉર્ડ ચેસ્ટર્ફીલ્ડ કહે છે. "હું માનું છું કે સદ્‌ગુણના પ્રતિપક્ષી દુર્ગુણોને દૂર કરવામાં જેટલો વિચાર જોઈએ છીએ, તેથી સદ્‌ગુણોને બરાબર ઉપયોગમાં લેતાં વિશેષ વિચાર કરવાની જરૂર છે. દુર્ગુણનું ખરૂં રૂપ એવું કુબડું છે કે

૧. સિનિકસના પંથવાળા, નીતિને રસ્તે ચાલવાની મશ્કરી કરનારા.

પહેલેથીજ જો કોઈ સદ્‌ગુણનું કૃત્રિમ રૂપ ધારણ ન કરતો હોય તો દેખતાં વારનેજ આપણને ચમકાવે છે અને કોઈ દિવસ ભાગ્યેજ આપણને ફસાવે છે." આપણે સઘળાંને એવા ઘણા મનુષ્યોનો સંગમ થયો છે, જેઓ પોતાના સારા ગુણો છતાં અપ્રેમી અને કઠણ હૃદયના થઈ ગયા છે. સઘળાં છોકરાં જન્મથી સારાં હોય છે એમ પ્રતિપાદન કરવાનેમાટે **લૉર્ડ પામર્સ્ટનના**[1] ઈશ્વરીય જ્ઞાનની ટીકા થઈ હતી; પણ ગમે તે કહો તો પણ કોઈ મનુષ્યને તદન ઘાતકી થતાં કાંઈક મહેનત પડે છે.

વલકન[2] કહેછે,—"ઈશ્વરદયાથી એમ બને છે કે જગતની ચારી રીતભાતમાં આપણે તાત્કાલિક ઘાતકી થઈ જતા નથી, પણ આપણા આચાર વિચારને ફેરવતાં વાર લાગે છે અને મહેનત પડે છે. સ્વર્ગમાંથી ધાતુકર્મોની માફક આપણે એક દિવસમાં સદ્‌ગુણથી ભ્રષ્ટ થતા નથી."

જો પ્રત્યેક મનુષ્ય ઉપરથી આપણે મનુષ્યજાતિવિષે બોલીએ તો આપણા કાયદામાં પણ આપણા પ્રમાદ શું વધારે આશ્ચર્યજનક નથી? **ન્યુટનના**[3] મત પ્રમાણે મનુષ્યજાતિએ હજુ કબુલ કરવું જોઈએ કે, આપણે માત્ર સત્યરૂપી દરિઆના કિના-

---

૧. એક ઇંગ્રેજી રાજ્યદ્વારી, તે પાર્લ્યમેન્ટનો મેમ્બર હતો. ૧૮૦૯ માં તે લડાઈખાતાનો સેક્રેટરી થયો હતો. તે સર રૉબર્ટ પીલનો પ્રતિપક્ષી હતો. ૧૮૫૦ સુધીમાં તે બે ત્રણ વખત પરદેશ ખાતાનો સેક્રેટરિ થયો હતો. ૧૮૫૫ માં તે ઇંગ્લંડનો મુખ્ય પ્રધાન થયો હતો. ૧૮૫૮ માં તેને નોકરી મુકી દેવી પડી. પણ ૧૮૫૯ માં ફરી મુખ્ય પ્રધાન થયો અને જીવતાં સુધી તે હોદ્દો ભોગવ્યો. તે ૧૭૮૪ માં જન્મ્યો હતો અને ૧૮૬૫માં મરી ગયો.

૨. દેવનો એક લુહાર, તેની એટ્‌નો પર્વત પર દુકાન હતી, 'જોવ' નું વજ્ર ઘડવામાં સાઈક્લાપ્સે તેને મદદ કરી હતી.

૩. સર ઇસાક ન્યુટન સૌથી મોટો અંગ્રેજી ગણિતશાસ્ત્રી તેમજ કુદરતી તત્વજ્ઞાની હતો. બાવીસ વર્ષની ઉમરે તે બી. એ. થયો હતો. તેણે ગુરુત્વાકર્ષણનો નિયમ શોધી કાઢ્યો છે. તેણે દુરબીન બનાવ્યું. તે ૧૭૦૧ માં પાઠશાળા તરફથી પાર્લ્યમેન્ટનો મેમ્બર હતો. ઍન રાણીએ તેને નાઇટનો ઇલ્કાબ આપ્યો હતો. મરતી વખત તે બોલ્યો હતો કે, મેં કંઈ કર્યું નથી. ફક્ત સત્યરૂપી દરિયાને કાંઠેથી કંઈ વધારે સારી છીપો શોધી

રાપર રમતાં અને સાધારણ કરતાં વધારે સુંદર શીપ અથવા વધારે નાજુક દરિયાઈ છોડ જ્યાં ત્યાંથી એકઠાં કરતાં માત્ર નાનાં બાળક છીએ અને એ સત્યનો મોટો સાગર તો બીલકુલ શોધ થયા વગર આપણી સન્મુખ રહેલો છે. એવો એકે પણ પદાર્થ નથી, કે જેનો પૂર્ણ ઉપયોગ અને ગુણ આપણે અત્યાર સુધીમાં પણ જાણતા હોઇએ. આપણે સવારથી રાત સુધી મહેનત કરીએ છીએ; અને તો પણ જો વસ્તુઓના ગુણ અને કુદરતના જોરનો માત્ર આપણે લાભ લઈ શકીએ તો તે સંભવિત છે કે એક બે કલાકમાં આપણી શારીરિક અને વ્યાજબી તંગીઓ પૂર્ણ રીતિએ પૂરી પડશે અને મન અને મમતાની કેળવણીને માટે પુષ્કળ વખત રહેશે.

વરાળને પણ હજુ સુધી પૂર્ણ ઉપયોગમાં આણી નથી. વીજળીના ઉપયોગો આપણાથી બચપણમાં અજાણ્યા હતા અને હાલ આપણે તેમને માત્ર સમજવા માંડ્યા છે. નદીઓનું જોર મોટે ભાગે ફોકટ વહ્યા કરે છે. બેભાની આણનારી દવાઓ (ક્લૉરોફૉર્મ) વહેલી જડી હોત તો કેવાં ભયંકર દુઃખ દૂર થયાં હોત! આવાં અનેક દૃષ્ટાંતો આપી શકાય, તેનું વર્ણન કરતાં પુસ્તક ભરાઈ જાય. એમાં તો કોઈ પણ શક નહિં આણી શકે કે હજારો બીજી શોધો આપણી આગળ અને વળી આપણી આંખની નીચેજ પડી છે. જ્યારે સત્યનો મહાસાગર તેમની આગળ શોધાયા વગર પડયો છે, ત્યારે ક્રિશ્ચિયન કહેવાતી પ્રજાઓ એક બીજાની પાયમાલી કરવાને અને મૂલકને માટે હેવાનની માફક લડવાને લાખો પૈસા ગુમાવે છે. અને તેથી પણ વધારે ખરાબ કે ઉડાવે એ શું અજાએબ પમાડનારૂં નથી?

ગયા જમાનામાં આપણાં ઘણાં છોકરાં વાંચતાં લખતાં શિખ્યા સિવાય મોટાં થઈ જતાં, તો પણ આપણે સંતુષ્ટ રહેતા.

કાઢી છે. પણ સત્યનો મોટો સમુદ્ર તો હજુ આપણી પાસે અભેદ્ય છે. પોપ કવિએ તેના વિષે લખ્યું છે:—"કુદરત અને કુદરતના સઘળા નિયમો અંધકારમાં પડેલા હતા. તેથી ઈશ્વરે **ન્યુટનને** ઉત્પન્ન કર્યો અને તેણે સઘળે પ્રકાશ કર્યો." તે ૧૬૪૨માં જન્મ્યો હતો અને ૧૭૨૭માં મરી ગયો.

હાલમાં પણ કેટલાંક મનુષ્યો કેળવણી વધારે ન થાય તેમ ઈચ્છે છે; જો તેમને ખરો ન્યાય આપીએ તો ઘણા ખરા દાખલાઓમાં હમેશની જીંદગીના વહેવાર કરતાં ઉપરાંતની કેળવણી વિષે તેમનું બોલવું છે. કેળવણી કરતાં અજ્ઞાન વધારે મોઘું પડે છે, તેમ નહિ સમજતાં ખર્ચને માટે લોભ કરનાર હજુ છે. પણ જો આપણાં લગભગ સર્વ છોકરાંઓને કંઈ પણ કેળવણી મળે છે, તો જો કે હુ અંહીઆં તે સવાલ પર ઉતરતો નથી તો પણ કેળવણીની સર્વ પ્રકારે યોગ્ય રીતિ હજુ સુધી આપણે દાખલ કરી છે કે નહિ તે શંકાભરેલું છે. હું માત્ર એટલુંજ કહીશ કે આપણે આપણી નિશાળોમાં નીતિની કેળવણી અયોગ્ય રીતિએ વિસરી ગયા જણાઈએ છીએ, અને તેના પરિણામમાં એક બહુ સાધારણ નિયમ આવો બંધાય છે, કે જો તમો પરમેશ્વરની કોઈ પણ આજ્ઞાનું ઉલ્લંઘન કરશો તો બેશક તમે ખોટું કરો છો, અને સંભવિત રીતિએ બીજાઓને પણ દુઃખી કરશો, પણ તેથી માત્ર આજ દુનિઆમાં તમારૂં પોતાનું સુખ વધશે, અને તમે સારી હાલતમાં આવશો. વળી સ્વાર્થી ઉપભોગ, લોભ, અમિતાહાર, આળસ અને બીજા ગમતા દુર્ગુણો ગેરવ્યાજબી હોય, પણ જો કે બીજાને નુકશાન આપી કોઈને ફાયદો કરે, તેમજ જો કોઈ પણ માણસ પોતાનોજ વિચાર કરે, તો સુખ અને મજાવાળી જીંદગી દરેક મનુષ્ય કુદરતી રીતિએ ઇચ્છે તેવી છે; અને વળી ગમે તેવા સીધા અને ઉમદા આપણે હોઈએ, તો પણ ભલા અને સદ્ગુણી થવામાં નિર્દોષ ગમ્મતનો પણ ઘણો ત્યાગ કરવો પડે છે. અને સરવાળે [illegible] જીંદગી થાય છે.

"અફસોસ! ભરવાડના સાદા તુ[illegible] ધ્યાન આપવાને અને અકૃતજ્ઞ કલાદેવીનું પૂર્ણ ધ્યાન કરવાને જાથુ સંભાળ રાખવાથી શું ફાયદો છે? બીજાઓ કહે છે તેમ શીતળ છાયામાં (ગોપ) પ્રિયાઓ સાથે અથવા પ્રેમાધીન અર્ધાંગનાઓની જટામાં ગમ્મત કરવી તે શું વધારે સારૂં નથી? (મિલ્ટન[1]).

---

૧. મોટો ઈંગ્રેજી કવિ; તે ક્રામ્વેલનો લૅટિન સેક્રેટરી હતો, તેણે બીજા

સત્ય વાત તેથી તદ્દન ઉલટી છે. દુર્ગુણને અંકુશ અને બંધનમાંથી મુક્ત રહેવાનો હક છે. એ વાત એક બાજુએ રાખીએ, તો પણ દુષ્ટ માણસ, એથી ઉલટો તેના વધારે ખરાબ માલીક મનોવિકારનો ગુલામ બને છે.

તેથી વળી કેટલાક જુવાન પુરૂષોનો એવો વિચાર છે કે દુર્ગુણમાં કંઈક "મર્દાઈ" છે. ગમે તેવો નબળો મૂર્ખ પણ, દુર્ગુણી થઈ શકે પણ સદ્ગુણી થવાને મર્દાઈ જોઈએ છીએ; સદ્ગુણી થવું એ ખરેખરી મુક્તિ છે; દુર્ગુણ એ ખરેખરી ગુલામગીરી છે. વર્તણુકની અમુક ગતિ ખોટી હોય તો તે પોતે પ્રતિષ્ઠા ઘટાડનારી નથી, પણ પ્રતિષ્ઠા ઘટાડે તેવી વર્તણુક ખોટી છે. નીતિની કોઈ અદ્ભુત ઉલટપાલટથી જો ખોટું ખરૂં થઈ જાય તો પણ તે મનનાં સુખ અને શાન્તિનો નાશ કરે છે.

પાપ અને પશ્ચાત્તાપ જુદાં નહિ પડે તેવાં છે. તે વિષયને આધાર આપવા હું કોઈ ઈશ્વરીય શાસ્ત્રવેત્તાનું પ્રમાણ આપીશ નહિ. પણ લૉર્ડ ચેસ્ટર્ફીલ્ડ જેવા દુનિયાદારોમાં પરિપૂર્ણ માણસના પુરાવાપર આ વિષયમાં વધારે આધાર રાખીશ; તેણે પોતાના પુત્રને લખેલા એક કાગળમાં કેટલીએક શીખામણ આપ્યા પછી છેવટ એમ લખી જણાવ્યું હતું કે "સદ્ગુણની કીર્તિના હંમેશાં આવા બદલા હોય છે, મહાન અને ભલા થવું તે માત્ર સુખી થવાનો એકજ માર્ગ છે; અને તેવા જો થવું હોય તો આવા વિશેષ ગુણનું તમારે અનુકરણ કરવું જોઈયે."

ડીસ્કાર્ટીસે[1] [illegible]ની જીંદગીને માટે પોતાના નિ-

ચાર્લ્સને ગાદીપર આ[illegible]વવાને કોશેશ કરી હતી. પછી બીજા ચાર્લ્સે તેને માફી [illegible] હતી. તે ઘણો રૂપાળો હતો. 'સ્વર્ગ ખોયું' 'સ્વર્ગ પાછું મેળવ્યું' 'સૅક્સન પહેલવાન' 'ઈંગ્લન્ડનો ઇતિહાસ' વીગેરે તેનાં પુસ્તકો છે. ૧૬૦૮–૧૬૭૪.

૧. એક પ્રખ્યાત ફ્રેન્ચ તત્વજ્ઞાની, તે કેટલાક વર્ષસુધી લશ્કરી નોકરીમાં હતો. અને ૧૭૬૦ માં પ્રેગની લડાઈમાં મોટી બહાદુરી બતાવી હતી. તે મોટો ગણિતશાસ્ત્રી હતો અને તેણે ઘણાં પુસ્તકો લખ્યાં છે. તે ફ્રાન્સમાં ૧૫૯૦ માં જન્મ્યો હતો અને ૧૬૫૦ માં સ્ટોકહોમમાં મરી ગયો.

યમોનો ચાર તંત્રમાં સંગ્રહ કર્યો હતો:—પહેલો, જે કાયદા અને ધર્મમાં પોતે ઉછર્યો હતો તેમની આજ્ઞામાં રહેવું. બીજો, જે પ્રસંગોએ ચાલાકીથી અને શુદ્ધ બુદ્ધિથી કામ કરવાની જરૂર પડે તે વખતે કામ કરવું અને પરિણામ બળાપા વગર સહન કરવું; ત્રીજો, મનોવૃત્તિને સંતુષ્ટ કરવાને પ્રયત્ન કરવા કરતાં તેને હદમાં રાખવામાં સુખ માનવું; અને છેલ્લું સત્યનો શોધ એ જીવતરનું સાર્થક ગણવું.

ઘણાજ લોકપ્રિય, કાનને મધુર લાગે તેવા લખાણમાં લિલિ[1] પોતાના બોધ વચનનો એકવાર આ પ્રમાણે સારાંશ આપે છે. "ઘેટાંનાં બચ્ચાંની માફક ઉંઘી જાઓ, અને ચંડુલ પક્ષીની માફક જાગૃત થાઓ; આનંદમાં રહો, પણ વિવેક ન વિસરો; ગંભીર થાઓ પણ શૂન્યકાર ન થાઓ; બહાદુર થાઓ પણ જોખમ ન વોરો; તમારો પોશાક સાદો રાખો; તમારો ખોરાક તંદુરસ્ત પણ મર્યાદાબહાર ન રાખો; તમારી ક્રાળક્રીડા(ગમ્મત) તે શબ્દના અર્થપ્રમાણે નિર્દોષ આરામમાં કરો; કારણસિવાય કોઈ મનુષ્યપર અવિશ્વાસ ન રાખો, તેમજ સાબીતી વગર ભોળવાઓ નહિ; દરેક મનુષ્યના મતમાં દોરાઓ નહિ; તેમજ તમારાં મતમાં આગ્રહી ન થાઓ; ઈશ્વરની સેવા કરો, ઈશ્વરથી ડરો, ઈશ્વરપર પ્રીતિ રાખો, અને જેવી તમારા અંતઃકરણની તૃષ્ણા હશે, અથવા તમારા મિત્રોની ઇચ્છા હશે તે પ્રમાણે પ્રભુ તમારૂં કલ્યાણ કરશે."

અવિચારી, સ્વાર્થી, ઘાતકી મનુષ્યો, જેને પોતાનું હિત ધારે છે તેમાં ખરા ખોટાની દરકાર કર્યા વિના મંડ્યા રહે છે. તેઓજ માત્ર પોતાને તેમજ બીજાઓને દુઃખી કરે છે, ને મનથી પણ કબુલ કરવું જોઈએ કે, બેશક સરસ ઈરાદાવાળાં ઘણાં મનુષ્યો અને પુસ્તકો, સારાંશે એવીજ ભુલો કરે છે. પાપથી ભર-

૧. એક નામીચો વૈયાકરણી, એણે ઓક્સ્ફર્ડમાં કેળવણી લીધી હતી. સેઈન્ટપાલ સ્કુલનો તે ૧૫૦૯ માં શિક્ષક નીમાયો હતો, અને તેના શિષ્યો અતિપ્રખ્યાત વિદ્વાનો થયા છે. તે હમ્પશિયરમાં ૧૪૬૮ માં જન્મ્યો હતો અને ૧૫૨૩ માં લન્ડનમાં મરકીથી મરી ગયો.

પૂર જીવતરને તેઓએ આનંદી જીવતર તરીકે નિરૂપણ કરેલ છે. સદ્‌ગુણને સ્વાર્પણ તરીકે અને દંભને ધર્મ તરીકે તેઓએ ચિતરેલ છે. અલબત ઇન્ક્વિઝિટર્સ[1] (રોમનકથલિક ધર્મથી વિરૂદ્ધ ચાલનારાઓને શિક્ષા કરવા ઠરાવેલી કોર્ટ) થી તો અવધિ છે. મને ખાત્રી છે કે ઈન્ક્વિઝિટરો સર્વોત્તમ પુરૂષો, સ્વભાવે માયાળુ અને વળી દયાળુ હતા, પણ ક્રિશ્ચિયન ધર્મના ખરા સત્ત્વને માટે તેઓએ તદન ભૂલ ખાધી. દરેક દિવસના જીવતરવ્યાપારમાં પણ આપણને ઘણા લાયક પુરૂષોનો સમાગમ થાય છે, જેઓનો મત એમ જણાય છે કે જે જે આનંદજનક છે તે ખોટું હોવું જોઈએ; ધર્મનો ખરો ભાવ કઠોર, શોકાતુર છે; આપણી આસપાસ જે તેજસ્વી પ્રકાશિત, દિવ્યસૃષ્ટી છે, તે સંકટ છે, અને સુખ નથી; અશુભ કરનાર દુરાત્મા પ્રેતથી યોજાયલી તે એક લાલચ છે, પણ સર્વનું શુભ કરનારથી પુષ્કળ રીતિએ વર્ષાવાતા આનંદમાંનો તે એક આનંદતો નથીજ.

કૂપરે[2] બે સુંદર લીટીમાં આપણને કહ્યું છે કે "શોકનો માર્ગ અને તે માર્ગ એકલોજ, જે દેશમાં શોકને કોઈ ઓળખતું નથી તે દેશમાં આપણને લેઈ જાય છે." નિઃશંક તે ખરૂં છે કે જીવતરમાં શોક આવ્યા વિના રહેતો નથી. અંધકાર વિના પ્રકાશ હોયજ નહિ. જેઓ આપણને વહાલા હોય, તેમની ખોટથી આપણ સર્વ ઉપર અનિવાર્ય રીતિએ જે દુઃખો જીવતરની મર્યાદામાં આવી પડે છે, તેમને એક બાજુએ રાખીએ તો પણ આપણું જીવતર એવું સંયુક્ત છે, દુનિયા હજુ એટલી નાની

---

૧. રોમનક્યાથલિક ધર્મની વિરૂદ્ધના ગુન્હાઓની તપાસને માટે બનાવેલી સભાના માણસો. આ સભા પોપ ગ્રેગરીએ ૧૨૩૫ માં સ્થાપી હતી. ઈટલી, સ્પેઈન, પોર્ટુગાલમાં આ સભાનું જોર ઘણું હતું, ગુન્હેગારોને દેશના ધર્મના કાયદા પ્રમાણે શિક્ષા કરવામાં આવતી.

૨. પ્રખ્યાત ઈંગ્રેજી કવિ, તેને કાયદાનો અભ્યાસ કરાવવામાં આવ્યો હતો. પણ તેણે કર્યો નહિ. પછી તેણે કવિનું કામ શરૂ કર્યું. 'ટાસ્ક' જોન, ગિલપિન' વિગેરે તેનાં પુસ્તકો છે. ૧૭૯૪ માં ત્રીજા જ્યાર્જ રાજાએ તેને વાર્ષિક ૩૦૦ પૌંડનું વર્ષાસન બાંધી આપ્યું. તે ૧૭૩૧ માં જન્મ્યો ૧૮૦૦ માં મરી ગયો હતો.

છે, આપણા જીવનની જરૂરીયાતો, આપણી આસપાસ આવેલા પદાર્થો અને આકર્ષણોના સ્વભાવ અને ગુણો સમજવાથી આપણે હજુ સુધી એટલા બધા દુર છીએ કે આપણે ઘણા શોક અને દુઃખનો સંભવ રાખવો જોઈએ, પણ કુપર ખાત્રીથી કહે છે કે શોકનો માર્ગ અને તે માર્ગ "એકલોજ" સ્વર્ગમાં લઈ જાય છે. તેથી અંહીઆના સુખી જીવતર પછી બીજી દુનીયામાં અનિવાર્ય રીતિએ દુઃખ આવવું જોઈએજ. આ તદ્દન ભુલ ભરેલા વિચારે ઘણા જીજ્ઞાસુ ઉતાપી આત્માઓને ઉદ્વેગ, ફીકર, અને સ્વશંકામાં નાખ્યા છે. જ્યારે સુખની બક્ષીસોને માટે આભારી થવું જોઈએ અને જેનામાં શોક અથવા વ્યાધીને લીધે ખુશી અને તેજનું તેવુંજ સારૂં ઝરણ ન રહ્યું હોય તેવાઓના માર્ગને પ્રકાશિત કરવાનો અમૂલ્ય હક તેઓ આપે છે, એમ લાગવું જોઈએ ત્યારે ઘણાક ચાલાક જુવાન માણસો સ્વાત્મતિરસ્કારનાં દુઃખો સહન કરે છે, અને માત્ર પોતાનાજ સુખથી સંતાપ પામે છે. કુપર કોઈ પણ રીતિએ પ્યુરિટન ન હોતો તો પણ મૅકૉલે[1] કહે છે તે પ્રમાણે રીછની પછવાડે કુતરા છોડી તેને પજવી હેરાન કરવામાં, રીંછને દુઃખ થાય તેટલા માટે નહિ પણ જોનારાઓને મજા પડે તેટલા માટે તેની સામે વાંધો લેનારના જેવા ભાવનો આભાસ શું તેના બોધમાં નથી ?

ઘણા માણસો હયાતીના ગુપ્ત ભેદથી કલેશ પામી વ્યથિત થાય છે. જોકે "કોઈ ભલા માણસ અને ડાહ્યા માણસને પ્રસંગોપાત દુનિયા પર રીસ ચડે અને કોઈ કોઈ વખતે તે સંતાપ પામે; પણ ખાત્રી રાખજો કે જે માણસે દુનિયામાં પોતાની

---

૧. પ્રખ્યાત ઈંગ્રેજી ઇતિહાસ કર્તા, વક્તા, નિબંધલેખક, અને કવિ. ૧૮૨૨ માં તે બી. એ. થયો હતો. ૧૮૨૬ માં એમ. એ. થયો હતો. ૧૮૩૨ માં તે પાર્લ્યમેન્ટનો મેમ્બર થયો હતો. ૧૮૩૪ માં તે કલકત્તાની કાઉન્સિલના મેમ્બર તરીકે આવ્યો હતો. પાછો ૧૮૩૮માં ઈંગ્લન્ડ જઇ પાછો પાર્લ્યમેન્ટમાં દાખલ થયો હતો. ઈંગ્રેજી સ્વચ્છ લેખક પદ્ધતિમાં તે અપ્રતિમ છે, "ઈંગ્લન્ડનો ઇતિહાસ" "રોમની વીરરસ કવિતાઓ" લાર્ડ હેસ્ટિંગ્સ, અને "કલાઇવના જન્મચરિત્રો" વિગેરે બીજા તેનાં પુસ્તકો છે. તે ૧૭૭૦ માં જન્મ્યો અને ૧૮૫૯ માં મરી ગયો.

ફરજ બજાવી હોય તે હજુ સુધી દુનિઆથી અસંતુષ્ટ થયો નથી" (સાઉથ)

"પરમેશ્વર ભલો છે એમ જેને લાગે છે તેજ
માત્ર દુનિયાનો ગુહ્યાર્થ સમજ્યો છે"

સેનેકાએ કહ્યું છે કે-"એવી એકે ફરજ નથી કે જે અદા કરવાથી આપણે વધારે સુખી ન થઈએ અથવા એવી એકે લાલસા નથી કે જેને માટે ઈલાજ નથી."

धर्मः स नो यश्चरितः सुखप्रदः
न लालसा या प्रतिकारहीना ।
नीतिः.

મિલ્ટન કહે છે—કુદરતને દોષ આપો નહિ.
"કુદરતે પોતાની ફરજ બજાવીછે, તું તારી ફરજ બજાવ."

આપણે ખાત્રી રાખવી જોઈએ કે જો કુદરતનો પૂર્ણ ભોગવટો આપણે માટેજ ન હોત તો જગન્નિયંતાએ આપણી આંખને માટે શોભા અને કાનને માટે ગાયનથી ભરપુર તેને કરી ન હોત; અને "હરેકોઈ માણસ સરલ રીતિએ વર્તતાં બીજાઓને કેટલી બધી શાન્તિ અને પોતાને કેટલું બધું સુખ આપે છે તેની ગણત્રી કરવી એ અશક્ય જેવુંજ છે." અત્યાર સુધી કોઈ દિવસ દુનિયા થઈ નથી તે રીતિએ આ જમાનો જેમ હું ધારૂં છું તે પ્રમાણે ઘણી બાબતોમાં ઘણોજ અજાએબ જેવો, રમુજી અને સુધરેલો હોય, તો તે આપણી કરણી નથી, પણ આપણું ભાગ્ય છે; એ કાંઈ અહંકાર ધરાવવા જેવું નથી, પણ આભાર માનવા જેવું છે. તો પણ જ્યારે આભાર વૃત્તિથી જીંદગીનાં અસંખ્ય સુખ પૂર્ણ ભોગવીએ ત્યારે આવી ઉપાધિ નહિ આવે એમ ધારવું નહિ. પોતાના જીવિતનું મનન કરનારાની જીંદગીને ઉવાલપોલે[1] હાસ્યરસપ્રધાન નાટકનું રૂપક

૧. એક ઇંગ્રેજી ગ્રંથકાર તે ૧૭૪૧ માં પાર્લ્યમેન્ટનો મેમ્બર થયો હતો અને અઠ્ઠાવીશ વર્ષ સુધી રહ્યો હતો. ૧૭૬૮ માં તેણે પાર્લ્યમેંટ છોડી અને લેખકનું કામ શરૂ કર્યું હતું. તેનો ભત્રીજો ગુજરી જવાથી તે અર્લ આફ ઓકસફર્ડ થયો હતો. એ ૧૭૧૭ માં જન્મ્યો હતો અને ૧૭૯૭ માં ગત થયો.

આપ્યું છે, અને માત્ર તે ઉપર બહિર્દૃષ્ટિ કરનારાની જીંદગીને કરૂણારસપ્રધાન નાટકનું રૂપક આપેલું છે. ખરેખર તે જીવિત પ્રસંગોપાત કરૂણારસ નાટક અને ઘણીવાર હાસ્યરસ નાટક છે, પણ નિયમ પ્રમાણે જેવું તેને આપણે કરવા ધારીએ તેવું તે થાય. સૉક્રેટીસે[1] કહ્યું છે. "ભલા માણસના જીવિત કે મૃત્યુથી કંઈ ભુંડું થતું નથી. વળી ભવિષ્યમાં સારાની આશા આપનારાઓ નઠારાની આશા આપનારાઓ કરતાં ખરેખર વધારે વ્યાજબી છે; પણ સુખનાં વર્ષો લક્ષ દીધા વગર ચાલ્યાં જવા દેવાનો આપણો સ્વભાવ છે અને દીલગીરી અથવા દુઃખની પળેપળ ગણીએ છીએ.

આપણે હમેશાં જય મેળવવાની વકકી રાખવી નહિ; કુદરત પણ કોઈ વખત નિષ્ફળ થાય છે. પણ "તારી તંદુરસ્તી અને આબાદીમાં તું ગર્વથી ઉદ્ધત થા નહિ; અથવા કોઈ આફતમાં સારાને માટે નિરાશ થા નહિ; બાઈબલમાં એક પ્રસિદ્ધ વાક્યમાં લખે છે કે, "વિનાશમાં જવાનો દરવાજો પહોળો છે, અને રસ્તો વિશાળ છે. અને તેમાં જાય તેવા ઘણા હોય; કારણ

---

૧. (સુક્રુતિ) અથેન્સનો પદાર્થતત્વવિજ્ઞાની. પોતાનાં ધર્મ તરીકે દેશસેવાને માટે તેણે થોડા વખત સુધી લશ્કરી નોકરી કરી હતી, અને બહાદુરી બતાવી હતી. તેણે ઝેનોફન અને એલસી બિએડીઝના જાન બચાવ્યા હતા. તેની ખોરાકી પોશાકીની રીત ઘણીજ સાદી હતી. સામાન્ય સુધારો કરી સદ્‌ગુણ વધારવાને તે ઉપદેશ આપતો. તેના ઘણા શિષ્યો થયા હતા. મેલિટસ અને એનિટસ તેના દુશ્મન હતા. પછી ૫૦૦ સભાસદની સભાએ તેના ઉપર એવું તહોમત મુક્યું કે તેના બોધથી તે જુવાનીઆઓને બગાડે છે, ધર્મમાં નવા મત દાખલ કરે છે અને દેવોની મશ્કરી કરે છે. આ ઉપરથી તેને મોતની શિક્ષા થઇ હતી. કાંઈ તહેવાર આવવાથી તે સજા એક માસ સુધી મુલતવી રાખવામાં આવી હતી. તે દરમીયાન નાશીજવાને તેને સમજાવવામાં આવ્યું હતું, પણ તેમ કરવાની તેણે ના પાડી હતી. મુદત પુરી થતાં તેણે ઝેરનો પ્યાલો આનંદથી પીધો હતો. ઝેનોફન અને પ્લેટો તેના મુખ્ય શિષ્યો હતા. તેની સ્ત્રી ઝેન્ટપી ઘણી ક્રોધી હતી અને તે તેના ક્રોધ માટે વાર્તાઓમાં પ્રસિદ્ધ છે. એ ઇ. સ. પૂર્વે ૪૬૯ માં જન્મ્યો હતો અને ૩૯૯ માં મરી ગયો.

કે ઉન્નતિના જીવિતમાં દાખલ થવાનો દરવાજો સીધો છે અને રસ્તો સાંકડો છે અને તે શોધી કાઢનારા થોડા હોયછે."

પણ હું ધારૂં છું કે આનો વારંવાર ખોટો અર્થ કરવામાં આવે છે. આપણને એમ નથી કહેવું કે, સીધો રસ્તો વધારે ખરબચડો અને દુઃખદાયક છે; માત્ર તે સાંકડો છે અને જલદીથી જડતો નથી એમ કહેવું છે. બેશક સીધો રસ્તો તો એકજ છે, પણ તેના કેડાઓ દશે દિશાઓ તરફ પ્રસરેલા છે. દરિયામાં જતાં વહાણને હોકાયંત્રથી માત્ર એકજ ખરો રસ્તો હોય છે; પણ તેનાં બીજાં બધાં બિંદુઓ પ્રમાણે જો પ્રવર્તે તો જે ખુલ્લા બંદરમાં તેને જવું હોય ત્યાંથી તે રઝળી પડે; પણ તે ઉપરથી એમ નથી સિદ્ધ થતું કે ખરો રસ્તો બીજા કોઈ પણ કરતાં વધારે ખરબચડો અને તોફાની છે. જે ખોટું અથવા અવિચારી છે તે તેજ વખતને માટે વારંવાર રમુજી અને પ્રસંગોપાત આનંદમય હોય છે. અલબત તેની ના પાડી શકાય નહિ. એમ કરવું એ કઢંગું થાય; લાલચની હયાતીનોજ શક લેવા જેવું થાય. મારે જે સઘળું તમને બતાવવાની ઇચ્છા છે તે એ છે કે આવી પ્રેરણાઓને તાબે થતાં ભવિષ્યમાં દીલગીરી ઉપજાવે તેવો ક્ષણિક આનંદ આપણે વોરીએ છીએ; પ્રમાણમાં જુજ લાભને માટે ઘણું બધું આપી દઇએ છીએ; **ઈસૉની**[1] માફક એક ટંકની રાબડીને માટે આપણો જન્મહક વેચીએ છીએ અને "પાછળના વર્ષોમાં લાંબો પશ્ચાત્તાપ કરાવે તેવી એક કલાકની આનંદી ગાંડાઇ ખરીદ કરીએ છીએ."

અને જ્યારે માત્ર હું આ જીંદગીવિષે બોલુંછું ત્યારે, જો આપણે સુખી થવાની ઈચ્છા હોય તો ભલા થવાનો પ્રયત્ન કરવો જોઈએ, એ કહેવું ખરેખર ઘણુંજ નથી. મનને છુટ આપવા કરતાં મન મારવાથી વધારે સુખ મળે છે.

---

૧. ઇસાક અને રેબેકાનો જ્યેષ્ઠ પુત્ર. તેણે પોતાનો જન્મહક પોતાના ભાઇ જેકબને વેચાતો આપ્યો. જેકબે પછી લુચ્ચાઇ કરીને પોતાના પિતાનો આશીર્વાદ પણ લીધો. ઈ. સ. પૂર્વે ૧૮ મા શતકમાં.

" मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः ।

श्रीभगवद्गीता.

મનુષ્યોને બંધન અથવા મોક્ષનું કારણ માત્ર મનજ છે.

આબાદી અને સુખ કોઈપણ રીતિએ હમેશાં સાથે રહેતાં નથી; અને સુખનાં દરેક સાધન હોય એવા જણાતા ઘણા માણસો દુઃખી હોય છે. બૉઈલ કહેછે કે,-" ભાગ્ય ઘણું આપી શકે પણ તેને પુરતું ગણવું તે મનનું કામ છે."

ડાયર કહેછે કે, "મારા મનની અંદર એટલો આનંદ વસે છે કે જેથી તે મન મને એક રાજ્ય જેવું લાગે છે."

" आनंदानुभवे जाते मनोराज्यमिदं महत्."।

ભાવાર્થ—જ્યારે આનંદનો અનુભવ થાય છે ત્યારે હું આ મારા મનને એક મોટું રાજ્યરૂપ જાણું છું.

વોવેન આરગ્યુએ કહ્યું છે કે,-"દોલત, પદ્વી, અથવા કીર્તિ મેળવવાં તે દરેકની સત્તામાં નથી; પણ દરેક માણસ ભલો, ઉદાર, અને ડાહ્યો થઈ શકે." ખરી દોલતનો સમાવેશ આપણી પાસે જે હોય, તેમાં થતો નથી, પણ આપણે કેવા છીએ તેમાં થાય છે; અને જે લાભોનો આપણે ઉપભોગ લઈએ છીએ તેમને લગતી જવાબદારી પણ માથે લઈએ છીએ; **સેન્ટક્રિસોસ્ટમ**[૧] કહે છે કે,-" આ વિશ્વની વર્તમાન-સ્થિતિ નાટકીય દેખાવ છે અને માણસનો ધંધો નાટક છે. દોલત અને દરિદ્રતા, રાજા અને પ્રજા, અને એવી બીજી ચીજો નાટકના વેશો છે. પણ જ્યારે આ વિશ્વરચનાનો અંત આવશે ત્યારે તે નાટકશાળા બંધ થશે અને કૃત્રિમ વેશ ઉતારી નાખવામાં આવશે. ત્યારે દરેકનાં કૃત્યોની તપાસ થશે, તેની

૧. ક્રિશ્ચિયન દેવળોના સાધુઓમાં મોટો વક્તા અને કાન્સ્ટાંટિનોપલનો ધર્માધ્યક્ષ. તેના નામનો અર્થ, 'સુવર્ણમુખ' 'સોનામુખી' એવું છે. તેણે કેટલીક દવાશાળાઓ બંધાવી અને પોતાની ઉપજ ગરીબોમાં વાપરી નાંખતો. રાજકીય બાબતોને માટે તેને દેશનિકાલ કરવામાં આવ્યો હતો. ૩૪૭-૪૦૭.

દોલતની નહિ, તેની પદ્વીની નહિ, તેના હોદ્દાની નહિ, અને તેની સત્તાની નહિ, પણ માત્ર તેનાં કૃત્યોનીજ તપાસ થશે. આપણે આશા રાખવી જોઈએ કે આપણાં કૃત્યો તે કસોટીમાં પસાર થાય.

અને કસોટી કેવી થશે? આપણે કેટલું કર્યું છે, તે નહિ પણ આપણે કેટલો પ્રયત્ન કર્યો છે તે જોવાશે. જીંદગીમાં આપણે કૃતાર્થ થયા ગણાઈએ તેવા થયા છીએ તે નહિ પણ તેવા થવાને લાયક થયા છીએ કે નહિ તે જોવાશે.

ઉવૉટન કહે છે કે,

> "જે બીજાની મરજી ઉઠાવતો નથી તે જન્મ અને કેળવણીથી કેવો સુખી છે! શુદ્ધ વિચાર જેનું બખ્તર છે અને કેવળ સત્ય તેની બેહદ ચતુરાઈ છે."

ખરૂં જોતાં ઘાતકી અને નિરંકુશ નહિ, પણ ડહાપણવાળું અને સદ્ગુણી જીવતર યથેચ્છ સુખી જીંદગી ગણાશે અને પાપ એ ખચિત આત્મઘાત છે.

સોલોમન[1] કહે છે,–"મારા બેટા; મારા ઉપદેશ ભુલી જઈશ નહિ; પણ તારા અંતઃકરણમાં તેઓને મારી આજ્ઞારૂપે વસવા દેજે; કારણ કે તેઓ તારા જીંદગીના દિવસોને લંબાવી તને શાન્તિ આપશે."



---

૧. ડેવિડનો દીકરો અને ઇસ્રાઇલિ લોકોનો રાજા. તે ઇ. સ. પૂ. ૧૦૧૫ માં ગાદીએ આવ્યો. તે વખતે તે ઘણો ડાહ્યો, ભભકાદાર અને શક્તિમાન રાજા હતો. તેના વખતમાં ઇસ્રાઇલિ લોકોના રાજ્યની પુરેપુરી ચડતી થઇ હતી. તેના મૃત્યુ પછી તે રાજ્યની પડતી થવા માંડી. જુના બાઇબિલમાં તેની તવારિખ લખેલી છે. ઈ. સ. પૂ. ૧૦૩૩-૯૭૫.

પ્રકરણ ૨ જું.

યુક્તિ.

"युक्तिमद्वचनं यस्य कार्यस्तस्य परिग्रहः।"

"જેનું વચન યુક્તિવાળું હોય તેને પરિગ્રહ કરવો."

જીંદગીમાં ફતેહને માટે બુદ્ધિ કરતાં યુક્તિ વધારે જરૂરની છે, પણ જેને કુદરતી રીતિએ તે આવડતી નથી તેને સહેલાઈથી તે મળતી નથી. તો પણ બીજાઓને સંભવિત રીતિએ શું રૂચે છે તેનું મનન કરવાથી કંઈક આવી શકે ખરી.

ખુશી કરવાની તક કોઈ દિવસ જવા દ્યો નહિ. સઘળાં તરફ સભ્ય રહો. **લેડી મૉન્ટેગ્યુએ**[1] કહ્યું છે કે,-"સભ્યતામાં કંઈ વ્યય થતો નથી, પણ તેથી દરેક વસ્તુ પ્રાપ્ત થાય છે." ખરેખર પૈસાથી પણ ખરીદાય નહી તેટલું બધું તે મેળવી શકે છે. તેથી જે મનુષ્યના સમાગમમાં તમે આવો તેનો પ્યાર મેળવો. **બર્લે**[2]એ રાણી **એલિઝાબેથને** કહ્યું હતું કે, "માણસોના હૃદયને વશ કરો અને તેથી સઘળા માણસોનાં પ્યાર અને દોલત તમને મળવાં સુલભ છે" જ્યાં શક્તિ નિષ્ફળ થાય છે ત્યાં વારંવાર યુક્તિ ફાવે છે. સૂર્ય અને પવનની જુની કલ્પિત વાર્તા **લિલિ** આ પ્રમાણે આપે છે. "બેમાંથી કોણ જોરાવર છે તેના વિષે સૂર્ય અને પવનની વચ્ચે એક સુંદર ઝગડાની વાર્તા છે. એક સદ્‌ગૃહસ્થ મુસાફરી કરતો હતો તે વખતે પવન તેનો ડગલો ઉતરાવવાનો નિશ્ચય કરી મોટા ઝપાટા અને ગર્જનાથી ફુંકવા મંડ્યો, પણ તેથી તે મુસાફરે તે ડગલો વધારે મજબુતાઈથી પોતાના શરીરની આસપાસ લપેટ્યો. પછી પોતાનો ગરમ

---

૧. એક ઇંગ્રેજી ગ્રંથકર્તા અને કવિ. ૧૬૮૯-૧૭૬૨.

૨. એડવર્ડ ૬ ઠ્ઠા અને એલિઝબેથ રાણીના વખતમાં સેક્રેટરી અને વડા ખજાનચી હતો. તેણે ધર્મમાં અને સિકકામાં સુધારાવધારો કર્યો હતો. તેને ૧૫૭૧ માં બેરન બર્લેનો ઇલિકાબ મળ્યો ૧૫૨૦-૧૫૯૮.

કિરણોથી સૂર્યે પ્રકાશવા માંડ્યું, જેથી મુસાફરને બફારો થઈ અકળામણ આવવાથી ખુલ્લા આકાશમાં તેણે પોતાનો ઝભ્ભો કાઢી નાંખ્યો એટલુંજ નહી, પણ ડગલોય કાઢી નાખ્યો. તે જોઈને પવનને સૂર્યની જીત થઈ એમ કબૂલ કરવું પડયું."

હમેશાં યાદ રાખો કે માણસો હંકારાયા કરતાં સહેલથી દોરાય છે અને વળી કોઈ પણ બાબતમાં બળાત્કાર કરતાં સમજુતી વધારે સારી છે.

"જે કરાવવાની તારી ઈચ્છા હોય તે તરવારના ઘાથી નહિ, પણ હસતા મુખના પ્રભાવથી કરાવી લેજે" (શેક્સ્પિયર.)

"**कार्यं सुसिद्ध्यति यथा मधुरैर्वचोभि-**
र्नैवं तथातिपरुषाक्षरसूचिवाक्यैः ।"

साहित्य.

"જેવી રીતિએ મધુર વચનથી કાર્ય સિદ્ધિ થાય છે તેવી રીતિએ કઠોર અક્ષરવાળા વચનોથી થતી નથી."

રાજ્યનીતિ-વ્યવહારનો "તારી સત્તા અતિશય ખુલ્લી જબરદસ્તીથી અમલમાં આણ નહી." એ સારો નિયમ છે.

જે સઘળાઓની સાથે તમારે કામ પડે તેમનો તમારાપર વિશ્વાસ બેસાડવાને અને એથી પણ વધારે તેના વિશ્વાસને પાત્ર થવાને પ્રયત્ન કરો. ઘણા માણસ શક્તિ કરતાં લક્ષણથી વધારે વક્કર મેળવે છે. **ફ્રાન્સિસ હોમર**[1] જે કોઈ પણ ઉચ્ચ અધિકાર પર નહી હોવા છતાં પ્રજાની મંત્રસભામાં અદ્ભુત વજનવાળો હતો. તેનાવિષે **સિડનિસ્મિથ**[2] કહેતો કે, પરમેશ્વરની દશ આજ્ઞાઓ તેના મુખ ઉપર મુદ્રાંકિત થઈ હતી.

વ્યાજબી અને ડહાપણ ભરેલી રીતિએ બીજાઓની મરજી જેટલી સાચવી શકાય તેટલી સાચવો, પણ "ના" કહેતાં બીશો નહી.

---

૧. એક ઇંગ્રેજી અર્થશાસ્ત્રી, અને એડિન્બરા રીવ્યુનો એક સ્થાપક. ઈસ્ટ ઇન્ડિયા કંપનીની સભાનો એક પ્રમુખ હતો. ૧૮૦૬ માં પાર્લ્યમેન્ટનો મેમ્બર થયો હતો ૧૭૭૮–૧૮૧૭.

૨. એક ઇંગ્રેજી પાદરી એડિમ્બરા રીવ્યુનો પહેલો અધિપતિ હતો. ૧૮૦૪ માં તે લન્ડનમાં રહેવા આવ્યો. ૧૭૬૮ થી ૧૮૪૫.

માણસ "હા" કહી શકે, તો પણ દરેક "માણસ હા" ખુશીથી કહી શકે નહિ પણ "ના" કહેવી એ તો વધારે મુશ્કેલ છે.

आमोति वक्तुमखिलाः पुरुषाः समर्थाः
स्पष्टं नकारमिह कोपि वदंति त्रिश्राः ।

व्यवहाराध्यायः

અર્થ—(હા) કહેવાને બધા સમર્થ છે. પણ "ના" કહેવાને તો કોઈ બે ત્રણજ સમર્થ છે."

કેટલાએક માણસ એમ નહિ કરી શકવાથી પાયમાલ થઈ ગયા છે. **પ્લુટાર્ચ**[1] આપણને કહે છે કે—**એશિયામાઈનર**ના લોકો "ના" એ એકજ ઉચ્ચાર કહેવાને શકિતમાન્ નહિ હોવાને લીધેજ માત્ર દાસત્વમાં આવી ગયા, અને જો જીંદગીના આચારમાં "ના" કહેવી એ અગત્યની છે તો તે ખુશીથી કહેવાને શકિતમાન્ થવું એ ભાગ્યે જ ઓછું જરૂરનું છે. જે માણસની સાથે આપણને કામ પડે તેને આપણી સાથેના કામમાં મજા પડે અને ફરીથી આપણી પાસે આવવાને ઇચ્છે એમ આપણે હમેશાં કોશિસ કરવી જોઈએ. ધંધો એ એવી બાબત છે કે જેમાં ઘણા ધારે છે તેનાં કરતાં વિશેષે મન અને લાગણીની જરૂર છે. માયાળુ અને સભ્યતાવાળું વર્તન દરેક માણસને ગમે છે, અને નિષ્કપટી તથા રૂચિકર રીતિઓથી સેંકડે પચાસ કરતાં વધારે સાટાં જલદીથી સુધરે છે.

જો પોતાની મરજી હોય તો પ્રત્યેક માણસ મનગમતો થઈ શકે છે. ખુશી કરવાની ઇચ્છા તેજ ખુશી કરવાના કામનો લગભગ અર્ધો ભાગ છે. અને એથી ઉલટું જેને બીજાઓને ખુશી કરવાની ઇચ્છા નથી તે તેમ કરી શકશે નહિ. જો આ મોટી બક્ષિસ તમે નાનપણમાં નહિ મેળવો તો પછીથી મેળવવી વધારે મુશ્કેલ માલૂમ પડશે. ઘણા માણસોની જીંદગીમાં બહારની આબાદીનું વધારે કારણ કોઈ સંગીન ગુણ કરતાં સારી રીતભાત હોય છે, અને એથી ઉલટું ભલા અંતઃકરણ અને માયાળુ

૧ એક ગ્રીક જીવનચરિત્રલેખક, તે રોમમાં રહેતો. પદાર્થ તત્વજ્ઞાનનાં તે ભાષણો આપતો. તેનો ઉપદેશ નીતિપર હતો. ૫૦–૧૨૦.

ભાવવાળા ઘણા લાયક માણસો માત્ર તોછડી રીતભાતથી દુશ્મનો કરે છે. વળી ખુશી કરવાની શક્તિ હોવી, એ પણ એક મોટો આનંદ છે; તેને માટે યત્ન કરો અને તમે નિરાશ નહિ થાઓ.

સાવધ અને શાન્ત રહો. શાન્ત મગજ એ આતુર અંતઃકરણ જેટલુંજ જરૂરનું છે. કોઈ પણ ભાંજગડમાં દ્રઢતા અને શાન્તિ અમૂલ્ય છે. ભય અને મુશ્કેલીના વખતમાંથી તેઓ તમને સહીસલામત રીતિએ વારંવાર કાઢી લે છે.

જો તમારા કરતાં ઓછા હુશિયાર માણસોની સાથે તમારું મળવું થાય તો તેમને હલકા ગણવાનો તમોને કશો હક નથી. મોટી જહાગીરના કરતાં મોટી શક્તિ વારસામાં લેવાથી કંઈ વધારે ગર્વિષ્ટ થવા જેવું નથી. તે બન્નેમાં તેમને સારી રીતિએ વાપરવામાંજ, માત્ર પ્રતિષ્ઠા છે. વળી ઘણા માણસો દેખાતા હોય તેના કરતાં ઘણા વધારે હુશિયાર હોય છે.

ચોપડીઓ વાંચવી તે માણસોને ઓળખવા કરતાં ઘણું સહેલું છે. માણસ ઓળખવામાં આપણી આંખે મોટા માર્ગોપદેશક છે. **એમર્સન** કહે છે કે–"જ્યારે આંખ કંઈ કહેતી હોય અને જીભ કંઈ કહેતી હોય, ત્યારે અનુભવી માણસ આંખોના કહેવા પર આધાર રાખે છે." અનહદ ભાવની બતાવણીપર અતિશય ભરોસો ન રાખો. પુરૂષોનો પુરૂષો ઉપર અને સ્ત્રીઓનો સ્ત્રીઓ ઉપર જોતાં વહેંતજ પ્યાર થઈ જતો નથી. થોડા પરિચયવાળો અજાણ્યો મનુષ્ય ઘણીજ પ્રતિજ્ઞા કરે અને વચન આપે તો તે જે કહેતો હોય તેમાં પૂર્ણ વિશ્વાસ રાખવો નહિ. જો કે તે કપટી નહિ હોય તો પણ તેનો હેતુ હોય તેના કરતાં તે વધારે બોલતો હોય, અથવા કદાચિત તમારી પાસેથી તેને કંઈક જોઈતું હોય, તેટલા માટે કોઈ પણ માણસ માત્ર કહેતો હોય, તે ઉપરથી તમે તેને તમારો મિત્ર માનશો નહિ, અથવા કોઈ પણ માણસને ઝટ લઈને દુશ્મન ગણશો નહિ.

अज्ञातकुलशीलस्य वासो देयो न कस्यचित् ।
मार्जारस्य हि दोषेण हतो गृध्रो जरद्गवः ॥

हितोपदेश.

(દુહો) નહિ જાણ્યું કુળ શીળ તો, કોઇને દો નહિ વાસ,
થયો બિલાડા વાંકથી, ગીધ જરદ્‌ગવ નાશ.
ર. ઉ.

આપણે વિચારવંત અને બુદ્ધિમંત પ્રાણી છઈએ એમ ધારીને આપણે રાજી થઈએ છીએ, પણ માણસો હમેશાં વિચારશક્તિથી કામ કરે છે એમ ધારવું એ મોટી ભૂલ ગણાય. આપણે એક વિચિત્ર અને સંકલ્પવિકલ્પી પ્રાણી છીએ અને વારંવાર કદાચ એથી પણ વધારે વહેમ અને મનોવિકારથી ચાલીએ છીએ. તેનું પરિણામ એવું આવે છે કે, માણસોની વિચારશક્તિને ખાત્રી આપ્યા કરતાં તેમની લાગણીને તમે ખેંચશો, તો તેથી વધારે માણસોને સંભવિત રીતિએ તમારા પક્ષમાં લઈ શકશો. તો પણ ભિન્ન ભિન્ન પ્રકૃતિના માણસો કરતાં જનસમાજને આ વાત વિશેષે લાગુ પડે છે.

દલીલમાં હમેશાં જરા જોખમ છે. તેમાંથી વારંવાર અભાવ અને (અણબનાવ) સમજફેર થઈ જાય છે. પોતાની દલીલ સિદ્ધ કરવાને માટે મિત્ર ખોવો એ ખોટું સાટું છે. જો તમારે દલીલ કરવાની ફરજ પડે તો તમારાથી બને તેટલું સ્વીકારો, પણ અમુક બાબત રહી જાય છે, એમ બતાવવાને પ્રયત્ન કરો. દલીલ પોતાથી ક્યારે પ્રતિકૂળ થઈ તે ઘણા થોડા માણસો સમજે છે; અને જો તેઓ સમજે છે, તો તેમને તે ગમતું નથી. વળી તેઓ હાર્યા એમ જો જાણે છે, તો તેથી તેમને ખાત્રી થઈ છે એમ કાંઈ સિદ્ધ થતું નથી. દલીલથી કોઈને ખાત્રી કરાવવાની કોશીશ કરવાની બીલકુલ જરૂર નથી; એમ કહેવું એ ખરેખર ભાગ્યેજ અતિશયોક્તિ કહેવાય. તમારી વાત જેમ બને તેમ ટુંકામાં અને ચોખ્ખી રીતિએ કહો અને તમે તેનો મત ફેરવ્યો એમ જો તેને પોતાના મનમાં લાગે, તો તમે તમારૂં જોઈતું કર્યું એમ જાણો, તે પહેલું પગથીયું મેળવ્યું ગણાય.

वावदूका न वक्तारो वक्ता स्यान्मितभाषकः

साहित्य.

અર્થ—કાંઈ વધારે બોલે તે વક્તા કહેવાતો નથી, પણ જે માનમાં બોલે તે વકતા કહેવાય છે.

વાતચિત પોતેજ એક કળા છે અને જેઓ અતિશય બોલનારા હોય તેમાં તે કળા હોય એમ કોઈ પણ રીતિએ કહી શકાતું નથી; તો પણ **લૉર્ડ ચેસ્ટર્ફીલ્ડ** કહે છે તે પ્રમાણે **ડીસ્કાર્ટીસ** અથવા **સર ઐસાક ન્યૂટન**ના કરતાં પાયદળ લશ્કરમાં વધારે સારા થોડાજ અમલદાર છે" એ કહેવું ખરેખર અતિશયોક્તિ છે.

હું એમ નથી કહેતો કે સારા શ્રોતા થવું એ સારા વક્તા થવા જેટલુંજ મુશ્કેલ છે. પણ ખરેખર કોઈ પણ રીતિએ તે સહેલું નથી અને લગભગ તેટલુંજ અગત્યનું છે. જે સઘળું તમને કહેવામાં આવે તે ઉપર તમારે ટીકા કરવી નહિ, તેમજ ઠરાવ આપવો નહિ જોઈએ, પણ તમારો મત આપવો બંધ રાખો. તે કહેનારનો હેતુ જાણવા યત્ન કરો. જો તમે માયાળુ અને સહૃદય હશો તો તમારી શીખામણ વારંવાર લેવામાં આવશે તથા ચિન્તા અને દુઃખના વખતમાં તમે ઘણા માણસોને મદદ અને દિલાસારૂપ છો, એમ લાગવાથી તમને પણ સંતોષ થશે.

જ્યારે તમે નાના હો ત્યારે ઘણા આદરમાનની આશા રાખો નહિ: બેસો, સાંભળો અને જોયા કરો. કહેવત છે કે, તમાસગીરો રમતનો ઘણો ભાગ જુએ છે, અને જ્યારે તમારાપર કોઈનું લક્ષ નહિ હોય, ત્યારે જો વધારે સારી રીતિએ નહિ પણ સૌના જેટલુંજ જે થતું હશે તે તમો જોઇ શકશો, તે લગભગ તમે અંધારપછેડો ઓઢ્યો હોય તેના જેવુંજ છે.

વિચાર કરવાની મહેનત જે ઘણા લોકોને કંટાળો આપે છે, તેમાંથી બચવાને લોકો તમારા વિષે તમે જે કહેશો તે માનશે. **લાબ્રુયેર** કહે છે કે આ દુનિયામાં જે વસ્તુ મનુષ્યને પ્રિયતમ લાગે છે તેના કરતાં વધારે પ્રિય વસ્તુ તે દેખતો નથી."

> "પોતે દુશ્મન કરવા નહિ, કારણ એથી બીજું કાંઇ વધારે ખરાબ નથી. "રખેને તમે મૂર્ખ દેખાઓ માટે મૂર્ખને તેની મૂર્ખાઈ જેવો જવાબ આપો નહિ."

યાદ રાખો કે; **"નરમ જવાબ ગુસ્સાને શાન્ત કરે છે"** પણ વળી ગુસ્સા ભરેલો જવાબ મશ્કરીના કરતાં ઓછી મૂર્ખાઈ

ભરેલો છે. દશમાંથી નવ માણસને હાંસી થવા કરતાં ગાળ ખાવી અથવા નુકશાન ખમવું એ વધારે સારૂં લાગશે. મશ્કરીમાં ઉડાવ્યા હશે તે કરતાં બીજી કોઈ વાત તેઓ વહેલા ભૂલી જશે.

"આશાની ભ્રાંતિ દુર થવા કરતાં તે ભ્રાંતિમાં રહેવું એ વધારે ગમતું છે."

ટ્રેસિલૉસ, એક **એથિનિયન** ગાંડો થઈ ગયો. એણે ધાર્યું કે **પિરીઅસ**[1]માં જે સઘળાં વહાણો છે તે મારાં છે. પણ **ક્રિટો**એ તેને સાજો કર્યો ત્યારે તે ખુબ રોદડા રોવા મંડ્યો કે મને લૂંટી લીધો. **લૉર્ડ ચેસ્ટર્ફિલ્ડ** કહે છે કે, મશ્કરીને માટે મિત્ર ખોવો એ મૂર્ખાઈ છે. પણ મારો મત છે કે "મશ્કરી ખાતરજ નિસ્પૃહ અને ત્રાહિત પુરૂષને દુશ્મન કરવો એ કાંઈ ઓછી મૂર્ખાઈ નથી."

બોસ્ટૅટ જેમમાં જેમ **સ્કુબ** કહેછે તેમ એક હલકા માણસે કહ્યું હતું. "મારી ખાત્રી છે કે તેઓએ મારી મશ્કરી કરી, કારણ કે તેઓ ખૂબ હસ્યા" તમે અવગણના થવાની એકદમ વકી રાખો નહિ અથવા મશ્કરી થવાનો વિચાર રાખો નહિ. એથી ઉલટું જો તમે તમારી હાંસી થાય તો તે ઉડાવી દેવાનો પ્રયત્ન કરો. જો તમે ખરા દીલથી તેમની સાથે ભળી શકશો તો દેખાવ ફરી જશે અને તમારૂં કાંઈ જશે નહિ, પણ તમને ફાયદો થશે. પોતાનીજ મશ્કરીથી હસે તેવો માણસ સૌને ગમે છે અને બરાબર તેમજ છે. કારણ તે સારો સ્વભાવ અને સારી અકલ બતાવે છે. જો તમે તમારા પોતાના તરફ હસશો તો લોકો તમારી મશ્કરી નહિ કરે.

મત ધરાવવામાં હિમ્મત રાખો. કોઇ વખતે તમારી મશ્કરી થવાનો સંભવ છે પણ તે તમને કાંઈ નુકશાન કરશે નહિ. જેવા તમે છો તેવા દેખાવામાં કાંઈ હાંસી ભરેલું નથી, પણ જેવા તમે ન હો તેવા દેખાવાનો ઢોંગ કરવો એ ઘણું હાંસી ભરેલું છે. કે-

---

૧. એથેન્સથી પાંચ માઇલ છેટે ગ્રીસમાં એ બંદર છે, અને હાલ તેની વસ્તી ૧૧૦૦૦ને આશરે છે.

ટલાંક તદન કલ્પિત દુઃખનાં કારણોથી લોકો વારંવાર બળે છે, ખીજે છે અને બીજાઓની સાથે અભાવ કરે છે.

નિખાલસ, તોપણ મિતભાષી થાઓ. તમારા એટલે તમારા વિષે, તમારા માટે અથવા તમારા વિરૂદ્ધ બહુ વાત કરો નહિ. પણ બીજા લોકોની મરજીમાં આવે તેમ તેમને તેમના વિષે વાતો કરવા દો. એમ જો તેઓ કરે છે તો તેનું કારણ એ છે કે તે તેમને ગમે છે. અને તેમની વાત તમે સાંભળશો તેથીજ તેઓનો તમારા વિષે સારો મત થશે.

કોઈ પણ માણસને તમે મૂર્ખ અથવા જડભરત માનતા હો તો, તે, જો તમારી ફરજ ન હોય તો, તેને કોઈ પણ રીતિએ બતાવો નહિ. જો બતાવશો તો રોદડા રોવાનું તેને સારૂં કારણ મળશે. તમારૂં ધારવું ખોટું પણ હોય, તો તે પણ ધારાસર તમારા વિષે તેવોજ મત બાંધશે.

બર્કે[1] એક વખત કહ્યું કે, હું પ્રજાપર આરોપ મુકી શકતો નથી, અને કોઈ વર્ગ અથવા ધંધાની નિંદા કરવા ઉતરી પડવું તે ઘણું અન્યાઈ તેમજ ડહાપણ વગરનું છે. માણસો વારંવાર ભુલી જાય છે અને માફ કરે છે, પણ મંડળીઓ તેમ કદી નથી કરતી. વળી માણસો પણ અપમાન કરતાં નુકસાનની માફી વધારે જલદીથી આપે છે. મશ્કરી કરાવ્યા જેટલું

---

૧. પ્રસિદ્ધ લેખક ઇંગ્રેજી રાજ્યદ્વારી, ૧૭૬૬ માં તે પાર્લ્યમેન્ટનો મેમ્બર થયો. 'ઉૉર્ન હેસ્ટિંગ્ઝ પર' હિંદુસ્તાનમાં જુલમ કરવાનું તહોમત મુકનાર અને તેના સામો લડનાર તે અગ્રેસર હતો. તે મિસ્ટર પિટના વિરૂદ્ધ પક્ષનો હતો. ફ્રાન્સના રાજ્યની ઉથલપાથલ પરના તેના પુસ્તકે પ્રજાના મનપર ઘણીજ અસરકારક લાગણી કરી. તેણે ૧૭૯૪માં પાર્લ્યમેન્ટ છોડી. તે પ્રીતિપાત્ર, વિશ્વાસુ મિત્ર, ઉદાર અને ભક્ત હતો. ડૉક્ટર જોન્સન તેને ઇંગ્લાંડમાં સૌથી મોટો ગણતો. ફાકસ કહેતો કે મારી સઘળી કીર્તિને માટે હું બર્કનો દેણદાર છઉં. લૉર્ડ મૅકૉલેએ કહ્યું છે કે "પ્રવીણ વક્તા ઍડમન્ડબર્કના જેવો આગળ અથવા હાલમાં કોઈ તર્કશક્તિ અને વિચાર શક્તિના ખરા ચાતુર્યવાળો પ્રસિદ્ધ ભાષણ કરનાર થયો નથી. ગુલામગીરીનો વેપાર કાઢી નાખવામાં તે પહેલો હતો. હિંદુસ્થાનમાં થતા ઇંગ્રેજના જુલમ પર તે વારંવાર ફટકા મારતો અને અમેરિકાની સાથે સલાહ કરાવવામાં ઘણી મેહેનત લીધી હતી ૧૭૩૦-૧૭૯૭.

બીજું કંઈ બડબડતું નથી. લોકોને ગુસ્સે કરવાથી અથવા તેમની હાંસી કરાવવાથી તમારો હેતુ કોઈ દિવસ પાર પડશે નહિ.

એકરમેનની[1] સાથે વાતચિતમાં **ગૉથે**[2]એ આપણા દેશીઓનાં વખાણ કર્યાં હતાં. તેણે કહ્યું છે કે, મંડળીમાં તેમના પ્રવેશ અને વર્તન એવાં નિશ્ચિત અને શાન્ત છે કે હરકોઇ મનુષ્યને એમજ લાગે કે તે સઘળાના ધણી છે અને આખી દુનિયા તેમની છે. **એકરમેને** જવાબ આપ્યો કે ખરેખર જુવાન અંગ્રેજો જુવાન જર્મનો કરતાં કંઈ વધારે હુશિયાર, વધારે કેળવાએલા અથવા વધારે સારા દીલતા નથી. ગૉથેએ કહ્યું; "એની વાત નથી, તેઓની શ્રેષ્ઠતા એવી ચીજોમાં રહેલી નથી, તેમજ તેમના જન્મ અને દોલતમાં રહેલી નથી. કુદરતે જેવા તેમને બનાવ્યા તેવા રહેવાની હિમ્મતમાં તે ચોકસ રીતિએ રહેલા છે. તેઓમાં કાંઈપણ આડંબર નથી. તેઓ સંપૂર્ણ માણસ છે. કેટલાએક સંપૂર્ણ મૂર્ખો પણ છે, તે હું ખરા દીલથી કબુલ કરૂંછું; અને તેપણ કાંઈક ઠીક છે અને તેનો બોજ છે."

કોઈપણ ધંધા અથવા ભાંજગડમાં ખામોશી રાખો. ઘણા માણસોને તેમની અરજ સ્વીકારો કે નહિ પણ તેની વાત સાંભળો તો ઘણું ગમે છે, ઘણા સામા થનાર થાકી જાય છે.

ગમે તેમ હોય તો પણ ગુસ્સે થાઓ નહિ અને જો ગુસ્સે થાઓ તો હરકોઈ રીતિએ મુંગા રહો અને તે બતાવવાને પ્રયત્ન કરો નહિ.

"ગુસ્સે થતાં અટકો, અને કોપ તજો.
ભુંડું કરવાને કોઇ પણ રીતિએ ઉતાપો રાખો નહિ."

કારણ કે, "નરમાશ વાળો જવાબ કોપને નિવારે છે. પણ મર્મવેધી શબ્દો ગુસ્સાને ઉશ્કેરે છે."

---

૧. જીવનચરિત્ર લેખક અને ગોએથનો મિત્ર હતો. ૧૭૯૨-૧૮૫૪.
૨. જર્મનીનો ઘણોજ નામીચો અર્વાચીન સાહિત્ય શાસ્ત્રી, તેણે કેટલાંક નાટકો રચ્યાં છે. તે રાજ્યમાં ઉંચી પદીએ પહોચ્યો હતો. ૧૭૪૯-૧૮૩૨.

જ્યાં તમારૂં કામ ન હોય ત્યાં ઘુસો નહિ. બીજે પુષ્કળ જગ્યા છે. **જેઈમ્સ** રાજાએ એક માખીને કહ્યું. "શું હું ત્રણ રાજ્યનો ધણી નથી? અને તે છતાં તું મારી આંખમાં ઉડતી આવે છે."

ખોટું કહેવાનું, દીલગીરી ભરેલા બનાવનું સ્મરણ કરાવે તેવું અથવા મતભેદની જાગૃતિ કરાવે તેવા વિષયનો ઈસારો કરવાનું ચાતુર્ય કેટલાક માણસોમાં હોય એવું લાગે છે.

મનુષ્યજ્ઞાન કરતાં વિદ્યાની કોઈ પણ શાખા વધારે ઉપયોગી નથી. તમારે કોનો વિશ્વાસ રાખવો અને કોનો ન રાખવો, એટલોજ ડહાપણ ભરેલો નિશ્ચય કરવાને માત્ર શક્તિમાન થવું એ ઘણુંજ અગત્યનું છે એમ નથી, પણ કેટલે સુધી અને કઈ કઈ બાબતમાં તેમનો ભરોસા કરવો એ જાણવું અગત્યનું છે. આ કોઈપણ રીતિએ સહેલું નથી. તમારી સાથે અને તમારી નીચે જેઓને કામ કરવું હોય તેની સારી રીતિએ પસંદગી કરવી તે ઘણુંજ જરૂરનું છે. ચોરસ માણસને ચોરસ ખાનામાં મૂકવો અને ગોળ માણસને ગોળ ખાનામાં મૂકવો.

"જો કોઈ પણ માણસનો તમને શક હોય તો તેને કામ સોંપો નહિ, જો તમે તેને કામ સોંપો તો તેનો શક રાખવો નહિ."

(કન્ફ્યુશન.)

જેઓ વિશ્વાસ રાખે છે તેઓ અણાવશ્વાસ રાખનારા કરતાં વારંવાર વધારે ખરે રસ્તે ચાલે છે.

વિશ્વાસ પૂર્ણ પણ આંધળો હોવો ન જોઈએ. ભરોસો રાખવાની **વિવીઅનની**[1] અરજ અવિચારથી સ્વીકારતાં **મર્લિને**[2] ડાહ્યો હતો તો પણ પોતાનો જીવ ખોયો.

---

૧. કુમારિકાનો તે પુત્ર હતો. એવું કહેવાય છે કે સૅલિસ્બરીના મેદાનમાં આવેલી મોટી શિલા તે જાદુથી આયર્લૅન્ડમાંથી લાવ્યો છે. તેની સ્ત્રી વિવીનના જાદુબંધનથી તે એક વાડમાં મરી ગયો. આ દંતકથા છે. લગભગ ૫ મા સૈકામાં આ વાત બની કહેવાય છે.

૨. જાદુગરોમાં સર્વોપરી વૈતાળથી ભોળવાએલી.

હમેશાં વિચારશીલ થાઓ. તમારા પોતાના અભિપ્રાયને સાચવી રાખો. જો તમે પોતે તેને નહિ સાચવો તો તમારે માટે બીજાઓ તેને સાચવી રાખે તેવી આશા રાખશો નહિ. "ડાહ્યાનું મુખ હૃદયમાં છે, મૂર્ખનું હૃદય મોઢામાં છે; કારણ કે જે જે તે જાણે છે અથવા ધારે છે તે તે બોલી દીએ છે"

તમારૂં મગજ વાપરો, તમારી વિચારશક્તિને પૂછો, તેથી ભુલ નહિ થાય તેમ નથી, પણ જો તેમ કરશો તો ભુલ થવાનો ઓછો સંભવ છે.

વાચા રૂપું છે, અને તે તેવી હોવી જોઈએ, પણ મૌન સોનું છે. ઘણા લોકો તેઓને કાંઈ કહેવું હોય તેટલા માટે નહી પણ માત્ર વાત કરવાના શોખને લીધેજ વાતો કરે છે. વાત કરવી એ જીભના વ્યાપાર કરતાં મગજનો વ્યાપાર થવો જોઇએ. વાતુડિયાપણું વાતો કરવાની ખાતરજ વાતો કરવાનો પ્યાર અભ્યુદયનો નાશકારકજ છે. "માણસો પોતાની વાતના આવેશમાં કહેવાનો ઇરાદો હોય તેનાથી જુદુંજ કંઈ ઉતાવળમાં કહી નાખે છે અને જે ન કહ્યું હોત તો ઠીક એમ પછી પસ્તાય છે. અથવા અયોગ્ય બાબતો બોલી જાય છે, જે કહેવામાં તેઓની જીભને કામ આપવા સિવાય બીજો કંઈ હેતુ હોતો નથી.

અને આ નિરંકુશ લવલવિયાપણું કે વાતુડિયાપણું જીંદગીના અસંખ્ય દુઃખો અને સંતાપનું કારણ છે. જેના વિષે તે વાત હોય, તેનામાં તે રોષ ઉત્પન્ન કરે છે; બીજાઓમાં લડાઈ ટંટાનું બીજ રોપે છે; અને સહેજ અભાવ અથવા ઇતરાજી, કે જે જેમને તેમ રહેવા દીધાં હોય તો પોતાની મેળેજ ઘસાઈ ભૂસાઈ જાય તેને છેડે છે—ઉશ્કેરે છે.

ડૉક્ટર બટલર[1] લાબ્રૂયેર કહે છે કે, "પુરતી રીતિએ આનંદ ઉપજાવે તેવી સારી વાતચિત કરવાની શક્તિ, અથવા મૌન

---

૧. ડાકટર બટલર; એક અંગ્રેજી પાદરી, તે થોડા વખત સુધી બ્રિસ્ટલનો ધર્માધ્યક્ષ હતો. ધીમે ધીમે તે પદીએ ચડતો ગયો હતો અને ધર્મસંબંધી ભાષણો આપતો. ૧૬૯૨-૧૭૧૨.

રહેવાની પૂરતી અકલનો અભાવ એ મોટું દુર્ભાગ્ય છે." **ડિમારેટસ**[1] વિષે **પ્લુટાર્ચ** એક વાત કહે છે કે, તમે બોલતાં નથી તેથી મૂર્ખ છો કે શું બોલવું તે તમને સુઝતું નથી? એમ જ્યારે એક સભામાં તેને પૂછવામાં આવ્યું ત્યારે તેણે જવાબ આપ્યો કે મૂર્ખ મુંગો ન રહી શકે. **સાલોમને** કહ્યું છે કે,—

"ઝટ બોલી જાય એવો કોઈ મનુષ્ય તું જુવે છે?
મનુષ્ય તેવો હોવાનો સંભવ નથી, પણ મૂર્ખ તેવો હોય."

તમારી પોતાની શ્રેષ્ઠતા બતાવવાને કોઈ દિવસ પ્રયત્ન કરો નહિ; ઉતરતા ગણાવું તેનાથી બીજું કંઈ પણ લોકોને વધારે સંતાપ કરતું નથી. તમારી વાતમાં બેહદ ખાત્રી ન બતાવો. તમારી ગમે તેવી ખાત્રી હોય તો પણ તમારી ભૂલ થતી હોય. યાદશક્તિ આપણા પર અજાએબ જેવી છમકલાં કરે છે, અને કાનો અને આંખો બન્ને કોઈ વખતે છેતરાય છે; ઘણીજ પુષ્ટિ પામેલા આપણા વહેમોને પણ સજ્જડ પાયો ન હોય; વળી જો તમે ખરા હો, તો અતિશય નિશ્ચિતપણું છોડી દેવાથી તમારૂં કાંઈ જશે નહિ.

કામ કરવામાં પણ અતિશય ખાત્રીવાળા થાઓ નહિ, અને તક કદિ જવા દ્યો નહિ. "હોઠ અને પ્યાલાની વચમાં ઘણા બચી જાય છે."—મોઢે આવ્યું ઘણીવાર ઢોળાઈ જાય છે.

એમ કહેવાય છે કે ખામોશ કેમ રાખવી તે જેઓ જાણે છે તેમને દરેક વસ્તુ મળે છે; તેથી જ્યારે તક મળે ત્યારે તે જવા દ્યો નહિ.

"જ્યારે ઈચ્છા થવી જોઈએ ત્યારે જે નહિ ઈચ્છે,
તેને જ્યારે ઈચ્છા થશે ત્યારે કાંઈ નહિ મળે."

જો તમે એક વખત તમારો લાગ જવા દેશો તો બીજો લાગ કદી તમને નહિ મળે.

"મનુષ્ય કૃત્યોમાં ભરતી ઓટ થયાં કરે છે. જેની ભરતી વખતે જે લાભ લે છે તેનો ઉદય થાય છે. જેઓ ગફલત

---

૧. એક સારો રોમન કવિ. ઈ.સ.પૂર્વે. ૬૫-૮

કરે છે તેઓની જીંદગીની સઘળી સફર ખાબોચીયાં અને દુ:ખમાં પુરી થાય છે: આવા ભર દરિયા ઉપર આપણે હાલ તરીએ છીએ અને અનુકૂળ પ્રવાહનો આપણે લાભ લેવો જોઇએ. નહિ તો આપણાં વહાણનો માલ જોખમાશે."

"समयमतिजडो मूर्खः" साहित्य.

"જે સમયનો લાભ લે નહિ તે મૂર્ખ."

સાવધ રહો પણ જોઈએ તે કરતાં વધારે સાવધ ન રહો; ભુલ થવાની બહુ બીક ન રાખો, "જે માણસ કોઈ દિવસ ભુલ કરતો નથી તે કંઈ કરશે નહિ."

કપડાં સાફ પહેરો; આપણે કપડાં પહેરવાંજ જોઈએ, માટે જો કે, અતિશય સારાં નહિ પણ સાંપડતાં પહેરવાં જોઈએ; તેમાં વખત કે પૈસા ઉડાવી દેવાં નહિ, પણ સારી વસ્તુ લેવાની સંભાળ રાખવી; પોશાક લોકો પર કેટલી બધી અસર કરે છે તે અજાએબ જેવું છે.

તમને જે સઘળા મળે છે તેમાંના ઘણા મુખ્યત્વે કરીને કોઈ પણ બાબતમાં ડોળથીજ નભે છે અને તમારી બાબતમાં પણ તમારે બીજા ઘણાઓની સાથે ડોળથીજ નભવાનું છે. આંખો અને કાનો હૃદયને ખોલે છે અને સેંકડો માણસો, એક માણસ તમને ઓળખતો હોય, તેની માફક તમને ઓળખશે. વળી જો તમે બેદરકાર અને જાતે લઘરા હશો તો તમે બીજી ચીજોમાં પણ બેદરકાર હશો; એ જોકે ખરો નહિ પણ ઠીક નિશ્ચય છે. જ્યારે તમે મંડળીમાં હો ત્યારે જેઓની રીતભાત ઘણી સારી અને પસંદ પડતી હોય તેનો ખ્યાલ રાખો. તે પર એક જુની કહેવત છે તેમાં જો કે થોડી અતિશયોક્તિ છે, પણ ઘણી સારી છે, તે એ છે કે, "રીતભાતથી માણસ થાય છે" અને "મોહક રૂપ એ ભળામણનો જથુ પત્ર (લેખ) છે[૧]." દરેક માણસમાં થોડી ઘણી રીતભાત હોય છે અને કેટલાક માણસોને રીતભાત એજ બધી વાત છે[૨]" "ગુણ અને જ્ઞાન, જો કે

૧. બેકન ૨ બિશપ મિડલટન.

અંતઃકરણને મેળવ્યા પછી તેને જાળવી રાખે છે, તો પણ પહેલેથી મેળવી શકતા નથી. તમારી વાક્પટુતા, દેખાવ અને ચેષ્ટાથી આંખને મોહિત કરો. તમારી વાણીની ભભક અને મેળથી કાનને શાન્ત કરો, અને મારે કહેવું જોઈએ કે અંતઃકરણ ખચિત રીતિએ (સંભવિત રીતિએ) દોરાશે.[1]" દરેકને આંખો અને કાનો છે; પણ થોડાનેજ ખરા નિશ્ચય પર આવવાની શક્તિ છે. દુનિયા એક નાટકશાળા છે; આપણે સઘળા વેશધારી છીએ અને કોઈ પણ ભાગની બજાવણી જેવી રીતિએ તેને ભજવવામાં આવે તેના ઉપર કેટલો આધાર રાખે છે તે દરેક સમજે છે.

લૉર્ડ ચેસ્ટર્ફિલ્ડ પોતાના દીકરા વિષે આ પ્રમાણે કહે છે,- "લોકો મને કહે છે કે જે તેને (પુત્રને) ઓળખે છે તે તેને ચાહે છે. અને તેથી હું ઘણો ખુશી થાઉં છું. પણ ઓળખ્યા પહેલાં તે લોકોને ગમે, અને પછી તેને ચાહે એમ થાય તો મને વધારે ગમે ----જો આ બાબતોને તમે થોડી અગત્યની ગણતા હો તો તમે માણસજાતનો સ્વભાવ બહુજ થોડા જાણો છો. આ વિષય ઉપર આપેલું લક્ષ અતિશય ગણાય નહિ. કારણ એ બાબતો જ અંતઃકરણને જીતે છે અને સમજશક્તિ તેની એક સાધારણ નજીવી ચીજ ગણાય છે."

માણસને જીંદગાનીમાં સૌંદર્યદેવી એક સરસ્વતીના જેટલીજ મદદ કરે છે...**હૉરેસ**[2] કહે છે. **બુધ** અને **મરક્યુરી**, વાકત્વ અને હુન્નરના દેવો પણ લાવણ્યતા વગર લાચાર હતા.

---

૧ લૉર્ડ ચેસ્ટર્ફીલ્ડર અંગ્રેજી પાદરી અને ટીકાકાર. કેમ્બ્રિજની ટ્રિનિટિ-કોલેજમાં કેળવણી લીધી હતી. તેણે ઘણાં પુસ્તકો લખ્યાં છે. ૧૬૮૩-૧૭૫૦.

૨ લીસ્ટર પરગણાના જ્યૉર્જ ફોક્સના ધર્મમતને અનુસરનારા લોકોનું મંડળ. તે ૧૬૫૦ માં સ્થપાયું.

પ્રકરણ ૩ જું.

પૈસા. (અર્થવ્યવહાર)

'यस्यार्थास्तस्य मित्राणि यस्यार्थास्तस्य बांधवाः ।
यस्यार्थाः स पुमान् लोके यस्यार्थाः स च पंडितः' ॥ १ ॥

ભાવાર્થ—જેની પાસ પૈસા હાય તેને મિત્રો, અને બંધુઓ મળે છે. તેમજ જેની પાસે પૈસા હાય તે પુરૂષ અને પંડિત ગણાય છે.

કરકસરની પુરતી ખુજ ઈંગ્લન્ડમાં થતી નથી, તેથી હું દીલગીર છું. આપણા દેશીઓ ખુબ મહેનત કરે છે અને સારી કમાણી કરે છે, પણ બીજી પ્રજાઓ આપણા કરતાં પૈસા બચાવવામાં ચડે છે. એક ડાહ્યા ઘરડા ક્વૅકરે કહ્યું, "મારા બેટા, તું તાલેવર થઈ શકે નહિ, તે તારી કમાણી ઉપર આધાર નહિ રાખે પણ તારા વરા ઉપર આધાર રાખશે." "થ્રિફ્ટ (Thrift)" (કરકસર) શબ્દ પોતેજ "થ્રાઈવ (Thrive)" (આબાદ થવું) ધાતુપરથી નીકળેલા છે, તેથી તે પોતાનો અર્થ બતાવે છે. પૈસાદાર થવાની બીજી બાબતો દૂર રાખતાં ભવિષ્યની જીંદગીની ત્રેવડ રાખવી. એ ડહાપણ ભરેલું અને વ્યાજબી છે. "જ્યારે ભૂખ દરવાજામાં પેસે છે, ત્યારે પ્યાર બારીએથી નાશી જાય છે." એ તો તુચ્છ કહેવત છે, પણ સ્ત્રી અથવા છોકરાઓને ખોરાક, અથવા લુગડાં અથવા વૈદક માવજત અથવા આરામ અને હવાના ફેરફારની તંગી ભોગવતાં જોઈ તમે યોગ્ય ઉદ્યમ કીધો હોત, અથવા કેટલીક જોકે નિરપરાધી પણ વગર જરૂરની છુટોજ માત્ર ન ભોગવી હોત, તો તમે તેમને દુઃખ અને ચિંતામાંથી બચાવ્યાં હોત, એમ લાગવું એ દીલગીરી ભરેલું છે. પૈસાનોજ માત્ર વિચાર કરીએ તો કરકસર અધમ છે, પણ સ્વતંત્રતાને લક્ષમાં લેઈએ તો કરકસર વ્યાજબી અને મર્દાઈનો ખેલ છે.

હમેશાં હિસાબ રાખો, અને તે સંભાળથી રાખો. મારો કહેવાનો હેતુ એવો નથી કે દરેક તપસીલવાર નોંધ રાખો પણ એવી રીતિએ રાખો કે પૈસા કેમ જાય છે અને ચીજોનું શું બેસે છે તેની તમને ખબર પડે. પોતાની આવક કેટલી છે અને વરો કેટલો છે, તે જાણનારો કોઈ પણ માણસ ઉડાઉ થશે નહિ. જે કરતા હોઈએ તે આંખો મીંચીને કરવાથી ઉડાઉપણું શરૂ થાય છે, કોઈ પણ માણસ નાશ કરે તેવા ટેકરાપર ખુલ્લી આંખે નહિ ચડે.

यस्य नोपार्जको भ्राता तस्य भ्राता मितव्ययः ॥

नीतिसार.

ભાવાર્થ—જેને બીજો કમાણીદાર ભાઈ ન હોય તેને કરકસર તે એક ભાઈસમાન છે.

ત્યારે તમે ગમે તેમ કરો, પણ પછેડી પ્રમાણે સોડ કરો. ગમે તેટલું પણ દરેક વર્ષે થોડું બચાવો. ગમે તેમ થાય, પણ કરજ કરો નહિ. **ડિકન્સ**[1] કહે છે કે, જો કે, મિસ્ટર **મિકોબરને** તે ઉપદેશ કરે છે, તો પણ તે કાંઈ ઓછા ડહાપણનું કામ નથી. જો એક માણસની વાર્ષિક આવક "વીશ પાઉન્ડ અને વાર્ષિક ખરચ ઓગણીશ પાઉન્ડ ઓગણીશ શિલીંગ, અને છ પેન્સનું હોય તો તેને પરિણામે સુખ થાય છે; અને વાર્ષિક આવક, વીશ પાઉન્ડ, વાર્ષિક ખરચ વીશ પાઉન્ડ, શુન શિલિંગ, છ પેન્સનું હોય તો પરિણામે દુઃખ થાય છે; અને તો પણ તફાવત માત્ર એક શિલિંગનો જ છે.

न विषं विषमित्याहुर्ऋणं हि विषमुच्यते ।
एकाकिनं हंति विषं ऋणं पुत्रप्रपुत्रकान् ॥

सद्दर्शन.

ભાવાર્થ—ઝેર એ મોટું ઝેર નથી. પણ મોટું ઝેર દેણું છે: કારણ કે ઝેર તો એકનોજ પ્રાણ લીએ છે, પણ દેવું તો પુત્ર પ્રપુત્રોને પણ હણે છે.

---

૧. એક પ્રખ્યાત અંગ્રેજ નવલકથા લખનાર, ૧૮૧૨-૧૮૭૦.

जातसूतिर्मृतासूतिर्दश रात्रान्ति वर्त्तते ।
ऋणी नरः सदासूतिर्हव्यं कव्यं विनश्यति ॥
धर्मशास्त्र.

ભાવાર્થ—વૃદ્ધિ અને મરણનું સૂતક દશ રાત્રીએ નિવૃત્ત થાય છે, પણ જે કરજદાર હોય તે સદા સૂતકી છે. તેણે આપેલા હવ્ય કે કવ્ય દેવ કે પિતૃઓ લેતા નથી.

કરજ એ ગુલામગીરી છે એમ કહેવું એ કાંઈ બહુ ભારે પડતું નથી. "જે ઉછીના પૈસા લે છે તે દુઃખી થાય છે, જીંદગીમાં ઘણી વસ્તુઓ અપ્રિય છે.

હૉરેસગ્રીલે[1] નામના એક મોટા અનુભવી માણસે કહ્યું છે કે, ક્ષુધા, શીત, મલિન કંથા, સખ્ત કામ, ધિક્કાર, સંકટ, અને ખોટા ઠપકા, અપ્રિય છે; પણ કરજ એ સઘળાં કરતાં બેહદ વધારે ખરાબ છે. કોઈ દિવસ કરજ કરો નહિ. જો તમારી પાસે માત્ર પચાશ દોકડા હોય અને અઠવાડિયામાં વધારે મળી શકે તેમ ન હોય, તો તેટલાના ચણા લેવા અને શેકવા અને તેથી ચલાવી લેવું; પણ કોઈનું એક પાઈનું પણ દેવું ન કરવું એ વધારે સારૂં છે.

કૉબ્ડન[2] કહે છે–" આ દુનિયા પરના મનુષ્યોના હમેશાં

---

૧. એક પ્રખ્યાત અમેરિકાનો સમાચાર પત્ર લખવાવાળો. સ્ત્રીઓના હક વિષે, મિતાહાર વિષે, દાસત્વ અને દેહાંત શિક્ષા કાઢી નાખવા વિષે તેણે ઘણાં લખાણો કર્યાં છે. ૧૮૪૮ માં તે થોડા વખત સૂધી રાજ્યસભાનો સભાસદ હતો. ૧૮૫૧ માં યુરોપમાં આવ્યો હતો, અને તે વર્ષના પ્રદર્શનનો પ્રમુખ હતો. ૧૮૭૨ માં અમેરિકાનો પ્રેસિડેન્ટ થવામાં તે નિષ્ફળ થયો અને પછી તરતજ મરણ પામ્યો. ૧૮૧૧-૧૮૭૨.

૨. એક અંગ્રેજ રાજ્યનીતિપ્રવીણ પુરૂષ. તે એક ખેડુનો દીકરો હતો. તેણે વ્યાપાર કરવા માંડ્યો. ઈજીપ્ટ, ગ્રીસ, ટર્કી, અમેરિકાની મુસાફરી કરી અને પોતાના પ્રવાસનાં ચોપાનીયાં લખ્યાં. પછી તેણે ફ્રાન્સ, બેલજીયમ, સ્વિટ્ઝરલેન્ડમાં પ્રવાસ કર્યો. ૧૮૪૧ માં તે પાર્લ્યમેન્ટનો મેમ્બર થયો. અનાજ સંબંધી કાયદાઓ નાબુદ કરવામાં તેણે મોટો ભાગ લીધો હતો અને તે બાબતમાં સર રૉબર્ટપીલે તેની પ્રશંસા કરી હતી. ૧૮૫૭ માં લૉર્ડ પામર્સ્ટનની વિરૂદ્ધ થતાં તેની પાર્લ્યમેન્ટની જગ્યા તેણે ખોઈ. ૧૮૦૪-૧૮૬૫.

બે ભાગ પાડી શકાયઃ-જેઓએ બચાવ કર્યો છે તે, અને જેઓએ ઉડાવ્યું છે તે. કરકસરિયાં અને ઉડાઉ સઘળાં ઘરો, મીલો, પુલો, અને વહાણોનું બાંધવું. અને બીજાં સઘળાં મોટાં કામો જેથી માણસો સુધર્યાં અને સુખી થયાં, તેમની પ્રવીણતાનું સંપાદન બચાવ કરવાવાળા, કરકસરિયાથી થયેલું છે; અને જેઓએ પોતાનું દ્રવ્યબળ ગુમાવ્યું છે તે તેમના હમેશાં તાબેદાર થયા છે. કુદરત અને પરમેશ્વરનો તે કાયદો છે, અને તેમ હોવોજ જોઈએ, અને કોઈ પણ વર્ગ ટૂંકી નજર, અવિચાર, અને આળસથી આગળ વધશે એમ જો કહું તો હું એક ઠગ ગણાઉં.

પ્લુટાર્ચે કહ્યું છે—"એફીસસમાં આવેલું **આર્ટીમિસનું**[1] દેવળ જ્યારે દેણદારો તેનો આશ્રય કરે છે ત્યારે તેના લેણદારો ન પેસી શકે તેવું શરણસ્થળ, અને સહીસલામતિ છે. પણ સાવધ મનના પુરૂષોને તેમની શાન્તિને માટે કરકસરની આનંદમય માનવંતી અને પુષ્કળ જગ્યાવાળી શરણભૂમિ અને પવિત્ર સ્થળ સર્વ સ્થળે ખુલ્લાં છે."

ત્યારે અલબત વેપાર રોજગાર સિવાય, કોઈનાં નાણાં ઉધાર લ્યો નહિ, અને ધીરો નહિ. તમને તમારા પૈસા કે ઉપકાર બેમાંથી એકે પાછું નહિ મળે; કારણ કે કરજદારો તમને પાયમાલ કર્યા એમ હમેશાં સમજે છે. તમારાથી બની શકે તેટલું સખાવતથી આપો, પણ તે પાછું લેવાની આશા રાખવી નહિ.

પ્રથમ પૈસો થોડો આવે તો નાહિંમત થાઓ નહિ, વાંક વગરની તે એક સીધી લાંબી ગલ્લી છે; અને જો પ્રથમ પૈસો સહેલથી મળે તો તે સઘળો ખરચી ન નાખો, પણ વર્ષાઋતુની હેલીના દિવસને માટે સંગ્રહ કરી રાખો. અને યાદ રાખો કે ખરાબ ગલ્લીઓની માફક સારી શેરીઓમાં પણ કાંઈ વકુતા હોય અને જેમ જેમ વખત જતો જાય તેમ તેમ સંભવિત રીતિએ તમારી

---

૧. રોમન પુરાણોની એક દેવી, જ્યુપિટરની દીકરી અને એપૉલોની બહેન તેનું સૌથી પ્રખ્યાત દેવળ ઈફિસમાં હતું. જે દુનિયાની સાત અજાએબીઓમાંનું એક ગણાતું હતું.

થેલીપર વધારે ને વધારે માગણી થાય. ધંધામાં પ્રથમથી ઘણોજ ભાગ્યોદય થયેલાં ઘણાં માણસો પાયમાલ થયાં છે.

તાલેવર થવાને ઉતાવળા થાઓ નહિ, **રસ્કિન**[1] કહે છે કે "જો, માગે તે કિમતે તમે ચિત્ર નહિ આપો તો સમય આવે ત્યારે તમને તેની માગી કિમત મળશે."

પૈસા વિષે તમારે સંતાપ કરવો નહિ. ઘણી દોલત મેળવવાને જો કે થોડાનેજ સંભવ છે, પણ ઉદ્યોગ અને કરકસરથી હરકોઈ પોતાનું ગુજરાન ચલાવી શકે. પ્રમાણિકપણાથી નહિ મેળવેલી દોલતની વાતો વારંવાર આપણે સાંભળીએ છીએ, પણ ખરી વાત એ છે કે કોઈને ગરીબાઈ પણ પ્રમાણિકપણાથી ભાગ્યેજ આવે છે. જેઓને થોડું છે તે ગરીબ નથી, પણ જેઓને ઝાઝું જોઈએ છીએ તે ગરીબ છે.

સર જેઈમ્સપેગેટે[2], તેના શિષ્યો કે જેની કારકીર્દી તેણે જોઈ હતી, તેની સ્થિતિ સંબંધી એક રમુજી ભાષણ આપ્યું છે. એક હજારમાંથી ૨૦૦ એ ધંધો છોડી દીધો, પૈસાદાર થયા, અથવા વહેલા મરી ગયા; બાકીના ૮૦૦ માંથી ૬૦૦ એ ઠીક ફતેહ મેળવી ને કેટલાકે ઘણી મેળવી. આખી સંખ્યામાંથી માત્ર ૫૬ તદન નિષ્ફળ થયા. એમાંથી પંદર કોઈ દિવસ પરીક્ષામાં પસાર થયા નહિ. અમિતાહાર અથવા બદફેલીથી નાશ પામ્યા, અને સઘળા ૧૦૦૦ માંથી માત્ર ૨૫, જેમાં તેઓનું કાંઈ ન ચાલે તેવા દેખીતાં કારણોથી નિષ્ફળ થયા. તેથી તમારે ખાત્રી રાખવી કે વૈદકની માફક, જીંદગીના બીજા ધંધાઓમાં જો તમો ઉપયોગી થાઓ, તો તમારો ઉપયોગ કરવામાં આવે.

ખરૂં જોતાં જીંદગીની ખરી જરૂરીઆત ચીજોને માટે,

---

૧. અર્વાચીન અંગ્રેજ હુન્નર ટીકાકાર. ૧૮૧૯ માં જન્મ્યો.

૨. અંગ્રેજ રાસ્ત્રવૈદ્ય અને સર્વેન્દ્રિયશાસ્ત્રકુશળ. ઈ. સ. ૧૮૧૪ માં જન્મ્યો હતો.

કોઈને કાંઈ વધારે ચિંતા રાખવાની જરૂર નથી. કુદરતને જોઈએ છીએ થોડું અને આપેછે ઘણું. એથી ઉલટું, મોજ-મજા ઘણી ખરચાલ છે. ફ્રેન્કલીને[1] કહ્યું છે તે પ્રમાણે "એક દુર્ગુણ જાળવવામાં જેટલું ખર્ચ થાય તેટલા પૈસાથી બે છોકરાં સારી રીતિએ ઉછેરાય."

ડ્યુક ઑફ ઉવેલિંગટને[2] ડહાપણથી કહ્યું છે કે, "ભારે વ્યાજમાં સહીસાલામતી ઓછી."

એક ટોપલીમાં જોઈએ તે કરતાં વધારે કુળો ભરો નહિ. (ઘણા વિષય એકજ વખતે માથાપર નહિ લીઓ) ગમે તેવી સારી સલાહ તમને મળી હોય, ગમે તેવી સંભાળ તમે તેમાં રાખી હોય, તો પણ એવું કંઈક બની આવે, કે જે તમારી સઘળી ગણત્રીને ઉંધી વાળી દીએ. ડાહ્યામાં ડાહ્યા વેપારી અને નાણાવટી ભૂલો કરેછે. ધંધાની ગુંજવાળો કોઈ માણસ જે સઘળું ઈચ્છેછે તે એ છે કે સાધારણ પણ ભૂલ ન કરવી. આપણે

---

૧. અમેરિકાનો રાજ્યદ્વારી અને પ્રસિદ્ધ તત્વવેત્તા. તેણે ઇંગ્લન્ડમાં ઘણો વખત ગાળ્યો હતો અને ધીમે ધીમે પદ્વીએ ચડતાં છેવટ અમેરિકાની રાજ્યસભાનો ૧૭૮૫ માં પ્રમુખ નિમાયો હતો. અમેરિકા અને ઇંગ્લન્ડ વચ્ચેના સ્વતંત્રતાના વિગ્રહમાં તે એક મુખ્ય અગ્રેસર હતો. ૧૭૦૬-૧૭૯૦.

૨. એક પ્રસિદ્ધ અંગ્રેજી લશ્કરી અમલદાર તેમજ રાજ્યદ્વારી. **મોર્નિંગટનના** અર્લનો ત્રીજો પુત્ર. પ્રથમ તેણે **ઈટનની** કૉલેજમાં અભ્યાસ કર્યો હતો. પછી ફ્રાન્સમાં લશ્કરી કેળવણી લીધી હતી. નિશાન તરીકે તે ૧૭૮૭ માં ૭૩ મી પલટનમાં દાખલ થયો. ૧૭૯૭ માં કર્નલના હોદ્દાથી તે હિંદમાં આવ્યો. ૧૭૯૯ માં તે મહિસૂરનો હાકેમ નીમાયો. ૧૮૦૩ માં તેણે અસાઈની લડાઈમાં સિંધીયાને હરાવ્યો. ૧૮૦૫ માં તે ઇંગ્લાંડ પાછો ગયો. પછી **નેપૉલીઅન** સાથેના વિગ્રહમાં **સાલામાન્કાની** લડાઈ જીત્યો પછી વિક્ટોરીઆની લડાઈ જીત્યો. ફ્રેન્ચ લોકોને સ્પેઈન અને પોર્ટુગાલમાંથી હાંકી કાઢ્યા. થોડા વખત સુધી ઇંગ્રેજી વકીલ તરીકે તે પેરિસમાં રહ્યો હતો. ૧૮૧૫ માં તે સર્વ એકત્ર થયેલાં લશ્કરનો ઉપરી નિમાયો અને તેજ સાલમાં **ઉવૉટરલૂની** મોટી લડાઈમાં નેપોલિઅનને હરાવી કેદ કીધો. ૧૮૨૮ થી ૧૮૩૭ સુધી તે ઇંગ્લન્ડનો મુખ્ય પ્રધાન હતો, ૧૭૬૯-૧૮૫૨.

બચપણમાંથીજ શીખીએ છીએ કે બેને બે ચાર થાય; પણ તેના બાત્રીશ પણ થાય. અંકગણિતની રીત પ્રમાણે જો આપણે બેમાં બે ઉમેરીએ તો ચાર થાય તે બરાબર ખરૂં છે, પણ જીંદગીના વ્યવહારમાં તે એક ભલાવો ખવરાવે તેવું છે. અને તે બોધની અવિચારી વપરાશે ઘણા સારા નિવડે તેવા પુરૂષોની પાયમાલી કરીછે.

કામ કરવામાં સ્થિર વૃત્તિ રાખો. આપણે સાંભળ્યું છે કે **લૉર્ડ બ્રાહૅમ**[1] ફોટોગ્રાફ પડાવતાં પણ શાન્ત બેસી શકતો નહિ ને તેથી હમેશાં લપરડા જેવો નીકળતો.

બૅગહૉટ[2] કહેતો કે, વ્યાપારમાં ઘણા માણસોની પાયમાલી થાયછે તેનું કારણ તેઓ એક જગ્યાએ શાન્ત બેસી શકતા નથી.

એક રીતિએ મરજી હોય કે ન હોય પણ દરેક માણસ ધંધાવાળો ગણાય. આપણ સઘળાંને ફરજો બજાવવી પડે છે, ઘરની વ્યવસ્થા કરવી પડે છે અને આપણું ખર્ચ નિયમિત કરવું પડે છે. વળી જુજ બાબતો પણ કેટલીક વખતે મોટી બાબતોના જેવીજ મુશ્કેલ અને કંટાળો આપનારી હોય છે.

જીંદગાનીની ફતેહ વિશેષ મનોબળ કરતાં સાધારણ અક્કલ, સંભાળ અને લક્ષપર વધારે આધાર રાખેછે; એ સુખની વાત છે. એક જુની રૂઢીની કહેવત છે કે–"તમારી દુકાન નિભાવો, તો તે તમને નિભાવશે." તેવીજ મતલબની **ઝેનોફન**[3] એક

૧. એક નામીચો પાર્લ્યમેન્ટનો મેમ્બર હતો. તેણે કાયદાનો સારો અભ્યાસ કર્યો હતો અને પ્રથમ બેરિસ્ટર તરીકે વકીલાત કરતો. તેનું વલણ હમેશાં સુધારા તરફ હતું. તે ઉવગ પક્ષનો હોઈ કૅનિંગનો પ્રતિપક્ષી હતો. અર્લ ગ્રેની તેને સારી મદદ હતી. ગુલામગીરીનો વેપાર કાઢી નાખવામાં તેણે અંતઃકરણપૂર્વક શ્રમ લીધો. ૧૭૭૮-૧૮૬૮

૨. અંગ્રેજી નિબંધ લેખક અને વર્તમાનપત્રનો લખનાર ઈ. સ. ૧૮૨૬-૧૮૭૭.

૩. ઍથેન્સનો સરદાર, તત્વવેત્તા અને ઇતીહાસ કર્તા સૉક્રેટીસનો શિષ્ય. ઈ. સ. પૂ. ૪૪૪-૩૫૯.

વાત કહે છે કે "ઈરાનના રાજાને એક ઘોડાને જેમ બને તેમ જલદીથી માતો કરવાની ઇચ્છા થતાં તે બાબતમાં જેઓ પ્રવીણ જણાતા હતા તેમને પુછયું કે ઘોડો ઝટ લઈને કેમ તાજો થાય? ત્યારે તેને પ્રત્યુત્તર મળ્યો કે 'ધણીની દેખરેખથી.'

વ્યવહારોપયોગી ટેવો પાડવી તે ઘણું અગત્યનું છે. મારા એક નામીચા મિત્રે મને હમણાંજ ખાત્રીથી કહ્યું છે કે,- સારી શક્તિ અને ઉચ્ચ વર્તનવાળા પુરૂષો જેમને હું ઓળખું છું, તેમની જીંદગાનીમાં નિષ્ફળતાના કિસ્સાઓનો જ્યારે જ્યારે મને વિચાર આવે છે, ત્યારે ત્યારે ઘણા દાખલામાં તેમની નિષ્ફળતાનું વારંવાર ઘણું ખરૂં કારણ એમ જણાય છે કે તેઓ દીર્ઘસૂત્રી, અનિયમિત, બીજાઓની સાથે હળીમળીને કામ કરવાને અશક્ત, જુજ બાબતોમાં આગ્રહી અને ખરૂં જોતાં આપણે જેને વ્યવહારોપયોગી માણસો કહીએ તેવા ન હતા.

મોટી બાબતોની માફક નાની બાબતોમાં નિયમ અને વ્યવસ્થા ઘણાં અવશ્યનાં છે. યોગ્ય ચીજ યોગ્ય સ્થાનમાં રાખવી એ સોના જેવો નિયમ છે. કારણ જ્યારે જે ચીજોનું કામ થઈ રહે ત્યારે તેને તેની જગ્યાએ મૂકી દેવાથી જ્યારે તે જોઈતી હોય ત્યારે ઘણી મહેનત બચે છે.

ઝેનોફન કહે છે કે, "જાણો કે એક ખેડૂત પોતાના કોઠારમાં જવ, ઘઉં અને વટાણા ભેગા નાંખે અને પછી, જ્યારે તેને જવનો અથવા ઘઉંનો રોટલો કરવો હોય અથવા વટાણાની રાબ કરવી હોય ત્યારે દાણે દાણો વીણીને કાઢે, તેના જેવોજ મને અવ્યવસ્થા વિષે ભાસ થાયછે."

પુરાવામાં તે એક વહાણનો દાખલો આપે છે. "કારણ કે જે કાંઈ જોઈતું હોય તે શોધી કાઢવાને, અથવા જે વાપરતાં મુશ્કેલ પડતું હોય તે વાપરવાને દરિયા ઉપર પ્રભુ તોફાન અમુકજ વખતે કરે છે તેવો કોઈ વખત નથી. કારણ કે, દેવ જેઓ ગફલત કરે છે તેમને ધમકાવે છે અને શિક્ષા કરે છે, પણ જેઓ કાંઈ ખોટું નથી કરતાં તેમનેજ નાશમાંથી

બચાવે છે, તો આપણે સંતોષ માનવો જોઈએ. જો તે ઈશ્વર દરેક ચીજ પર વ્યાજબી લક્ષ આપનારાને જાળવે છે, તો તેમનો ઘણો આભાર માનવો." અને દરેક વસ્તુને તેની બરાબર જગ્યાએ રાખવી.

એરિસ્ટૉટલથી માંડી **કાર્લાઈલ**[1] સુધીના અલબત સઘળા નહિ પણ ઘણા તત્વજ્ઞાનીઓએ વ્યાપાર વાણિજ્યમાં કામે લાગેલાને નિંદ્યા છે. અથવા કદાચ હું કહુંછું કે વેપાર વાણિજ્યને હલકાં અને પતિત કરનારાં જાણ્યાં છે. **પ્લેટો**એ પોતાના પ્રજાસત્તાક રાજ્યમાં વેપારીઓને શહેરીઓના હક્કોમાંથી બાતલ કીધા હતા. એવો પતિત કરનાર ધંધો જો કોઈ પરદેશીને ચલાવવા મરજી હોય તો તેને માટે રાખવામાં આવ્યો હતો. તો પણ વ્યાપાર વાણિજ્ય ઘણા માણસોનો આવશ્યક ધંધો હોવાથી જો તેની અસર વર્તણુકને ખરેખરી નુકશાનકારક અને બુદ્ધિની કેળવણીને પ્રતિકૂળ હોય તો તે ખરેખર શોચનીય છે. પણ સારાં નસીબે તેમ નથી, અલબત વેપારીઓ તેઓનો નવરાશનો વખત બીજા ધંધાઓમાં માત્ર ગાળી શકે, પણ શાસ્ત્રો અને સાહિત્યોમાંથી દાખલા લેઈએ તો હું કહું છું કે, **નેસ્મિથ** ખગોળવેત્તા અને કારખાનાઓનો માલેક હતો, **ગ્રોટ** નાણાવટી અને ઈતિહાસકર્તા હતો. **સર. જે. ઈવેન્સ** કાગળ બનાવનારો અને પાદશાહી મંડળીનો ખજાનચી તેમજ (પ્રાચીનશોધક) એન્ટિકવારીઝ મંડળીનો પ્રમુખ હતો, **પ્રેસ્ટિચ** વેપારી અને પછીથી ઑકસફર્ડમાં ભૂસ્તરવિદ્યાનો આચાર્ય હતો, **રૉજર્સ** અને **પ્રેયેડ** નાણાવટી અને કવિ હતા, મારો પોતાનો પિતા નાણાવટી, ગણિતશાસ્ત્રી તથા ઘણાં વર્ષસુધી પાદશાહી મંડળીનો ખજાનચી અને ઉપપ્રમુખ હતો. આવા બીજા પણ ઘણા દાખલા આપી શકાય.

સૌથી સોંઘા ભાવે ચીજો લઈ સૌથી મોંઘા ભાવે વેચવાની પદ્ધતિથી **કાર્લાઈલ** ઘણોજ વિરૂદ્ધ હતો. તે સૂચવે છે કે,

---

૧. અંગ્રેજ નિબંધ લેખક અને ઇતિહાસ કર્તા. ૧૭૯૫-૧૮૮૧.

આપણે "આપણા રૂની ઓછામાં ઓછી કીમત" કંઈક ગર્ભિત રીતિએ ઠરાવવી જોઈએ, અને હું ધારૂં છું કે, બીજી ચીજોની પણ ઠરાવવી જોઈએ; એટલે કે "હાલ રૂને સોંઘું કરવાની આપણે કાંઈ દરકાર નથી," અને વળી આપણે બીજી પ્રજાઓ કરતાં ઓછે ભાવે વેચવું ન જોઈએ, "ભાઈઓ, આપણે તેમનાથી ઓછે ભાવે વેચતા બંધ રહીશું, અથવા તેઓના જેટલાજ ભાવથી વેચીશું" આ માત્ર અસાધ્ય છે એટલુંજ નહિ પણ ખોડવાળું છે. જો આપણે સુતર ઓછું વેચીએ તો આપણે ઓછો ખોરાક ખરીદવો જોઈએ. **કાર્લાઈલ** એમ માને છે કે, થોડા ઓછા ભાવે ઘણું વેચી શકાય, તેથી જો તેના નિયમ પ્રમાણે ચાલીએ તો ઠરાવેલી કિંમત આપવાને અશક્ત એવાં લુગડાંની તંગીવાળાં ઘણાં માણસો મળી આવે. આપણે ઓછું લઈ શકીએ તેમ છે, તો પણ તેમ કરવાની તે આપણને ના પાડે છે, અને તેથી કરીને બીજાઓને વસ્ત્ર વગર અને આપણા લોકોને ખોરાક વગર રાખે છે. જે ચીજો તમો નીપજાવી ન શકો તેવી ચીજો સોંઘી આપવી એ વ્યાપારનો પ્રથમ ખરો પાયો છે. ત્યારે સૌથી સોંઘે ભાવે ખરીદવું અને સૌથી મોંઘે ભાવે વેચવું એ વેપારનો અગત્યનો નિયમ છે. એટલુંજ નહિ પણ તે સર્વને માટે શ્રેષ્ઠ છે. એમ કરવાથી જેઓને તેમની ઉપજ વેચવાની ઘણી જરૂર હોય, તેમની પાસેથી તમો તે ખરીદો છો, અને જેઓને તમારા માલની ઘણીજ જરૂર હોય, તેને તે વેચાતો આપો છો. બીજી કોઈ પણ રીત ન્યુકાસ્ટલમાં કોયલા મોકલવાની કહેવતમાં કહેવાતા નિરર્થક વ્યાપારની બરાબરજ થાય.

સૌથી મોટા, સુખી અને શ્રેષ્ઠ માણસોમાંના ઘણા બહુ ગરીબ હતા. **ઉવર્ડઝવર્થ**[૧] અને તેની બેહેને દરેક અઠવાડીએ ૩૦

---

૧. અંગ્રેજી કવિ, ૧૭૯૧ માં તે બી. એ. થયો હતો. કાલિજ, સાઉથે, ડાક્વિન્સિ અને વિલ્સનનો તે મિત્ર હતો. ૧૮૪૩ માં સાઉથે પછી તે રાજ્યકવિ થયો હતો. ૧૭૭૦-૧૮૫૦.

શિલિંગ પર ઘણાં વર્ષ સુધી નિર્વાહ ચલાવ્યો હતો, અને હું માનું છું કે, તેમની જીંદગીનો તે સૌથી સુખી વખત હતો.

જો તાલેવર થવાનું તમારા નસીબમાં ન હોય તો સંબંધ અને પ્રેમથી કોઈ મધ્યમ સ્થળ, કોઈ નાનું ઝુંપડું અને કોઈ મનોહર (સુંદર) મુખ તમને આખી દુનિયા લાગે તેમ કરો.

"ઘેટાના વાડા શિવાય બીજી કોઈ જગ્યાએથી પરમેશ્વર પેગંબર બનાવતો નથી" એમ **મહુમદની**[1] માફક ન કહીએ તો પણ કેટલા બધા મહાન્ પુરૂષો ગરીબ હતા તે ખરેખર અજાયબી પમાડનારૂં છે.

પૈસો આપણે માટે કેટલું કરી શકે છે, તેની અતિશયોક્તિ કરવાની સાધારણ ભૂલ છે. શું તે ખોરાકના સંબંધમાં છે ?

"જો પૈસાદાર આદમીને તંદુરસ્ત થવાની ઈચ્છા હોય તો તેણે ગરીબની માફક રહેવું." ચા અથવા કાફી, રોટલો અને માંખણ, અથવા થોડા મધ કરતાં નાસ્તામાં બીજું શું વધારે સારૂં ખાઈ શકીએ? સારી રીતિએ રાંધેલું, સાદું ભોજન સારી રૂચી થતાં ખાઈએ તો તેમાં હાકેમના ખાણા જેટલીજ મજા પડે. મોસમ વખતે ઘણીજ આરોગ્ય અને શ્રેષ્ઠ વસ્તુઓની કિંમત પ્રમાણમાં ઓછી બેસે છે, અને મોસમ વગર તેમાં કાંઈ પણ લીજ્જત હોતી નથી. ઘણું કરીને એક ફળ એક મીજબાની જેટલુંજ સારૂં અને કોઈ કોઈ વખતે તેથી પણ સારૂં લાગે છે.

શું તે ચોપડીઓના સંબંધમાં છે? પોતે જેટલું વાંચી શકે તેટલું જો કોઈ પણ માણસ વેચાતું ન લઈ શકે તો તે ખરેખર

---

1. મુસલમાન ધર્મપ્રવર્તક, તે ઉંટ હાંકવાનો ધંધો કરતો હતો. અને તેની શેઠાણી કદિજાને તે પરણ્યો હતો. તેનો ઉપદેશ તરવારની અણીએ મુસલમાન ધર્મ મનાવવાનો હતો. તેને મક્કામાંથી નાસીને મદીને જવું પડ્યું હતું અને તે દિવસથી હિઝરી (શક) શરૂ થયો. કદીજા પછી તે ઘણી સ્ત્રીઓને પરણ્યો હતો. અને કેટલીએક રખાતો પણ હતી. તો પણ તેને એકજ દીકરી હતી. જેનું નામ ફતીમા હતું અને તે અલીવેરે પરણી હતી. ૫૭૦-૬૩૨.

ગરીબ હોવો જોઈએ. સૌથી સરસ પુસ્તકો—**બાઈબલ, શેક્સ્પીયર, મિલ્ટન** ઈત્યાદી કહેવત પ્રમાણે "જુજ રકમથી" હાલ ખરીદી શકાય છે.

શું પૈસો, આરોગ્યતા, બુદ્ધિ, મિત્રો, સૌંદર્ય, અથવા સુખી ગૃહસ્થાશ્રમ ખરીદી શકશે? **કન્ફ્યુશિયસ** કહે છે કે—"**ઝીનો. ડયુક** અપાર દોલતવાળો હતો અને કોઈ તેને ચહાતું ન હોતું. **પૉકે** ભૂખે મરી ગયો, અને હજુ સુધી પણ આપણે તેને માટે દીલગીર થઈએ છીએ."

સઘળા કરતાં,—

"શું દોલત સુખ આપી શકે? આસપાસ નજર કરો અને જુઓ તો આનંદમાં સંતાપ અને ભભકામાં દુ:ખનો આભાસ જણાય છે. તેઓના કોઈ પણ ડમાક અને ભભકાની મને અદેખાઈ થતી નથી, તેમજ તેમના સોને રસેલાં દુ:ખોની પણ કાંઈ અદેખાઈ આવતી નથી." (યંગ[1].)

બેકન કહે છે કે, ઘણી દોલતવાળા માણસો પોતે કોણ છે તે જાણતા નથી અને જ્યારે તેઓ પોતાના કામની મુંઝવણમાં હોય છે ત્યારે તેઓનાં મન અથવા તનની આરોગ્યતાપર ધ્યાન આપવાનો તેમને વખત મળતો નથી."

એક લૅટિન જુની કહેવત કહે છે કે, "બેડીઓ સોનાની બનાવી હોય તો પણ તે ખોટી છે. દ્રવ્ય એ અલબત ચિંતાનું મૂળ છે. ગરીબીની માફક તેમાં પણ ફીકર રહેલી છે અને ઘણા શ્રીમંત પુરૂષો પૈસાના ધણી નહિ, પણ ગુલામ બને છે. ધર્માધ્યક્ષ **વિલ્સને**[2] કહ્યું છે કે, ઘણે ઠેકાણે દ્રવ્ય માત્ર તેમના માલેકને ફીકર કરાવે છે. એટલુંજ નહિ પણ તેમને રીબાવેછે.

हालाहलो नैव विषं विषं रमा
जनाः परं व्यत्ययमत्र मन्वते ।

---

૧. અંગ્રેજ કવિ. ૧૬૮૪-૧૭૬૫.

૨. પ્રખ્યાત સ્કોચ વિદ્યાગુરૂ, કવિ અને નિબંધલેખક. ઉવર્ડ્ઝવર્થ કવિનો મિત્ર હતો. ૧૭૮૫-૧૮૫૪.

निपीय जागर्त्ति सुखेन तं शिवः
स्पृशन्निमां मुह्यति निद्रया हरिः ॥ १ ॥

ભાવાર્થ—હાલાહલ જાતનું ઝેર તે ઝેર નથી, પણ લક્ષ્મી ઝેર છે, કારણ કે, હાલાહલ ઝેરનું પાન કરી શીવ સુખે જાગે છે અને લક્ષ્મીને સ્પર્શ કરતાં વિષ્ણુ મોહ પામી સદાકાળ નિદ્રામાંજ પડ્યા રહે છે.

બેશક ઘણા માણસો પૈસાથી પાયમાલ થયા છે અને સરાવાળે ગરીબ કરતાં પૈસાદાર લોકો પૈસાની બાબતમાં સંભવીત રીતિએ વધારે ચિંતાતુર રહે છે. ડહાપણવાળા સિવાય બીજા કોઈને દોલતથી સુખ થતું નથી. પૈસાદાર થવાની અતિ ઇચ્છાવાળો મનુષ્ય હમેશાં કંગાળજ રહે છે. રસ્કિન કહે છે કે, “ નાના ઝુંપડામાં રહી (ઉવૉરિક કિલ્લો) પાદશાહી મહેલ જોઈ દંગ થવું, એ પાદશાહી મહેલમાં રહી કાંઈ પણ ચીજથી સાનંદાશ્ચર્ય ન થવાય તેના કરતાં વધારે સુખવાળું છે.

પૈસાના ઉપભોગ માટે તેમાં તમારૂં લક્ષ ચોટાડો નહિ, સાદીએ[1] કહ્યું છે—“જોઈએ તેટલું મેળવવાથી તમારૂં કામ નિભશે. વધારે મેળવવું તમને બોજારૂપ થઈ પડશે.”

“ મારે ઉંટ ચડવા નથી, પણ બોજા અને બંધનમાંથી મુક્ત છું; કોઈ પ્રજાનો હું રાજા નથી, પણ કોઈ રાજાના હુકમની મારે બીક નથી; હું કાલનો વિચાર કરતો નથી, અથવા ગયેલાં દુઃખો યાદ કરતો નથી. આ પ્રમાણે કલેશ-મુક્ત મારા પ્રાણ ચાલે છે, અને આ પ્રમાણે મારી શાંત જીંદગી વહન થાય છે.”

---

૧ મહમદ પેગંબરના જમાઈ અલીની ઓલાદનો તે એક ઇરાની કવિ હતો. તેણે હિંદ, યુરોપ અને આફ્રિકાના ઉત્તર ભાગમાં પ્રવાસ કર્યો હતો; ક્રુસેઈડની લડાઈમાં તે કેદ પકડાયો હતો પણ પછી પૈસા લઈ છોડી દેવામાં આવ્યો હતો, ગુલિસ્તાન વિગેરે પુસ્તકો તેણે લખ્યાં છે. અરેબિક ભાષામાં પણ તે ગ્રંથ લખતો.૧૧૯૪–૧૨૯૩.

બેકને કહ્યું છે—"થોડી ચીજોની ઇચ્છાવાળા પણ ઘણી ચીજોની બીકવાળા મનની સ્થિતિ દુઃખદાયક છે."

"જો તું પૈસાદાર હો તો તું કંગાળ છો; કારણ કે લગડીના ભારથી વળી ગયેલી પીઠવાળા ગધેડાની માફક, તારી ભારે દોલતનો બોજો તું આ મુસાફરીમાં સહન કરે છે. અને મોતજ તને તે બોજામાંથી મુક્ત કરે છે."

निजसौख्यं निरुन्धानो यो धनार्जनमिच्छति ।
परार्थभारवाहीव क्लेशस्यैव हि भाजनम् ॥

हितोपदेशः

રોધ કરી નિજ સુખનો, ધનસંચય જે થાય;
ભારવાહિ પરઅર્થનો ક્લેશપાત્ર કેવાય.

ર. ઉ.

ત્યારે શાવાસ્તે—

"ભવિષ્યનાં વર્ષોને માટે સંગ્રહ કરવામાં
શા વાસ્તે આપણે ચિંતાતુર કાળજીમાં જીંદગી ગુજારીએ છીએ?
જ્યારે રોગથી રીબાંશું ત્યારે શું તે આપણા રોગી
અંતઃકરણને આનંદ આપશે અથવા ચેન આપશે?
શું તે દમનો એક શ્વાસ પણ વધારી શકશે?
અથવા મોતના દુઃખદાયક વખતે શાન્તિ આપશે! (ગે.)[1]

દ્રવ્યથી લોભરૂપી મોટી લાલસા થાય છે. ઘણા વખત પહેલાં આપણે નિશાળમાં શીખ્યા છઈએ કે "ધનની પ્રાપ્તિની સાથે ધનેચ્છા વૃદ્ધિ પામતી જાય છે." અથવા **ઓલિવર વેન્ડલ હોમ્સ** હાસ્યજનક રીતિએ લખે છે તે પ્રમાણે—

" હું સોના અથવા જમીનને માટે ઘણી દરકાર રાખતો નથી;

કોઈ સારી પેઢીની થાપણનો—કોઈ હુંડીનો,
અથવા રેલવેના કોઈ નજીવા ભાગનો:

---

૧. ગે. ઇંગ્રેજ કવિ. સાઉથ સી. કમ્પનિના દીવાળામાં તેને મોટો ધોકો લાગ્યો, તેથી તેની તબીયત બગડી. ૧૬૮૮–૧૭૩૨.

કોઈ જગ્યાએ મને કંઈ અધાટલેખ કરી આપો,
તો તે દોલતમાંથી હું ખરચું, તેના કરતાં
મને જરા વધારે મળે એટલુંજ હું માગું છું."

સેનેકાએ કહ્યું છે, ગરીબ માણસને "ઘણી ચીજોની તંગી હોય છે, પણ અતિશય લોભવાળાને દરેક ચીજ જોઈએ છીએ."

એવું એક માર્મિક વચન છે કે જો (બે પેન્સ અને તેલ ન આપવાં પડતાં હોત) પૈસાનું ખર્ચ ન થતું હોત તો ઘણા માણસો ભલા પરગજુમાં ગણાવા માગે.

બેકન કહે છે, "પૈસાની નિરંતર અને વ્યાકુળ શોધમાં મચવાથી જેઓને વધારે ઉમદા બાબતો પરિપૂર્ણ કરવાની હોય, તેમનો ઘણો વખત જાય છે," કારણ કે દોલત જીંદગીમાં વધારો કરે તો કામની છે. પણ દોલત વધારવામાં જીંદગી વાપરવી તે કામની નથી.

દરિદ્રતા વિદ્વાનની નવોઢા સ્ત્રી કહેવાય છે, અને તે અભંગ રહી બચે છે. જેમ કે "જેની પાસે પક્ષીની ઝડપથી ચાલનારા રથ હોય તે પોતાના ખચરો અને તેમનાં કાઠાં સારી રીતિએ બચાવી શકે છે." (એમર્સન)

પૈસા સંબંધી આપણી વાતોજ અર્થસૂચક છે. કોઈ માણસ પૈસા કમાય છે, અથવા પૈસાથી ભરપૂર થઈ ગયો છે, અથવા પૈસામાં લોટે છે, એવી વાતો વારંવાર સાંભળીએ છીએ; પણ કોઈ પૈસાનો ઉપભોગ લે છે એવું કદી સાંભળતા નથી, અને ખરેખર જેઓ પૈસા પેદા કરે છે તે ભાગ્યેજ તેમના પોતાના માટે હોય છે. "તે પૈસાના ઢગલે ઢગલા કરે છે પણ તેમની વ્યવસ્થા કોણ કરશે તે જાણતો નથી."

यद्ददासि विशिष्टेभ्यो यच्चाश्नासि दिनेदिने ।
तत्ते वित्तमहं मन्ये शेषं कस्यापि रक्षसि ॥

हितोपदेश.

ભાવાર્થઃ—જે ધન દિન દિન ભોગવ્યું, અર્પ્યું પંડિત રાજ;
તે ધન તારૂં ધારજે, શેષ સંચ્યુ કો કાજ.

ર. ઉ.

એનાક્રનના ખાણામાં ચેરમાઇડીઝે[1] કહ્યું છે કે. દોલત કરતાં ગરીબી વધારે સારી છે; કારણકે—

"એમ સર્વમાન્ય થયું છે કે ભયમાં રહેવા કરતાં નિશ્ચિંત રહેવું તે વધારે સારૂં છે. ગુલામ થવા કરતાં સ્વતંત્ર થવું વધારે સારૂં છે; પોતાના મુલકની અણપતીજ હોય, તેના કરતાં પતીજ હોય તે વધારે સારૂં છે." જેમકે,—

यथा ह्यामिषमाकाशे पक्षिभिः श्वापदैर्भुवि ।
भक्ष्यते सलिले नक्रैस्तथा सर्वत्र वित्तवान् ॥
राजतः सलिलादग्नेश्चोरतः स्वजनादपि ।
भयमर्थवतां नित्यं मृत्योः प्राणभृतामिव ॥

ભાવાર્થ:—નભ, જળ, સ્થળમાં માંસ જ્યમ, ખગ જળચર પશુ ખાય;
તેમજ જગમાં સૌ સ્થળે, ધનિપર ચોટ મરાય.
રાજા, પાણી, ચોર ને, સ્વજન જ્વલનની જોત;
ભય ધનિને નિત તેહનો, જેમ જીવને મોત.

ર. છ.

તેથી જ્યારે આ શહેરમાં હું પૈસાદાર માણસ હતો, ત્યારે પેહલી બીક તો મને એ લાગતી કે રખેને કોઈ મારૂં ઘર ફાડે, મારૂં દ્રવ્ય લઈલીયે, અથવા મને પોતાને ઈજા કરે. હવે હું નિરાંતે સુઈ રહું છું, દેવળમાં પ્રાર્થના કરવા મને બોલાવતા નથી, સરકારને શક પડે તેવો હવે હું તાલેવર નથી, મારી મરજી પ્રમાણે શહેર છોડવાની અથવા તેમાં રહેવાની મને છુટ છે. જ્યારે હું તાલેવર હતો, ત્યારે સૉક્રેટીસ અને બીજા હલકા તત્વજ્ઞાનીઓની સોબત કરવામાટે મને લોકો ઠપકો આપતા. હવે હું મારા મિત્રોની પસંદગી કરીસકું છું, કારણ કે જ્યારથી હું ગરીબ થઈ ગયો છું. ત્યારથી મારી કોઈ વધારે દરકાર કરતું નથી. જ્યારે મારીપાસે ઘણું હતું ત્યારે હું હમેશાં દુઃખી રહેતો. કારણ કે હું હમેશાં કંઈ કંઈ ગુમાવતો; હવે હું ગરીબ થઈ ગયો છું, તેથી હું કાંઈ ગુમાવતો નથી, કારણ કે મારીપાસે

1. અથેન્સનો એક શ્રીમંત.

ગુમાવવાનું કાંઈ નથી; તો પણ કંઈક મળવાની આશાથી મને હમેશાં દિલાસો મળે છે; અને ઉલ્લાસિત થાઉં છું."

એરમાઇડીએ જે કહ્યું, તેમાં ઘણું સત્ય રહેલું છે, તો પણ તે સઘળું સત્ય નથી. વળી જ્યારે એરમાઈડીએ તે કહ્યું, ત્યારે તે સારાં ભોજન અને ગાયનથી હર્ષિત થયો હતો.

જો ડહાપણથી વપરાય તો પૈસાથી ઘણું થાય, સોનું એ શક્તિ છે.

यस्यास्ति वित्तं स नरः कुलीनः
स पण्डितः सश्रुतिमान् गुणज्ञः ।
स एव वक्ता स च दर्शनीयः
स्सर्वे गुणाः काञ्चनमाश्रयन्ते ॥

ભાવાર્થ—"જેની પાસે પૈસો છે તેજ પુરૂષ કુળવાન છે તેજ પંડિત છે, તેજ બહુ ડાહ્યો અને ગુણવાળો છે; તેજ સારૂં ભાષણ કરનારો અને તેજ રૂપાળો છે. સર્વ ગુણો સોનાને આધારે રહેલા છે."

એક ફ્રેન્ચે કહ્યું છે કે—"પૈસો રાજાઓનો પણ રાજા છે."
(રિવેરૉલ*)

આપણે જે ઇચ્છીએ તે મેળવવાનાં સાધનો પૈસો પુરાં પાડે છે. જો તાજી હવા, સારૂં ઘર, પુસ્તકો, ગાયન, ઇત્યાદિ ભોગ્ય હોય તો તે પૈસાથી ખરીદાય છે. જો આરામથી ફાયદો હોય તો તે લેવાને પૈસો આપણને શક્તિમાન્ કરે છે. જો દુનિયા જોવી રૂચિકર હોય તો તેથી આપણી મુસાફરીનું ખર્ચ પુરૂં પડે છે. જો મિત્રોને મદદ કરવી, દુઃખીઓનાં દુઃખ નિવારણ કરવાં, એ ખાસ હક લભ્ય હોય તો તે મોટું કલ્યાણ પૈસો આપણને બક્ષે છે.

સ્વિફ્ટ[1] કહે છે—"ત્યારે તે વાત તમારા મગજમાં રાખો-પણ અંતઃકરણમાં નહિ."

---

* એક ફ્રેન્ચ ગ્રંથકાર. ૧૭૫૩-૧૮૦૧.

૧. ઈંગ્રેજ ઉપહાસક કાવ્ય રચનાર અને રાજ્યનીતિસંબંધી લખનાર; રાણીની તેનાપર મહેરબાની હતી. ૧૬૬૭-૧૭૪૫.

પૈસાને પૈસાની ખાતરજ જે ચાહે છે તે કૃપણ છે. તે કરક-સરનું અતિક્રમણ કરે છે. તે એક માત્ર લોભરૂપી યંત્ર બને છે. આ જીંદગીમાં એક શીખામણ આપણે એ લેવાની છે કે. હલકી અને નજીવી ચિંતામાંથી આપણે મુક્ત રહેવું, અને પૈસાનો પ્યાર એ સૌથી હલકો છે.

દ્રવ્યનો ડહાપણથી ઉપયોગ કરવો એ મોટી વાત છે. સૉલોમન કહે છે કે—"કોઈ પૈસાને વેરી નાખે છે અને તો પણ વધારે છે, અને કોઈ ઉચિત કરતાં પણ તેને વધારે બાથ ભીડી રાખે છે, તો પણ તે ઘટતો જાય છે, અને તેથી તે માણસ ગરીબ થતો જાય છે."

ડેવનશિયરના અર્લ એડવર્ડ કોર્ટે તેની કબરપરના પ્રખ્યાત મૃત્યુલેખમાં એમ લખેલું છે કે,—

"જે આપણે આપ્યું, તે આપણી પાસે છે;
જે આપણે ગુમાવ્યું, તે આપણી પાસે હતું;
જે આપણે પછવાડે છોડ્યું, તે આપણે ગુમાવ્યું."

અથવા એવીજ મતલબની એક બીજી કવિતા કહે છે કે,—

"જે મેં બચાવ્યું, તે મે ખોયું;
જે મેં ગુમાવ્યું, તે મારી પાસે હતું;
જે મેં આપ્યું, તે મારી પાસે છે."

ઉદાર થાઓ પણ ઉડાઉ ન થાઓ.

"કોઈ એવો હોય છે કે, પોતે પૈસાદાર બને છે,
તો પણ પોતાને કંઈ હોતું નથી."
"કોઈ એવો હોય છે કે, પોતે ગરીબ થઈ જાય છે,
તો પણ પોતાની પાસે મોટો ખજાનો હોય છે."
"જે ગરીબ ઉપર દયા કરી આપે છે, તે પરમેશ્વર
ખાતે ઉધારે છે; અને જે તેણે આપેલું હોય
છે, તેને તે પાછું મળે છે."

એક જુવાન શ્રીમંતને ક્રાઈસ્ટે આપેલી શીખામણ દરેક માણસને લાગુ પડતી ગણી શકાય. તે એ છે કે, આપણે આ-

પણાં છોકરાંઓની માફકજ ગરીબને પણ ગણવા જોઈએ. તમારી આમદાની ખરેખર તમારા પોતાની છે, પણ તમારા વડીલો તરફથી જે તમને વારસામાં મળ્યું છે તે તમારા એકનુંજ નથી.

જેમની પાસે પૈસો છે તેઓ, જે સેવકોના ભરોસામાં તેમના પ્રભુએ ખજાનો સોંપ્યો હતો, તેમના દૃષ્ટાંતરૂપ છે, તેને માટે આપણે જવાબ આપવો પડશે. તે કામ આપણા વિશ્વાસપર રાખેલું છે. પૈસાની કંઈ મગરૂબી કરવા જેવું નથી.

"આ દુનિયામાં જે પૈસાદાર છે, તેમને આજ્ઞા આપો કે તેઓ મગરૂબ થાય નહિ અથવા ચલિત દોલતનો ભરોસો રાખે નહિ; પણ જે પ્રભુ આપણને સઘળી ચીજો ઉપભોગને માટે પુષ્કળ આપે છે તેના ઉપર આધાર રાખે."

"કે તેઓ ભલા થાય અને સારાં કામોનો ખજાનો ભરે, ભાગે પડતું વહેચી લેવાને તૈયાર અને દુઃખમાં ભાગ લેવાને ખુશી રહે."

"ભવિષ્યને માટે તેઓ સારા આધારનો સંગ્રહ કરી રાખે, કે જેથી તેઓ અમર જીંદગી પ્રાપ્ત કરે."

બાઈબલ આપણને બોધ કરે છે કે, પૈસા પોતે નહિ પણ પૈસાનો લોભ સઘળી ખરાબીનું મુળ છે. "જો પૈસા વધે તો તેમાં તારો જીવ લગાડ નહિ." પર્વતપર આપેલા બોધનાં ભાષણોમાં પણ તેજ કારણ આપેલું છે.

આ દુનિયાં કે જ્યાં ઉધાઈ અને કાટ કોહોવડાવી નાખે છે અને ચોરો તોડીને ચોરી જાય છે, ત્યાં તમે તમારા ખજાનાનો સંગ્રહ કરો નહિ; પણ તમારા ખજાનાનો તમે સ્વર્ગમાં જમાવ કરો. ત્યાં ઉધાઈ કે કાટ કહોવડાવી શકતાં નથી. અને ચોરો તોડીને ચોરી શકતા નથી, કારણ કે જ્યાં તમારો ખજાનો હોય છે ત્યાં તમારૂં અંતઃકરણ પણ રહેશે."

પ્રકરણ ૪ થું.

નિવૃત્તિ.

'सदा प्रवृत्तिः कार्याणां निवृत्यन्ता सुखप्रदा।'

शिक्षा.

ભાવાર્થ—જે નિરંતર કાર્યપ્રવૃત્તિ તે અંતે નિવૃત્તિ લેવાથી સુખદાયક છે.

આખો દિવસ કામ કરવું, અને બીલકુલ રમવું નહિ, તેથી કોઈપણ છોકરો સુસ્ત બને છે; તે કહેવું સર્વમાન્ય છે. જો કામ ઘરની અંદરજ હોય તો તેથી તે વળી નાજુક અને નબળો માણસ થશે. ક્રીડા એ કોઈ પણ રીતે કાળક્રમણ નથી. આપણું શરીર અને વિશેષે કરીને ઉપલા ભાગ—હાથ (બાહુ) અને છાતી જે આપણા બીજા સાધારણ ધંધાથી વધવાને બદલે સંકોચાય છે, તેમને ખીલવવામાં ક્રીડા ઘણી જરૂરની છે.

રમતો માણસને તંદુરસ્ત રાખે છે એટલુંજ નહીં, પણ કામને માટે ઉત્સાહ આપે છે.

નજીવી બાબતોમાં જતું કરવું, પ્રમાણિકપણાથી રમવું, કોઈ પણ અતિશય લાભ ન લેવો અને બીજા માણસોની સાથે હળી-મળી કેવી રીતે રહેવું, તે તેઓ શીખવે છે.

તેઓ તનને તેમજ મનને તંદુરસ્ત કરે છે. હિંમત અને સહનશીલતા આત્મસંયમ અને સારો સ્વભાવ જે ગુણો પુસ્તકો-માંથી જડતા નથી, અથવા કોઈ શિક્ષણ આપી શકતું નથી, તે તેઓમાંથી મળે છે. ઉવેલિંગ્ટનના ડયૂકે કહ્યું છે તે સત્ય છે કે, ઉવૉટરલની લડાઈ જીતવાની કળ ઈટનના રમતના મેદાનપર શીખવવામાં આવી હતી. જાહેરાત શાળા-ઓના ઘણા શ્રેષ્ઠ અને ઉપયોગી શિક્ષણો વિદ્યાર્થીઓને રમતના

મેદાનપર મળે છે: રમત એ નિવૃત્તિનું કામ થવું જોઈએ; પણ જીંદગીનો ધંધો ન થવો જોઈએ.

તંદુરસ્તીને માટે રમતની આવશ્યકતા છે. તેના સંબંધમાં હું સૌથી મોટા પ્રાણીઓના ગુણ-ધર્મદર્શક શાસ્ત્રીય આધારોમાંથી બે અત્રે આપું છું:-સર.જેઈમ્સ પેગટ. કહે છે કે "નિર્વૃત્તિના સઘળા અંગભૂત પ્રકારોમાં રમત એ વખાણવાલાયક પ્રકાર છે. અને વળી તેથી ધંધામાં અથવા હમેશના કામમાં કર્તવ્યાકર્તવ્યની ઘણીજ અગત્યની અસર થાય છે. કારણ કે, પૈસામાં સમાન હિતની કાંઈ પણ લાલસા સિવાય, કાંઈ પણ નીચ હેતુ સિવાય, તેઓ માણસો અને છોકરાંઓનો કામમાં સંયોગ કરાવે છે. સારા કાર્યમાં જેઓ તેમની સાથે પ્રમાણિકપણાથી અને સારી રીતે કામ કરે છે તેમની તેઓ મૈત્રી બંધાવે છે. બીજાઓની સાથે કામ કરવાની શક્તિ જે જીંદગીની દરેક હાલતમાં ફતેહને માટે સૌથી સરસ શક્તિમાંની એક છે, તે તેનાથી મેળવાય છે, અને જો કે. તેઓના કુદરતી સ્વભાવથી નહિ, પણ અભ્યાસથી પ્રમાણિકપણું શીખવે છે. સ્પર્ધા ગમે તેવી તીક્ષ્ણ હોય તો પણ તેમાં કોઈની ગેરવાજબી રમત સર્વાનુમતે નામોશી ભરેલી ગણાય છે, અને જેઓને પ્રમાણિક રમત રમવાની ટેવ પડી હશે, તેઓ બીજાની સાથે સહેલથી પ્રમાણિકપણે વર્તશે. તેઓની ગમતમાં પ્રમાણિકપણાનું ઉચ્ચ ધોરણ, તેમને ઘણી બાબતો જે કાયદાની હદથી ઘણી દૂર છે, તેને ધિક્કારવામાં મદદ કરશે.

હવે હું ધારૂં છું કે જો આપણે સઘળી સારી ચંચળ ગમતથી મળતા લાક્ષણિક ગુણો, અને જેઓના ઉપર તેમનો લાભ વિશેષ આધાર રાખે છે તેમની શોધ કરીએ, તો આપણને માલુમ પડશે કે સઘળી રમતગમતોમાં નિચેની ત્રણ બાબતોમાંની એક અથવા વધારે આવી જાય છે; એટલે કે—અનિશ્ચયો, અજાયબીઓ, નિયમિત રીતિએ કામ કરવાની ઢબથી કંઈક જુદી જ રીતિએ બુદ્ધિની કેળવણી માટે મળતી તકો," ઘણી ઉદ્યોગી જીંદગીના સાધારણ ધંધા કરતાં બદન ઉલટા જે રમુજી ફેરફારો તેમાં

થાય છે, અને જે શક્તિઓ અને સારી ગોઠવણો, જીંદગીના હમેશના વ્યાપારમાં જોઈએ તે કરતાં ઓછી વપરાવાથી નબળી પડી જાય અથવા તદન નાબુદ થાય, તેમની વપરાશને માટે તકો મળે છે, તેમાં આ ત્રણ બાબતોની યોગ્યતા વિશેષ કરીને હોય એમ જણાય છે.

પાદશાહી મંડળીના મંત્રી આચાર્ય **મિકેલ ફૉસ્ટરે** તેના હમણાના **લીડીમાં**[1] આપેલા ભાષણમાં આપણને જણાવ્યું છે કે, "સ્નાયુના કામમાં વિશેષે કરીને થાક મગજનો છે. મગજનો થાક શું છે તે આપણે સઘળા જાણીએ છીએ અને તે લાવવામાં સ્નાયુને થોડોજ સંબંધ છે અથવા બીલકુલ નથી. આપણે જે સઘળું જ્ઞાન મેળવ્યું છે તેથી આપણે જાણીએ છીએ કે, સ્નાયુના કામની માફક મગજના કામમાં પણ રસાયણશાસ્ત્ર નિયમાનુસાર ફેરફાર થાય છે. અને તે રસાયણશાસ્ત્ર નિયમાનુસાર ફેરફારો જો કે કેટલીક રીતે જુદા પ્રકારના છે, તો પણ સ્નાયુની માફક મગજમાં તેજ જાતના થાય છે, અને સ્નાયુની સાથે સરખાવતાં મગજમાં જે થોડો ફેરફાર થાય છે તે તેના તંતુ-પદાર્થની અતિ તીવ્રતાને લીધે સમતોલ થાય છે અથવા તેથી પણ વધારે થાય છે.

"કામ કરતી મુડીમાં પડતી ખોટ જલદીથી પુરી પડે અને નુકશાનકારક ઉત્પન્ન થતા પદાર્થો ધોવાઈ જવાને સ્નાયૂની જીંદગી માટે સ્વચ્છ-નીચા દરજાના અવયવોની ગુણકારી સહાયથી-સ્વચ્છ થએલા લોહીના યોગ્ય પ્રવાહની જરૂર હોય તો મગજને પણ તે તેટલીજ જરૂરની છે; એ ખરેખર સત્ય અથવા કદાચ એથી પણ વિશેષ છે. વળી અસ્તિત્વની ધમપછાડમાં બીજા હલકા મદદગારો કરતાં આગળ દોડતું મગજ હમેશાં આગળ આવી ઉભું રહે છે. જ્યારે આ સઘળો સંયુક્ત સંચો કામ કરવાને તૈયાર થાય છે, અને જે ક્ષણે થાક લાગવો શરૂ થાય છે તેમની વચ્ચેના ઘણાજ અસરકારક કામનો વખત સઘળી

---

[1] ઇંગ્લંડનું એક શહેર.

સંકોચિત મર્યાદાથી બંધાયેલો છે. હું જે તમારી પાસે બોલ્યો છું તેમાં જો કંઈ સત્ય હોય તો આ મર્યાદા વધારવાનો ખરો રસ્તો, હલકા મદદગારોની ગુણકારી સહાય, થાકના હુમલાને તાબે ન થાય તેવી રીતિએ તેમને ઉશ્કેરવામાં રહેલો છેઃ પણ મગજને તીક્ષ્ણ કરવામાં નથી."

ઘોડા અને કૂતરાથી તથા ગોળીથી પ્રાણીઓને મારવાં અને માછલાં મારવાં એ સૌ સાધારણ ભાષાના શિકાર એ શબ્દમાં સમાવેશિત થાય છે. શિકારી કૂતરા બંદુક અથવા પકડવાના ગુણથી આપણામાંના (ઈંગ્રેજોમાનાં) જેઓ કસરત અને ગમ્મત કરતા નથી તેમને પણ તેનો મોહ લાગે છે. આપણા બાપદાદા જેઓ આ દુનિયામાં "શિકારથી" અને તેમાંજ જીંદગી ગુજારતા હતા, એટલુંજ નહી, પણ તેથી બીજી દુનિયામાં સૌથી મોટાં સુખો મળે છે એમ માનતા હતા; તેમના તરફથી આપણને આ બાબત વારસામાં મળેલી છે. ઓશ્યન[1] કહે છે કે-"જંગલી કુકર તેમની કબરપર દોડતું જાય છે, પણ તે તેમની શાન્તિનો ભંગ કરતું નથી. તેઓને પોતાની યુવાવસ્થાની રમત હજુ વહાલી લાગે છે, અને ખુશીથી પવનની લહેરોમાં ચડે છે."

ચોખ્ખા પાણીના આપણે આભારી છીએ, તેનાવિષે ઘણું લખાયું છે. તેમજ તાજી હવાના પણ આપણે તેટલાજ આભારી છીએ. તે કેવી અદ્ભુત છે! તે આપણા સઘળા શરીરમાં પ્રવેશ કરે છે, તે એવા નાજુક મધ્યમ પરિમાણથી ચામડીને નવરાવે છે કે તેની હાજરીની આપણને ખબર પડતી નથી. અને તો પણ તે એવી જોરાવર છે કે ફૂલો અને ફળોની સુગંધ આપણા ઘરોમાં લાવે છે, સમુદ્રપર વહાણોને હંકારે છે અને સમુદ્ર અને પર્વતોની સ્વચ્છતા શહેરોના મધ્યભાગોમાં લઈ જાય છે. તે અવાજની પાલખી છે. આપણે જેમને ચાહીએ છીએ તેમના અવાજ અને કુદરતનું

---

૧. પ્રાચીન સેલ્ટિકભાટ, બીજી અથવા ત્રીજી સદીમાં થઈ ગયો.

સઘળું મધુર ગાયન તે આપણને સંભળાવે છે; પૃથ્વીને જલદીથી તૃપ્ત કરનાર વરસાદનો તે મોટો (ભંડાર) છે; દિવસની ગરમી અને રાતની ઠંડીને તે નરમ પાડે છે, આપણા માથાપરની ભભકાદાર અસ્માની આકાશની કમાનને ભરપૂર કરે છે, અને સવારસાંજ આકાશને તેજથી પ્રદીપ્ત કરે છે. તે એવી સંપૂર્ણ રીતિએ મૃદુ અને સ્વચ્છ, તેમજ કોમળ, તે છતાં એટલી બધી ઉપયોગી છે. કારણ સઘળા મૂળ દેવતાઓમાં તેનો દેવ **એરિઅલ**[1] એ સૌથી નાજુક, પ્રીતિપાત્ર અને મોહક છે. તેમાં કંઈ નવાઈ નથી. જેફ્રીઝ[2] કહે છે કે "-સઘળી વસ્તુઓમાં ખુશબોદાર હવા જેવું બીજું કંઈ મનોરંજક નથી. આપણી આસપાસ ઉપર અને સઘળી બાજુએ ઘેરી લેતું **ઍફ્રોડાઈટના**[3] બાહુ જેવું તે એક મોટું ફૂલ છે. જાણે કે આકાશનો ઘુમટ એ આપણા ઉપર ઝૂલતું ઘંટાકૃતિનું મોટું ફૂલ હોય અને તેનું ચમત્કારિક તત્ત્વ પૃથ્વીની સઘળી ખાલી જગ્યાને ભરતું હોય તેવું દેખાય છે. સઘળી વસ્તુઓ કરતાં જંગલી ફૂલોની હવા ઘણીજ મનોરંજક છે. તેઓના યથાર્થ રૂપવાળાં તારા જેવાં ફૂલો તેઓની સાથે ઉગી જંગલી ઘાસના ધક્કાઓથી ઉંચાં ઉગતાં કિનારાપર ઉંચાં ફેલાતાં જાય છે. બુદ્ધિને પણ આવો ઝગડો કરવો પડ્યો છે. ઘણીક રીતિએ વિચારી બુદ્ધિ વડે સાદા રસ્તાને અલંકૃત કરવામાં આવ્યા હતો. હું દરેક સવારે તારા જેવા ફૂલવાળે કિનારે આવતો હતો.

"હું હમેશાં તેજ ચક્કરમાં શા વાસ્તે જતો અને તેમાં ફેર-

---

૧. વાયુદેવ. સિકઆરેક્સ પીશાચીનીએ (ડાકીણીએ) તેને ફસાવી ગુલામ બનાવ્યો હતો. અને બાર વર્ષ સુધી ઝાડની પોલાણમાં સંતાડી રાખ્યો હતો. પછી તેને પ્રૉસ્પેરોએ છુટો કર્યો હતો, જે ઉપકારને માટે તે તેનો સોળ વર્ષ સુધી કાસદ રહ્યો અને ગમે તેવું રૂપ ધરી તેના સંદેશા લઈ જતો. પેછીથી તેને છુટો મુકવામાં આવ્યો હતો.

૨. એક અમેરિકન વૈદ્ય અને વિમાનમાં ફરવાવાળો. ૧૭૪૫-૧૮૧૯.

૩. ગ્રીક લોકોનો (શુક્ર) દેવ સમુદ્રના ફીણમાંથી ઉત્પન્ન થએલો કહેવાય છે.

કાર કરવાની કંઈ દરકાર ન રાખતો તે પછીથી કેટલાક વર્ષ સુધી હું સમજી શક્યો ન હોતો. મારે ફેરફારની કંઈ જરૂર નથી; કારણ કે તે અસલી અને પ્યારી ચીજો તે જંગલી ફૂલો, તેજ નાજુક અને લીલાંએશનાં ઝાડો, કબૂતરો, ચંડુલપક્ષીઓ અને અનેક રંગ અને સુરવાળાં પક્ષીઓ, તેઓની ગાયનની રીત પ્રમાણે જ્યાં સુધી સૂર્ય પ્રકાશ ટકી રહે ત્યાંસુધી તેની તેજ જગ્યામાં ગાતાં મને ગમે છે.

लताकुंजं गुंजन्मदवदलिपुंजं चपलयन्
समालिंगन्नंगं द्रुततरमनंगं तरलयन् ॥
मरुन्मंदं मंदं दलितमरविंदं तरलयन्
रजोवृंदं विंदन् किरति मकरंदं दिशिदिशि ॥ १ ॥

वसंतवर्णनम्.

વસંત ઋતુને પગથીએ પગથીએ ચડતી ઉનાળાની અગાશીમાં પહોંચતી જોવી મને ગમે છે. તેજ ક્રમનો દરવર્ષે મને ઉપભોગ લેવા દ્યો. સ્વિટ્ઝરલેન્ડનાં ખેતરોની માફક આપણા ખેતરોમાં જુદી જુદી જાતનાં ઉમદા ફૂલો થતાં નથી, પણ કોઈ કોઈ વખતે તે પીળાં ફૂલોથી ચમકી રહે છે.

"અને (લેડિસ્મૉક) સઘળાં રૂપા જેવાં ધોળાં ફૂલો વીડોને રંગી મનોરંજક કરે છે.[1]" અને કદાચ જંગલોપણ વધારે સુંદર, વધારે મોહક હોય છે.

"આખું જંગલ એવું અદ્ભુત દેખાય કે અલૌકીક સ્વપ્નના દેખાવનો આભાસ થાય છે."

આપણે વારંવાર ખરાબ હવા વિષે સાંભળીએ છીએ. પણ ખરૂં જોતાં કોઈ હવા ખરાબ નથી. જુદી જુદી રીતે સઘળી આલ્હાદક છે. કોઈ હવા ખેડુત અથવા પાકને માટે ખરાબ હોય પણ માણસને માટે સઘળી જાત સારી છે. સૂર્યનો પ્રકાશ આનંદકારક છે.

---

૧. શેકસ્પિયર.

વરસાદ શ્રમાપહારી છે, પવન કૌવત આપે છે, બરફ હર્ષ પમાડે છે, **રસ્કિન** કહે છે તે પ્રમાણે "ખરાબ હવા એવી ખરેખર કંઈ વસ્તુ નથી; પણ માત્ર સારી હવાની જુદી જુદી જાતો છે."

આરામ એ આળસ નથી, અને કોઈ કોઈ વખતે ઉનાળાના દિવસે ઝાડો નિચે ઘાસમાં આડે પડખે થવું, પાણીનો ખળખળાટ સાંભળવો, અથવા આસ્માની આકાશમાં દોડતાં વાદળાં જોવાં, એ કોઈ પણ રીતિએ વખત ગુમાવવો ન કહેવાય.

વળી હવા અને કસરત સંયોગી છે. એટલે બંન્ને ફાયદા તમને સાથે મળશે. મનુષ્યશરીરબંધારણને માટે ઘોડાની સ્વારી જેવું બીજું કંઈ વધારે સારૂં નથી. ઓછામાં ઓછા બે કલાક દરેક દિવસે ખુલ્લી હવામાં રહેવાની પ્રત્યેક માણસે ખરેખર મુખ્ય અને પવિત્ર ફરજ ધારણ કરવી જોઈએ.

તાજી હવા શરીરને માટે તેવીજ મનને માટે સારી છે. જાણે કે આપણને કોઇ મોટી છુપી વાત કહેવી હોય તેમ કુદરત આપણને કહેવાની કોશીશ કરતી જણાય છે; અને તે પ્રમાણે તેને કહેવાનું પણ છે. પૃથ્વી અને આકાશ, જંગલો અને ખેતરો, સરોવરો અને નદિઓ, પર્વતો અને સમુદ્રો, એ શ્રેષ્ઠ શિક્ષકો છે. અને આપણામાંના કેટલાકને ગ્રંથો કોઈ દિવસ શીખવી શકે તેના કરતાં તે વધારે શીખવે છે. પણ આથી વિશેષ, જો તમે ખુલ્લા દેશમાં જાઓ, કોઈ નદીઉપર ફરો, જંગલમાંથી ફૂલ અથવા કોઈ ખાડમાંથી ધાતુઓ એકઠાં કરો, દરિયાકિનારેથી છીપો અને દરિઆઈ છોડ વીણી લીઓ, ક્રિકેટ અથવા ગૉલ્ફ રમો અથવા બીજે કોઈ પણ રસ્તે શરીરને તાજી હવા અને કસરત આપો, તો તમને માલુમ પડશે કે, તમારી તંદુરસ્તી માત્ર વધી છે; એટલુંજ નહી, પણ તમારી કાળજી, ચિંતા અને ઉદ્યોગ મટી જાય છે. કંઈ નહિ તો ઘણે દરજ્જે ઓછાં થાય છે.

કુદરત શાન્ત કરે છે, થંડક કરે છે, અને જોર આપે છે. તે મનને વધારે શાંત, વધારે આનંદી કરે છે.

મોજમજા અને ગમતમાં લીન થયેલી જીંદગી અલબત માત્ર એકલપેટી થશે; એટલુંજ નહિ, પણ અસહ્ય રીતિએ અરસિક થશે. જીંદગીનું કામ રમતોજ છે એમ કદી થવું ન જોઈએ.

પણ મર્યાદામાં રહી તેમનો ઉપભોગ લેવો તે આળસ નથી; અને કઈ કઈ બાબતને ગમત કહેવી? ખરી મજાઓ છે અને ખોટી મજાઓ પણ છે.

પ્લેટો પ્રોટાગોરસ[1] પાસે, **સૉક્રેટીસને** પુછાવે છે કે, "અને ખરી મજાઓ, સૉક્રેટીસ કઈ છે ?"

સૉક્રેટીસ—"જેને સુશોભિત રંગો અને આકૃતિઓ કહે છે, તેમાંથી જે મળે છે તે, અને ઘણી ખરી સુગંધોમાંથી જે મળે છે; તે; ધ્વનીથી જે મળે છે તે, અને જે પદાર્થની ગેરહાજરી જણાતી નથી તેમજ દુઃખદાયક થતી નથી તે; અને જેની હાજરી જણાય છે અને આનંદ આપે છે. તે; આ સઘળાંમાંથી મળતી ગમતો ખરી મજાઓ છે."

પણ જ્યારે ઈન્દ્રિઓ ખરી મજાઓ આપી શકે છે ત્યારે ઉપરની બાબતની મજાઓ સૌથી સારી વસ્તુ ગણાતી નથી. વળી વિશેષ તે જણાવે છે કે, **ફીલેબસ** કહે તો કે "ઉપભોગ મજા, આનંદ, અને તેમના જેવીજ જાતની લાગણી દરેક પ્રાણીને સારી લાગે છે, તો પણ હું કહું છું કે, આ વસ્તુઓ નહિ, પણ ડહાપણ, જ્ઞાન, યાદગીરી, અને તેઓના નિકટ સંબંધી વ્યાજબી વિચાર અને ખરા તર્ક, જે સર્વે તેમાં ભાગ લેવાને શક્તિમાન છે, અને વળી જે સર્વ તેમાં ભાગ લે છે, અથવા કોઈ દિવસ લેશે, તેઓને માટે તે મજા કરતાં વધારે સારાં અને ઈચ્છિત છે, અને બીજી બધી ચીજો કરતાં ફાયદાકારક છે.

---

૧. એક ગ્રીક તત્ત્વવેત્તા અને તાર્કિક ઈ. પૂ. ૪૮૦-૪૧૧.

ખરી મજાઓ લગભગ અસંખ્ય છે. સગાંવહાલાં અને મિત્રો, વાતવિનોદ, પુસ્તકો, ગાયન, કવિતા, હુન્નર, કસરત, અને આરામ, કુદરતની (જગતની) શોભા અને વિચિત્રતા ઉનાળો અને શિયાળો, સવાર અને સાંજ, રાત્રિ અને દિવસ, સૂર્યનો પ્રકાશ અને તોફાન, જંગલો અને ખેતરો, નદીઓ, સરોવરો, અને સમુદ્રો, પ્રાણીઓ અને છોડવાઓ, ઝાડો અને ફૂલો, પાંદડાં અને ફળો, એ તેમાંની માત્ર થોડીજ છે.

આપણા ઉપભોગને માટે જ્યારે આપણે પૃથ્વીનાં માયાળુ ફળો સંપાદન કરવા પ્રાર્થના કરીએ છીએ ત્યારે આપણે કંઈ નાનુંસુનું વરદાન માગતા નથી; વળી તે પણ સંભવનીય છે કે, "માણસથી અજાણી ઘણી નવી મજાઓ છે, જે તેને સુધારાના ભભકાદાર રસ્તામાં ચાલતાં આગળ પ્રાપ્ત થશે.

જો જીંદગીનો ઉપભોગ ન લઈ શકીએ તો તે આપણો પોતાનોજ દોષ છે. **રસ્કિન** કહે છે કે–"સઘળાં માણસો ઉપભોગ લઇ શકે, તોપણ મેળવી તો માત્ર થોડાંજ શકે છે." ઐંદ્રજાલિક જાજમ કે જેના ઉપર જે કોઈ બેસતો તેને તેની મરજીમાં આવે ત્યાં ઉડાડી લઈ જવામાં આવતો, એ "અરેબિયન નાઈટ્સ" માં સૌથી મોટો મંત્ર છે. આ કામ આપણા સઘળાને માટે હાલમાં આગગાડીઓ કરે છે, અને "વળી જે આપણે જોઈએ છીએ તેની મર્યાદા જેમ જેમ વધારીએ છીએ તેમ તેમ આપણી કલ્પનાશક્તિની સમૃદ્ધિ વધતી જાય છે."

અસ્તિત્વની મજાઓમાં સારા વાક્ચાતુર્યને મારે ઉચ્ચ સ્થાન આપવું જોઈએ. તે મન અને શરીર બન્નેને માટે અદ્ભુત પૌષ્ટિક ખોરાક છે. **બેન જૉન્સનથી**[1] થએલો પોતાપરનો

---

1. ઇંગ્રેજ કવિ અને નાટકાચાર્ય. તેનો બાપ તેના જન્મ પહેલાં એક મહીને મરી ગયો હતો. પ્રથમ તેણે નેધર્લૅન્ડઝમાં લશ્કરી નોકરી કરી; પછી કેમ્બ્રિજની કોલેજમાં દાખલ થયો પછી તેણે નાટકનો ધંધો શરૂ કર્યો હતો. ૧૬૧૯ માં તેને રાજ્ય કવિપદ મળ્યું હતું. ૧૫૭૪–૧૬૩૭.

આભાર હૅરિક[1] સ્પષ્ટ રીતે કબૂલ કરે છે, અને તેઓનાં ખાણાં-ઓનું વર્ણન કરે છે.

> "જ્યારે આપણને એટલી બધી પુષ્કળ ચીજો મળતી કે,
> ભભકામાં આવી ઉન્મત્ત થતા, પણ ગાંડા નહિ થતા;
> અને ત્યારે, તારી દરેક કવિતા, મિષ્ટાન્ન અને શીજતદાર
> દારૂ કરતાં પણ વધારે આનંદ આપતી."

ખુશીમાં પસાર થયેલી કોઈ પણ સાંજનું વર્ણન કરવાને જ્યારે જૉન્સનને ઇચ્છા થતી, ત્યારે તે કહેતો કે, સાહેબ "અમને વાર્તાવિનોદમાં સારી મજા પડી અને ડાર્વિન[2] અથવા લ્યેલ,[3] કિંગસ્લે[4], અથવા રસ્કિન, હુકર[5], હુગ્ઝલે[6], ટિનડલ[7]ની સાથે એક કલાકનો વાર્તાવિનોદ તાજી હવાના પ્રવાહ જેટલોજ ઉત્સાહ આપનાર મને વારંવાર જણાયો છે. માણસોમાં વાતચિત કરવાની કળા કરતાં બીજી થોડીજ બક્ષિસોમાં વધારે તફાવત હોય છે. ઘણા હુશિયાર માણસો, જે માણસો, વળી ઘણાજ વિનોદી થઈ શકે, પણ જેમનામાંથી બળાત્કારે કંઈક કાઢયા સિવાય પોતાની મેળે કશું નીકળવાની

---

૧. પ્રખ્યાત ઇંગ્રેજ કવિ તે ડેવનશિયરના દેવળમાં નોકર હતો. ક્રૉમવેલે તેને ત્યાંથી કાઢી મુક્યો હતો, પણ પાછો બીજા ચાર્લ્સ રાજાએ તેને રાખ્યો હતો. ૧૫૯૧-૧૬૭૪.

૨. ઇંગ્રેજ વૈદ્ય અને કવિ. ૧૭૩૧-૧૮૦૨.

૩. ઇંગ્રેજ પ્રખ્યાત ભુસ્તરશાસ્ત્રી, તેણે પોતાની વિદ્યાનું પરિપૂર્ણ જ્ઞાન મેળવવા આખા યુરોપમાં અને અમેરિકામાં પ્રવાસ કર્યો હતો. ૧૮૪૮ માં તેને નાઇટનો ઇલિકાબ આપવામાં આવ્યો હતો. ૧૭૯૭-૧૮૭૫.

૪. ઇંગ્રેજ કવિ, નવલકથા અને નિબંધલેખક ૧૮૧૯-૧૮૭૫.

૫. ઇંગ્રેજ મહાન વનસ્પતિવિદ્યા જાણનાર, તેને ૧૮૩૬ માં નાઈટનો ઇલિકાબ આપવામાં આવ્યો હતો. ૧૭૮૫-૧૮૬૫. તેનો પુત્ર પણ તેવોજ હતો ૧૮૧૬.

૬. ઇંગ્રેજ પ્રખ્યાત શારીરિકશાસ્ત્ર અને કુદરતી તવારીખવેત્તા, તે આખા યૂરોપમાં પ્રસિદ્ધ છે. ૧૮૨૫.

૭. ઇંગ્રેજ કુદરતી તત્ત્વવેત્તા. પ્રકાશ, ગરમી, વીજળી અને લોહચુંબકના ગુણોની વધારે શોધોથી તે વધારે પ્રખ્યાતી પામ્યો છે. ૧૮૨૦.

આશા રખાતી નથી એવા ઘણા છે એમ હું જાણું છું. સારા વિનોદી માણસનો સર્વ સ્થળે સત્કાર થાય છે. બીજી બધી સઘળી વસ્તુની માફક તે હુન્નર પણ સુધારી શકાય. મહાવરા-વિના સારી વાતચીત કરવાની કોઈથી આશા રાખી શકાય નહીં. **સર ઉવિલિયમ ટેમ્પલ**[1] કહે છે કે "સારી વાતચિત-ની પહેલી અવયવભૂત વસ્તુ સત્ય છે, બીજી સારી અકલ, ત્રીજી સારો સ્વભાવ, અને ચોથી મજાક છે." અને પહેલી ત્રણ બાબતો કોઈ પણ રીતિએ દરેક માણસની શક્તિમાં છે.

ઘણા લોકોને તેઓના જ્ઞાનનો મોટો ભાગ વાતચિતથીજ પ્રાપ્ત થએલો હોય છે. **બેકન** કહે છે કે "જે માણસ ઘણી પરપુછ કરે છે તે ઘણું જાણે છે અને ઘણો સંતુષ્ટ થાય છે; પણ જે પુરુષને તે પુછે છે તેની ચતુરાઈને અનુકૂળ આવતા સવાલો જો તે પુછે તો તેમ વિશેષ કરીને થાય છે; કારણ કે તેથી ખુશીથી બોલવાનો તેને લાગ મળશે અને પોતાનું જ્ઞાન નિરંતર વધશે."

આ બાબત આપણાં છોકરાંઓમાં, તેમજ આપણા પોતામાં સૌંદર્યની સમજ વિષે આપણે પુરતો સુધારો કરતા નથી, તો પણ કઈ ગમત એવી ચોખ્ખી, એવી ખર્ચ વગરની, એવી સુલભ અને હમેશાં આપણી સાથેજ રહે તેવી છે! સમગ્ર દેખાવ, ઝાડો અને પાંદડાં, ફૂલો, આસ્માની આકાશ, ઉન જેવાં નરમ વાદળાં, ચળકતા સમુદ્ર, સરોવર પરની ઉર્મિઓ, નદી પરનો ચળકાટ, ઘાસ પરની છાયા, રાત્રે ચંદ્ર અને તારાથી કોઈ કોઈને અત્યાનંદ પ્રાપ્ત થાય છે. બીજાને આ સઘળું કંઇ લાગતું નથી. ચંદ્ર અને તારાઓનો પ્રકાશ ફોકટ છે; પક્ષિઓ અને જંતુઓ, ઝાડો અને ફૂલો, નદી અને સરોવર, તેમજ સમુદ્ર, સૂર્ય, ચંદ્ર અને તારાઓ તેમને કંઈ આનંદ આપતાં નથી.

वपुरादत्ते सततमात्मानुकरणम्.

वेदांतरहस्यं.

---

૧. ઇંગ્રેજ રાજ્દ્વારિ અને રાજનીતિ કુશળ; ત્રીજો ઉવિલિયમ રાજા ખાનગીમાં હમેશાં તેની સલાહ લેતો. ૧૬૨૮–૧૬૯૯.

" આત્માની આકૃતિ શરીર ગ્રહણ કરે છે;
કારણ કે આત્મા આકૃતિરૂપ હોઈ શરીરને બનાવે છે."-સ્પેન્સર.[1]

આપણા કૃત્રિમ રંગો "હલકા અહંકારના ઠાઠમાઠ માટે ઠીક છે. પણ વિખરાઈ જતાં વાદળાંના સમુદાયના, અથવા જંગલી બતકોની પાંખના પીછાંના રંગ આગળ તેઓ કંઈ નથી." હૅમર્ટન્[2].

રસ્કિન કહે છે કે-"એક એવું તેજ છે કે જેને આંખ સૌંદર્યની વધારે ઉંડી લાગણીથી નિત્ય શોધ્યાં કરે છે. તે પ્રકાશિત તેજ સૂર્યાસ્ત અથવા સૂર્યોદય વખતે, આશ્માની આકાશે દૃષ્ટિ-મર્યાદામાં ભડકાની માફક ચળકતાં કીરમજી રંગનાં વાદળાંઓનાં ટપકાંનું છે. જેથી આકાશના રંગો પૃથ્વીને ઉજ્વળ કરતા જણાય છે, અને "પેલા પશ્ચિમ શિખરની કોરપરનો નારંગી રંગ હજારો વર્ષના સૂર્યાસ્તનો આભાસ કરે છે." સૂર્યાસ્તનું એવું સૌંદર્ય હોય છે કે જાણે આપણે સ્વર્ગના દરવાજામાં જોતા હોઈએ એવું લાગે છે.

ટેલમુડ[3]પર ટીકા કરનારા આપણને જણાવે છે કે **માના**[4]નામના ચમત્કારી પદાર્થમાં દરેક માણસને જે સ્વાદ સારો લાગતો તે મળતો, અને તેવીજ રીતે કુદરતમાં જે પોતાની રૂચિ પ્રમાણે શોધે છે તે તેને મળી આવે છે.

તોપણ ખરી મજાઓની લાંબી યાદી કેવા પ્રયત્નથી ખુટાડી દેવી તે કંઈ મારા ખ્યાલમાં આવતું નથી. અને જ્યારે આટલી બધી નિરપરાધી મજાઓ છે, ત્યારે કોઈ ખરાબ અથવા શકવાળી પણ હોય તે શાવાસ્તે પસંદ કરવી ? જો તમારાથી બની શકે તો કોઈપણ રીતિએ સારી મજાઓ ખુટાડો. પછી તમને બીજીનો વિચાર કરવાનો વખત મળશે.

---

૧. ઈંગ્રેજ કવિ. ૧૫૫૩-૯૮. ૨. ઈંગ્રેજ ગ્રંથકાર ૧૮૩૪.

૩. હિબ્રુ લોકોના કાયદા, દંતકથા અને તેના ખુલાસાનું પુસ્તક.

૪. અરબસ્તાનનાં રણોની મુસાફરી કરતાં ઇસ્રાયલ લોકોને અદ્‌ભુત રીતે પરમેશ્વરે પુરો પાડેલો ખોરાક.

કહેવત છે તે પ્રમાણે જેઓએ "જીંદગી અનુભવી" છે, અને જેઓ ધારે છે કે અમે "દુનિયા" ને જાણીએ છીએ તેઓ ઘણી મોટી ભુલ ખાય છે; અને ઘણા ગામડીઆઓ જેઓએ તેમનું ગામ કદી છોડયું ન હોય, પણ તેમની આંખોનો ત્યાંજ ડહાપણ ભરેલો સારો ઉપયોગ કરેલો હોય તેમના કરતાં તેઓ ઘણું ઓછું જાણે છે.

આસક્તિવાળી જીંદગી, જેને ભૂલથી "મોજી જીંદગી" કહેવામાં આવે છે. તે માત્ર સુખની કંગાળ ચેષ્ટા છે. જેઓ તેના ભોગ થઈ પડ્યા છે, તેઓ જો કે પોતેજ તેને માટે ઠપકા પાત્ર છે તો પણ દુનિયાપર દોષ મૂકે છે.

"જ્યારે મોજમજાઓના ઉપભોગથી આપણે ખાલી થઈ જઈએ છીએ ત્યારે આપણે ધારીએ છીએ કે મોજમજાઓને આપણે છુટાડી દીધી છે."

ડી મસેટ્રે કહ્યું છે કે "હું યુવાન અવસ્થામાં છું; માત્ર મેં જીંદમીમાં અર્ધીજ મુસાફરી કરી છે, અને કંટાળો પામી હું ફરીને પશ્ચાત્તાપ કરૂં છું." કેવો શોકજનક ઉદ્ગાર ?

જો તે ડહાપણથી ચાલ્યો હોત તો ગયા વખતને માટે આભાર માનત અને ભવિષ્યની આશાથી મગ્ન રહેત.

જીંદગીનું મૂલ્ય તેના સદાચારથી થવું જોઈએ. "વિશેષે, જ્યારે આત્મા ડહાપણથી અમલ કરે છે અથવા હેતથી સત્તા વાપરે છે, અને સંભાળ રાખી ફાયદો કરે છે. જોઈતી વસ્તુઓ પુષ્કળ રીતિએ પુરી પાડે છે, અને આ શરિર જે તેનો (ઉતરતો) પણ ભાગદાર છે, તેને પુણ્ય કામમાં યોજે છે, ત્યારે આત્મા અને શરીર મળી એક ઉત્તમ સદ્ગુણી મનુષ્ય બને છે; પણ જો શરીર અમલ કરે અને કામના વેગમાં પ્રથમ સમજ શક્તિનો ગેર ઉપયોગ કરે, અને પછી ખુશી અને પસંદગીનો શ્રેષ્ઠ ભાગ કબજે કરે છે ત્યારે શરીર અને આત્મા યોગ્ય સંયોગી રહેતા નથી. અને મનુષ્ય મૂર્ખ અને કંગાળ બને છે. જો આત્મા રાજ્ય કરતો નથી, તો તે સહાયી થઈ શકતો નથી. કાં તો તે રાજ્ય કરે છે ને કાંતો તેનો દાસ બની રહે છે." (જેરીમી ટેઈલર)

પ્રકરણ ૫ મું.

તંદુરસ્તી.

"पुनर्वित्तं पुनर्मित्रं पुनर्भार्या पुनर्मही ॥
एतत्सर्वं पुनर्लभ्यं न शरीरं पुनःपुनः ॥ १ ॥

અલબત આત્મા એ મનુષ્યનો શ્રેષ્ઠ ભાગ છે, પણ આપણા અસ્તિત્વની હાલની સ્થિતિમાં કોઈપણ રીતિએ, તે માત્ર શરીરથી અને તેની મારફતજ કાર્ય કરી શકે છે. આપણા મહાન સ્વદેશી ફૅરેડેએ[1] પોતાના પહેલા પ્રયોગમાં તે વિષે એક રમુજી દાખલો આપ્યો છે. એક ગાંધીની દુકાને તેણે બાલ્યવયમાં નોકર રહી, જીંદગીના ધંધાની શરૂઆત કરી હતી. પછી જ્યારે તેને એક ગ્રાહકને ઘેર મોકલવામાં આવ્યો ત્યારે ઘંટ વગાડવાથી કોઈએ તેનો અવાજ સાંભળ્યો નહિ, એટલે તેણે પોતાનું માથું કઠોડામાં ઘાલ્યું; અને ઘરમાં કોઈ છે કે નહિ, તે જોવાની કોશીશ કરી, કઠોડાની કઈ બાજુએ પોતે હતો, તે સવાલ તેના મનમાં ઉત્પન્ન થયો? જ્યાં માણસનું માથું હોય ત્યાં પોતે તે માણસ હોય એમ તેણે નક્કી કર્યું, પણ તેજ ક્ષણે તે રસ્તામાંથી ખસી શક્યો નહિ તે પહેલાં બારણું ઉઘડ્યું, અને કઠોડાથી તેનો પગ છુંદાતાં, માથાના અને બીજા અવયવોના સંબંધવિષે જૂના દૃષ્ટાંતનું સત્ય તેના પોતાના પરજ બળાત્કારે સાબીત થયું.

આપણી જીંદગીની સ્થિતિને લીધે હાલમાં તંદુરસ્તીનું અધ્યયન વિશેષે કરીને જરૂરનું છે. આપણા વડવાઓ ગામડામાં ખુલ્લી હવામાં અને ખેતીના કામમાં વધારે રહેતા હતા. આપણે વધારે મોટા પ્રમાણમાં હાલ શહેરોમાં એકઠા થઈએ છીએ. ઘરો, દુકાનો અને વખારોમાં વધારેવાર કામ કરીએ છીએ. આપણા

---

૧ પ્રખ્યાત ઈંગ્રેજ રસાયન શાસ્ત્રી અને તત્વવેતા; વીજળીના ગુણોની શોધસંબંધી તેણે સારાં પુસ્તકો લખ્યાં છે. ૧૭૯૧-૧૮૬૭.

ધંધા બેઠાં કામ કરવાના અને નબળાઈ આપનારા છે. મગજ અને તંતુનાં બંધારણપર તે વધારે મોટા ભારરૂપ છે, મને ધાસ્તી લાગે છે કે આપણાં મોટાં શહેરોની વસ્તી, તેઓના બાપદાદા કરતાં કમકૌવત છે, એ ભાગ્યેજ શકવાળી વાત છે. લંડનના વધારે ગરીબ લોકોની વસ્તીના ભાગમાં અથવા મોટા કારખાનાના બીજા કોઈ મોટા મથકમાં, ગાડીમાં બેસીને પણ પસાર થતાં આપણને ચેતન વગરનાં, ફીકા ચહેરાવાળાં, અને સાંકડી છાતીવાળાં સ્ત્રી-પુરુષો નજરે પડયા વિના રહેતાં નથી. નબળાં અને માંદાંઓને તેવી સ્થિતિમાં રહેવા દેવાં, એ એક રીતિએ આપણા આરોગ્યતાના સુધારાઓમાં મોટી ભય ભરેલી વાત છે. થોડી સંભાળ અને લક્ષથી દૂર થઈ શકે તેવાં કારણો અને તંદુરસ્તીના કોઈ કાયદાના ઉપરચોટિયા જ્ઞાનથી રોગની પીડા વધે છે.

અસલના વખતના જે કંઈ લેખો આપણને મળે છે તેમાં પણ ડાહ્યા રાજદ્વારી માણસો તંદુરસ્તીના વિષયપર ઘણું લક્ષ આપતા એમ જણાય છે. "તંદુરસ્ત તનમાં તંદુરસ્ત મન" ની મોટી અગત્યતા તેઓ સમજતા હતા.

તંદુરસ્તી જાળવવી એ આપણો પવિત્ર ધર્મ છે. કોઈ કોઈ વખતે એમ કહેવામાં આવે છે કે **મોઝીઝના**[૨] ધર્મસંબંધી બોધમાં મોટો ભાગ આરોગ્યતાના કાયદાઓનો હતો. હું ધારું છું કે એ ભાગ્યેજ ખરું હશે. પણ આપણે ભૂલવું ન જોઈએ કે જે જે **બાઈબલમાં** લખેલું છે તે ધર્મસંબંધી તેમજ રાજ્ય અને સંસારસંબંધી છે. વળી તંદુરસ્તીના કાયદા જો કે ખરેખર ધર્મનો ભાગ નથી, તોપણ હમેશાં લગભગ તેની બરાબર જ છે. "શું તમે જાણતા નથી કે તમારું શરીર તમારામાં રહેલા અને પરમેશ્વરથી મળેલા પવિત્ર આત્માનું એક દેવળ છે, અને તમે તમારા પોતાના નથી." ઈજીપ્શ્યન લોકોનો

---

૨. યાહુદી લોકોનો કાયદ. બાંધનાર અને તેમને મિસર દેશમાંથી લઈ જનાર ૧૨૦ વર્ષની વયનો તે થયો હતો. ઈ. સ. પૂ. ૧૫૭૧-૧૪૫૧.

શરીર તરફનો પૂજ્ય ભાવ મધ્યજમાનાના શરીરના ધિક્કારથી સારો હતો; ફાટેલાં કપડાં અને મેલમાં સ્વભાવિક કંઈ સદ્ગુણ નથી, પણ દુર્ગુણ છે.

"ગ્રીક લોકો મનની તેમજ તનની કેળવણીને તેઓનું શાસ્ત્ર તેમજ અધ્યયન માનતા. તેઓની કેટલીક સ્ત્રીઓ કુસ્તી-ની અને કેટલીક સહેલી કસરતો કરતી. તેઓનાં શરીર સ્વતંત્ર અને તંદુરસ્ત જીંદગીથી એવાં પરિપૂર્ણ થતાં કે જે હજુ અક્ષય અને અનુપમ, પરિપૂર્ણ મનુષ્યસૌંદર્યના નમુના ગણાય છે." (કિંગ્ઝલે.)

"તે આ જીંદગી છે, જેમાં આપણા સ્નાયુ સ્વલ્પ છે, અરે મૃત્યુને માટે નહિ પણ જીંદગીને માટે આપણે મહેનત કરીએ છીએ; વધારે જીવનવાળી અને ભરપુર જીંદગી માટે જોઈએ છીએ." (ટેનિસન.)

એક જુની કહેવત કહે છે કે, પવિત્રતા પછી સ્વચ્છતા છે અને વૈદકશાસ્ત્રની હાલની શોધો, આ જુજ કહેવતને માત્ર ખરી કરી બતાવે છે એટલુંજ નહિ, પણ તેનું કારણ ખુલ્લી રીતિએ સમજાવે છે; અને શાવાસ્તે એમ છે તે બતાવે છે.

આપણે હમણાં જાણીએ છીએ કે ઘણા રોગોની ઉત્પત્તિ, શરીરબંધારણનાં છિદ્રો અને ઝીણી નાડીઓની નિયમ-વિરૂદ્ધ હાલતમાં નથી, પણ તે ખરેખર બીજી અવયવરચનાથી થતા હુમલા છે. કોગળિયું, શીતળા, અને સંભવિત રીતિએ કટલાક બીજા રોગો પોતાની મેળે ઉત્પન્ન થતા નથી; પણ તેના જંતુઓ આપણામાં રોપાય છે, તેટલા માટે એકલા આપણા શરીરનેજ નહિ, પણ આપણે રહેવાના ઘરને, પહેરવાનાં લુગડાંને, પીવાના પાણીને, અને દમ લેવાની હવાને સ્વચ્છ રાખવાની થોડી જરૂર નથી.

મનુષ્યદેહ, એ પાકું અદ્ભુત કામ છે. કેટલા બધા જ્ઞાનનો

૧ ઈંગ્રેજ કવિ. પછીથી તે રાજ્યનો કવિ થયો હતો. ૧૮૦૯.

મગજમાં સંગ્રહ થાય છે તેનો જરા વિચાર કરો. જે ત્વરાથી સ્નાયુઓ મરજીને આધીન થાય છે તેનો વિચાર કરો. **સર જેઈમ્સ પૅગેટે** કહ્યું છે કે, કોઇ અનુભવી ગવૈયો એક પળમાં પીઆનો ઉપર ચોવીશ સુર વગાડી શકે છે; કારણ કે દરેક સુરરૂપી સ્નાયુનું ઝરણ મગજમાંથી આંગળીઓ સુધી વહે છે, અને પાછું આંગળીઓથી મગજ સુધી જાય છે. નીચે વળવું, ઉચું થવું, અને ઓછામાં ઓછું એક વખત પડખે જવું, એવી આંગળીની ત્રણ ગતિ દરેક સુરમાં જરૂરની છે; જેથી એક સેકન્ડમાં ઓછામાં ઓછી બોતેર ગતિ થાય છે. જે દરેકમાં મરજીના નિરનિરાળા યત્ન જોઈએ છીએ, અને અમુક ત્વરાથી અને અમુક જોરથી અમુક જગ્યાએ ઓકસ રીતિએ નિયમિત કરવા પડે છે.

લાખો છિદ્રોવાળી, રગો અને ઝીણી નસો, કેટલાક માઈલ સુધી લંબાવી શકાય તેવા જ્ઞાનતંતુઓનો સમાસ કરતી ચામડી, તે એક નાજુક અને ઘણા શ્રમથી બનેલી ઇન્દ્રિય છે. તે નિરંતર પોતાની મેળે સુધરતી જાય છે અને તેની ફરજ બરાબર બજાવવાને માટે તેને યોગ્ય સંભાળ અને પુષ્કળ પાણીની જરૂર પડે છે. આ અદ્ભુત અવયવબંધારણને તંદુરસ્ત રાખવા, બીજાં અંગો પણ વપરાશમાં રહેવાં જોઈએ.

"એ આરામ તેનો મુખ્ય રોગ છે, એમ **હૉપ્સન** વિષે **મિલ્ટને** કહ્યું હતું, તેમ ઘણા રોગી માણસો વિષે કહી શકાય." જે **હૅનિબૉલ**[1] બરફથી અથવા આલ્પસ પર્વતથી

---

૧. કાર્થેજનો મોટો પ્રખ્યાત સરદાર. ૨૫ વર્ષની ઉમ્મરે કાર્થેજના સર્વ લશ્કરનો ઉપરી નીમાયો હતો. ત્રણ વર્ષમાં આખું સ્પેઇન તેણે તાબે કર્યું. તે રોમન લોકોનો કટ્ટો દુશ્મન હતો. તેણે આલ્પસ પર્વત ઓળંગ્યો. ઇટલિમાં દાખલ થયો. સિપિઓને હરાવ્યો. એપિનાઇન પર્વતો ઓળંગ્યો. એક મોટી લડાઇમાં તેણે રોમના લોકોની એવી કતલ કીધી કે કપાઈ ગયેલા સરદારો અને અમીરોના હાથમાંથી કાઢેલી વીંટીઓ ત્રણ બુશલ તેણે કાર્થેજ મોકલી દીધી. પછી સિપિઓ કાર્થેજ ઉપર સ્વારી લઈ ગયો, તેથી સોળ વર્ષ પછી હૅનિબૉલને પોતાના દેશના રક્ષણ અર્થે જવું પડ્યું. ઝામાની મોટી લડાઈમાં સિપિઓએ ઈ. સ. પૂ. ૨૦૨ માં

પરાજીત થયો ન હોતો. તેને કૅમ્પેનિઆના[2] એશઆરામે નબળો પાડ્યો. શસ્ત્રમાં વિજયવંત. તે વીરનર મોજમજાથી પરાજીત થયો." (સેનેકા.)

ઈન્દ્રિયો નિર્દોષ આનંદમય છે. જો આપણે તેને આધીન થઈશું તો અસલની ઈટલિની મોહિનીઓની[3] માફક, ભવસાગરના ખડકો અને વંટોળીઆમાં આપણી નૌકાનો તે ભંગ કરશે. ખાનપાનાદિકની ગફલતીથી ઘણા રોગો થાય છે. ડ્રિંક (Drink પીવું) શબ્દ ઘણું કરીને ઉત્તરની પ્રજાઓનો શાપ જે દારૂ છે, તેના સંબંધમાં વારંવાર વપરાય છે. કેટલેક વખતે તે જો કે અગત્યનું ઔષધ છે, તો પણ તેનો મોહ એટલો મોટો છે કે, આપણા સ્વદશીઓનાં અર્ધોઅર્ધ પાપ, આપદાઓ, અને દુઃખોનું તે મૂળ છે. ચોખ્ખા પાણીમાં કંઈ પાપ નથી, પણ દારૂમાં દોષ રહેલો ગણાય છે.

गन्तुमिच्छसि चेत्स्वभ्रे मद्यं पिब मुहुर्मुहुः ।

ભાવાર્થ—જો નરકમાં જવાની ઈચ્છા હોય તો વારંવાર મદિરાનું પાન કર.

યાહુદી લોકોમાં એક જુની કહેવત છે કે "જ્યાં સેતાન પોતે જઈ શકતો નથી ત્યાં તે મદિરાને મોકલે છે."

"તે દૈત્ય એક વખત પ્રવેશ કરે છે.
અને ઘરમાં સ્થાયી થાય છે;

તેને હરાવ્યો. પછી તે નાઠો અને સિપિઓના હાથમાં ન જવાને જૂદા જૂદા રાજાઓનો આશરો લીધો. પણ છેવટ ઈરાનનો રાજા રોમન લોકોની સત્તાથી બીહીને તેને સોંપી દેવાનું કરતો હતો, એટલામાં પોતાની પાસે જે ઝેરનું પડીકું તે હમેશાં રાખતો હતો તે ખાઈ મરણ પામ્યો. ઈ. સ. પૂ. ૨૪૭-૧૮૩.

૨. ઈટલિમાં નેપલ્સની આસપાસના ખુલ્લા પ્રદેશને રોમન લોકો કૅમ્પેનિઆ કહેતા.

૩. મોહિનીઓ (સિરેન્સ) ભયંકર હાવભાવવાળી સ્ત્રીઓ, તેઓને લૅટિન અને ગ્રીક કવિઓએ કલ્પી છે. જેઓ ખલાસીઓને તેમના ગાયનથી એવી રીતિએ લલચાવતી કે તેઓને ખાવા-પીવાનું પણ ભાન ન રહેતું અને ભૂખે મરી જતા.

એટલે સુખ શાન્તિ, આકીન, અને આનંદ,
ત્યાં વધારે ટકતાં નથી." (કૅલિઅસ)

પ્લિની[1] કહે છે કે,—"મદ્યથી હાથ કંપે છે, આંખ ચુવે છે, રાત્રી અસ્વસ્થપણે ગુજરે છે, ખરાબ સ્વપ્નાં આવે છે, સવારમાં શ્વાસ દુર્ગંધ મારે છે અને સઘળી ચીજોનું તદન વિસ્મરણ થાય છે." **સર ડબ્લ્યુ. રૅલે**[2] આ વાક્યમાં ઉમેરો કરી કહે છે કે,—"જે માણસને મદ્ય પ્રિય છે તેનો કોઈ માણસ ભરોસો કરતો નથી; કારણ કે તેના પેટમાં ગુપ્ત વાત રહી શકતી નથી. મદ્ય માણસને હેવાન જેવો કરી નાખે છે એટલુંજ નહિ, પણ ગાંડો બનાવી દીએ છે. જો તે તને વહાલો થશે, તો તારી પોતાની સ્ત્રી, તારાં છોકરાં અને તારા મિત્રો તને ધિક્કારશે."

મહાકવિ **શેક્સ્પીઅર** મદ્યને ધિક્કારતાં કહે છે કે—

"પોતાનાં મગજ બગાડવાને, માણસો પોતાનાં
મુખમાં એક દુશ્મનને ગ્રહણ કરે છે,
અને વળી મજાક, ઠઠ્ઠા, હાસ્ય, મસ્તી કરતાં કરતાં વખાણપૂર્વક
માણસ મટી પશુ બનવું એ શું ઓછું આશ્ચર્ય છે?"

"અકલ હુશિયારીવાળું માણસ ધીમે ધીમે મૂર્ખ જેવું બને છે અને પછી તરતજ હેવાન જેવું થઈ જાય છે." હેવાન એવું હોય તે પણ કહેવું ગેરવાજવી ગણાય.

એથી ઉલટું મિતાહારનો બદલો કેટલો કિંમતી છે?

"જો કે હું ઘરડો લાગું છું, તો પણ હું મજબૂત અને જુવાન જોધ જેવો છું; કારણ કે મારી જુવાનીમાં, તીવ્ર અને ઉ-

---

૧. રોમન તત્વવેત્તા અને ગ્રંથકર્ત્તા ઈ. સ. ૨૩-૭૯.

૨. સર ઉવૉલ્ટર રૅલે એક અંગ્રેજ વહાણવટી, સંસ્થાન વસાવનારો, ઈતિહાસકર્ત્તા અને કવિ. ૧૫૭૯ માં તે અમેરિકામાંથી પાછો આવ્યો. તેણે તમાકુ અને પટેટાં અમેરિકામાંથી ઈંગ્લન્ડમાં દાખલ કર્યાં. તે લશ્કરી કામ જાણતો અને રાણી એલિઝાબેથની તેનાપર રહેમ હતી; ઈસ્પેક્સની પાયમાલી કરવામાં તેણે પૂર્ણ ભાગ લીધો હતો. જેમ્સ રાજાએ તેને ૧૩ વર્ષ કેદમાં રાખી પાછો સોનાની ખાણો શોધવા મોકલ્યો હતો, પણ તે તેમાં ફાવ્યો નહિ. ૧૫૫૨-૧૬૧૮.

-માદક મદ્યોનું મેં કોઈ દિવસે મારા લોહીમાં મિશ્રણ કર્યું નથી.

. . . .

તેટલા માટે મારી વૃદ્ધાવસ્થા (પળીયાં આવ્યેથી) સફેત, પણ માફકસર શીયાળા જેવી મસ્ત છે. "

મદ્યજનિત કેફના પાપને બાઈબલમાં વખતોવખત વખોડવામાં આવ્યું નથી, તેથી કોઈ કોઈ વખતે આશ્ચર્ય બતાવવામાં આવે છે; પણ આપણે યાદ રાખવું જોઈએ કે તે ગરમ દેશમાં લખાયેલું હતું. કેફ-મદ્યપાન વિશેષે કરીને થંડા મુલકોનો દુર્ગુણ છે. તો પણ સૉલોમન તેને વખોડે છે.

" દુઃખ કોને છે ? દિલગીરી કોને છે ?
ક્લેશ-કંકાસ કોને છે? લવલવાટ કોને છે?
વિનાકારણ ઘા કોને લાગે છે? આંખોમાં રતાશ કોને હોય છે?
જેઓ મધપાનમાં મસ્ત રહે છે તેને,
જેઓ મિશ્ર મદ્યની શોધમાં રહે છે તેને.
જ્યારે મદ્ય રાતો દેખાય છે અને પ્યાલામાં,
તેનો રંગ ચળકે છે ત્યારે તેની સામે તારી નજર
કર નહી,

. . . .

આખરે તે એક અજગરની માફક કરડે છે,
અને એક ઝેરી સાપની માફક દંશ મારે છે.

મદ્યના કેફનો દુર્ગુણ ઘટતો જાય છે એમ આશા રાખવાનાં કેટલાંએક કારણો છે. ચતુરાઈવાળા ધંધાઓને માટે વધારે મળતા પ્રસંગોએ, ગાયનકળા, ચિત્રકળા, અને પુસ્તકો મળવાની વધારે સહેલે, આપણાં ઘણાં આબરૂદાર અને સ્વસ્થ ઘરોએ મદ્યપાનનિગ્રહને ઉત્તેજન આપવા ઘણી મદદ કરી છે અને હજુ કરે છે.

मरणे यानि चिह्नानि तानि चिह्नानि मद्यपे ।

ભાવાર્થ—મૃત્યુવખતે જેટલાં ચિન્હ થાય છે તેટલાં ચિન્હ મદિરા પીનારને થાય છે.

આ પ્રમાણે જેમ મદ્ય (કેફ)નાં સંકટો વધારે પ્રસિદ્ધ છે તેમ અત્યાહારનાં પણ ઘણાંજ સાધારણ સકટો છે. સંભવિત રીતિએ દશમાંથી નવ માણસો પોતાને જરૂર છે તેના કરતાં, અથવા પોતાને ફાયદો કરે તેના કરતાં વધારે ખાય છે. કોઈ કોઈ વખતની ભોજનતૃપ્તિ થોડુંજ નુકશાન કરે છે, પણ નિરંતરનો અત્યાહાર નુકશાનકારક અને ધક્કો પહોચાડનાર છે. જોઈએ તે કરતાં વધારે ખાવું સહેલું છે; જોઇએ તેથી થોડું ખાવામાં કાંઈ બીક નથી. અર્થાત્ અતિભોજન સહેલું છે, અલ્પ ભોજનમાં કાંઈ ભય નથી.

મિતાહાર આખી જીંદગીમાં એકસરખી રીતિએ વહન થવો જોઈએ. "સત્ય કહિએ તો જ્ઞાન અને કૌવત બન્નનાં સત્વને સુધારી તે બન્નેની કિમ્મત દશગણી વધારે છે. અને બળને નરમાશયુક્ત કરવું અને ખંતને મિતાહારયુક્ત કરવી એ કદાચ કામમાં ફતેહ મેળવવાનું મોટું રહસ્ય લાગે છે."—(મિસ. સ્વેલ.)

મિતાહાર એ જોર છે, નબળાઈ નથી; તે પોતાની જાતપરની સત્તા અને અંકુશ બતાવે છે.

ખાતાં બહુવાર લગાડવી નહિ, તેમજ ઉતાવળ પણ કરવી નહિ. હમેશાં ખાઈને ઉઠતાં બે કોળીયા ભૂખ્યા ઉઠવું એમ લોકોનું કહેવું છે. હોજરી ભરપૂર હોય તો મગજ કામ કરી શકતું નથી. "ખાધા પછી થોડો આરામ લ્યો." એ સારો નિયમ છે, પણ જો તમે એટલું બધું ખાઓ કે એક ટંકથી બીજા ટંક સુધી આરામ લેવો પડે તો તે કંગાળ જીવતર ગણાય. જીંદગીને ખાતર ખાનપાન છે, ખાનપાનને ખાતર જીંદગી નથી. લાંબું ભોજન જીંદગી ટુંકી કરે છે.

જ્યારે રાની લોકોને "વૈદ્ય" થવાની ઈચ્છા થાય છે ત્યારે તેને માટે તૈયારીઓમાં તેઓ એક લાંબો ઉપવાસ કરે છે. જેથી મજ્જાતંતુના બંધારણની ચંચળતા વધે છે જેને તેઓ ઈશ્વર તરફથી થતી પ્રેરણા તરીકે ગણે છે. બેશક તેઓ તેમાં અતિક્રમણ કરે છે, પણ જો કોઈ આ અજમાયશ કરે તો તેને

ખબર પડે કે જો તે આહાર ઓછો લે તો તે માનસિક કામ વધારે સારી રીતે કરી શકે.

વળી હોજરી હલકી રાખવાથી હૃદય હલકું રહે છે; વધારે ખાવાથી જુસ્સાઓ નરમ પડે છે; અને ઘણા લોકો, સઘળાં દરદો એકઠાં થવાથી જેટલા પીડાય તેટલાજ અજીર્ણથી હેરાન થાય છે.

બેકન કહે છે કે-"ખોરાકની બાબતમાં કોઈ એકાએક મોટા ફેરફારમાં ચેતતા રહો, અને જો તેમ કરવાની તમને ફરજ પડે તો બાકીની બાબતો તેને અનુકૂળ કરો; ભોજન, શયન અને કસરતની વખતે મનને નિશ્ચિંત અને આનંદમય રાખવું એ ચિરંજીવી થવાની ઉત્કૃષ્ટ આજ્ઞા છે."

ઍબરનીથિએ[1] કહ્યું છે,-"જો તમે આરોગ્યતા ઇચ્છતા હો તો હમેશાં ચાર આનાપર તમારો નિભાવ કરો અને તે તમે પોતે કમાઓ." આ ડહાપણવાળા વચનમાં થોડા શબ્દોથી ખોરાક તેમજ કસરત બન્નેની જરૂરીયાતનો સમાવેશ થાય છે. વિશેષે કરીને આ સોંઘવારીના વખતમાં, ચાર આનામાં પૂરતો સારો ને તંદુરસ્ત ખોરાક લઈ શકો, પણ મદ્ય લઈ શકો નહિ અને અત્યાહાર કરવાનો પણ સંભવ રહે નહિ. તેમાં કસરતની જરૂરી ફરજીયાત પણ આવે છે.

આપણે હાલની સ્થિતિ પ્રમાણે ખુલ્લી હવામાં ગાળેલો કાંઈ પણ વખત ગુમાવ્યો કહી શકાય નહિ. આવા કલાકો જીવતરની ગણત્રીમાં આવશે એટલુંજ નહિ પણ ખરેખર તેમાં વધારો કરશે

તાજું-સ્વચ્છ પાણી, સ્વચ્છ હવાના જેટલુંજ અગત્યનું છે. પુષ્કળ અને જો તમો ખમી શકો તો બહાર અને અંદર માટે થંડા પાણીની જરૂર છે. દાંત કે એવા બીજા ભાગોની સંભાળ રાખવી તે જો કે નાની બાબતો જણાય, તો પણ તેથી જીંદગીના સુખમાં કાંઈ થોડો ફેર પડતો નથી.

---

૧. એક પ્રખ્યાત અનુભવી શસ્ત્રવૈદ્ય, દરદી સાથે બોલવામાં બહુજ અતડો અને મીજાજી હતો. ૧૭૬૪-૧૮૩૧.

આરોગ્યતા એ ઔષધ કરતાં ટેવ અને ખોરાકીની ઉપર વધારે આધાર રાખે છે. રોગ દૂર કરવાને આપણા પૂર્વજો ઔષધો ખાતા. વૈદ્યોની પાઠશાળા જ નહિ પણ બેકન પોતે દવા લેવાની સલાહ આપતો, પણ તે અસલની ભૂલ હતી. આ ખોટી ભ્રમણા છે, એ પહેલવહેલું બતાવનાર લૉક[1] હતો એમ જણાય છે. વૈદકશાસ્ત્ર એ નામ જ ઔષધનો ઉપયોગ બતાવતું જણાય છે. જો આપણે અકલ રાખી વર્તીએ તો દવામાં થોડું જ ખર્ચ કરવાની જરૂર પડે છે.

નૅપોલિઅને[2] કહ્યું છે કે, "કુદરતને તેના વ્યાજબી વ્યવહારમાં રહેવા દો, અને તેને આડા આવો નહિ; દૈવિક સનાતન જીવનમાર્ગની વિરૂદ્ધ વર્તો નહિ; સ્વરક્ષણ કરવાની તેને છૂટ આપો, તે કોઈપણ ઔષધ કરતાં વધારે સારૂં કામ કરશે."

પુષ્કળ હવાથી, પુષ્કળ પાણીથી અને ભોજનમાં મિતાહારથી આપણામાંના ઘણાઓને આરોગ્યતા અને કૌવતનું ઉત્કૃષ્ટ સુખ મળે છે. અને વયમાં બહુ આગળ વધતાં સુધી પણ યુવાવસ્થાનું ઝરણ ટકી શકે છે.

વળી આરોગ્યતા એકલીજ માત્ર શરીર સંબંધની વાત નથી,

---

૧. પ્રખ્યાત ઈંગ્રેજ તત્વવેત્તા અને ગ્રંથકર્તા ૧૬૩૨-૧૭૦૪.

૨. ફ્રાન્સનો પાદશાહ. તે કૉર્સિકામાં જન્મ્યો હતો, પહેલાં તે તોપખાનામાં નોકર રહ્યો અને ધીમે ધીમે વધ્યો. ૧૭૯૮ માં મોટા લશ્કર સહિત મિસરપર ચડ્યો અને તે કબજે કર્યો; ફ્રાન્સમાં પાછો આવી ૧૭૯૯ માં પહેલો કાઉન્સલ થયો. પછી તેણે ઇટલિપર ચડાઈ કીધી; ઑસ્ટ્રિઅન લોકોને હરાવ્યા અને ૧૮૦૧ તેમની સાથે સલાહ કરી. બીજે વર્ષે ઈંગ્રેજ લોકો સાથે પણ સલાહ થઈ. ૧૮૦૪ માં તે પાદશાહ થયો. પછી તેણે ઘણા ખરા યૂરોપના દેશોને ફ્રાન્સને તાબે કરી દીધા; અને ઘણોજ જોરાવર થઇ પડ્યો; તેથી યૂરોપની મુખ્ય સત્તાઓએ તેની સામે થવાને એકસંપ કર્યો. ૧૮૧૪ માં તેણે રાજ્યત્યાગ કર્યો અને એલ્બાના ટાપુમાં રહ્યો. પણ પાછો ૧૮૧૫માં ફ્રાંસમાં આવ્યો અને બધું લશ્કર તેના પક્ષમાં આવી ગયું. તેણે કેટલીએક ફતેહો મેળવી; પણ ઉવૉટરલૂની પ્રખ્યાત લડાઈમાં ઉવેલિંગટને તેને સખ્ત હાર આપી કેદ કર્યો. પછી તેને સેન્ટ-હેલીનાના ટાપુમાં રાખ્યો, જ્યાં ૧૮૨૧ માં મરણ પામ્યો ૧૭૬૯-૧૮૨૧.

"ક્રોધ, દ્વેશ, શોક અને ભયની અસર ચૈતન્યનો ઘણે ભાગે નાશ કરનારી છે, એમ" ડૉકટર રિચર્ડસન[1] કહે છે. એથી ઉલટું, આનંદ, સારો મિજાજ અને મનની શક્તિ આરોગ્યતાનાં શક્તિમાન તત્વો છે.

આપણે સાંભળ્યું છે કે,—લાઈકરગસે[2] દરેક સ્પાર્ટન ભોજન ગૃહમાં હાસ્યરસના અધિષ્ઠાતા દેવની એક પ્રતિમા અર્પણ કરી હતી. **બફોને**[3] કહ્યું છે કે, "ઘણાં માણસો વૃદ્ધાવસ્થા ભોગવે, પણ તેઓ તરેહવાર વિચારમાં અને દાઝમાં ને દાઝમાં મરી જાય છે." જોકે તે પોતાના સ્વદેશીઓ વિષે બોલતો હતો, પણ તે બીજાઓને વિષે પણ સત્યરીતે લાગુ પડે છે.

જ્યારે આપણું ચિત્ત વ્યગ્ર હોય છે ત્યારે તે અતિ તીવ્ર હોઈને નજીવી હરકતોમાં ભયંકર પરિણામનું રૂપ દેખાય છે. આપણને આરામ અને તાજી હવાની જરૂર છે, તેની આ ખાત્રીવાળી નિશાની છે.

આપણે વારંવાર સાંભળીએ છીએ કે છોકરાંઓ ઉપર કામનો અનહદ બોજો છે, અને મોટી ઉમરના માણસો અતિશય કામ કરવાથી મૃત્યુ પામ્યા છે. હું માનું છું કે આવા દાખલા જવલેજ છે. તો પણ ઘણા દાખલાઓમાં શરીરની પાયમાલી કરનાર ફકત કામનો શ્રમ નથી, પણ ઉચાટ, પજવાટ અને ચિન્તા છે. સખ્ત કામના કરતાં, નિરૂદ્યોગ, બદફેલી અને ઈન્દ્રિયાદિકના વિષયવૈભવ મરજીપ્રમાણે ભોગવવાથી ઘણાં માણસો મરણ પામે છે. સ્નાયુને જેમ કસરતની જરૂર છે તેમ મગજને પણ જરૂર છે. જો તમો વહેલાં ઉઠવાનો, મિતાહાર, અને સારી આદતોનો મહાવરો રાખો તો માત્ર અતિશય નહિ, પણ સખ્ત કામ, તમને ઘણો ફાયદો કરશે.

---

૧. ઈંગ્રેજ નવલકથા લેખક અને છાપનારો. ૧૬૮૯-૧૭૬૧.

૨. સ્પાર્ટા (ગ્રીસનું પ્રાચીન શહેર) નો કાયદા બાંધનારો. તે સ્પાર્ટાના રાજાનો પુત્ર હતો. આશરે ઈ૦ સ૦ પૂ૦ ૮૭૦ માં તે મરી ગયો.

૩. એક પ્રસિદ્ધ ફ્રેન્ચ કુદરતી તવારીખ જાણનાર. તેણે પક્ષી જાતિ, ખનિજ પદાર્થો અને સામાન્ય કુદરત સંબંધી પુસ્તકો લખ્યાં છે. ૧૭૦૭-૧૭૮૮.

આપણામાંના ઘણાને કોઈ કોઈ પ્રસંગે અજંપો થાય છે; ખરેખર તે ઘણું શોકજનક છે. કોઈ મોટી આફત આવવાની હોય એવું લાગે છે. નાની મુશીબતો જે બીજે વખતે ખુશીથી દૂર કરી શકાય તે અલંઘ્ય લાગે છે, મનને કાંઈ આનંદ ગમતો નથી. અને કાંઈ ખોટું થયું હોય, અથવા થવાનો સંભવ હોય તેમાં, વિચારે ચડી જઈએ છીએ; તો પણ નાઉમેદ થવું નહિ. મારો મત એવો છે કે અજંપાથી કોઈ મૃત્યુ પામ્યું નથી. કોઈ પણ રીતિએ તેને માટે કાંઈ ઔષધ ખાવું નહિ, કારણ કે ખરી બીક તો તેજ છે. બને તેટલા થોડા વખત સુધી ઘરમાં રહો અને બને તેટલા વધારે વખત સુધી ઘરની બહાર ફરો, કોઈ પણ કામમાં થોડી ચિન્તા રાખો, અને તે ઉપર આધાર રાખો, તો નિદ્રાનું સુખ કોઈ દિવસ પણ તમને પાછું મળશે. જો અજંપો અતિશય લાંબો વખત નહિ ચાલ્યો હોય, તો ઘણે દરજ્જે તમને તેને માટે બદલો મળી જશે; કારણ કે તમને નિદ્રાના સુખની ખબર પડશે કે જેની અરધી પણ બુજ આપણે કોઈ જાણતા નથી.

ઘણાં શારીરિક દર્દોનું ઉત્પત્તિસ્થાન મન છે. વૈદ્યોને માત્ર શરીરની ચિકિત્સાજ ધ્યાનમાં લેવી પડે છે એમ નથી, પણ નિચેનો સવાલ વારંવાર તેમના સન્મુખ થાય છે:—

"વ્યાધિગ્રસ્ત મનનું તું સાંત્વન કરી શકીશ નહિ,
સ્થા[illegible]એલો શોક તું ઉખેડી શકીશ નહિ,
મગ[illegible]ચિતરાયેલો સંતાપ તું ભુંશી શકીશ નહિ,
અને [illegible] જોખમકારક શૈલ્ય મનમાં રમ્યાં કરે છે,
તેથી ભરાયેલી છાતીને, કોઈ મધુર, વિસ્મારક
વારણથી શુદ્ધ કરી શકીશ નહિ?" (શેક્સપીઅર.)

"પહેલું સુખ તે જાતે નર્યા." વળી આરોગ્યતા સુખનું મોટું મૂળ-તત્વ છે, એટલુંજ નહિ, પણ કામ સારી રીતિએ કરવામાં તે આવશ્યક છે; તે ઉડાવવી એ માત્ર ઉડાઉપણું છે, એટલુંજ નહિ પણ એકલપેટાઈ છે.

જો આપણે તણાઈને કામ કરીએ તો કામ સારૂં થવું અશક્ય છે. કોઈપણ રીતિએ આપણાથી બને તેવું શ્રેષ્ઠ કરવું અશક્ય છે. આ ખરાબ રીત છે; કારણ કે આવી હાલતમાં કરેલાં સઘળા કામની પછી શાંતિ અને આરામના વખતની અનિવાર્ય જરૂર પડે છે. પણ તે વાત બાજુએ રાખીએ તો પણ, એવી રીતિએ કરેલું કામ ઉચ્ચ પ્રકારનું થશે નહિ; તેમાં નબળાઈ અને કંટાળાનો આભાસ આવશે; તથા સમજ સારી રહેશે નહિ. જો બીજાઓને સહાય થવાનું હશે, તો ઘર્ષણ અને વિરોધ થવાનો ઘણો સંભવ રહેશે. આનો સારાંશ લેવાની જો કોઈ પણ માણસ કોશીશ કરશે તો તેને એકદમ માલૂમ પડશે કે તેનો હાથ દૃઢ નથી, બરાબર કબજામાં નથી. અને આ માત્ર સ્નાયુના થાકની વાત નથી, પણ જ્ઞાનતંતુનું ખાલી થઈ જવું છે. મહેનત ગમવી જોઈએ, અને તે ગમવાને માટે આપણે દૃઢતા અને ખંતથી કામ કરવું જોઈએ; પણ નિરંતર કામ કરવું નહિ, તેમજ ખોરાક અને આરામ, કસરત અને તહેવાર તરફ બેદરકાર થવું નહિ.

મંદવાડ જો આપણે પોતેજ આણ્યો હોય તો તેની નબળી અને નરમ કરતી અસર વિશેષે કરીને જણાઈ આવે છે. એથી ઉલટું કેટલાએક એવા હોય છે કે જે પોતે નિરપરાધી છતાં દુઃખી જીંદગી ભોગવવાને અવતરેલા હોય છે. એવા દાખલાઓમાં વારંવાર એમ જણાય છે કે તેઓને કુદરત, શરીરની નબળાઈનો બદલો મનની સ્વચ્છતા અને ચંચળતાથી આપે છે. આપણે સઘળાઓએ કેટલાક મોટા દુઃખી માણસ જોયા છે; જેમનો આનંદ અને સારો મિઝાજ આપણે જેઓ આરોગ્યતા ભોગવીએ છીએ તેમને એક બોધ તરીકે છે, એટલુંજ નહીં, પણ જેઓ માત્ર દુઃખની જીંદગીથી ઉચ્ચ થઈ પ્રતિષ્ઠિત થયા જણાય છે.



પ્રકરણ ૬ ઠું.

પ્રજા કેળવણી.

विद्यैव गरीयसी.

પ્રાચીનકાળના લખાણોમાં સૌથી ડાહ્યા માણસોએ કેળવણીની જરૂરીયાત જણાવેલી છે.

" न चौरहार्यं न च राजहार्यं न भ्रातृभाज्यं न च भारकारि ।
व्यये कृते वर्धत एव नित्यं विद्याधनं सर्वधनप्रधानम् ॥ "

हितोपदेश.

ભાવાર્થ—ચોર ચોરી શકતા નથી, રાજા લઈ શકતા નથી, ભાઈઓ ભાગ માગી શકતા નથી; તેમજ જે નિત્ય ખર્ચ કરવાથી વધે છે, એવું વિદ્યારૂપી ધન સર્વ ધનમાં પ્રધાન છે.

પ્લેટો કહે છે કે—"શ્રેષ્ઠ મનુષ્યોને હમેશાં સંપાદન કરવાલાયક ઉત્તમ વસ્તુ કેળવણી છે." **મૉન્ટેઈને** વિસ્તારથી કહ્યું છે કે—"સઘળાં દુઃખનું મૂળ અજ્ઞાન છે." **ફુલરે**[1] કહ્યું છે કે—"આપી શકાય તેવું સૌથી મોટું દાન વિદ્યા છે." એક ફ્રેન્ચ નીતિજ્ઞે કહ્યું છે કે—"બુદ્ધિ વિનાનું બળ ઘણું હાનિકારક છે."

અજ્ઞાન જીંદગી પ્રમાણમાં હમેશાં સુસ્ત હોવી જોઈએ. માત્ર ગુજરાનના સાધન ખાતરજ નહિ, પણ જીંદગીના સાધન તરીકે માણસને જ્ઞાનની જરૂર છે, એ કથન ઉત્તમ છે. પેટ્રાર્ક[2] આપણને કહેતો કે બીજી બધી વસ્તુ કરતાં જ્ઞાન મેળવવાને માટે હું સૌથી ઘણી દરકાર રાખું છું અને લૉર્ડ સેને[3] ઉપદેશેલાં

---

૧. પ્રખ્યાત ઈંગ્રેજ ઇતિહાસકર્ત્તા અને પાદરી (ધર્મગુરૂ) ૧૬૦૮–૧૬૬૧.

૨. ઈટલિનો કવિ, તે એક ફ્રેન્ચ સ્ત્રીની સાથે પ્યારમાં પડ્યો હતો, પણ તે તેમાં નહિ ફાવવાથી તેના ઉભરાની કવિતા બનાવી; તે રોમમાં થોડા વખત રહ્યો હતો. ૧૩૦૪-૧૩૭૪.

૩. એક ફ્રેન્ચ રાજદ્વારી. ૧૮૨૬.

વચનામૃતમાં **શેકસ્પીઅરે** પોતાનો મત ઘણે ભાગે બતાવ્યો છે કે–

"અજ્ઞાન એ ઈશ્વરનો શાપ છે;
જ્ઞાન આપણને સ્વર્ગમાં લઈ જનાર પાંખ છે."

अत्युग्रपापार्जनतत्परा ये
ते दुःखमज्ञानफलं लभंते ॥

ભાવાર્થ—"જે અતિ ઉગ્ર પાપ કરે છે, તેઓ દુઃખદાયક એવા અજ્ઞાનરૂપ ફલને પામે છે."

સૉલૉમન એક સુંદર વાક્યમાં આપણને કહે છે કે–

"જે માણસને જ્ઞાન જડે છે,
અને જે માણસને સમજ મળે છે તે સુખી છે:
કારણ કે તેમાં રૂપા કરતાં વધારે માલ છે,
સુંદર સોના કરતાં તેમાં વધારે ફાયદો છે.
અને તે માણેક કરતાં વધારે મૂલ્યવાન છે:
તારી સઘળી તૃષ્ણાઓની પણ,
તેની સાથે તુલના થઈ શકતી નથી.
તેના દક્ષિણ હસ્તમાં દીર્ઘ આયુષ્ય છે,
અને વામ હસ્તમાં સંપત્તિ તથા કીર્તિ છે,
તેના રસ્તા આનંદમય છે,
અને સઘળા કેડા સુખ–શાન્તિરૂપ છે."

વળી, જ્ઞાન એ મુખ્ય ચીજ છે; માટે તે મેળવ અને સાથે સમજ પણ મેળવ.

આમ છતાં પણ લાંબા વખત સુધી, ચાલુ મત વિશેષે કરીને કન્યાઓની કેળવણી બાબતમાં વિરૂદ્ધ પક્ષે હતો.

જર્મન લોકોમાં એક કહેવત હતી કે, જામદારખાનું એ સ્ત્રીઓનું પુસ્તકાલય છે, અને ફ્રેન્ચ કહેવત એમ હતી કે સ્ત્રીઓને કાંતો ધર્મપુસ્તકોમાં અથવા ચાર દીવાલની અંદર રાખવી જોઈએ. એક તરફ ગરીબ લોકોને, તેમજ બીજી તરફ ગૃહસ્થોને કેળવણીની કંઈ જરૂર નથી એમ માનવામાં આવતું તે

અરસાને હજુ લાંબો વખત થયો નથી. તેને ધર્માચાર્યો અને ધર્મોપદેશકોના વિષય તરીકેજ ગણવામાં આવતી હતી. "ક્લર્ક" શબ્દ પોતેજ તે ખ્યાલ આપે છે.

ડૉક્ટર જૉનસન[1] જેવો ડાહ્યો અને ભલો માણસ પણ પ્રત્યક્ષ પ્રમાણ તરીકે લખે છે કે, જો દરેક માણસ વાંચતાં શીખે તો પછી દુનીઆમાં મહેનતનાં કામ કરે તેવો મજુર માણસ કવચિત જ મળે. **ડૉક્ટર જૉનસન** વિદ્યાજ્ઞાનનો મોટો આધાર હતો, પણ મહેનતનું ગૌરવ તે સમજતો નહોતો.

તે પહેલી સ્થિતિ હતી. બીજી સ્થિતિમાં કેળવણીનો ખાસ સંબંધ જીંદગીના ધંધાની સાથેજ ગણાતો હતો. છોકરાઓને તેમની સ્થિતિ કરતાં રખે ને વધારે શિખવાય તેની સંભાળ રાખવી જરૂરની ગણાતી હતી. વળી વાંચવું, લખવું, અંકગણિત, માત્ર ગરીબ છોકરાઓને જરૂરનાં હતાં; વાંચવું અને લખવું એ કામની વિગતવાર નોંધને માટે અને અંકગણિત હિસાબ રાખવાને માટે.

આ મત સર્વ જાતનાં ખાતાંઓમાં ફેલાયલો હતો. **લૉર્ડ એલ્ડન**[2] પોતાને માટે સરાફ (જે હાલના વખતમાં સરાફના વાણોતરો કરતાં ઘણા જ જૂદા હોવા જોઈએ) ચુંટી કાઢતો, અને તે કહેતો કે લન્ડનમાં સૌથી મૂર્ખ સરાફો એઓ હતા અને જો કદાચ તેમાં કોઈ ઓછો મૂર્ખ જણાતો તો હું મારૂં ખાતું ત્યાંથી ફેરવી નાખતો.

હેઝ્લિટનો[3] એવો મત હતો કે જે છોકરાઓને ધંધામાં પડવું હોય તેમને બીજું કંઈ શીખવવું ન જોઈએ. તે કહેતો કે "જો

---

૧. ઈંગ્રેજ ધર્મગુરૂ, તે પ્રૉટેસ્ટન્ટ ધર્મનો હતો, તેથી બીજા જેમ્સ રાજાના વખતમાં લશ્કરની છાવણીમાં બોધ આપવાને માટે તેનો દંડ થયો હતો અને ફટકા મારવામાં આવ્યા હતા. ૧૬૪૯-૧૭૧૩.

૨. એક ઈંગ્રેજ રાજદ્વારી ૧૮૦૧-૧૮૨૭ સુધી ન્યાયખાતાનો વડો; ૧૭૫૧-૧૮૩૮.

૩. ઈંગ્રેજ પ્રખ્યાત નિબંધલેખક અને સાહિત્ય અને હુન્નરપર ટીકાકાર. તે ચિત્રવિદ્યા પણ જાણતો હતો ૧૭૭૮-૧૮૩૦.

કોઈ માણસને પૈસા મેળવવા સિવાય બીજો ખ્યાલ તેના મનમાં ન હોય તો તે પૈસા તો મેળવી શકશે."

આ બીજી સ્થિતિ છે.

હમણા આપણે કેળવણીની ભલામણ કરીએ છીએ, તે માત્ર કોઈ માણસને સારો કારીગર બનાવવાને માટે નથી; પણ કોઈ કારીગરને સારો માણસ બનાવવાને માટે છે. **વિક્ટર હ્યુગોનું**[1] કહેવું બરાબર છે કે, "જે માણસ નિશાળ સ્થાપે છે તે કેદખાનું બંધ કરે છે."

એક સ્વિસ રાજદ્વારીએ કહ્યું છે કે-"અમારાં છોકરાંમાં ઘણાં જન્મથી ગરીબ હોય છે, પણ તેઓ અજ્ઞાનમાં મોટાં ન થાય તેની અમે કાળજી રાખીએ છીએ." હાલમાં આપણને ઈંગ્લન્ડમાં પણ કેળવણીની બૂમ થવા માંડી છે. આપણાં ગામડાંઓની વસ્તીવિષે ગ્રે હવે[2] કહી શકે એમ નથી કે,—

"વખતની પ્રાપ્તિથી ભરપૂર વિશાળ પાનું,
જ્ઞાને કોઈ દિવસ તેમની નજરે મૂક્યું નથી;
ધ્રુજારો છુટાવે તેવી કંગાળિયતે તેમનો ઉમદો જુસ્સો દબાવી
દીધો છે, અને આત્માનું ખુશમિજાજી ઝરણું ઠારી દીધું છે."

મેથ્યુ આર્નોલ્ડ[3] પોતાના "કેળવણી અને અંધેર" નામના પુસ્તકમાં લખે છે કે, કેળવણી, મીઠાશ અને સમજ એ સઘળાં ચંદ્રના પ્રકાશ જેવાં છે, એવું માનનારા હજુ ઘણા છે. પણ આ પુસ્તક ૧૮૬૯ માં લખાયું હતું.

विद्या वाङ्माधुर्यं बोधः पुरुषे त्रयोऽपि चेन्मिलिताः ।
पूर्णकलाधरकांतेः पूरा इव तर्पयंति तं सततम् ॥ १ ॥

नवीन काव्य.

ભાવાર્થ—વિદ્યા, વાણીનું માધુર્ય અને બોધ (સમજ) તે જો એક સાથે પુરૂષને પ્રાપ્ત થયાં હોય તો તે પૂર્ણ ચંદ્રની કાંતિના પૂરની માફક આલ્હાદ આપે છે.

---

૧. પ્રખ્યાત ફ્રેન્ચ કવિ. નાટક અને નવલ કથા લેખક. ૧૮૦૨-૧૮૮૫.
૨. ઇંગ્રેજ કવિ ૧૭૧૬-૧૭૭૧.
૩. ઇંગ્રેજ કવિ અને નિબંધ લેખક ૧૮૨૨-૧૮૮૮.

૧૮૭૦ ની સાલ, કેળવણીનો ધારો પસાર થવાનું વર્ષ એ, આપણા દેશની સાંસારિક તવારીખમાં ઘણોજ અગત્યનો નામાંકિત વખત હતો. તે વખતે આપણી પ્રાથમિક શાળાઓમાં છોકરાંઓની સંખ્યા ૧૪,૦૦,૦૦૦ હતી. તે હાલમાં ૫૦,૦૦,૦૦૦ ઉપરાંત છે. તેનું પરિણામ શું આવ્યું છે? પ્રથમ ફોજદારી ગુન્હાની સ્થિતિ વિષે કહું છું:—૧૮૭૭ સુધી કેદીઓની સંખ્યા વધતી જતી હતી, તે વર્ષમાં સરાસરી સંખ્યા ૨૦,૮૦૦ હતી. ત્યારથી તે ધીમે ધીમે ઘટતી ગઈ છે, અને અત્યારે ૧૩,૦૦૦ છે. તેટલા માટે ગોળ આંકડામાં તે કુ ઓછી થઈ છે, પણ આપણે લક્ષમાં રાખવું જોઈએ કે વસ્તી નિરંતર વધતી ગઈ છે. ૧૮૭૦ થી તે કુ વધી છે. જો આપણા ગુન્હેગારો તેજ પ્રમાણમાં વધતા ગયા હોત તો ૧૩,૦૦૦ ને બદલે તેમની સંખ્યા ૨૮,૦૦૦ હોત અથવા બમણાથી વધારે હોત. ત્યારે જો એમ થયું હોત તો પોલિસ અને કેદખાનાનું આપણું ખર્ચ ૪૦,૦૦,૦૦૦ પૌંડને બદલે ૮૦,૦૦,૦૦૦ પૌંડ ઓછામાં ઓછું હોત. યુવાનપુરૂષોમાં ગુન્હાનું ઘટવું એથી પણ વધારે સંતોષકારક છે. ૧૮૫૬ માં જ્યુરીના ચુકાદાને માટે યુવાન ગુન્હેગારોની સંખ્યા ૧૪,૦૦૦ ની હતી. ૧૮૬૬ માં તે ઘટીને ૧૦,૦૦૦; ૧૮૭૬ માં ૭૦૦૦; ૧૮૮૧ માં ૬૦૦૦; અને છેલ્લા આંકડાઓ પ્રમાણે મને તે ૫૧૦૦ ની મળી છે. ગરીબોની સ્થિતિપર નજર કરતાં આપણને માલૂમ પડે છે કે ૧૮૭૦ માં એક હજારની વસ્તીમાં તેમની સંખ્યા ૪૭ ઉપર હતી. તે ૫૨ સુધી પણ પહોંચી ગઈ હતી. ત્યારેપછી તે ઘટીને ૨૨ થઈ છે, અને કાઉસમાં કહેતા મને મગરૂરી ઉપજે છે કે,—રાજ્યધાનીમાં તે સરાસરી કરતાં પણ તે ખરેખરી ઓછી છે. તેથી આગળના કરતાં પ્રમાણમાં તે અર્ધાથી ઓછી છે. ગરીબોનું આપણું વાર્ષિક ખર્ચ ૮૦,૦૦,૦૦૦ પૌંડ છે, અને આગળના પ્રમાણમાં તે રહ્યું હોત તો ૧૬૦,૦૦,૦૦૦ પૌંડ ઉપરાંત થાત, અથવા હાલના કરતાં ૮૦,૦૦,૦૦૦ પૌંડ વધારે હોત ત્યારે જો, વીશ વર્ષ પહેલાં આપણે જેટલું આપતા હતા તેટલુંજ આપતા હોત તો આપણા ગુન્હેગારોનું ખર્ચ છે તેના કરતાં ૪૦,૦૦,૦૦૦ પૌંડ

વધારે હોત, અને આપણું ગરીબોપરનું ખર્ચ ૮૦,૦૦,૦૦૦ પૌંડ વધારે હોત. મારે વિશેષ કહેવું જોઈએ કે અધમ ગુન્હાની સ્થિતિ એથી પણ વધારે આશ્ચર્ય અને સંતોષ ઉપજાવનારી છે.

૧૮૬૪ માં પુરાં થતાં છેલ્લાં પાંચ વર્ષોમાં જન્મ કેદની શિક્ષા પામેલા માણસોની વાર્ષિક સરાસરી ૨,૮૦૦ હતી, અને વસ્તી વધતી જાય છે તો પણ તે સંખ્યા ધીમે ધીમે ઘટી છે. ગયા વર્ષમાં તે માત્ર ૭૨૯ અથવા માત્ર ¼ હતી. ખરૂં પુછો તો આપણાં આઠ કેદખાનાં બીન જરૂરી થઈ પડ્યાં છે અને તે બીજાં કામમાં વાપરવામાં આવે છે.

વળી, ગુન્હા અને અજ્ઞાનનો નિકટ સંબંધ બતાવતો, મારે કહેવું જોઈએ કે, જે છેલ્લાં પત્રકો મને મળ્યાં છે તેમાં કેદની સજા પામેલા ૧,૫૭,૦૦૦ પુરૂષોમાંથી માત્ર ૫૦૦૦ સારી રીતિએ વાંચી લખી શકે તેવાં; અને સારી કેળવણી પામેલા કહેવાઈ શકે તેવા ફક્ત ૨૫૦ પુરૂષો હતા.

ભારે (ગંભીર) ગુન્હાને માટે સજાની સંખ્યાનો મોટો અને જથ્થુ ઘટારો નિચેનો કોઠો આશ્ચર્યકારક રીતિએ ખુલ્લો કરી બતાવે છે, અને જણાય છે કે, એક બાજુએ વસ્તી ઝપાટાબંધ વધતી જાયછે તો પણ બીજી બાજુએ ગુન્હેગારની સંખ્યા ઘટતી જાય છે. તેથી તે આંકડા વધારે આશ્ચર્ય ઉપજાવે છે.

પૂરાં થતાં છેલ્લાં પાંચ વર્ષમાં—		ઈંગ્લન્ડ અને વેલ્સમાં જુરીના ઠરાવપરથી જન્મકેદની સજા પામેલા પુરૂષોની સંખ્યાની વાર્ષિક સરાસરી.	ઇંગ્લન્ડ અને વેલ્સની વસ્તીની અડસટ્ટા કાઢેલી સરાસરી—
૩૧ મી ડીસેંબર	૧૮૫૯	૨૫૮૯	૧,૯૨,૫૭,૦૦૦
„	૧૮૬૪	૨૮૦૦	૨,૦૩,૭૦,૦૦૦
„	૧૮૬૯	૧૯૭૮	૨,૧૬,૮૧,૦૦૦
„	૧૮૭૪	૧૬૨૨	૨,૩૦,૮૮,૦૦૦
„	૧૮૭૯	૧૬૩૩	૨,૪૭,૦૦,૦૦૦
„	૧૮૮૪	૧૪૨૩	૨,૬૩,૧૩,૨૫૧
„	૧૮૮૯	૯૪૫	૨,૭૮,૩૦,૧૭૯
„	૧૮૯૨	૭૯૧	૨,૯૦,૫૫,૫૫૦

કેદખાનાં અને પોલિસનો ખર્ચ એ ગુન્હાથી થતાં નુકશાનનો કિંચિતજ અંશ છે એમ બતાવવું એ ભાગ્યેજ જરૂરનું છે.

તો પણ હું આશા રાખું છું કે આ બાબતમાં હું પૈસાના સંબંધ તરીકેજ બોલું છું, એમ કોઈ ગણશે નહિ. જેઓ ખર્ચની બાબતમાં વાંધો લે છે તેમને જવાબ તરીકે આ બાબત લખેલી છે. અલબત હું જાણું છું કે, જૂદી જૂદી જાતની છૂટ મૂકવી પડે છે. બીજી હાલતો (બાબતો) લક્ષમાં લેવી પડે છે; અને વળી આ આંકડાઓ ખરેખરા શુદ્ધ (ચોકસ) નથી; તે છતાં પણ તેઓ મનોરંજક અને ઘણા સંતોષપ્રદ છે.

ખરી વાત એ છે કે, દેશના ગુન્હાઓનો માત્ર કિંચિત ભાગજ વિચારપૂર્વક ક્રૂરતા અથવા અનિવાર્ય લાલચથી થાય છે. ગુન્હાનાં મોટાં મૂળ મદ્યપાન અને અજ્ઞાન છે. જે સુખી પરિણામો આવ્યાં છે, તે નિશાળમાં છોકરાંઓને જે સાર શીખવાય છે, સ્વચ્છતા અને નિયમિત થવાની જે ટેવો પડે છે તેને લીધેજ માત્ર નથી, પણ શેરીઓની ખરાબ આદતો તેઓ શીખતાં નથી, પણ હરામખોરો અને રખડુઓના જોખમકારક બોધ અને દાખલાઓમાંથી બચે છે, તે ખરી વાતને લીધે છે.

ત્યારે ગરીબો અને હરામખોરોનો ઘટાડો જોતાં, ગરીબોપર થતા ખર્ચના ઘટાડાથી અને આપણાં કેદખાનાંઓ ખાલી થવાથી અને વિશેષે કરી તેમાં જુવાન ગુન્હેગારો ઘટવાથી આપણને કેળવણીના ફાયદાની ખુબ થવા માંડી છે.

તોપણ હજુ કેળવણીનું શ્રેષ્ઠ ધોરણ આપણે યોજી કાઢયું છે કે નહિ તે જરા શકવાળી બાબત છે. મોટા ત્રણ પ્રશ્નો છે, જેનો ઉત્તર આપણને જીંદગીમાં વારંવાર આપવો પડે છે. તે વ્યાજબી છે કે ગેરવ્યાજબી? ખરૂં છે કે ખોટું? સારૂં છે કે ખરાબ? આ ત્રણ સવાલોનો જવાબ આપવાને કેળવણીએ આપણને મદદ કરવી જોઈએ.

આશરે બે સૈકા પહેલાં માણસો "પુસ્તકો વેચી નાખવાનું

અને ભઠીઓ ખરીદવાનું, **મિનર્વા**[1] અને **મ્યુઝિઝ**[2]ને વંધ્યા કન્યાઓ જાણી ત્યાગ કરવાનું અને **વલકન** ઉપર આધાર રાખવાનું" કહેતાં એવું **બેકને** લખ્યું છે. આપણે **મિનર્વા** અને **મ્યુઝિઝ**નો ત્યાગ ન કરવો જોઈએ તોપણ બાઈબલના બોધ અનુસાર આપણી કેળવણી પૂરતી રીતે સ્થપાઈ નથી.

જેટલે દરજ્જે, છરી, કાંટા અને ચમચાને ખાણું કહી શકાય, તેટલે દરજ્જે વાચવું અને લખવું, ગણિત અને વ્યાકરણ,—એને કેળવણી કહી શકાય. **એબ્રેહૅમ**[3] **ઈસાક**[4] અને **જેકબ**[5]ને વાંચતાં કે લખતાં આવડતું ન હતું અને સંભવિત રીતિએ ત્રિરાશીના પ્રમાણથી પણ તદ્દન અજ્ઞાન હતા.

"ક્લૅસિકલ" કેળવણી ઉપર હુમલો કરવાનો મારાપર વારંવાર આરોપ મુકવામાં આવ્યો છે, તો પણ તેમ મેં કોઈ દિવસ કર્યું નથી. ક્લેસિકલ એ કેળવણીનો ઘણોજ અગત્યનો ભાગ છે, તેની અવગણના અથવા ગફલત કરવી એ કઢંગું ગણાય; પણ તેમાં સઘળું આવી જતું નથી, અને વળી **ચાર્લ્સ બક્સ્ટને**[6] કહ્યું છે તે પ્રમાણે જે શબ્દો ૨,૦૦૦ વર્ષ પહેલાં મરી ગયેલા સદ્ગૃહસ્થો વાપરતા હતા તે શબ્દોજ માત્ર આપણી કેળવણીમાં વારંવાર શીખવામાં આવે છે.

બીજા વિષયોમાં ગફલત કરવી એ **સીસેરો** અલંકાર એટલે કે "માત્ર જમણા પડખાની સંભાળ રાખવી અને

---

૧. ડહાપણ, લડાઈ, અને હુન્નરની દેવી (ગ્રીકલોકોની).

૨. જ્યુપિટર દેવની નવપુત્રીઓ, કવિતા, ઇતિહાસ અને બીજા હુન્નર અને શાસ્ત્રોની દેવીઓ (ગ્રીકલોકો).

૩. વડા કુલપતિ. (બાઇબલ પ્રમાણે મનુષ્યોના મૂળ વડવો.)

૪. તેનો પુત્ર.

૫. ઇસાકનો પુત્ર. તેના પુત્રો બાર ઇસ્રાયલ જાતના સ્થાપનારાઓ હતા. તેનું નામ ફેરવીને એક દેવદૂતે ઇસ્રાયલ પાડ્યું હતું અને તે ઉપરથી તેના વંશજો ઇસ્રાયલિટ્સ કહેવાય છે.

૬. પ્રખ્યાત પરોપકારી પુરૂષ; તે ૧૮૧૮-૧૮૩૭ સુધી પાર્લ્યમેન્ટનો મેમ્બર હતો. ૧૭૮૬-૧૮૪૫.

ડાબાની બેદરકારી કરવી" એવું થાય, તો પણ, આપણી આવી કહેવાતી કલૅસિકલ કેળવણીનો ઘણો ભાગ કલૅસિકલ પણ નથી. વ્યાકરણપર એટલું બધું લક્ષ અને વખત આપવામાં આવે છે કે લખનારની ખુબી જતી રહે છે. જ્ઞાન એ વ્યાકરણ-વિદ્યાની ખરેખર એક શાખા છે, તો પણ તે હમેશાં રીતસર અથવા ઘણીજ રમુજી રીતિએ શીખવવામાં આવતી નથી. વળી, હાલની આપણી પદ્ધતિમાં છોકરાંઓને **લૅટિન** અથવા **ગ્રીક** બોલતાં નથી શીખવાનું, અને અતિશય કઢંગાપણાતરીકે તથા બોધને જેમ બને તેમ નિરર્થક બનાવવાની છેલ્લી સંભાળ તરીકે શબ્દોના ઉચ્ચાર **રોમન** કે **ગ્રીક** લોકોથી વા ખરેખર બીજા કોઈ દેશના લોકોથી, અથવા **સ્કૉચ** લોકોથી પણ જૂદી રીતિએ કરતાં શીખે છે.

તે રીતિ કલૅસિકલ જ્ઞાનને માટે જરા પણ પ્યાર ઉત્પન્ન કરવાને નિષ્ફળ થાય છે. **કૉર્નહિલથી**[1] **કાયરો**[2] સુધીની પોતાની મુસાફરીની નોંધમાં, **થકેરે**, **ગ્રીસની** દેવી **મ્યુઝ** પ્રત્યક્ષ થઈને **ઍથેન્સમાં**[3] આવવાથી પોતે મોહિત થયો છે કે નહિ એમ પૂછતી, પોતાના મનમાં કલ્પે છે, અને વિનય કરતાં વધારે સત્યથી તે તેનો જવાબ આપે છે કે,– "દેવી, પૂર્વાવસ્થામાં આપના પરિચયે શ્રમયુક્ત એવા મને એટલો બધો કંટાળો ઉપજાવ્યો છે કે હાલ વૃદ્ધાવસ્થામાં હું આપની સાથે સલુક કરી શકતો નથી."

કલૅસિકસ અગત્યનાં છે, તો પણ તે કેળવણીનું માત્ર એક પાસું છે. "કેળવણી મનુષ્યોનો નિકટ સંબંધ કરાવે છે" એ વાક્યજ, માણસની લાગણી–(જે વિશાળ સંબંધ માણસને એકત્ર કરે છે) ની સાથે અસલના વિચારથી કેળવણીનું કેટલું બધું ઐક્ય રહેલું છે તે બતાવે છે. આપણે સાંભળ્યું છે કે **શેક્સ્પીઅરને** થોડું **લૅટિન** અને એથી ઓછું **ગ્રીક** આવડતું હતું. વિચાર અને સંવાદથી મળતી સઘળી મદદવડે પણ પુસ્તકો માત્ર કેળવણીનો

૧.-૨. મિસર દેશનાં શહેરો.
૩. ગ્રીસનું મુખ્ય શહેર.

જુજ ભાગ આપી શકે છે. જે છોકરો ફક્ત પુસ્તકો જ ભણ્યો હોય છે, તેને કુદરતની કે જે દુનિયામાં તે રહે છે તેની કંઈ ખબર પડતી નથી. તે પરિપૂર્ણ માણસ થતો નથી; પણ એક અંશ માત્ર મનુષ્ય થાય છે.

વળી, આપણી આવી કહેવાતી કેળવણીનો મોટો ભાગ રોપાઓને ઉગાડવાને ક્યારાપાસે વનસ્પતિવિદ્યાના નિબંધનો પાઠ કરવા જેવો છે, એમ કહેવાય.

આપણે ઘણું શીખવાનું છે એટલું જ નહિ પણ ઘણું ભૂલી જવાનું છે. આ ટીકા કરતાં નિશાળના શિક્ષકોનો હું જરાએ અકૃતજ્ઞ થતો નથી. તેમનો ધંધો, મેહેનત અને જવાબદારીનો છે. છોકરાંઓની સાથે રમવા જેવું બીજું કશું આનંદદાયક નથી. તેમને શિક્ષણ આપવું એ તદ્દન જૂદી વાત છે.

વ્યાકરણ અને ગણિતનું શિક્ષણ આપવું એ કદાચ સહેલું છે; પણ જુવાન આત્માને મદદ કરવી, ઉત્સાહ આપવો, આશા ઉત્પન્ન કરવી, ચૈતન્યને ઉપયોગી પ્રકાશમાં આણવું તથા નવા વિચાર અને દૃઢ કામથી પરાજયનો બદલો વાળવો તે સહેલું નથી. તે તો સર્વોત્કૃષ્ટ મનુષ્યોનું કર્તવ્ય છે.

કેળવણીનો હેતુ વકીલો કે ધર્મોપદેશકો, યોદ્ધાઓ કે શિક્ષકો, કૃષિકારો કે કારીગરો બનાવવાનો નથી, પણ માણસો બનાવવાનો છે.

મિલ્ટને કહ્યું છે કે,—"જે કેળવણી માણસને ખાનગી અને જાહીરાત, સલાહશાંતિ અને લડાઈ, બન્નેના સઘળા અધિકારમાં પ્રામાણિકપણાથી, ચતુરાઈથી અને ઉદાર બુદ્ધિથી વર્તવાને યોગ્ય કરે છે, તેને હું પરિપૂર્ણ કેળવણી કહું છું."

તત્વજ્ઞાનીઓ હમેશાં ઉતાવળા થઈ જઈ એમ માને છે કે ખરી વાતોનો સિદ્ધાંત મોઢાની ચર્ચાથી જ થઈ શકે છે. પ્લુટાર્ચે આ સવાલ ઉપર એક મનોરંજક સંવાદ કરેલો છે. પહેલું શું આવ્યું. 'કુકડી કે ઈંડું?' અને પાકે પાયે એ વિચાર નકી

થયો કે, કુકડી પહેલી આવી, કારણ કે દરેક માણસ કુકડીનું ઈંડું કહે છે અને ઈંડાની કુકડી એમ કોઈ કહેતું નથી.

આપણાં છોકરાંઓને એવી રીતિએ મોઠાં થઈ જવા દેવાં એ વ્યાજબી નથી, કે

" જે યુક્તિવાળી ચતુરાઈથી ચિત્રકારની આંખ,
ખડક અને વૃક્ષ, સરોવર અને પર્વતમાં,
ઈશ્વરી ખુબીનો ચિતાર કાઢી શકે;
તેમનાથી તેઓ અજ્ઞાન ન હોય."

જેફ્રીઝ કહે છે કે,–"વિચારશકિત ઘણાં પુસ્તકોમાં મળશે એમ જો કોઈ ધારતા હોય તો તેઓ નિરાશ થશે. વિચારશક્તિ ઝરા અને સમુદ્ર, પર્વત અને જંગલ, સૂર્યપ્રકાશ અને સ્વતંત્ર વાયુમાં વસે છે. તો પણ દુર્ભાગ્યે ઝરા અને સમુદ્ર, જંગલ અને સૂર્યપ્રકાશ અને તાજી હવા આપણે ઇચ્છીએ, તેના કરતાં ઓછાં ગમ્ય છે. વળી વિચારશકિત પુસ્તકોમાં પણ વસે છે, પણ સંભાળથી તેનો ઉપયોગ કરવો જોઈએ; ભાષા એ વિચાર કહી બતાવવાનું ઘણું અપૂર્ણ સાધન છે. દરેક છોકરો માણસ થાય તેમ નથી; ગણિતનાં સત્ય પણ સાવચેતીથી વપરાવાં જોઈએ.

નિશાળ છોડ્યા પછી, કોઈ પણ જાતની નિયમિત સ્વજાતિ કેળવણી જારી રાખવામાં આટલા બધા માણસો નિષ્ફળ થાય છે, તેનું કારણ મેં જેમ હમણાંજ દર્શાવ્યું છે તે પ્રમાણે આપણી પદ્ધતિની ખામી છે. જયાંસુધી આપણે જીવીએ છીએ ત્યાંસુધી જ્ઞાનમાં વધતા જઈએ છીએ. "જુવો અને શીખો" એ એક અસલી કહેવત છે; પણ સવાલ એ છે કે, જે છુટક છુટક બોધ, વર્ત્તમાનપત્રો કે નવલકથાઓમાં રોશન કરેલો હોય છે, તે જેમ આવે તેમ મેળવેલો હોય છે, કે જેને સાધારણ રીતિએ સ્વશિક્ષણ અને કેળવણી કહી શકાય તેવી કંઈ વસ્તુ ગ્રહણ કરેલી હોય છે!

વ્યાજબી રીતિએ કેટલી આશા રાખી શકાય તેના વિષે મેં એક ઉત્તમ ગ્રંથકારના વિચારો બીજે ઠેકાણે આપેલા છે. અને

તત્વવેત્તા હક્ષ્લેએ તે વિષે તેના જેવોજ આપેલો મત આ જગ્યોએ હું આપું છું.

"આવી કેળવણીએ, સરાસરી પંદર અથવા સોળ વરસની વયના છોકરાને, સરલ અને શુદ્ધ રીતિએ અને આપણા ક્લૅસિક ગ્રંથકર્તાના અભ્યાસથી મળતી ભાષાજ્ઞાનની શ્રેષ્ઠતાની ખુબીથી, સ્વભાષા લખતાં અને વાંચતા શક્તિમાન્ કરવો જોઈએ; સ્વદેશના ઈતિહાસની અને મંડળીની હયાતીના મોટા નિયમોની અને સામાન્ય માહિતીની પ્રાકૃતિક, અને આત્મવિવેકશાસ્ત્રનાં મૂળતત્ત્વોની, અને પ્રાથમિક ગણિત તથા ભૂમિતિની સાધારણ જાણ આપવી જોઈએ; બોધના કરતાં દાખલાથી જરા તર્કશાસ્ત્રની પીછાન પાડવી જોઈએ; અને ગાયન તથા ચિત્રકળાની પ્રાથમિક આવડતમાં વેઠ ન લાગતાં આનંદ આપવો જોઈએ."


આવો બોધ ઘણોજ રમુજી છે. આપણામાંના ઘણાને મોટા શારીરવૈદ્ય જૉન હન્ટર[1]ની માફક લાગ્યું છે અને તેઓ કહી શક્યા છે કે,—"હું જ્યારે છોકરો હતો ત્યારે વાદળાંઓ અને સર્વ તૃણજાતિવિષે, તથા પાનખરઋતુમાં પાંદડાંઓના રંગ શામાટે બદલી જાય છે તેવિષે જાણવાને ચાહતો. કીડીઓ, મધમાખીઓ, પહેલી અવસ્થાનાં દેડકાનાં બચ્ચાંઓ અને પતંગીયાંઓને તપાસી જોતો; ને જે બાબતોવિષે કોઈ કંઈ જાણતું નહિ અથવા કંઈપણ દરકાર કરતું નહિ તેવિષે સવાલો પૂછીને લોકોને કંટાળો આપતો.

લૉક કેળવણીપર પોતાના એક નિબંધમાં ટીકા કરે છે કે,— "પુસ્તકોના સંબંધમાં માત્ર આ એકજ વાત મારે કહેવાની છે કે, જો કે તે પ્રતિષ્ઠિત થઈ ગયું છે તો પણ, મારા મતપ્રમાણે પુસ્તકોનો પરિચય, અધ્યયનનો મોટો ભાગ નથી; બીજી બે બાબતો છે, જે તેની સાથે સંયુક્ત થવી જોઈએ, અને જેમાંની દરેક આપણા જ્ઞાનમાં સુધારો કરવામાં કામ લાગે છે. તેમાં એક મનન અને બીજું ચર્ચા છે. હું ધારૂં છું કે વાંચવું એ

---

૧. ઇંગ્રેજ શારીરશાસ્ત્રી અને શસ્ત્રવૈદ્ય ૧૭૨૮-૧૭૯૩.

જેવી તેવી ચીજો જેમાંથી ઘણો ભાગ નકામો ગણી કાઢી નાખવા જોગ હોય, તેને એકઠી કરવા જેવું છે; તે પછી મનન એ ચીજોને (સાધનોને) પસંદ કરવી અને ગોઠવવી, તે મકાનનું ચણતર કરવા જેવું છે; અને મિત્રની સાથેની ચર્ચા નકામો વાદવિવાદ નહિ એ બંધારણની તપાસ, ઓરડાઓમાં પર્યટન અને જૂદા જૂદા ભાગોની અંગપરિપૂર્ણતા અથવા મેળનું અવલોકન કરતા હોઈએ, કામની મજબૂતી અથવા ખામીઓ લક્ષમાં લેતા હોઈએ, અને જે ખોટ લાગે તે સુધારવાના સૌથી સરસ ઉપાય યોજતા હોઈએ તેવી છે. તે સિવાય, બીજી બે બાબતોમાંની દરેકના જેટલી જ, સત્ય શોધવામાં અને તેમને આપણા મનમાં દૃઢ કરવામાં તે વારંવાર આપણને મદદ કરે છે."



પ્રકરણ ૭ મું.

જાત—કેળવણી.

गुरोः पितुराप्तजनाद्धर्माचार्यात्सुहृज्जनात् ।
या विद्योपार्जिता तेभ्यः स्वात्मविद्या गरीयसी ॥

ભાવાર્થ—ગુરુ, પિતા, હિતકારી જન, ધર્માચાર્ય, અને સુહૃદ મિત્રદ્વારા જે વિદ્યા પ્રાપ્ત કરી હોય, તે સર્વથી આત્માનુભવે પ્રાપ્ત ક[illegible]ા અધિક છે.

આપણી સર્વ[illegible]ક્તિઓનું પ્રમાણ શુદ્ધ પાકી અવસ્થામાં આવવું તેનું નામ કેળવણી છે. પાયણામાંથી તે શરૂ થાય છે, નિશાળમાં વધે છે, પણ ત્યાં તેનું છેવટ આવતું નથી. આપણી ખુશી હોય કે ન હોય તો પણ તે જીંદગીમાં ચાલ્યાંજ કરે છે. માત્ર સવાલ એટલો જ છે કે પછીની જીંદગીમાં જે આપણે શીખીએ છીએ તે ડહાપણથી પસંદ કરીએ છીએ કે જેમ આવે તેમ ઉપાડી લઈએ છીએ ! **ગિબન**[1] કહે છે કે—"દરેક માણસને બે કેળવણી હોય છે. પહેલી, જે તેને બીજાઓની પાસેથી મળે છે તે; અને બીજી, જે વધારે અગત્યની પોતે મેળવે છે તે."

જે આપણે જાતે શીખીએ છીએ તે બીજાઓ પાસેથી શીખીએ છીએ તેના કરતાં ખરેખર વધારે ઉપયોગી હોવું જોઈએ. **લૉકે** કહ્યું છે કે—"શિક્ષકના બંદોબસ્ત અથવા દબાણથી કોઈપણ માણસ કોઈ દિવસ કોઈ વિદ્યામાં આગળ વધ્યો કે પ્રવીણ થયો નથી. જો તમારી મરજી હોય તોપણ તમે અંતઃકરણ સાવ ખાલી કે અલંકૃત રાખી શકતા નથી; સવાલ માત્ર એટલોજ છે કે તમો તેને સારાને માટે કે ખરાબને માટે તૈયાર કરો છો."

---

૧. ઇંગ્રેજ પ્રખ્યાત ઇતિહાસ કર્તા ૧૭૩૭-૧૭૯૪.

જેઓએ નિશાળમાં સારૂં નામ કાઢ્યું ન હોય તેઓએ તેટલા માટે નાઉમેદ થવાનું નથી. અવશ્ય રીતિએ સૌથી મોટાં મન સૌથી વહેલાં પક્વ થતાં નથી. જો ખરેખર તે વખતે તમોએ શ્રમ લીધેલો ન હોય, તો તમારે આશા મૂકી દેવી એમ હું કહેતો નથી; તોપણ તમારે શરમાવું તો જોઈએ, પણ જો તમારાથી બને તેટલું કર્યું હોય તો ફક્ત તેની પાછળ મંડ્યા રહેવાનું જ છે; અને જેઓ નિશાળમાં પ્રસિદ્ધ થવાને કોઈ દિવસ શક્તિમાન્ ન હતા તેમાંના ઘણા ભવિષ્યની જીંદગીમાં ઘણી ફતેહ પામ્યા છે.

આપણે સાંભળ્યું છે કે, **ઉવેલિંગટન અને નેપોલિઅન** ઠોઠ નિશાળીઆ હતા, અને **સર ઍબરક[illegible], ડીન સ્વિફ્ટ, ક્લાઈવ**[1], **સર ઉવૉલ્ટર સ્કૉટ**[2], [illegible]**શારેડન**[3] અને બીજા ઘણા પ્રખ્યાત માણસોનું પણ તેમજ હતું.

ત્યારે આ ઉપરથી એમ સિદ્ધ નથી થતું કે જેઓ નિશાળમાં છેક થોડા પ્રસિદ્ધ હોય તેને સૌથી ઓછો ફાયદો થાય છે.

---

૧. નાનપણામાં ઘણોજ આળસુ અને તોફાની છોકરો; તે ઇસ્ટઇંડિઆ કમ્પનિમાં મહેતાની નોકરીપર હિંદમાં આવ્યો. તે કામ ન ફાવવાથી લશ્કરમાં દાખલ થયો ને તેમાં ઘણીજ બહાદૂરી અને હુશીઆરી બતાવી. ફ્રેન્ચ સરદાર અને હાકેમ ડુપ્લેનો તે પ્રતિપક્ષી હતો. ફ્રેન્ચોને દક્ષિણ હિંદુસ્તાનમાં હરાવ્યા અને છેવટ ૧૭૫૭ માં પ્લાસીની લડાઇમાં બંગાળાના નવાબ સુરાજદૌલાને હરાવી, ઇંગ્રેજી રાજ્યનો પાયો હિંદમાં નાખ્યો. તેણે એક વખત મદ્રાસમાં બંદુક ખાઇ મરવાની કોશીશ કરી હતી, પણ ત્રણ વખત બંદુક ફુટીજ નહીં. છેવટે તે હિંદુસ્તાનમાં ઇંગ્રેજી રાજ્યમાં સર્વોત્તમ પદ પામી ઇંગ્લન્ડ ગયો. ૧૭૬૦ થી તેના મૃત્યુ સુધી તે પાર્લ્યમેન્ટનો મેમ્બર હતો. તેને અફીણનું બંધાણ હતું. અંતે તે અપઘાત કરી મુઓ. ૧૭૨૫-૧૭૭૪.

૨. પ્રખ્યાત સ્કૉચ ગ્રંથકર્તા, પંદર વર્ષ સુધી તેને મંદવાડ નડ્યો હતો, તેથી તે સારી કેળવણી લઇ શક્યો ન હોતો; પણ મંદવાડમાં તેણે ઘણી નવલકથાઓ લખી છે અને કવિ તરીકે તે પ્રખ્યાત છે. ૧૭૭૧-૧૮૩૨.

૩. ઇંગ્રેજ વક્તા અને નાટકાચાર્ય. મોટા પ્રધાન ફૉક્સની મદદથી ૧૭૮૦ માં તે પાર્લ્યમેન્ટનો મેમ્બર થયો. એ ઉવિગ પક્ષનો મદદગાર હતો. ૧૭૫૧-૧૮૧૬.

"મહેનત કરવાની અનહદ શક્તિ"ને બુદ્ધિનું નામ આપવામાં આવ્યું છે, જે કહેવું લગભગ સત્ય છે.

"नियत्या असहायश्चेत् श्रम एव हि केवलम्"
'साहित्य.'

લિલિ વિચિત્ર રીતિએ કહે છે તે પ્રમાણે જો "કુદરત મદદ નથી કરતી તો શ્રમ કોકટ છે; તોપણ જો શ્રમ નકરીએ તો કુદરત કોકટ છે." એથી ઉલટું **ગોથેએ** કહ્યું છે કે,—"કોઈ છોડાને ફુલ બમણાં આવે પણ ફળ એકે ન થાય." તે પ્રમાણે ઘણાં ચંચળ અને હુશિયાર છોકરા, આરોગ્યતા, ઉદ્યોગ અથવા પ્રતિષ્ઠાના અભાવથી દુર્ભાગ્યે ભવિષ્યમાં કંઈ કરી શક્યા નથી. અને તેઓ ગાડી હાંકવામાં, ઓસ્ટ્રેલિઆની અંદર ઘેટાંનું ઉન કાતરવામાં અથવા લુખાપાખા ગુજરાનને માટે મહેતાગીરીમાં પડ્યા છે; અને પ્રમાણમાં ધીમા પણ ઉદ્યોગી અને ઉચ્ચ નીતિમાન્ છોકરાઓ ધીમે ધીમે વધ્યા છે. પોતાની આબરૂ વધારતાં અને સ્વદેશને લાભ આપતાં, તેમણે માનવંતા હોદ્દા ભોગવ્યા છે.

ડૉકટર આર્નોલ્ડ કહે છે તે પ્રમાણે,-"અજ્ઞાન અને નિરપરાધીપણાનો વિચિત્ર ગોટાળો કે જેથી લોકો પોતાના મનને સંતોષ માનતા જણાય છે, તેને લીધે કેટલીક બાબતોમાં કેળવણીની કિંમત વિષે શંકાઓ ઉત્પન્ન થએલી છે. ખરૂં પૂછો તો જો તમો કોઈ માણસનું જ્ઞાન હરીલીઓ તો તમો તેને એક બચ્ચાની નહિ, પણ હેવાનની હાલતમાં લાવો છો. જેને લીધે તેના એક ઘણાજ તોફાની અને જીવનાશક પ્રાણીના જેવા હાલ થાય છે." કારણ કે એક બીજી જગ્યાએ તે બતાવે છે તે પ્રમાણે જે પોતાની જીંદગીનો ભોમીઓ થવો જોઈએ તેને માટે જો માણસો બેદરકાર રહે, તો મનોવૃત્તિઓના તેઓ ગુલામ બને છે અને તેમનામાં બન્ને વયનાં અપલક્ષણ, બચ્ચાનું અજ્ઞાન અને માણસના દુર્ગુણ રહી જાય છે.

જેની કેળવણીનો આરંભ નિશાળમાંથીજ સારી રીતિએ થયો હશે, તે કોઈ દિવસ બંધ પડવા દેશે નહિ. માત્ર કોઈ તુચ્છ અનુકૂળતા મેળવવાને આપણે ભણવું જોઈએ અથવા જર્મન

લોકો કહે છે,–"રોટલી અને માખણ અર્થે" ભણવું જોઈએ એમ ધારવું એ કેળવણીવિષે ઘણો હલકો મત છે.

સમજવાળી કેળવણીનો હેતુ **સૉલૉમન** કહે છે તેવો નીચે પ્રમાણે છેઃ—

"ડહાપણ ભરેલા બોધ જાણવા, સમજના શબ્દો સમજવા;
ડહાપણ, ન્યાય, વિચારશક્તિ, અને ઈનિસાફનો ઉપદેશ લેવો.
ભોળાને દૃઢ બનાવવું, જુવાનને જ્ઞાન અને દાનાઈ આપવી."

થૉરો[1] કહે છે કે–"એક માણસ રૂપાનો ડૉલર લેવા પોતાના રસ્તાથી ઘણો દૂર જાય છે, પણ અહીંઆ સોનેરી અક્ષરો છે, જે પ્રાચીનકાળના વિશેષ પ્રાજ્ઞ પુરૂષોના મુખકમળમાંથી નિકળેલા છે અને જેની ખાત્રી, તે પછીના દરેક જમાનાના ડાહ્યા પુરૂષોએ આપણને આપી છે."

એક શોકમય ફ્રેન્ચ કહેવત છે કે,–"જો યુવાવસ્થામાં જ્ઞાન હોય અને વૃદ્ધાવસ્થામાં શક્તિ હોય તો કે[illegible] સારૂં!" ડાહી કેળવણી યુવાવસ્થામાં જ્ઞાન અને વૃદ્ધાવસ્થામાં [illegible]ત બંને આવશ્યક વસ્તુઓ આપશે. **ફ્રેન્કલિને**[2] કહ્યું છે કે, સ્વાનુભવ ઠોકર, એ મોંઘી નિશાળ છે, પણ મૂર્ખાઓ બીજે ક્યાંઈ શીખશે નહિ."

જીંદગીમાં શરૂઆત સારી કરવી એ અર્ધી લડાઈ છે.
"બાળકને યોગ્ય રીતે કેળવો અને જ્યારે તે મોટું થશે
ત્યારે તેમાંથી આડું અવળું જશે નહિ."

સારી રીતિએ આરંભ કરશો તો જેમ જેમ આગળ વધતા જશો તેમ તેમ વધારે ને વધારે સહેલ પડશે. એથી ઉલટું, જો તમો ખોટી શરૂઆત કરશો તો તમારી સ્થિતિ સંપાદન

---

૧. અમેરિકાનો તત્વવેત્તા અને ગ્રંથકાર ૧૮૧૭-૧૮૬૨.

૨. અમેરિકાનો રાજદ્વારી અને પ્રસિદ્ધ તત્વવેત્તા. તેણે ઈંગ્લન્ડમાં ઘણો વખત ગાળ્યો હતો અને ધીમે ધીમે પદ્વિએ ચડતાં છેવટ અમેરિકાની રાજ્યસભાનો ૧૭૮૫ માં પ્રમુખ નિમાણો હતો. અમેરિકા અને ઈંગ્લન્ડ વચ્ચેના સ્વતંત્રતાના વિગ્રહમાં તે એક મુખ્ય અગ્રેસર હતો ૧૭૦૬–૧૭૯૦.

કરવી મુશ્કેલ થશે. શીખવું એ અઘરૂં છે, પણ ભૂલી જવું એ એથી પણ વધારે અઘરૂં છે.

પુસ્તકોમાં, માણસોમાં, વિચારોમાં, અને ખાતાંઓમાં, જે સર્વોત્કૃષ્ઠ હોય તેને તમારા મનમાં સજ્જડ કરવાનો પ્રયત્ન કરો. આપણા કરતાં બીજાઓને વધારે જ્ઞાન હોય તેથી આપણે શરમાવાની જરૂર નથી; પણ આપણાથી બની શકે તેટલું જો આપણે શીખ્યા ન હોઈએ તો શરમાવું જોઈએ.

ભાષાઓ ભણવામાં અને કેટલીએક સત્ય વાતો જાણવામાંજ કેળવણીનો સમાવેશ થતો નથી; માત્ર બોધના કરતાં તે ઘણી ભિન્ન અને ઉચ્ચ વસ્તુ છે. બોધ ભવિષ્યના ઉપયોગનો ભંડાર છે, પણ કેળવણીનું વાવેલું બી કોઈ વખત ત્રીસ, સાઠ અને સોગણું ફળ આપે છે.

"ડહાપણ એ મુખ્ય વસ્તુ છે, માટે ડહાપણ મેળવ:
અને જે તું મેળવ તે સમજ."

સર્વાનુમતે જ્ઞાન એ ડહાપણથી ઉતરતું છે, પણ મારે કહેવું જોઈએ કે કોઈ કોઈ વખત તેને અપૂર્ણ ન્યાય મળે છે. દાખલા તરીકે આપણે સાંભળ્યું છે કે–

"જ્ઞાન અહંકાર ધરાવે છે કે તેણે ઘણું બધું જાણ્યું છે;
ડહાપણ ગરીબડું થઈ જાય છે કે તે વધારે જાણતું નથી."

પણ આ એમ નથી, જેઓને શ્રેષ્ઠ જ્ઞાન મળ્યું છે તેઓ કેટલું થોડું જાણે છે, એમ જાણવાને તેઓ પોતે સૌથી શક્તિમાન હોય છે.

ધર્માધ્યક્ષ **બટલર**[1] પણ આપણને કહે છે કે,–"તેઓ જે કરે છે તેમાં ભૂલ ન થવા માટે ઉંડી ખોળ અને બારીક ચોકસીવાળા મનુષ્યને સ્મરણમાં રાખવા જોઈએ. જો તેઓની શોધો, સિદ્ધાંતમાં વ્યવહારિક હેતુ અથવા તેનાં આધારમાં, સદ્ગુણ અને ધર્મનું પ્રતિપાદન કરતી હોય, અથવા જીવતરનાં દુઃખ ઓછાં કરી સુખ વધારતી હોય, તો તેમનો ઉદ્યોગ ઘણોજ

[1] ૧. ઈંગ્રેજ ઈશ્વરીય જ્ઞાનવેત્તા ૧૬૯૨-૧૭૫૨.

સફળ ગણાય: અને કોઈ પણ બાબતને ફક્ત એકલીજ અજવાળામાં લાવવી, તે એક ખેલ અથવા તમાસા કરતાં કંઈ વધારે ઉપયોગી નથી."

વળી આવું બોલવું પણ ગેરવ્યાજબી છે કે જ્ઞાન એ—

"જેમ તેમ ખડકેલો ફાયદા વગરનો ઢગલો,
માત્ર ડહાપણનું બંધારણ કરનાર ચીજો" છે.

તોપણ ચણતરના સરંજામની પસંદગીમાં બેદરકાર રહે તે શિલ્પી કાચો ગણાય, અને "પદાર્થોને અજવાળામાં લાવવાની" કેવી અસર થાય તે કોઈ કહી શકે નહિ. જ્ઞાનના ઘણા વિભાગ, જે તે વખતે વ્યવહારિક રીતિએ નિરૂપયોગી લાગ્યા હતા, તે ઘણાજ કિમતી જણાયા છે.

વિદ્યા એ વીર્ય છે, "વિજળીના તાર વખત બચાવે છે; લખવાનું જ્ઞાન, મનુષ્યભાષા અને હલન ચલન બંધ રાખે છે; વ્યવહારીક કરકસરનું જ્ઞાન પેદાશને બચાવે છે. આરોગ્યતાના નિયમોનું જ્ઞાન તંદુરસ્તી અને જીંદગી બચાવે છે; બુદ્ધિના નિયમોનું જ્ઞાન મગજનો ઘસારો બચાવે છે; પણ ઈશ્વરના કાયદાનું જ્ઞાન શું નથી બચાવતું!"

હર્બર્ટ સ્પેન્સર[1] કહે છે કે,–"પ્રથમપદની આત્મરક્ષા અથવા જીંદગી અને આરોગ્યતા રાખવાને સર્વથા અગત્યનું જ્ઞાન વિદ્યા છે; દ્વિતીય પદની આત્મરક્ષા, જેને આપણે ગુજરાન, મેળવવું કહીએ છીએ તેને માટે ઘણુંજ કિમતી જ્ઞાન વિદ્યા છે; જનક-જનનીનો ધર્મ બરાબર અદા કરવાને યોગ્ય રસ્તો બતાવનાર માત્ર વિદ્યા છે; ભૂત અને વર્તમાન પ્રજાનું જીવતર, જેના વિના દરેક નાગરિક પોતાનું વર્તન બરાબર નિયમિત કરી શકતો નથી, તેનો અર્થ સમજવાને માટે અનિવાર્ય કુંચી વિદ્યા છે; હુન્નરની સઘળી શાખાઓમાં ઘણીજ સર્વાંગ શુદ્ધ કૃતિ અને શ્રેષ્ઠ આનંદને માટે અગત્યની તૈયારી

---

૧. ઇંગ્રેજ પ્રાચીન તત્વજ્ઞાન ગ્રંથકાર ૧૮૨૦.

પણ વિદ્યા છે; તથા બુદ્ધ, નીતિ, અને ધર્મસંબંધી સુધારાનાં કામોને માટે ઘણોજ અસરકારક અભ્યાસ પણ વિદ્યા છે.

यदिच्छसि वशीकर्तुं जगदेकेन कर्मणा ।
उपास्यतां सर्वदात्री विद्याकल्पलता भुवि ॥

"જો એકજ કર્મથી બધા જગત્‌ને વશ કરવાને ઈચ્છતો હો તો આ જગતમાં સર્વ વસ્તુ આપનારી વિદ્યારૂપ કલ્પલતાની ઉપાસના કરે."

ડૉક્ટર **ફ્રિચ્ચ**[1] કહે છે કે,–"જ્યારે હું મારી ગયેલી જીંદગીપર નજર કરૂં છું અને શાળા–મહાશાળામાં કાઢેલા લાંબા દિવસોનો વિચાર કરૂં છું, ત્યારે હું સારી રીતિએ જાણું છું કે, ઇતિહાસની ખરી વાત, ગણિતશાસ્ત્રની રીત, વ્યાકરણનો નિયમ, કવિતાની રસીલી અને આનંદકારક કડી, રસાયનશાસ્ત્રનાં સત્ય, જે આજ સુધીમાં હું શીખ્યો છું, તેમાં એકે એવું નથી, કે જે અતિશય અણધાર્યું મારા વિચારમાર્ગમાં વારંવાર આવી ખડું થયું ન હોય; અને મેં આજ સુધી માન્યું છે, તેના કરતાં વધારે ઉપયોગી નીવડ્યું ન હોય. જે ચોપડીઓ હું વાંચું છું તેમને, તેમજ મારા ફરતા જે બનાવો બને છે તેના હેવાલને, વધારે સારી રીતિએ સમજવાને, અને જીવતરના આખા દેખાવને વધારે મોટો અને રમુજી બનાવવાને તેઓએ મને પૂર્ણ મદદ કરી છે.

છેવટે હું **ડીન સ્ટૅનલિનું**[2] કહેવું લખુંછું. તે કહે છે કે, "સત્યનો ચોખ્ખો પ્યાર કેટલો બધો અસાધારણ તો પણ હિતકારક છે? તેના ગુણ આપણે એકદમ દેખતા નથી. સત્ય વાત શું છે, તેના નિષ્કપટી ભાવથી જ શોધમાં ઉતરવા લલચાયેલા વિદ્વાન માણસોના શોધોથી દુનિયાને કેટલું બહોળું સુખ થયું છે, તે કદાચ અત્યારના અથવા તેની પછીના જમાના સુધી આપણા જાણવામાં આવતું નથી.

---

૧. અમેરિકન શોધક ૧૭૪૩-૧૭૯૮.
૨. ઇંગ્રેજ પાદરી અને ગ્રંથકાર ૧૮૧૫.

ત્યારે સૉલૉમનને કેહેવામાં કંઈ હરકત નથી કે,-"ડાહ્યા માણસ બહુશ્રુત થશે અને વિદ્યા વધારશે."

કોઈ બોધ ભાગ્યે જ એવો હોય છે, કે જે ઉપયોગમાં ન આવે; કોઈ ચીજ ભાગ્યે જ એવી હોય છે, કે એક વખત પણ જોવાને લાયક ન હોય. ખરી રીતિએ જોતાં ચીજો નાની નથી, માત્ર મન નાનાં છે.

"પૅટ્રિઆર્ક કુલપતિ-વડીલના સ્વપ્નાની ગૂઢ નિસરણી જેવું જ્ઞાન છે. તેનો પાયો મૂળ પૃથ્વીઉપર રહેલો છે. તેની ટોચ ભપકાદાર છાયામાં અદૃશ્ય થાય છે; અને અસલના જમાનાના મોટા ગ્રંથકારો જેણે અસલના વખતથી રસાયણશાસ્ત્ર અને તત્વજ્ઞાન, કાવ્યશકિત અને ડહાપણની સાંકળો તેમના હાથમાં રાખી છે, તેઓ આસ્તેથી ઉપર ચડતા અને ઉતરતા, અને પૃથ્વી અને સ્વર્ગની વચ્ચે વહેવાર જારી રાખતા ફીરસ્તા હોય એમ છે."

તો પણ ઘણી બાબતમાં મોટી શોધોના કરનારા અપ્રસિદ્ધ રહ્યા છે, તે દિલગીરી ભરેલું છે. તેમની ખાતર દિલગીરી ભરેલું છે એમ નથી, પણ આપણે તેમને આભારથી સ્મરણમાં રાખવા જોઈએ, તે નથી બન્યું, તેને માટે દિલગીરી ભરેલું છે. મોટા શોધકોએ ભાગ્યે જ પોતાની કે કીર્ત્તિની ખાતર શ્રમ કરેલો છે.

"અથાગ ખંતથી સત્યની તેઓએ શોધ કીધી;
આનંદ વગરને માર્ગે તેઓ પ્રવર્ત્યા;
કીર્ત્તિ અથવા અપકીર્ત્તિની દરકાર વગર તેઓએ કામ કર્યું;
અને પરિણામને માટે પરમેશ્વરપર આધાર રાખ્યો.
પણ જો કે તેઓનાં નામ કોઈ કવિએ
અમર કવિતા અથવા વાર્તામાં જોડ્યાં નથી,
તોપણ તેઓની નોંધ પરલોકમાં ઈશ્વરને ઘેર લેવાયેલી છે;
તેઓના વિજયના હાર કીર્તિના મુગટો છે."

જીંદગીના ઉપભોગને માટે, તમારા અભ્યાસમાં લક્ષ અને

ખંત ઘણાં જરૂરનાં છે તમે જે કરતા હશો તેમાં જો તમે અર્ધું દીલ આપશો, તો તેમાં તમને બમણી મહેનત પડશે.

જો કે સ્કૂલ (નિશાળ) એ શબ્દનો મૂળ અર્થ આરામ અથવા આનંદ (નવરાશ) હતો, તો પણ બુદ્ધિના આનંદે મનુષ્યજાતિના સુખમાં કેટલો થોડો વધારો કીધો છે એ વિચાર કરવો એ દિલગીરી ભરેલું છે. મિસ્ટર જે. મૉર્લે[1] કહે છે કે,–"સુખ અને ધર્મ બંનેને માટે આપણે ડાહ્યા વિચાર અને વ્યાજબી લાગણાથી રહેવાની ટેવ પાડવી જોઈએ તે ઘણુંજ અગત્યનું છે."

માણસનું મગજ.

"વિચારનો ઘુમટ અને આત્માનો મહેલ" હોવો જોઈએ.

ડૉન[2] કહે છે કે–

"આપણે માત્ર આપણી જાતના ખેડુત છઇએ,
તો પણ જો આપણી જાતને બંધ લઈ આબાદ રાખીએ,
તો કર દેવાના મોટા દિવસને માટે, સારો ખજાનો એકઠો કરીએ."

અસ્તિત્વ માનનારાઓના સ્વીકૃત મત કે જેમાં ઘણું છે તેની સાથે હું સંમત્ત થતો નથી, પણ તેઓનો આ પ્રમાણે ઉમદા મુદ્રાલેખ છે."

"આધારભૂત નિયમોનો પ્યાર, સ્થાપનાની વ્યવસ્થા, અને તમારા ઉદ્દેશને માટે સંવર્ધન."

ઍમર્સન કહે છે કે,–એવા ઘણા "ભોળા માણસો છે કે જેઓ પોતાના બાપ દાદાના કહેવા પ્રમાણે ઈશ્વરની સ્તુતિ કરે છે, પણ (ફરજની બુજ કરવામાં તેઓની સઘળી શક્તિઓનો ઉપયોગ કરતા નથી.)"

માણસ દરેક વસ્તુનું માપ પોતાથીજ કરે છે. સૌથી મોટા પર્વતની ઉંચાઈ અને સમુદ્રની ઉંડાઈ કેટલા ફીટ છે તે, અને

૧. ઈંગ્રેજ ધર્મગુરૂ ૧૫૯૭-૧૬૮૪.
૨. ઈંગ્રેજ પાદરી અને કવિ ૧૫૭૩-૧૬૩૧.

અંકગણિતનાં ચિન્હોનું આપણું ધોરણ પણ, આપણી આંગળીઓની સંખ્યાપર સ્થપાએલું છે. આમ છે તો પણ આપણે કેવાં કંગાળ પ્રાણી છઈએ અને કેવાંમોટાં પ્રાણી થઈએ?

પાસ્કલ કહે છે કે,-એક માણસ એ "એક વિચાર કરતી ચીજ એટલે કે શંકા અને નિશ્ચય કરતી ચીજ, નિષેધ અને સ્વીકારદર્શક ચીજ છે, જેની સમજ અતિઅલ્પ છે, જે અતિ અજ્ઞાની અને તૃષિત છે અને બહુ શ્રમ કરવાને ખુંશી નથી, વળી તે બંહુ તુરંગમાં ચડે છે અને તેને ઘણી લાગણી થાય છે."

તે બીજી જગ્યાએ કહે છે કે,-માણસ "માત્ર એક તૃણરૂપ છે જે દુનિયામાં સૌથી નબળી વસ્તુ છે, પણ તે એવું તૃણ છે કે જેને વિચારશક્તિ છે. તેને ચગદીનાખવા કુદરતને કાંઈ હથિયાર બાંધી સજ થવું પડતું નથી. એક શ્વાસ અથવા પાણીનું ટીપું તેનો નાશ કરવાને બસ છે. પણ કુદરત તેને ચગદી નાખતી હોય તો પણ માણસ કુદરત કરતાં ઉત્તમ છે, કારણ કે માણસ પોતાનું મૃત્યુ આવે તેને જાણે છે અને કુદરત તેનાપર વિજય મેળવતાંપણ પોતાની શક્તિ જાણતી નથી."

માણસને પરિપૂર્ણ કરવાને કયા ગુણો જરૂરના છે? શાન્ત મગજ, શુદ્ધ અંતઃકરણ, પકવ વિચાર, અને આરોગ્ય શરીર. શાન્ત મગજ વગર આપણે ઉતાવળા નિર્ણય કરીએ છીએ. શુદ્ધ અંતઃકરણ વિના આપણે ખચિત સ્વાર્થી થઈએ છીએ, આરોગ્ય શરીરવિના આપણે કંઈ કરી શકતા નથી, અને પકવ વિચાર વગરની શ્રેષ્ઠ ધારણાઓ પણ વધારે નુકસાન કરે છે.

જો કોઈ મિત્રનાં વખાણ કરવાની આપણી ઈચ્છા થાય છે, તો આપણે કહીએ છીએ કે તે ખરો સદ્‌ગૃહસ્થ છે. થેકેરેએ પૂછ્યું, "સદ્‌ગૃહસ્થ થવું એટલે શું? તે શું પ્રમાણિક, નમ્ર, બહાદૂર, ડાહ્યાથવું તે છે? અને આ સઘળા ગુણો મેળવી તે મને દેખીતી રીતિએ વિવેકના આચારમાં આણવા તે છે? તે વિશેષ કહે છે કે, સદ્‌ગૃહસ્થ એ આપણામાંના કેટલાક ધારે છે

તેનાથી કાંઈ અસાધારણ વસ્તુ છે." રાજાઓ ઈલ્કાબો આપી શકે, પણ સદ્‌ગૃહસ્થ બનાવી શકતા નથી. તો પણ જો આપણી મરજી હોય તો આપણ સઘળા સદ્‌ગૃહસ્થ થઈ શકીએ.

મુખ્ય ધર્માધ્યક્ષનો સહાયકારી **ફારર**[1] કહે છે,—"જેનું શરીર મિતાહાર, મિતપાન, અને પવિત્રતાથી પુષ્ટિકારક આરોગ્યતામાં રહેલું હોય, જેનું મન અનુભવ અને પોતાના જાતિભાઈઓએ દર્શાવેલા ઉમદા વિચારોથી મળેલા ડહાપણના શ્રીમંત ભંડાર હોય, જેની કલ્પના સઘળી શુદ્ધ અને સુંદર ચીજોનું ચિત્રાલય હોય, જેનું અંતઃકરણ પોતાપર, પ્રભુપર, અને સઘળી દુનિયાપર, વિશ્વાસુ હોય, અને જેનો આત્મા મહાત્માને વસવાને યોગ્ય દેવાલય જેવો લાગતો હોય, તેવો માણસ, મનુષ્ય જીંદગીમાં દુર્લભ, એવી પરિપૂર્ણતાની લગભગ પહોંચે છે."

જૉન સ્ટુઅર્ટ મિલ[2] કહે છે કે,—જાત કેળવણીની ખરી રીત એ છે કે,—"સઘળી ચીજની પરપુછ કરવી; કોઈ મુશ્કેલીથી પાછા હઠવું નહિ. નિષેધ વિચારથી સખ્ત બારીક તપાસ વગર આપણો પોતાનો અથવા બીજા લોકોનો કોઈ પણ મત સ્વીકારવો નહિ. કોઈ વિચારનો અસંબંધ, ભ્રમ અથવા ગભરાટ અજાણતાં પેસવા દેવો નહિ. સઘળા કરતાં કોઈ પણ શબ્દ વાપરતાં પહેલાં અને કોઈ પણ સિદ્ધાંત કબૂલ કરતાં પહેલાં તેનો અર્થ શુદ્ધ રીતિએ સમજવાનો આગ્રહ રાખવો; અને અમે લઈએ છીએ તે આવો બોધ છે" અને એ બોધ આપણે સૌએ લેવો જોઈએ.

કેળવણીની શરૂઆતની સ્થિતિમાં કંઈ નહી તો પણ સઘળાં માણસો સરખાં હોય; દરજ્જો કે દોલત બેમાંથી એકે કંઈ યથાર્થ લાભ આપતાં નથી. **સર ડબ્લ્યુ. જોન્સ**[3] પોતાના વિષે

---

૧. અમેરિકન ગણિતશાસ્ત્રી અને લેખક ૧૭૭૯-૧૮૫૩.

૨. ઇંગ્રેજ તત્વવેત્તા અને રાજ્યનીતિજ્ઞ ૧૮૦૬.

૩. ઇંગ્રેજ ગણિતશાસ્ત્રી સર ઐસાક ન્યૂટનનો ઓળખાણવાળો ૧૬૮૦-૧૭૪૯.

કહ્યું છે કે મારી ગામડીઆની સ્થિતિ હતી, તો પણ મેં શાહાજદાના જેવી કેળવણી લીધી.

ઘણા વખત પહેલાં કોઈએ એવી ટીકા કરી હતી કે ભણતરને માટે કોઈ બાદશાહી રીત નથી.

"सुखार्थी त्यजते विद्यां विद्यार्थी त्यजते सुखम्।"

साहित्य.

અથવા કદાચ જરા વધારે સત્યતાથી કહી શકાય કે સઘળી રીતો બાદશાહી છે. અને તેનું ફળ કેટલું મોટું છે? કેળવણી દુનિયાના ઈતિહાસનું જ્ઞાન કરાવે છે; અને તેને સંવર્ધનનો પ્રકાશિત માર્ગ બતાવે છે; દુનિયાની વિદ્યાઓની બૂજ જાણવાને તે આપણને શક્તિમાન્ કરે છે; તે કુદરતનું પુસ્તક આપણી નજરે ખુલ્લું મૂકે છે, અને જ્યાં જ્યાં આપણે હોઈએ ત્યાં ત્યાં તે આનંદના મૂળ ઉત્પન્ન કરે છે.

"તે એવો માણસ હતો, કે જેમાં સર્વ રીતે સર્વ વસ્તુ
હતી, અને ફરીથી હું તેવો માણસ જોઈશ નહિ."

એમ જે આપણે માટે કહેવાની આશા આપણે ન રાખી શકતા હોઈએ તો.

"તેની જીંદગીમાં તેની શોભા નિત્ય નવનવીન છે."


એ હર કોઈ રીતિએ ખરૂં થાય, કારણ કે શું આપણા સઘળામાં અમર આશા નથી?

"सर्वं सर्वत्र नो भवेत्।"
"સઘળાં (સુખો) સઘળાંને ન મળે."

સઘળા દાખલાઓમાં જો કેળવણી ફતેહમંદ નીવડે નહિ તો તેમાં કેળવણીનો પોતાનો દોષ નથી, પણ જે જુસ્સાથી તેને ઘણીજ વખત લેવામાં આવે છે તે દોષક છે.

"કારણ કે માણસોને કોઈ કોઈ વખતે કુદરતી જીજ્ઞાસા અને શોધકવૃતિને માટે કોઈ કોઈ વખતે વૈચિત્ર્ય અને આનંદથી મનરંજન કરવાને માટે, કોઈ કોઈ વખતે ભૂષણ અને આબરૂને

માટે ભણતર અને જ્ઞાનની ઈચ્છા થયેલી છે; પણ મનુષ્ય જાતિના હિત અને ઊપયોગને મટ, તેમની વિચારશક્તિની બક્ષીસનો ખરા અંતઃકરણથી લાભ આપવાની ભાગ્યેજ ઈચ્છા થએલી છે. એક શોધક અને અજંપી આત્માને આરામ આપનાર પલંગ, અથવા ભટકતા અને અસ્થિર મનને સારી આશામાં આમ તેમ ફરવાને માટે અગાશી અથવા મગરૂર મનોવૃત્તિને શાન્તિ આપવાને કોઈ ભપકાદાર મિનારો, અથવા કજીઆ અને ટંટાને માટે કિલ્લો કે કોઈ તેવી રક્ષણ આપતી જગ્યા, અથવા લાભ અથવા વકરાને માટે જાણે કે તેઓ જ્ઞાનમાં દુકાન શોધતા હોય એમ જણાય છે, અને પરમેશ્વરનો મહિમા અને મનુષ્યજાતિની સ્થિતિ સુધારવાનો શ્રીમંત ભંડાર શોધતા જણાતા નથી.



પ્રકરણ ૮ મું.

પુસ્તકાલયો.

" संग्रहो निग्रहो नैव कर्तव्यः शुभमिच्छता ।
कर्तव्यश्चेत्स ग्रन्थानामिन्द्रियाणां तथापरः ॥

" કલ્યાણની ઇચ્છાવાળા પુરૂષે સંગ્રહ અને નિગ્રહ કરવો નહિ, જો તે કરવો હોય તો પુસ્તકોનો સંગ્રહ કરવો અને ઇંદ્રિયોનો નિગ્રહ કરવો. "

ડરહંમનો **ધર્માધ્યક્ષ રિચર્ડ ડી બરિ**[1] એક મહાન ઈંગ્રેજ પાંચસો કરતાં વધારે વર્ષ પહેલાં પુસ્તકોની પ્રશંસા કરતાં સારી રીતિએ કહી ગયો છે કે,–" તેઓ એવા શિક્ષકો છે કે, તેઓ સોટી, કડીવાળી લાકડી, ઠપકા વા ગુસ્સા સિવાય, કપડાં અથવા પૈસા સિવાય શિક્ષણ આપે છે. તેમની પાસે જાઓ તો તેઓ જાગૃત હોય છે. જો તપાસતાં તમે તેમને પ્રશ્ન પૂછો તો તેઓ તમારાથી કંઇ છુપાવતા નથી. જો તમે તેમનો ઉંધો અર્થ કરો, તો તેઓ કોઈ દિવસ બબડતા નથી, જો તમે અજ્ઞાન હો, તો તેઓ તમારી હાંસી કરી શકતા નથી. તેટલા માટે, ડહાપણથી ભરપૂર પુસ્તકશાળા સઘળી દોલત કરતાં વધારે કિમતી છે, અને બીજી કોઈ પણ ઇચ્છવાલાયક વસ્તુ તેની સાથે તુલના કરવા યોગ્ય નથી. આ કારણથી જે કોઈ મનુષ્ય પોતાને સત્યનો, સુખનો, ડહાપણનો, વિદ્યાનો, અથવા વિશ્વાસનો પણ ખંતીલો અનુયાયી માનતો હોય તો તેણે પુસ્તકોનો ભક્ત જરૂર થવું જોઈએ.

અને જો એટલા બધા વખત પહેલાં પણ તેનું કહેલું સત્ય હોય તો તે બાબતપર આપણે કેટલું બધું વધારે કહી શકીએ

---

૧ ઇંગ્રેજ સાધુ અને ઇતિહાસકર્તા. આશરે ૧૩૫૦ માં હતો.

તેના કરતાં આપણી સ્થિતિ કેટલી બધી વધારે સારી છે તેનો આપણે હમણાં વિચાર કરીએ. પહેલવહેલાં તો, છાપવાની કળાવિષે કાંઈ ન બોલીએ, તો પણ પુસ્તકો કેટલાં બધાં સસ્તાં છે. થોડા **બીઅર** અથવા તમાકુની એક બે ભૂંગળીની જેટલી કિંમત બેસે તેટલી કિંમતથી એકમાસ સુધી વાચવાનું ચાલે તેટલું ખરીદી શકાય છે; એથી ઉલટું, તે વખતમાં પુસ્તકો ઘણાં મોંઘાં હતાં.

વળી આપણાં પુસ્તકો નાનાં અને સુગમ છે, અને તેઓનાં તો ઝાલવામાં અથવા વાંચવામાં ભારે સલ, મોટાં અને બેહૂદળાં હતાં. વળી આપણાં વિદ્વત્તાવાળાં ઘણાં પુસ્તકો વાંચવામાં સહેલાં છે. વધારે અગત્યની વાત તો એ છે કે, **ડી બરિને** જે સૌથી રમુજી પુસ્તકો લભ્ય હતાં તેના કરતાં આપણે બીજાં ઘણાં વધારે છે. અસલનું ભાષાજ્ઞાન જે ખોવાયું હતું તે પાછું જડયું છે. હરકોઈ કહી શકે કે તે વખતમાં નવલકથાનું તો કોઈ નામે જાણતું ન હોતું. કવિતા વિષે બોલીએ તો, હાલના ગ્રંથકારો એક બાજુએ રાખતાં **શેક્સપીઅર** અથવા **મિલ્ટન**, **સ્કૉટ** અથવા **બાઈરન**ની પહેલાં તે થઈ ગયો છે. **કૅપ્ટન કૂક**,[1] **ડાર્વિન**, **હમ્બોલ્ટ** અને બીજા ઘણા મોટા મુસાફરો અને શોધકોના પ્રવાસો હાલ આપણી પાસે છે. વિદ્યામાં રસાયનશાસ્ત્ર અને ભૂસ્તરશાસ્ત્ર સ્થાપિત થયાં છે અને શોધોના સંવર્ધને બીજાં બધાં શાસ્ત્રો સૃષ્ટિજન્ય પદાર્થ વર્ણન, ખગોળ, ભૂગોળ ઈત્યાદિને ખરેખર વિશેષ રમુજી કર્યાં છે.

સ્કૉપેન હૉરે કહ્યું છે, જો કે વિદ્યાએ મને કાંઈ કમાણી કરી દીધી નથી, તો પણ તેણે મને ઘણા ખર્ચમાંથી બચાવ્યો છે. એક પ્રજા તરીકે આપણે આભારથી કબુલ કરવું જોઈએ કે વિદ્યાએ જૂદે જૂદે રસ્તે આપણું ખર્ચ ઘટાડયું છે એટલુંજ નહીં, પણ આપણી આવક ઘણી વધારી છે. નિશાળો, પુસ્તકા-

૧. પ્રખ્યાત ઇંગ્રેજ વહાણવટી. તેણે સમુદ્રપર ઘણી લાંબી અને મોટી સફરો કરી ઘણી શોધો કીધી હતી. તેની ત્રીજી અને છેલ્લી સફરમાં કોઈ (હાવાઈ) ટાપુના દેશીઓએ કજીઆની અંદર કતલ કીધો. ૧૭૨૮-૧૭૭૯.

લયો, અને સંગ્રહસ્થાનોમાં વપરાતો પૈસો એ ખર્ચ નથી, પણ થાપણ છે. નિશાળો અને લોકોપયોગી પુસ્તકાલયો આપણને ખર્ચમાંથી બચાવે છે, તેટલા માટે નહિ, પણ આપણા જાતિ નાગરીકોના જીવિતને સુધારી પ્રકાશમાં લાવવાને આટલું બધું કરે છે, તેટલા માટે આપણે તેમની ભલામણ કરીએ છીએ. ઘણા ગરીબ માણસોનું જીવતર થોડુંજ આનંદદાયક હોય છે.

આવતા જમાનામાં શિલ્પીઓ કે કારીગરો વાચક વર્ગનો મોટો ભાગ બનશે, એવો મત આપવાને માંટે મારી ઘણીવાર હાસ્યસહિત મશ્કરી થઈ છે.

પણ લોકોપયોગી પુસ્તકશાળાઓનો જથ્થુ વધારો શું મારા કહેવાને ટેકો નથી આપતો? જાહેર પુસ્તકશાળા ખોલી શકાય તે પહેલાં લોકોનો મત લેવો જોઈએ. અને આપણે જાણીએ છીએ કે પાદરીઓ અને વકીલો, વિદ્વાનો અને વેપારીઓ મત આપનારામાં માત્ર જુજ જ હોય છે. જાહેર પુસ્તકાલયો એ કારીગરો અને નાના દુકાનદારોથી સ્થાપવામાં આવે છે, અને તેમનો વિશેષ ઉપયોગ પણ તેઓજ કરે છે. આપણા શહેરોમાં ધંધાર્થી લોકોને પુસ્તકોની ખાસ જરૂર છે, તેઓની જીંદગી એકસરખી છે; જંગલી માણસનું જીવતર વધારે નાના પ્રકારનું છે; દરેક મહિને તેને તાજો ધંધો મળે છે, અને ખોરાકમાં કંઈક ફેરફાર થાય છે. તેને પોતાનાં હથિઆર તૈયાર કરવા અને પોતાનું ઘર બાંધવું જોઈએ. અગ્નિ પ્રગટ કરવો, જે હમણાં સહેલું છે, તેપણ તેને મહેનત અને ચતુરાઇનું કામ લાગે છે. ખેતીની મહેનતમાં તેને ઘણી ચીજો વાપરવી પડે છે. તે ખેડે છે, અને વાવે છે, વાઢે છે અને લણે છે. એક ઋતુમાં રોપે છે, અને બીજી ઋતુમાં ધારિયું અને કુહાડો વાપરે છે. ઘેટાં, કુક્કર, અને ગાયોની તે સંભાળ રાખે છે.

હળ હાકવું, વાડ કરવી અથવા પૂળા વાળવા એ દેખીતું લાગે છે, તેવું કોઈ રીતિએ સહેલું કામ નથી. ઉવર્ડઝ ઉવર્થ વિષે એમ કહેવાય છે કે એક પ્રસંગે એક અજાણ્યા માણસે

તેનું અભ્યાસગૃહ જોવા માગ્યું, ત્યારે તેને દાશીએ કહ્યું: "આ તો શેઠની બેઠક છે, પણ અભ્યાસ તો તે ખેતરોમાં કરે છે." ખેતીકાર ખેતરોમાં ઘણું શીખે છે. આપણે માનીએ છીએ તેના કરતાં તે વધારે જાણે છે. તે ખેતરનું જ્ઞાન છે,-ચોપડીઓનું જ્ઞાન, જેના જેવું તેને માટે બીજું કંઈ ખરાબ ન હોય-તે નથી.

પણ જે માણસ દુકાનમાં અથવા કારખાનામાં કામ કરે છે તેની જીંદગી ઘણી એકસરખી હોય છે. તેને વર્ષના આ છેડાથી બીજા છેડા સુધી એકજ ક્રમ અથવા એકજ ક્રમના એકજ ભાગમાં ખંડાવું પડે છે. બેશક ચમત્કારિક કરતાં જરા ઉતરે તેવી ચતુરાઈ તે મેળવે છે, પણ તેથી ઉલટું, તે જુજ બાબતમાં હોય છે. જો એક સજીવન યંત્ર જેવુંજ પોતાને રહેવું ન હોય તો તેણે સાધારણ રીતિએ અને કેટલાક દાખલામાં માત્ર મળી શકે એવાં વૈચિત્ર્ય અને રમુજ પુસ્તકો વાંચી મેળવવાં જોઈએ. સુભાગ્યે હમણાં દુકાનો સિવાય બીજાં કામોમાં મહેનતના કલાકો ઓછા કરવાનું વલણ થયું છે, પણ ઓછું સંતોષકારક એ છે કે કોઈ કોઈ વખતે રોજગારની મંદી થઈ જાય છે. પરંતુ આ ઘણી નિવૃત્તિનો વખત સુસ્તીમાં જવો ન જોઈએ. નિવૃત્તિ સૌથી મોટું સુખ, સુસ્તી સૌથી મોટો શાપ છે. એમાં એક સુખનું મૂળ છે તેમ બીજું દુઃખનું મૂળ છે. ધારો કે કોઈ ગરીબ માણસને થોડા દિવસ કામ ન મળ્યું, તો તે શું કરશે! તેનો વખત તે કેવી રીતિએ કાઢશે? જો તે કોઈ પુસ્તકશાળામાં જઈ શકે તેમ હોય, તો તેનો વખત નકામો ગયો ગણાય નહિ.

"निवृत्तिः सुखहेतुः स्यात् प्रमादो दुःखमूलकः।"

प्रयोगरत्न.

આપણાં છોકરાંઓને કેળવણી આપવાનું કારણ સામાન્ય રીતિએ આપણ મોટાઓને પણ લાગુ પડે છે. હાલમાં આખા દેશમાં ઉત્તમ પ્રાથમિક શાળાઓ સ્થપાયેલી છે. છોકરાંઓને કેળવણી આપવાને બને તેટલું આપણે કરીએ છીએ. તેમને

વાંચતાં શીખવીએ છીએ, અને તેમનામાં વાંચનનો પ્યાર ઉત્પન્ન કરવાની કોશીશ કરીએ છીએ. આ આપણે શા માટે કરીએ છીએ? કારણ કે સારી રીતિએ યોગ્ય થયા સિવાય કોઈ અભ્યાસ કરી શકતું નથી, અને વળી તેથી માણસ ઉત્તમ કારીગર બને છે, અને કારીગર, ઉત્તમ માણસ બને છે. પણ કેળવણી કોઈ દિવસ અટકવી જોઈયે નહી. પુખ્ત વયના માણસોની પુસ્તકશાળા એ નિશાળ છે. કહેવાય છે કે **આલફ્રેડ**[1] રાજા જ્યારે બાળક હતો ત્યારે એક ચોપડી લેવાનું તેનું ઘણુંજ મન થયું. તેની માએ કહ્યું કે, "જ્યારે તું વાંચી શકશે, ત્યારે તને ચોપડી મળશે." તે ઉદ્દેશથી તેણે તે મેળવી હતી. આપણાં છોકરાંઓ વાચતાં શીખ્યાં છે, તો શું ચોપડીઓપર તેમનો પણ તેવોજ હક નથી? સામાન્ય સ્વામિત્વઈચ્છક મંડળની અસર તેના વાદી વકકી રાખે છે, તેવી થાય એમ જેઓ ધારતા હોય, તેમાંના ઘણા પણ સામાન્ય રીતિએ તે મતધારક ન હોય તો પણ તેવા-થાય. સામાન્ય રીતિએ તે મંડળ "મનુષ્યોની સૌથી મોટી સંખ્યાનું સૌથી સારૂં કરશે એમ અમે માનતા નથી, તેથી અમે તે મતમાં સમ્મત નથી, કારણ કે તેમાં અમને ઘણી મુશ્કેલી લાગે છે. તેમાં જેવી મુશ્કેલી લાગે છે તેવી આ પુસ્તકો વિષે લાગતી નથી. એવું કહેવાય છે કે એક ગરીબ સ્ત્રીએ સમુદ્રને જ્યારે પહેલવહેલો જોયો ત્યારે તે ખુશી થઈને બોલી કે "જેમાં સર્વને માટે પૂરતું જોવાનું છે, તેમાંથી થોડું જોવું એ પણ મહત્કાર્ય છે."

"यद्यस्ति चेद्ग्रंथविमर्शभाग्यं किं तस्य शुष्कैश्चपलाविनोदैः।"

---

૧. ઇંગ્લન્ડનો રાજા. તેણે ડેઈન્સ લોકોના હુમલામાંથી ઇંગ્લન્ડને છુટું કર્યું—એવું કહેવાય છે. ડેઈન્સ લોકોની છાવણીમાં તે સારંગીવાળાને વેષે દાખલ થયો અને તેમની સઘળી ચર્ચા જોઈ લીધી અને છુપી રીતિએ લશ્કર એકઠું કરી તેમને ૮૭૮ માં સખ્ત રીતિએ હરાવ્યા. ત્યારપછીના પણ બે ત્રણ હુમલાઓને પાછા હઠાવી તેણે દેશમાં સુખશાન્તિ વર્તાવી. તે ૫૬ લડાઇઓ લડ્યો હતો એમ કહેવાય છે. દેશમાં સર્વ સુધારા કર્યા અને તે મહાન આલ્ફ્રેડના નામથી ઓળખાય છે ૮૪૯-૯૦૧.

ભાવાર્થ—જેના ભાગ્યમાં સારા સારા ગ્રંથો વિચારવા મળે છે તેને ચપળ લક્ષ્મીના શુષ્ક વિનોદ શા કામના છે?

હવે ત્યારે દરેકને માટે પુસ્તકો પુષ્કળ છે અને શ્રેષ્ઠ પુસ્તકો સૌથી સોઘાં છે. વાંચન એ એક એવી મજા છે કે દોલત તેના જેવો ફાયદો ભાગ્યેજ આપે છે. આ બાબત બીજી કોઈ ચીજોને લાગુ પડતી નથી. આપણ જેઓ ધંધાની મુંઝવણમાં પડેલા છઇએ તેઓ જેટલું હોય તેના કરતાં જરા વધારે ઈચ્છતા જણાઈએ છીએ, પણ આપણે શક્ય રીતિએ ઉપયોગમાં લાવી શકીએ તેના કરતાં વધારે આપણા ઉપર પુસ્તકો-દ્વારા નસીબ વરસાવે છે.

કેળવણી આખી જીંદગી સુધી ચાલવી જોઇએ, અને આપણાં છોકરાંઓની કેળવણી માત્ર વ્યાકરણ અને ગણિતનાજ વિષયોની હોવી ન જોઈએ, પણ તેમાં હાથ અને આંખનું થોડું શિક્ષણ આવવું જોઈએ, એમ આપણને બુજ થવા માંડી છે; એમ બીજી રીતિએ મોટી વયનાં સ્ત્રીપુરૂષોએ હાથનાં અર્થોત્પાદક કામમાં તદ્દન મંડયા રહેવું જોઇએ નહિ, પણ જ્ઞાન સંપાદન કરવામાં અને પોતાનાં મન સુધારવામાં થોડા વખત ગાળવો જોઈએ; વળી દરેકે માનવજાતિના જ્ઞાનસંગ્રહમાં જરા વૃદ્ધિ શા માટે ન કરવી જોઈએ? તેનું જીવતર ગમે તેવું ગરીબ હોય, તો પણ તે તેમ કરી શકે. હસ્તકાર્યના ગૌરવની કદર હજુસુધી આપણને આવી નથી, અને રસાયણ વિદ્યા એક માત્ર ગોટાળો છે, તત્વવેત્તાઓ અને બુદ્ધિમાન માણસો અને જેઓને ખર્ચાળ યંત્રસામગ્રી ખરીદવાનાં સાધનો છે, તેમને માટેજ માત્ર તે બધું ઠીક છે, એમ સામાન્ય માન્યતા હોય એમ લાગે છે. આ દેખીતી ભૂલ છે. આપણી પ્રજાની ચડતીને માટે આપણે કોના આભારી છીએ? બેશક થોડા ઘણા ડાહ્યા રાજા અને રાજ્યદ્વારી માણસોના; થોડા ઘણા આપણા બહાદૂર લશ્કર અને નૌકાના, થોડા ઘણા શોધકો, કે જેમણે આપણા વિદેશી રાજ્યનો રસ્તો તૈયાર કર્યો તેમના, થોડા ઘણા વિદ્વાનોના અને

તત્ત્વવેત્તાઓના, પણ તેઓએ જે સઘળું સંપાદન કર્યું છે તેનું આભારયુક્ત સ્મરણ કરતાં, બ્રિટિશ કારીગરવર્ગે પોતાના મજબૂત દક્ષિણ બાહુથી જે સઘળું કર્યું છે, તે સિવાય, પોતાના મગજથી પણ ઘણો ફાયદો કર્યો છે, તે આપણે ભૂલી જવું ન જોઈએ.

ઉવૉટ યાંત્રિક વિદ્યા જાણનારો હતો; હેન્રિકૉર્ટ, જેના હુન્નર કિસબ સુધારાએ સમગ્ર પ્રજાઋણ કરતાં વધારે રકમનો ઇંગ્લન્ડની દોલતમાં વધારો કર્યો કહેવાય છે, તે એક ઈંટારાનો દીકરો હતો. પોલાદનો શોધક હન્ટસમૅન ઘડીયાળી હતો; ક્રૉમ્પટન વણકર હતો; ઉવેજ ઉવુડ કુંભાર હતો; બ્રિન્ડલે, ટેલફર્ડ, મુશેટ, અને નીલ્સન કારીગરો હતા; જ્યૉર્જ સ્ટીફનસને એ પેન્સના રોજથી ગાયો ચારવી શરૂ કરી હતી અને અઢાર વર્ષનો થયો ત્યાંસુધી વાંચતાં આવડતું ન હતું. ડેલ્ટન વણકરનો દીકરો હતો, અને ફૅરૅડે, અને ન્યુકોમેન લુહારના દીકરા હતા; આર્કરાઈટ શરૂઆતમાં હજામ હતો, સર હમ્ફ્રિ ડેવિ એક ગાંધીનો ઉમેદવાર હતો, બૉલ્ટન, "બર્મિંહૅમનો પિતા" બોરિયાં બનાવનારનો દીકરો હતો અને ઉવૉટ સુતારનો દીકરો હતો. આ અને આવા બીજા માણસોનું આભારરૂપ ઋણ જગતને માથે છે. આપણા સરદારો અને રાજદ્વારી માણસો જેટલુંજ આપણે તેમને માટે અભિમાન રાખવું જોઈએ.

આપણે વારંવાર "સુધરેલી પ્રજાઓ" વિષે સાંભળીએ છીએ, અને બેશક કેટલીએક પ્રજાઓ બીજીઓ કરતાં વધારે સુધરેલી છે, પણ હજુ સુધી કોઈ પણ દેશ તે ઉપમાને યથાર્થ યોગ્ય થયો નથી. આપણા મુલકનો ખરો સુધારો કરવાને આપણે પ્રયત્ન કરવો જોઈએ અને પુસ્તકાલયોનું સ્થાપન, એ ખરા રસ્તાનું એક ચોકસ આગળ પગલું છે.

જ્યારે દરેક ઘરનો મત લેવાનો ઠરાવ થયો, ત્યારે લૉર્ડ શર્બ્રુકે ટીકા કીધી કે, આપણે આપણા શિક્ષકોને કેળવણી

આપવી જોઈએ, પણ પોતે કેળવણી લેવાને શક્તિમાન થવું એ હજુ એથી વધારે અગત્યનું છે.

એવા ઘણા માણસો છે કે જેઓને જન્મથીજ જીંદગાનીને માટે સખ્ત મજુરીની શિક્ષા થયેલી છે. પણ તે ઉપરથી એમ સિદ્ધ નથી કે તેટલા માટે તેઓની જીંદગી, દુઃખી અથવા નિરસ હોવી જોઈએ. જો તેઓની જીંદગીમાં માત્ર થોડીજ ગમ્મત અને જુજ વૈચિત્ર્ય હોય, તો તેમને વધારે ઈચ્છવા લાયક એ છે કે તેઓએ સારાં પુસ્તકો મેળવવાં.

આપણા સૌથી વિદ્વાન માણસોમાંના એક, **સર જૉન હરશેલે** કહ્યું છે કે,–"જો કોઈ પણ જાતનો શોખ મળવા હું પ્રાર્થના કરૂં તો સ્થિતિના દરેક અન્તરમાં મારા વિષે રહે, આખા જન્મારામાં સુખ અને આનંદનું મૂળ થાય, અને દુઃખનું નિવારણ કરે, એવો વાંચનનો શોખ ઇચ્છું; પછી મારૂં ગમે તેવું બુરૂં થાય, અથવા દુનિયા ગમે તેવી કરડી નજર કરે તો પણ હું તેજ માગું. કોઈ માણસમાં આ શોખ ઉત્પન્ન કરો, અને તેને સંતુષ્ટ કરવાનાં સાધન આપો. ખરેખર ઘણોજ કંટાળો ઉપજાવનારી ચોપડીઓ જો તે માણસને નહિ આપો તો, તેને સુખી કરવામાં તમે ભાગ્યેજ નિષ્ફળ થશો. તવારિખના દરેક અરસાના શ્રેષ્ઠ જનમંડળ સાથે, સૌથી ડાહ્યા, હાસ્યજનક, નમ્ર, બહાદૂર અને શુદ્ધ આત્માઓ જે મનુષ્ય જાતિના અલંકાર થયા છે, તેમના સાથે તમે તેનો સમાગમ કરાવો છો. તમે તેને સર્વ પ્રજાનો વાસી અને સર્વ જમાનાનો સમકાલીન પુરૂષ બનાવો છો. દુનિયા તેને માટે સરજાયેલી છે."

પુસ્તકો જીવતાં મનુષ્યોજ છે. **મિલ્ટને** કહ્યું છે, "પુસ્તકોમાં તેના કર્તાની જીંદગીની સંતતિ હોય છે, તેના જેવીજ તે ચંચળ હોય છે." મોટા ગ્રંથકારો કોઈ પણ રીતિએ મૃત્યુ પામતા નથી.

"कीर्त्तिर्यस्य स जीवति."
જેનું પ્રતાપી મન
શ્રોતાના મનને ઉચ્ચ બનાવે છે;
આપણી પછવાડે જે રહે તેમનાં અંતઃકરણમાં
વાસ કરવો એ મરવું નથી."

અરબિનોના ડ્યુક, જેણે ત્યાંની મોટી પુસ્તકશાળા સ્થાપી હતી, તેણે દરેક પુસ્તકને રૂપેરી અક્ષરવાળા કિરમજી રંગથી બંધાવવું એવો નિયમ રાખ્યો હતો.

પુસ્તકો એ ગયા જમાનાનો એકત્ર કરેલો ખજાનો છે. **લૅમ્બ** કહેતો કે, ખાણા આગળ ઉપકાર માનવા કરતાં નવા પુસ્તક આગલ ઉપકાર માનવાનું વધારે પ્રયોજન છે.

વળી, દારૂ પીવામાં કેટલું બધું ગુમાવાય છે તે આપણે યાદ કરીએ છીએ, ત્યારે પુસ્તકોમાં અતિશય ખર્ચ કરીએ છીએ, એવો ખરેખર આપણાપર કોઈ દોષ મુકી શકશે નહિ.

આપણા કોઠાર સાથે સરખાવતાં આપણી પુસ્તકશાળાઓનું કેટલું જુજ ખર્ચ છે? મદ્યના એક સીસાના જેટલી કિમ્મતના પૈસા સૌથી સારાં પુસ્તક માટે આપવામાં ઘણા લોકો લાંબા વિચારમાં પડે છે; પબ્લિક હાઉસ (જાહેર લોકોપયોગી મકાન) વિષે જ્યારે આપણે બોલીએ છીએ, ત્યારે દારૂનાં પીઠાંનો ખ્યાલ આવે છે, એ વિચારવું જરા દિલગીરી ભરેલું છે; તો પણ, દારૂ પૂરો પાડવાને માટે નહિ, પણ પુસ્તકો પૂરાં પાડવાને સઘળી બાજુએ જાહેર મકાનો થતાં જાય છે તે જાણી હું આનંદ પામું છું.



પ્રકરણ ૯ મું.

વાંચન.

"सर्वज्ञतां यदि समिच्छसि सर्वमान्यां
सद्ग्रंथवाचनपरो भव पुत्र नित्यम्।"

नवीन.

ભાવાર્થઃ—હે પુત્ર! જો તારે સર્વમાન્ય અને સર્વજ્ઞ થવું હોય તો તું હમેશાં સારાં સારાં પુસ્તકો વાંચવામાં તત્પર થા.

જેમ માણસને સ્મરણશક્તિ છે, તેમ મનુષ્યજાતિને પુસ્તકો છે. આપણી જાતનો ઈતિહાસ, જે શોધો આપણે કરી છે તે, અને જમાનાઓનાં એકઠાં થયેલાં જ્ઞાન અને અનુભવ તેમાં હોય છે; કુદરતની નવાઈ અને સૌંદર્યનો તે આપણને ચિતાર આપે છે, મુશીબતમાં આપણને મદદ કરે છે, દિલગીરી અને દુઃખમાં દિલાસો આપે છે, ગ્લાનિના કલાકોને ખુશીના પળો બનાવે છે, આપણા મનને તર્ક આપે છે, સારા અને સુખ ઉપજાવે તેવા વિચારથી તેને ભરપૂર કરે છે, અને આપણી સ્થિતિનું ભાન ભૂલાવી આપણને ઉચ્ચ સ્થાને લઈ જાય છે.

પૂર્વ (એશિયા)ના બે માણસોની એક વાત છે, એક રાજા હતો, જે દરેક રાત્રે સ્વપ્નામાં ભીખારી થતો, બીજો ભીખારી હતો જે દરેક રાત્રે સ્વપ્નામાં રાજા થતો અને મહેલમાં રહેતો. રાજાને આમાં ઠીક પડ્યું હોય એમ મારી ખાત્રી નથી. કલ્પના અસ્તિત્વ કરતાં કોઈ કોઈ વખત વધારે આબેહુબ હોય છે. ગમે તેમ હો, તોપણ જ્યારે આપણે કાંઈ પુસ્તક વાંચતા હોઈએ ત્યારે જો આપણી મરજી હોય, તો આપણે રાજા થઈએ અને મહેલમાં રહીએ, એટલુંજ નહિ, પણ વધારે સારૂં એ છે કે થાક, અગવડ, અથવા ખર્ચ સિવાય

પર્વતોપર કે સમુદ્રને કિનારે જઇએ અને દુનિયાના ઘણા સુંદર ભાગોની મુલાકાત લઈએ.

ફ્લેચર[1] કહે છે,—

"મને મારી મેજે આનંદ કરવાની છુટ આપો.
મારા શ્રેષ્ઠ સોબતી મારાં પુસ્તકો જે જગ્યામાં છે
તે જગ્યા મારી કીર્ત્તિવાળી કચેરી છે, જ્યાં કલાકે કલાકે
હું અસલના સાધુઓ અને તત્વવેત્તાઓ સાથે વાતો કરૂં છું;
કોઈ વખતે મોપાટલાને માટે હું રાજા અને બાદશાહો
સાથે વાતો કરૂં છું, અને તેઓની સલાહોનો તોલ કરૂં છું;
તેઓની ફતેહો, જો અન્યાયથી મેળવેલી હોય તો,
તેની હું સખ્ત નિંદા કરૂં છું; અને તેમનાં ખોટાં ઉભાં કરેલાં
પુતળાંઓનું મારી મરજી મુજબ ખંડન કરૂં છું. ત્યારે શું ક્ષણિક
મોહમાં પડવાને હું આવા નિરંતર આનંદથી વછુટો પડીશ?
ના, દોલતના ગંજ વધારવાને તમો હાય વોય રાખો;
મારી સંભાળ તો હમેશાં જ્ઞાનની વૃદ્ધિ કરવામાં રહેશે."

પુસ્તકોની વારંવાર મિત્રો સાથે સરખામણી કરવામાં આવે છે. આપણા સૌથી સારા અને ચંચળ સજીવ સોબતીઓમાંથી ઘણાને વજ્ર હૃદયનું મૃત્યુ વારંવાર ઘસડી જાય છે. એથી ઉલટું પુસ્તકોરૂપી ખરાબ સોબતી કાળે કરીને નાશ પામે છે અને સારા શુદ્ધ થાય છે.

"ડાહ્યા ફિરસ્તાઓ કે સાધુઓ પોતાના પુસ્તકોથી બહાર
ધુળવત છે; અને પુસ્તકોમાં જાણે કે ફિરસ્તાઓની માફક.
તેઓની કબરમાંથી તેઓ ઉઠતા હોય તેમ લાગે છે—જેઓ
આપણી પડખે આપણા રસ્તામાં આપણીસાથે ચાલે છે
અને ચેતવે છે!

આપણે કેટલાંક પુસ્તકોને અમર કહીએ છીએ શું તે
જીવતાં છે? જો જીવતાં છે તો મારૂં કહેવું સત્ય માનો, કે
કાળે તેમને શુદ્ધ કર્યા છે. સૌથી ઘાતકી આત્માઓ પણ

1. ઇંગ્રેજ નાટકીય કવિ. ૧૫૭૯-૧૬૨૫.

"પુસ્તકોમાં સલાહ શાન્તિરૂપ આળેખાય છે. ઈશ્વરની ઇચ્છા છે કે કંઈ ખરાબ રહેવું ન જોઇયે; વધારે નીચ અંશે ઉડી જાય છે, અને બાકીનો આખો ભાગ જેમ દેહથી મુક્ત થયલો આત્મા રજ વગરનો હોય છે, તેમ શુદ્ધ થાય છે."

આ દુનિયામાં જેટલું મળી શકે તેટલું સઘળું જેઓને હતું એમ આપણે કહીએ છીએ, તેમાંના ઘણાએ આપણને કહેલું છે કે તેઓનું ઘણું સુખ પુસ્તકોને લીધે હતું. "શિક્ષક (ધી સ્કુલ માસ્તર)" નામના પુસ્તકમાં **એસ્કમ, લેડી જેઈન ગ્રેની**[1] પોતાની છેલ્લી મુલાકાતની એક અસરકારક વાત કહે છે. **પ્લેટો** વિરચિત **સૉક્રેટીસ**ના મૃત્યુનો ખુબીદાર હેવાલ વાંચતી એક ગોખમાં બેઠેલી તેને મેં દીઠી. તેનાં માતપિતા બગીચામાં મૃગયા રમતાં હતાં. શિકારી કુતરાઓ ખૂબ ભસતા હતા અને તેઓના અવાજો ઉઘાડી બારીમાંથી કાને પડતા હતા. તેમની સાથે તે સામીલ ન હોતી થઇ, તેથી મે મારૂં આશ્ચર્ય જણાવ્યું. તેણે કહ્યું "બગીચામાં તેમને જે આનંદ મળે છે તે **પ્લેટો**નો પુસ્તકમાં મને મળતા આનંદનો જુજ અંશ પણ નથી" એમ હું જાણું છું.

મૅકૉલેને દોલત, કીર્ત્તિ, પદ્વી અને સત્તા હતાં, તો પણ તે તેના જન્મવૃત્તાંતમાં લખે છે કે મારી જીંદગાનીના સૌથી સુખી કલાકોને માટે "હું પુસ્તકોનો મોટો ઋણી છું. એક નાની કુમારિકાને એક મનોહર પત્રમાં તે લખે છે કે, "તમારા મઝેના પત્રને માટે હું તમારો ઉપકાર માનું છું. બાળા! તમને સુખી કરવાને હું હમેશાં ખુશી છું, અને તમને પુસ્તકો ગમે છે, એમ જાણી હું જેટલો રાજી થઈશ તેટલો બીજા કશાથી થઈશ નહિ, કારણ કે જ્યારે તમે મારા જેટલી વયનાં થશો ત્યારે તમને

---

૧. તે આઠમા હેન્રિની દીકરીથી ઉતરેલી હતી. એડવર્ડ ૬ ઠ્ઠાના મોત પછી તેના સસરાએ તેને રાણી તરીકે જાહેર કરી, પણ એડવર્ડની બેન મૅરિ ગાદી મેળવવામાં ફતેહ પામી, તેથી લેડી જેઈન ગ્રેને તેના ધણીને અને તેના સસરાને ગરદન મારવામાં આવ્યાં. તે ઘણી ભાષાઓ જાણતી હતી. ૧૫૩૭-૧૫૫૪.

માલૂમ પડશે કે સઘળી ફળસુખડી, રમકડાં, રમતો અને દુનિયાના દેખાવો કરતાં પુસ્તકો વધારે સારાં છે. મહેલો, વાડીયો, સુંદર ભોજન, નાના પ્રકારના મદ્યો, ગાડીઓ, સુશોભિત પોશાક અને સેંકડો સેવકોવાળો આજ સુધીમાં હરકોઇ રાજા થઈ ગયેલો હોય, તેવો રાજા જો કોઈ મને પુસ્તકો નહિ વાંચવાની શરતે બનાવતો હોય, તો તેવો રાજા હું થઈશ નહિ. પુસ્તકો વાંચવાને ન ચાહનારા રાજા થવા કરતાં પુષ્કળ પુસ્તકોવાળી કોટડીમાં રહેનારો એક ગરીબ માણસ થવું મને વધારે સારૂં લાગે છે.

વાસ્તવિક રીતિએ, પુસ્તકો આપણને વિચારનો આખો મોહક-મહેલ બક્ષીસ કરે છે. **ડીન પૉલ રિચર** કહે છે કે રાજ્ય-મહેલ કરતાં પુસ્તકાલયમાંથી વધારે દૂર નજર પડે છે. એક રીતિએ જેમ ખરી કુદરત કરતાં પ્રતિબિંબો વારંવાર વધારે સુંદર હોય છે, તેમ સત્ય અસ્તિત્વના કરતાં આપણને પુસ્તકો વધારે આબેહુબ ખ્યાલ આપે છે. **જ્યૉર્જ મૅક્ડૉનલ્ડ**[1] કહે છે કે, “સઘળા અરીસા એ મંત્રેલા અરીસા છે. જ્યારે હું એક અરીસામાં જોઉં છું ત્યારે સૌથી સાદી ઓરડી પણ કવિતાદ્વારાએ “એક સારા ઓરડાનું રૂપક લે છે.”

જો કોઈ પુસ્તકમાં આપણને મઝા ન પડે તો તેમાં પુસ્તકનો વાંક છે એમ નથી. વાંચવામાં પણ યુક્તિ છે. બેદરકાર વાંચન કાંઈ ઉપયોગનું નથી. જે આપણે વાંચીએ, તે મનમાં ઠસાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. કેમ વાંચવું અને કેમ લખવું તે હું જાણું છું એમ દરેક માણસ ધારે છે. તો પણ ઘણાજ થોડા લોકો સારૂં લખે છે, અથવા ખરેખરૂં વાંચતાં જાણે છે. બેપરવાઈથી અથવા સપાટાબંધ લીટીઓ ઉપર નજર કરી જવી અને પાનાંઓ ફેરવવાં એટલું બસ નથી. વર્ણવેલા દેખાવોને અને કેટલાક પુરૂષોને સમજમાં ઉતારવાની

---

૧. સ્કૉચ ગ્રંથકાર. ૧૮૨૪.

અને "કલ્પનાશક્તિની બેઠકોમાં" તેમને ચીતરવાની કોશેષ કરવી જોઈયે. ઍસ્કમ કહે છે કે, અનુભવ વીશ વર્ષમાં જેટલું શીખવે છે, તેના કરતાં વધારે એક વર્ષમાં અધ્યયન શીખવે છે, અને અધ્યયન સહીસલામત રીતિએ શિક્ષણ આપે છે. અનુભવ ડાહ્યા કરવા કરતાં વધારે કંગાળ કરે છે, અનુભવથી જે ડાહ્યો થાય છે તે ઘણો જોખમાય છે. વારંવાર વહાણ ભાંગવાથી હુશિયાર થયેલો વહાણવટી દુઃખી ગણાય, અને કેટલાંક દીવાળાં કાઢયા સિવાય પૈસાવાળો કે ડાહ્યો થતો નથી, તે વેપારી કંગાળ ગણાય. અનુભવથી ખરીદેલું ડહાપણ ખર્ચાળ છે, આપણે અનુભવથીજ જાણીએ છીએ કે લાંબું ભટકયા પછી માત્ર ટુંકો રસ્તો મળે એ કેવું આશ્ચર્યકારક દુઃખ છે. ખરેખર જે અનુભવથી ડાહ્યો થાય છે, તે ખુબીવાળો હોય તોપણ, તે એક ઉતાવળો દોડનારો, જે આડે રસ્તે દોડે છે, અને રાત્રે કઈ તરફ દોડે છે તે જાણતો નથી, તેના જેવો છે. અવિદ્વત્તાવાળા અનુભવથી સુખી અથવા ડાહ્યા થનારાઓની સંખ્યા, ખરેખર, ઘણીજ થોડી છે. દાખલા તરીકે તમો વૃદ્ધ હો, અગર જુવાન હો, પણ વિદ્વત્તા વગર લાંબા અનુભવથી થોડું ડહાપણ અને થોડું સુખ જે થોડાઓએ મેળવ્યું છે, તેમની આગળની જીંદગી ઉપર સારી રીતિએ નજર કરો, અને કેવાં નુકશાન તેઓએ કર્યાં છે, કેવાં જોખમમાંથી તેઓ બચી ગયા છે, (લગભગ સઘળા તે પ્રયત્નમાં નાશ પામે છે) એનો જ્યારે તમે ખ્યાલ કરો, ત્યારે તમે પોતાનાજ દીલમાં વિચારો કે એવા અનુભવથી તમારો પોતાનોજ દીકરો ડાહ્યો અથવા સુખી થવા માગે તો તે તમને ગમશે કે નહિ!"

મિત્રોની પસંદગીની માફક, પુસ્તકોની પસંદગી પણ એક ગંભીર ફરજ છે. આપણા કૃત્યોને માટે જેટલા આપણે જવાબદાર છીએ તેટલાજ આપણે આપણા વાંચનને માટે જવાબદાર છીએ મિલ્ટન ઉત્તમ વચનોમાં કહે છે કે, એક સારૂં પુસ્તક "જીવિતને ઉચ્ચતર જીવત બનાવવાને માટે સુગંધી, દ્રવ્યવાળો અને ફળદ્રુપ, ઉત્તમ આત્માનો અમૂલખ ચૈતન્યવાળો વંશજ છે."

કન્યાઓની કેળવણી વિષેના પોતાના પ્રકરણમાં રસ્કિનનું કહેવું બરાબર છે કે, "ઉધરાણાથી નભતી પુસ્તકશાળાઓના ભંડોળમાંથી, મૂર્ખાઈના ઝરણની છેવટની અને હલકી હવાથી ભીંજાયેલાં પુસ્તકોનો કન્યાઓના ખોળામાં ઢગલો ન થવો જોઈએ તેની આપણે ચોકસી કરવી."

પુસ્તકોમાંથી માત્ર મોટો લાભજ નહિ, પણ મોટો આનંદ લેવા માટે, પુસ્તકોનું વાંચન ગમત કરતાં વિશેષે કરી મનના સુધારાને માટે હોવું જોઇયે. સાકર કે જેના ઉપર ગુજરાન ચલાવી ન શકાય તે જેમ વિશેષે કરીને છોકરાંઓના ખોરાકની જેટલી અગત્યની ચીજ ગણાય, તેટલાંજ નજીવાં અને ગમત આપનારાં પુસ્તકો કિમ્મતી ગણાય.

વળી કેટલાંક પુસ્તકો એવાં છે કે જે ખરેખર પુસ્તકો કહેવાયજ નહિ, અને એ વાંચવાં એ ફક્ત કાળક્ષેપજ છે; અને કેટલાંક પુસ્તકો એવાં ખરાબ છે કે જે વાંચવાથી આપણી બુદ્ધિ ભ્રષ્ટ થયા વગર રહેજ નહિ; જો તેઓ માણસો હોય તો આપણે તેમને લાત મારી શેરીમાં કાઢી મૂકીએ. કેટલાએક દાખલાઓમાં જીંદગાનીની લાલસા અને ભયની આપણને ચેતવણી મળે છે, ત્યાં સુધી તો ઠીક છે; પણ જે વસ્તુ આપણને પાપ સાથે હળવી દીએ છે, તે પોતેજ પાપ છે.

તેવીજ રીતિએ વળી બીજાં પુસ્તકો, સુભાગ્યે એવાં છે કે જે વાંચવાથી કોઈ પણ માણસ સુધર્યા વગર રહેજ નહિ. ઉપયોગી ભાષાજ્ઞાન એટલે જે જ્ઞાન માણસને તેના પોતાના ધંધા અથવા કામમાં મદદ કરે છે, તેજ છે એમ અમારો કહેવાનો અર્થ નથી. અલબત તે ઉપયોગનું છે, પણ કોઈ પણ રીતિએ તે ઉત્તમ પુસ્તકોના ઉપયોગ જેવું નથી. ઉત્તમ પુસ્તકો આપણને નિઃસ્પૃહી વિચારના પ્રદેશમાં ઉચ્ચ સ્થાન આપે છે. જ્યાં આત્મહેતુ ગળિ જઈ નિર્જીવ લાગે છે અને દુનિયાનાં (સંસારનાં) દુઃખ*અને ચિન્તાનું ઘણું ખરૂં વિસ્મરણ થાય છે.

"किं किं न साधयति कल्पलतेव विद्या."

તેવા વાંચનસમયમાં હરકત કરવી એ ચોખ્ખું ઘાતકીપણું છે. જેના વિરૂદ્ધ હૅમર્ટન અસરકારક દલીલ કરે છે, "આપણાથી તદન જુદાજ જમાનાના અને જુદાજ સુધારાના ગ્રંથકર્તાને વાંચવામાં પૂર્ણ ગુંથાએલા એક વાંચનારને તમે મનમાં કલ્પો. ધારો કે તમે પ્લેટોમાં 'સૉક્રેટિસની બચાવની દલીલ,' વાંચતા હો, અને ચિત્રની માફક આખો દેખાવ તમારી આગળ ખડો થયો હોયઃ પાંચસેં ઈન્સાફદારની ધર્મસભા, શુદ્ધ ગ્રીક શિલ્પકામ, ઈતેજાર **ઍથિનિઅન** પ્રજા, ધિક્કાર પાત્ર **મેલિટસ**[1], ખારીલા દુશ્મનો, વહાલા અને શોક કરતા મિત્રો જેમનાં નામ આપણામાં પ્રિય અને અમર છે; અને ગરીબ માણસની માફક સોંઘાં અને સાદાં, તેમજ ઉનાળા અને શિયાળા બન્નેને માટે તેજ કપડાંથી વેષ્ટિત થયેલી, સારા પણ તદન બેડોળ ચહેરાવાળી, પણ કોઈપણ હાવભાવથી નકલ ન થઈ શકે તેવી ખરી હિમ્મત અને શાન્તિના દેખાવવાળી આકૃતિને મધ્ય ભાગમાં જુઓ અને દ્રઢ અવાજથી બોલતાં સાંભળો.—

ત્યારે જે ભભકાદાર પેરેગ્રાફમાં **પ્રિટેનિયમમાં**[2] જીવિકા-લેવાને માટે **સૉક્રેટીસ** (સુકૃતિ) પોતાને ધિક્કાર આપે છે, તે પેરેગ્રાફ શરૂ કરો છો, અને તમો તે પુરો કરો ત્યાં સુધી માત્ર જો વાંચનમાં કંઈ હરકત તમોને ન થાય તો તમારો તેટલો વખત ઉમદા આનંદમાં જશે, જે એક બુદ્ધિશ્રમનું ફળ છે."

સારૂં અને રસિક પુસ્તક એક કલાક વાંચવાથી કોઈ પણ માણસ હોય તેથી વધારે સારો અને સુખી થયા વગર રહેજ નહિ. તેજ ક્ષણને માટે તેમ થાય છે એટલુંજ નહિ, પણ તેનું

---

૧. ઍથિનિઅન સૉક્રેટીસનો દુશ્મન અને તેનાપર તહોમત મુકનાર અને પ્રતિપક્ષી.

૨. ઍથેન્સનું એક જાહેર મકાન; જે આખા શહેરને ઘર જેવું હતું. જેમાં તે શહેરના ખર્ચે તેના શહેરીઓની તેમજ પરદેશીઓની મીજબાની કરવામાં આવતી હતી. કેટલાક માણસોને ત્યાં રાજ્યને ખર્ચે જાથુ ભોજન આપવામાં આવતું હતું.

સ્મરણ આપણને રહે છે. શુદ્ધ અને સુખી વિચારોનો ભંડાર થાય છે, જે આપણને જ્યારે જોઈએ ત્યારે કામ લાગે છે.


"તેઓની મૂર્તિઓ (પ્રેતો) પણ આપણી આગળ ખડી થાય છે,
તેઓ આપણા ઉચ્ચતર બાંધવો પણ એકજ લોહીના છે;
શયન અને ભોજનને વખતે શોભાયમાન વદનથી
અને હિતના શબ્દોથી તે લોહીનું ચલન આપણમાં કરાવે છે."

છેક પશ્ચિમમાં ખાણો ખોદનારાઓના પડાવના દેખાવનું વર્ણન કરતાં બ્રેટ હાર્ટ કહે છે.—

"છાવણીના હડહડતા ભડકાઓ જંગલી રંગથી
દોલત માટે થતી પ્રચંડ સરતમાં
લેવાઈ ગયેલા અને નબળા થઈ ગયેલા ડાચાં. બેસી ગયેલા
ચેહરા અને આકૃતિ પર
તંદુરસ્તીની લાલીનો રંગ ચડાવતા હતા.
એટલામાં એકજણ ઉઠયો, અને પોતાના પોટકાનાં જુજ
ખજાનામાંથી,
સંગ્રહેલું એક પુસ્તક બહાર કાઢયું,
અને તે વાત ફરીથી સાંભળવાને માટે નવરા બેપરવાઈ
લોકોના હાથમાંથી ગંજીફાના પાનાં પડી ગયાં;
અને પછી જ્યારે માણસો તેમની આસપાસ એકદમ એકઠાં
થવા માંડ્યાં,
અને જ્યારે તેમના ઉપર અજવાળું પડ્યું,
ત્યારે જે ચોપડીમાં મહેતાજીએ નાનો નેલ વિષે
લખ્યું છે તે તેણે મોટેથી વાંચ્યું.
કદાચ તે છોકરવાદ હશે—કારણ કે વાંચનારો
તે સઘળાથી નાનો હતો,—
પણ જ્યારે તે વાંચતો હતો ત્યારે પરસ્પર મળતાં
પાઈન અને સીડરનાં વૃક્ષમાંથી પણ
મૌન નીચે પ્રસરતું જણાતું હતું.
ફરનાં ઝાડો પડછાયામાં વધારે નજીક આવી,
દરેક ડાળીથી સાંભળતાં હતાં,

ત્યારે 'નેલ' સહિત આખી છાવણી ઇંગ્રેજી વીડોપર,
રખડી અને ભૂલી પડી."

ઈંગ્રેજી ભાષાજ્ઞાન એ ઈંગ્રેજી પ્રજાનો જન્માધિકાર અને વારસો છે. સૌથી મોટા કવિઓ, તત્વવેત્તાઓ, અને શાસ્ત્રીઓમાંના કેટલાક આપણે ઉત્પન્ન કર્યા છે. આપણા વેપારથી વધારે શ્રીમાન્ અથવા આપણા આયુધથી વધારે શક્તિમાન્, એવું વધારે પ્રકાશિત, શુદ્ધ અથવા ઉમદા ભાષાજ્ઞાનનું કોઈ પણ પ્રજા અભિમાન ધરાવી શકે નહિ. તે આપણા દેશનું ખરૂં અભિમાન અને કીર્તિ છે. અને તેને માટે આપણે જેટલો આભાર માનીએ તેટલો થોડોજ છે.



પ્રકરણ ૧૦ મું.

દેશાભિમાન.

" जननी जन्मभूमिश्च निद्रा पश्चिमरात्रिजा ।
इष्टयोगः सुगोष्ठी च दुर्मोचाः पंच देहिनाम् ॥"

ભાવાર્થ—" માતા, જન્મભૂમિ (સ્વદેશ), નિદ્રા (પાછલા પહોરની) ઇષ્ટમિત્રનો મેળાપ, અને સારી ગંમ્મત એ પાંચ-વાનાં માણસોએ છોડી દેવાં અશક્ય છે."

જેની સેવા કોઈ મનુષ્યે અભિમાનથી બજાવી હોય એવો જો કોઈ મુલક આજ સુધીમાં થયો હોય, તો ખરેખર તે આપણો દેશ છે.

" અરે ઇંગ્લન્ડ! તારી અંતરની મહત્તાના નમુનારૂપ,
તું એક મહાન અંતઃકરણવાળા નાના શરીર જેવું છે."

કદમાં સમુદ્ર ઉપર માત્ર એક ડાઘા જેટલું છે; તે છતાં વિશાળ સમુદ્રોમાં અર્ધા વહાણોપર ઇંગ્રેજી વાવટો ફરકે છે.

અલબત ભૂગોળમાં તેનું સ્થળ અનુકૂળ છે. આપણી હવા ઉત્પત્તિ અને કૌવતને વધારનારી છે; અને તે રૂપેરી રેષાએ (ઈંગ્લિશ ખાડીએ) આપણને ઘણા વિગ્રહમાંથી બચાવ્યા છે.

" આ રાજ્યાધિકારી ટાપુ,
આ મહત્તાની ભૂમિ, આ રણદેવનું સ્થાન,
આ બીજું અન્ય સ્વર્ગ,
ચેપી રોગ અને સંગ્રામના ભયમાંથી,
અને ઓછા સુખી દેશોની દુશ્મની સામે બચવાને
કુદરતે પોતાને માટે બાંધેલો આ કિલ્લો,
આ મનુષ્યોની સુખી ઓલાદ, આ નાની દુનિયા,
રૂપેરી સમુદ્ર જે તેને કોટની ગરજ સારે છે.

અથવા ઘરની આસપાસની રક્ષણ કરનારી ખાઈના જેવો છે,
તેમાં જડેલું આ અમૂલ્ય રત્ન."

અમેરિકાના એકત્ર સંસ્થાનોના એક વક્તાએ પોતાના દેશનું એવું વર્ણન કરેલું છે કે, તેની દક્ષિણહદ વિષુવવૃત્તથી થાય છે; પૂર્વે આટલાન્ટિક મહાસાગર આવેલો છે, ઉત્તરે ઑરોરા બોરીલિસ છે (ઉત્તર ગોળાર્ધમાં થતો પ્રકાશ) અને પશ્ચિમમાં અસ્ત થતો સૂર્ય છે; એથી વધારે સત્યથી આપણે કહી શકીએ કે બ્રિટિશ રાજ્યમાં સૂર્યાસ્ત થતોજ નથી.

"બ્રિટાનિયાને ડુંગરોપરના
કિલ્લા અને બુરજોની જરૂર નથી;
તેની સ્વારી ડુંગરરૂપી મોજાઓ પર છે,
તેનું ઘર સમુદ્રમાં છે."

એક અમેરિકન રાજ્યદ્વારીએ નિચેપ્રમાણે કહ્યું છે,—"દરેક સમુદ્ર અને દરેક બંદરપર તેનો વાવટો ફરકે છે, અને તેના યોદ્ધાઓના પ્રાતઃકાળના પડઘમનો રણકો સૂર્યનું અનુગમન કરતો અને કલાકોની સંગતિમાં રહેતો, ઇંગ્લન્ડના લશ્કરી નાદના જાથુ અનુસંધાનથી પૃથ્વીની પ્રદક્ષિણા કરે છે."

પણ આપણા યોદ્ધાઓ, દરેક જગ્યાએ દુશ્મનો તરીકે નહિ પણ મિત્ર અને રક્ષક તરીકે હાજર છે, એ વિચારથી વળી વધારે મોટો સંતોષ ઉપજે છે. આપણા વૉલન્ટીઅર્સ (દેશની લશ્કરી સેવા ખુશીથી કરનારા) નો મુદ્રાલેખ, "રક્ષણ, પણ અભિયોગ નથી." જે સરખી રીતિએ આપણી સેના અને નૌકાને લાગુ પડે છે.

આ મોટું રાજ્ય ક્રમે ક્રમે વધ્યું છે, તેને માટે આપણે આપણા પૂર્વજોના ઉત્સાહ અને ઉદ્યોગના દેણદાર છઈએ, અને "ગમે તેમ થાય તો પણ" માત્ર તેવું ને તેવું સાબિતજ નહી, પણ વધારે બલિષ્ટ કરી, સુધારી, આપણા વંશજોને સોંપવાને આપણે બંધાયલા છઈએ એમ જો આપણી લાગણી ન હોય તો આપણે ખરેખર નબળા હોવા જોઈએ.

આપણા ઇતિહાસમાં ખરેખર ઘણી શોકજનક બિનાઓ છે, તો પણ બીજી પ્રજાઓના ઈતિહાસ સાથે સરખાવતાં પ્રમાણમાં તે ખુનરેજી વગરનો છે.

ખરા વિગ્રહોની ગણતરી નહિ કરતાં, આટલી લાંબી કારકીર્દીવાળા કોઈ પણ દેશને તેના જેટલાં ઓછાં કલંકો નહિ હોય; આપણામાં કોઈ કત્તલો થઈ નથી, ત્રાહિ ત્રાહિ પોકરાવતું અંધેર રાજ્ય, (ફ્રેન્ચ રાજ્યની ઉથલપાથલનો તા૦ ૩૧ મે ૧૭૯૩ થી તા૦ ૨૭ જુલાઈ ૧૭૯૪ નો ટુંકો વખત જેમાં હજારો માણસોને મારી નાંખવામાં આવ્યાં હતાં) કોઈ સિસિલિની રાજ્યની કત્તલ* (સિસિલિમાં ઈસ્ટર, તહેવારની સોમવારની સાંજની પ્રાર્થનાને વખતે સને ૧૨૮૨ માં થયેલી ફ્રેંચ લોકોની મોટી કતલ) છે નહિ.

વિગ્રહમાં આપણા દુશ્મનો તરફ આપણે ઉદાર ભાવ બતાવ્યો છે. **નૅપોલિયન** સાથેના મોટા વિગ્રહને અંતે, જ્યારે ફ્રાન્સની સત્તા ચગદાઈ ગઈ હતી, અને એકસંપી મિત્રોએ **પારિસનો** કબજો લીધો હતો, ત્યારે આપણે એવા કોલકરારો કબૂલ કીધા કે જેથી ફ્રાન્સને (ગુલામગીરીનો વેપાર ફ્રાન્સ મુકી દેશે એવા ચોખા કરારથી) તેનો મુલક અને સંસ્થાનો, રણમુક્ત કરી આબાદ સોંપ્યાં, અને ખાસ આ વિગ્રહને લીધેજ થયેલું, ૯૦,૦૦,૦૦,૦૦૦ પૌંડનું દેવું આપણે માથે રહ્યું! કોલકરારો જોતાં આપણા રાજ્યદ્વારી પુરૂષોએ એવો ઉદાર ભાવ બતાવ્યો છે કે, તે ભાગ્યેજ ડહાપણવાળો ગણાય; અને કેટલાક ફ્રેન્ચ લોકો **ઉવૉટરલુને**[1] ફ્રેન્ચ વિજય તરીકે ગણે છે તેથી ભાગ્યેજ નવાઈ પામવા જેવું છે. હરકોઈ રીતિએ સલાહના કોલકરારો આપણના કરતાં તેમને વધારે અનુકૂળ છે.

ફ્રેન્ચ સંસ્થાનોની પુનઃસ્થાપના—આ તિરસ્કારપાત્ર વેપાર કાઢી નાખવામાં થયેલા શ્રમ અને ભોગોના થોડા ભાગ—વિષે મેં

---

૧. એકસંપી રાજ્યોએ નૅપોલિઅને હરાવી ફ્રાન્સની સત્તાને ચગદી નાંખી. ૧૮૧૫.

વર્ણન કર્યું છે. તે વેપાર મુકી દેવાની લાલચ ખાતર આપણે પોર્ટુગાલને ૩,૦૦,૦૦૦ પૌંડ અને સ્પેઇનને ૪,૦૦,૦૦૦ પૌંડ ભર્યાં છે. જ્યારે આપણા પર હડહડતું કરજ હતું, અને હાલમાં આપણે છઈએ તેના કરતાં ઓછા દ્રવ્યવાન અને શક્તિમાન હતા, ત્યારે કોશાધિપતિ[1] **મિસ્ટર ગ્લૅડસ્ટનથી** ખટકળાયેલા ૭,૦૦,૦૦૦ પૌંડના વાર્ષિક ખર્ચ અને ઘણી મુલ્યવાન જીંદગીના ભોગોથી પચાસ કરતાં વધારે વર્ષો સુધી, **આફ્રિકાને** પશ્ચિમ કિનારે લશ્કરની એક ટુકડી આપણે રાખી હતી. **વેસ્ટ ઈન્ડિઝ** (પશ્ચિમના ટાપુઓ) અને **મોરિશ્યસને** તેમના ગુલામો મુકત કરવાને આપણે ૨,૦૦,૦૦,૦૦૦ પૌંડ આપ્યા. આ ધિક્કારવાજોગ વેપાર બંધ પાડવાના ઉદાર પ્રયત્નમાં સઘળું મળીને જો કે બરાબર નહિ, પણ લગભગ આપણા દેશને ૧૦,૦૦,૦૦,૦૦૦ પૌંડ રોકડાનું ખર્ચ થયું હશે.

બીજા દેશોએ તેમના સંસ્થાન અને આશ્રિત રાજ્યો પાસેથી ઉપજનો મોટો ભાગ લીધો છે.

ઍથિનિઅન લોકો, તેઓની મૈત્રિવાળાં રાજ્યો પાસેથી વાર્ષિક મોટી ખંડણી કઢાવતા; આ તેઓની ઉપજનો, ખરેખર ઘણો અગત્યનો ભાગ હતો. વેરો લેવાનું **રોમન** લોકોનું સર્વોપરી ધોરણ એવું હતું કે તાબાના મુલકોએ રાજ્યનું સર્વ ખર્ચ ભરવું. જ્યારે તેઓએ સિસિલિ જીત્યું ત્યારે તેઓએ જમીનની પેદાશનો એક દશાંશ અને સર્વ નિકાસ તથા આવકની કિમ્મતનો એક વિશાંશ ખંડણી તરીકે ઠરાવ્યો. વધારે નજીકના વખતપર આવતાં બીજા દેશોએ—દાખલા તરીકે **સ્પેઇન, પોર્ટુગાલ** અને **હોલન્ડે** સંસ્થાનિક મુલકોમાંથી ઉપજનો મોટો ભાગ લીધો છે.

ઈંગ્લન્ડની વર્તણુક તદન નિરાળીજ છે. સંસ્થાનોની ઉપજ

---

૧. ઈંગ્રેજ રાજ્યદ્વારી, વક્તા અને ગ્રંથકાર ૧૮૩૨થી તે પાર્લ્યમેન્ટનો મેમ્બર થયો; તે રૉબર્ટ પીલનો પક્ષકાર હતો. પામર્સ્ટનના રાજ્યકારભારમાં વસુલાતી ખાતાનો ઉપરી તે હતો. ૧૮૬૯થી તે મુખ્ય પ્રધાનગીરીમાં શરૂ થયો હતો. ૧૮૦૯-૧૮૯૮.

લેવી તો એક બાજુએ રહી, પણ તેમના હિતખાતર આપણે પૈસાની મોટી રકમો ખરચી છે. હું ચોકસાઈ કરવાને શક્તિમાન થયો છું ત્યાં સુધીતો ૧૮૫૯ પહેલા સંસ્થાનોપર આપણા મુલકે ખરચેલી રકમનો હેવાલ આપનાર કોઈ હિસાબ બહાર પડયો નથી; પણ ૧૮૫૯ થી ૧૮૬૯ સુધીમાં તે ખર્ચ ૪,૧૦,૦૦,૦૦૦ પૌંડ કરતાં વધારે થયો, અને બેશક, અગાઉના ઘણા વર્ષો સુધી તે ખર્ચ દરવર્ષે ૪૦,૦૦,૦૦૦ પૌન્ડ ઉપરાંત હતો.

વળી સ્વદેશનું વાસ્તવિક ખર્ચ એથી પણ વધારે મોટું હતું, કારણ કે શસ્ત્રો, પોશાક, મકાનો, દવાખાનાઓ અને બીજા ભંડારોના, તેમજ નવું લશ્કર તૈયાર કરવાના ખર્ચનો, મુખ્ય છાવણીઓના કે નોકરીપર હાજર રહેવાને અશક્ત પુરૂષોના ખર્ચનો કોઈ પણ ભાગ તે પત્રકમાં આવી જતો નથી.

ભૂમધ્ય સમુદ્રપરનું આપણું લશ્કરી ખર્ચ, ભાગ્યેજ "સંસ્થાનિક" ખર્ચ કહેવાય, અને અલબત તે ખરૂં છેકે **માલ્ટા** અને **જીબ્રાલ્ટર** જેવાં સ્થાન તેમનું ખર્ચ આપી શકે તેવી આશા ન રખાય. એથી ઉલટું, તેમને જાળવવાનું આપણું મોટું કારણ, હિંદુસ્થાન અને ઑસ્ટ્રેલિઆની સાથે આપણો વહેવાર સાચવી રાખવાનું છે; અને વહેવાર જાળવી રાખવાનો બોજો આપણા એકલાપર શામાટે પડવો જોઈએ, એ પણ એક સારો પ્રશ્ન છે. તે ખર્ચનો થોડો ભાગ હિંદુસ્થાન અને ઑસ્ટ્રેલિઆના સંસ્થાનો શામાટે ન આપે. વળી ઉપલું ખર્ચ જન્મભૂમિથી બહાર નોકરીપર રહેતા લશ્કરનું જ છે; પણ જન્મભૂમિનું લશ્કર જરૂરને પ્રસંગે (આપણી સહિસલામતીની યોગ્ય ગોઠવણ થયા બાદ) જ્યારે સંસ્થાનિક કામમાં ઉપયોગી થાય છે, ત્યારે જથ્થુ ખર્ચનો કંઈક ભાગ લેવાની આશા રાખવી એ બરાબર છે.

આપણા સંસ્થાનો ખાતે નૌકાખર્ચના નામથી અપાયેલી કોઈ પણ રકમ આપણા દેશના હિસાબમાં ક્યાંઈ જોવામાં આવતી નથી; તેથી ખરી રીતે સઘળું નૌકાખર્ચ આ દેશ ભોગવે છે, પણ જો સંસ્થાનો સ્વતંત્ર હોત તો તે તેમને માથે

પડત. તેમને માટે આપણે સમુદ્રપર ચોકીનું કામ બજાવીએ છીએ, તેઓના કિનારાઓનું આપણે ખર્ચે રક્ષણ થાય છે. આથી તેમને કેટલો બધો બચાવ થાય છે, તે સહેજ વિચારથી જણાઈ આવે છે, ગ્રેટ બ્રિટન અને આયર્લેન્ડમાંના ૩,૫૦,૦૦,૦૦૦ ઈંગ્રેજો નૌકા કાર્યમાં દરવર્ષે ૨૦,૦૦,૦૦૦ પૌંડ ભરે છે. સંસ્થાનો અને હિંદુસ્થાનમાંના આપણા ૩૦,૦૦,૦૦,૦૦૦ સ્વદેશીઓ ભાગ્યેજ કંઈ પણ આપે છે.

વળી હિંદુસ્થાનનો દાખલો લ્યો. શહેનશાહતનાં સામાન્ય અથવા સ્વદેશમાં થતાં ખર્ચો, જેનો બીજાં સંસ્થાનોની માફક હિંદ મોટો લાભ લે છે, તેમાં તે સીધી રીતિએ કંઈ પણ ભરણું કરવું નથી તે કહેવાની ભાગ્યેજ જરૂર છે. આપણા કબજામાં હિંદુસ્થાન છે, તેટલા માટે, કોઈ ઈંગ્રેજ મજુર અથવા ઈંગ્રેજ કર આપનારને સીધી રીતિએ એક પાઇનો ફાયદો થતો નથી, અથવા કરમાં એક પાઈ ઓછી આપવી પડતી નથી.

લશ્કરી ખર્ચના સંબંધમાં તો હિંદુસ્થાનમાં ખરેખર જેટલું લશ્કર નોકરી ઉપર છે તેને જરૂરના કરતાં વધારે ખર્ચ હિંદને માથે ન પડે તેને માટે ઘણી કાળજી રાખવામાં આવે છે. હિંદના હોદ્દેદારો જેટલું ખર્ચ અનિવાર્ય રીતિએ જરૂરનું ધારે, તે ઉપરાંત કંઈપણ ખર્ચને માટે લડાઈની કચેરીથી થતી કાઈપણ ખરજીની વિરૂદ્ધ હિંદુસ્થાનની કચેરી કેવો વાંધો લે છે તે ગંભીર બાબત જોવી જો મનોરંજક લાગે, તો તે ખરેખર મનોરંજક છે.

વળી નૌકાનાં સંબંધમાં પણ હિંદુસ્તાન તરફ ઘણુંજ ઉદાર વર્તન છે. આપણાં નૌકાબળથી તેને ઘણોજ ફાયદો થાય છે, તેમાં કાંઈ પણ શક લાવી શકાય તેમ નથી. આથી તે એક ભારે ખર્ચમાંથી બચે છે, જે નહિ તો તેને કરવું પડત; તો પણ દરવર્ષે ૭૦,૦૦૦ પૌંડની જુજ રકમ તેમાં તે ભરે છે, અને તે ઉપરાંત ઝાઝ ખેંચનારી આગબોટો, મધ્યદેશસ્થ વહાણો; નાવિકોની

જીવાઈ અને બંદર ઈત્યાદિ ખર્ચમાં આશરે પાંચ લાખ પૌંડ ખર્ચે છે.

હિંદુસ્તાનપર રાજ્ય કરવાનો આપણો શુદ્ધ હેતુ અને ઈચ્છા હિંદુસ્તાનના લોકોનાં હિત ખાતરજ છે. સ્વદેશમાં જેમ આપણે ભૂલો કરી છે તેમ ત્યાં પણ ભૂલો કરી હશે, પણ આજ ધોરણે આપણે હિંદુસ્તાનપરં રાજ્ય ચલાવ્યું છે.

અત્યાર સુધી આપણા રાજ્યથી તેમને ફાયદો થયો છે, તે નિર્વિવાદ છે, એમ હું માનું છું. ડૉક્ટર હન્ટર[1] આપણને કહે છે કે **ઓરિસામાં** રાજાનો ભાગ પાકમાં સેંકડે ૬૦ ટકા હતો; સૌથી દયાળુ દેશી રાજ્ય ૩૩ ટકા લેતું, આપણા રાજ્યનું ખર્ચે માત્ર ૩ થી ૭ ટકા છે. આપણા હિંદુસ્તાનના દેશીઓ જો તેઓ કોઈ દેશી રાજ્ય નીચે રહ્યા હોત તો તેના કરતાં, તેમના પરના કરો ઓછા છે અને તેમના જાનમાલની સહીસલામતી વધારે છે, વળી એ તો ચોખ્ખું જ છે કે, આપણી ઈંગ્રેજી ઉપજમાં હિંદુસ્તાનમાંથી એક પાઈ પણ આવતી નથી. હિંદુસ્તાન આપણને ચાહે છે, તે ન કદાચ પ્રતિપાદન થઈ શકે, અને એવી આશા રાખવી એ સંભવિત રીતિએ અતિશય ગણાય; પણ આપણા રાજ્યને માન આપે છે તેની ભાગ્યેજ ના પાડી શકાય,

વળી આપણું રાજ્ય લોકને અપ્રિય નથી, તે બળવાની વખતે ચોખ્ખું જણાઈ આવ્યું, એમ હું ધારૂં છું. સૌથી શ્રેષ્ઠ પદથી માંડી હલકા પદ સુધીના આપણા સ્વદેશીઓ મહાન વીરોની માફક વર્ત્યા, પણ તે છતાં જો આપણો અમલ લોભી અને અન્યાયી ઠર્યો હોત—જો સરવાળે, હિંદુસ્થાનની પ્રજામાં આપણા તરફ વિશ્વાસ અને માન ન હોત તો આપણે સમુદ્રમાં ધકેલાઈ ગયા હોત. આપણા બેધડક લશ્કરની બહાદુરી, તેના અમલદારોની ચતુરાઈ, આવે પ્રસંગે કંઈ પણ કરી શકત નહિ. તો પણ હિંદુસ્તાનના લોકોએ આપણા વિરૂદ્ધ કંઈ ચાલાક

---

૧. ઇંગ્રેજ કવિ.

પગલાં ભર્યાં નહિ, અને તે બારીક સમયની તેમની વર્ત્તણુક, જે મોટા વિશ્વાસ આપણે જે રીતિએ પરિપૂર્ણ કર્યો છે, તેની સાબિતીનો એક ભભકાદાર પુરાવો છે.

મૉ. થીઅર્સના[1] કારોબારમાં પ્રદેશખાતાના માજી મંત્રી **મૉ. બાર્થેલેમે સેઈન્ટહિલેયર**,[2] એક પ્રખ્યાત ફ્રેન્ચ સદ્ગૃહસ્થ હિંદુસ્તાનમાં આપણા રાજ્યના પરોપકાર અને ન્યાયનો ઉદાર પુરાવો રજુ કરે છે, જેમાં તે કહે છે, "હિંદુસ્તાનની અંદર આપણા રાજ્યતંત્રનો ઉપકાર અને સમાનભાવ, મનુષ્યજાતિ અને સુધારાની સિદ્ધિને માટે તેમના હિતેચ્છુઓ જે આશા રાખે છે, તે આશાને બરાબર યોગ્ય છે. ૨૫ કોટી મનુષ્ય જાતિને નીતિ અને રાજ્યતંત્રમાં કુશળ કરવી તે એક મહત્ કાર્ય છે. પણ તેને માટે આ સદીમાં શરૂ કરેલા યત્નોની સંકલના જો કે ક્યાં સુધી ચાલશે, તે કોઈ નિશ્ચય રીતિએ કહી શકતું નથી તો પણ શુદ્ધ પરિપૂર્ણતાએ પહોંચશે." તે ખરેખર કહે છે કે આપણે એક મુશ્કેલ પ્રશ્નની સામે થવાનું છે. પણ આપણે "સઘળાં સુજ્ઞ અને સમદર્શી મનુષ્યોની શુદ્ધ ભાવપૂર્વક પ્રશંસા" મેળવી છે, એવી ખાત્રી છે એ ઘણું સંતોષ થવા જેવું છે.

આપણા રાજ્યવિષે બીજી પ્રજાઓએ જે મત બાંધ્યો છે તે **હાંગકાંગ** અને **સિંગાપોર** જેવી જગ્યાના ઈતિહાસપરથી સારી રીતિએ જણાય છે. **મિસ્ટર ઉવુડ**[3] કહે છે કે **હાંગકાંગ** "જ્યારે ઈંગ્રેજને મળ્યો, ત્યારે એક ઉજડ નાનો ટાપુ હતો. અને તેમાં મચ્છીમારોનાં મુઠીભર ઝુંપડાં હતાં, તે હાલ દશહજાર ચીનાની વસ્તીથી ગીચ ભરાઈ ગયો છે, જેઓ ચીનમાંથી આ કાંઠે આવ્યા, કારણ કે તેઓ જાણે છે કે બ્રિટિશ રાજ્યમાં, જુલમી કરોથી તેઓ મુક્ત રહેશે, તેમનાપર ન્યાયી

૧. ફ્રેન્ચ રાજ્યદ્વારી. પ્રજાસત્તાકનો પ્રમુખ અને ઇતિહાસકર્ત્તા. ૧૭૯૭–૧૮૭૭.

૨. વિદ્વાન ફ્રેન્ચ લેખક ૧૮૦૫.

૩. પુરાતન વસ્તુઓનું જ્ઞાન મેળવનાર ઇંગ્રેજ ૧૭૧૬-૧૭૭૧.

કાયદાથી અમલ કરવામાં આવશે, આબાદી અને નફાવાળો વેપાર ચલાવવાને તેઓ શક્તિમાન થશે." વળી એક વખત નિર્જન એવા **સિંગાપોર**ના ટાપુમાં, એવાજ કારણને લીધે **ચીન, મલાયાદ્વીપકલ્પ,** અને **હિંદુસ્થાન**માંથી ઘણી વસ્તી ખેંચાઈ આવેલી આપણે જોઈએ છીએ.

વળી જાવાનો દાખલો લ્યો. **હીરેન**[1] કહે છે કે, "બ્રિટિશ કબજાના પાંચ વર્ષમાં એવો ડહાપણવાળો અને દયાળુ કારોબાર ચલાવવામાં આવ્યો કે તેને પાછો આપી દીધા પછી ફરીથી **ડચ** સત્તાને અનુકૂળ થતાં દેશી તથા યૂરોપી પ્રજાને મુશ્કેલી પડી. બ્રિટનના કબજામાં જે ટુંકો વખત તે રહ્યો તે દરમ્યાન તે અદ્દભૂત ટાપુમાં **ડચ** લોકોના આખા બે સૈકાના અમલ કરતાં, વધારે શુદ્ધ પ્રકાશ પ્રવર્ત્યો."

અમેરિકા વિષે બોલતાં **મેનિઝોટા**નો ધર્માધ્યક્ષ **વ્હિપલ**[2] **યુનાઈટેડ સ્ટેટ્સ્** અને **ગ્રેટ બ્રિટન**ની, **ઈન્ડિયન**લોકોની સાથે તેમના જૂદા જૂદા મુલકમાં આ પ્રમાણે જે સરખામણી કરે છે તેનો અસરકારક પુરાવો હું અહીંઆં લખું છું.—

"તે હદની એક બાજુપર એક એવી પ્રજા છે કે જેણે ઈન્ડિયન વિગ્રહોમાં ૫૦,૦૦,૦૦,૦૦૦ **ડૉલર્સ** ખર્ચ્યા છે; એવા લોકો છે કે જેને **પૅસિફિક્** અને **ઍટ્લૅન્ટિક** મહાસાગર વચ્ચે ૧૦૦ માઈલનો એવો એકે કટકો નથી કે જ્યાં ઈન્ડિયન લોકોની કત્તલ ન થઈ હોય; એવું રાજ્ય નથી કે જેણે ઈન્ડિયન વિગ્રહ વિના વીશ વર્ષ કાઢ્યાં હોય; એવી એકે ઈન્ડિયન જાત નથી કે જેને તેણે ક્રિશ્ચિયન ધર્મરીતિએ સુધારી હોય; અને જે પોતાના શત વર્ષના રાજ્યના ઉત્સવમાં ખુનરેજી ભરેલો એક બીજો ઈન્ડિયન વિગ્રહ કર્યા વિના રહેલ હોય. તે હદની બીજી બાજુપર તેજ **ઍંગ્લો સૅકસન** જાત અને તેજ મૂર્તિપૂજકો આવેલા છે. તેઓએ ઈન્ડિયન વિગ્રહમાં એક

૧. પ્રખ્યાત જર્મન ઈતિહાસકર્તા. ૧૭૬૦–૧૮૪૨.

૨. બિશપ વ્હિપલ—અમેરિકન નિબંધલેખક અને ટીકાકાર. ૧૮૧૯.

ડૉલર પણ ખર્ચ્યો નથી, અને ઈન્ડિયનોની કત્તલો કરી નથી. શા માટે? કૅનૅડામાં **ઈન્ડિયન** તહનામામાં આ લોકોને 'મહારાણીજીની ઈન્ડિયન પ્રજા' તરીકે ગણ્યા છે. જેમ જેમ તેઓ સુધરતા જાય છે, તેમ તેમ પુષ્કળ છૂટ, સુધારામાં મદદ, મિલકતના જાતિ હક, કાયદાની જવાબદારી અને રક્ષણ, શાળાઓ, અને સૌથી સરસ ક્રિશ્ચિયન શિક્ષકો તેમને મળે છે."

કોઈ કોઈ વખત—ઘણાજ અન્યાયથી—એમ કહેવામાં આવે છે કે **આયર્લૅન્ડ** તરફનું વર્ત્તન ઘણું સખ્ત છે. એથી ઉલટું, વસ્તીના અથવા બાદશાહી ઉપજમાં તેનાથી અપાતી રકમ બેમાંથી એકના પ્રમાણમાં જેટલા પ્રતિનિધીઓ મોકલવાને તેને હક મળે તેના કરતાં વધારે પ્રતિનિધીઓ તેના છે; વળી કેટલાક કરો, જેવા કે વિધોટી, ઘરવેરો, લોહમાર્ગ (રેલ્વે) કર, દરવર્ષે ૭,૦૦,૦૦૦ પૌંડ કરતાં ઉપરાંત થતા ઠરાવેલા કરો અને બીજા જે આપણામાં લેવાય છે તે **આયર્લૅન્ડ**માં લેવાતા નથી. તે સિવાયના તેના કરો આપણા જેવાજ છે; અત્યાર સુધી તેના ખેડુતોએ આપણા કરતાં વિધોટીનો ઓછો દર ભર્યો છે, અને **આયર્લૅન્ડ**ની જમીન **ઇંગ્લન્ડ**ની જમીન કરતાં ઓછી કિમ્મતની ગણેલી છે. **ઇંગ્લન્ડ** અથવા **સ્કૉટલૅન્ડ** કરતાં દરમાં તેને સરકાર તરફથી ઘણી મદદ મળી છે; અને પૈસાની મદદ ઘણી ઉદારતાથી કરવામાં આવે છે. દાખલા તરીકે, દુકાળને વખતે ૮,૦૦,૦૦૦ પૌંડ આપ્યા. કોઈ કોઈ વખત એમ કહેવામાં આવે છે કે **આયર્લૅન્ડ** ઉપર દારૂનો કર ગેરવ્યાજબી રીતિએ ભારે પડતો છે. અને જ્યારે બીઅર ઉપરનો કર ઘણો ખરો બધો **ઇંગ્લન્ડમાંજ** અપાય છે, અને વળી બીજી જાતના મદ્યના દાણના સંબંધમાં **ગ્રેટબ્રિટન** સેંકડે ૯૨ ટકા આપે છે. અને **આયર્લૅન્ડ** માત્ર ૭.૯૦ ટકા ભરે છે, ત્યારે મારી તો ખાત્રી છે કે **ઇંગ્રેજો** અને **સ્કૉચ** લોકોની **આયર્લૅન્ડ** તરફ ન્યાય અને યોગ્ય ઉદારભાવથી વર્તવાની ઈચ્છા છે.

આપણે જાણીએ છીએ કે યુદ્ધથી જેવા જય મળે છે તેવા સલાહશાન્તિથી પણ મળે છે; અને મનુષ્યજાતિના સંવર્ધનપર જો આપણે ખ્યાલ કરીશું તો આપણા પૂર્વજોને માટે એવુંજ અભિમાનપ્રદ કારણ આપણને લાગશે.

ઈંગ્રેજી ભાષા ઝડપથી ફેલાતી જાય છે, અને મનુષ્યજાતિની સામાન્ય ભાષા થવાની સારી વકકી આપે છે. બેકને ડૉક્ટર **પ્લેફેરને**[1] પોતાના (ઍડવાન્સમેન્ટ ઑફ લર્નિંગ) 'વિદ્યા સંવર્ધન' નામના પુસ્તકનું **લૅટિનમાં** ભાષાંતર કરવાનું કહ્યું હતું. કારણ કે "જે ભાષામાં તે લખેલું છે, તે બહુ ફેલાયલી નહિ હોવાથી, તેને વાંચનારાઓની સંખ્યા અમુક હદમાં રહે છે." અને **લૅટિનમાં** તેનું ભાષાંતર "તે પુસ્તકને બીજો અવતાર આપશે." તેના આવા કથનને હજુ કાંઈ એટલો બધો વખત થઈ ગયો નથી.

આપણા કરતાં વધારે પ્રકાશિત, શુદ્ધ અને ઉમદા સાહિત્યનું બીજો કોઈ પણ દેશ અભિમાન ધરાવી શકે તેમ નથી. કદાચ કોઈ એમ કહેશે કે એક ઈંગ્રેજ તરીકે મારામાં પક્ષપાત હોય તો પણ સામાન્ય સંમતિથી દુનિયાના ભાષાજ્ઞાનમાં **શેકસ્પીઅર** અનન્ય અને પ્રખ્યાત પ્રકાશે છે. આધુનિક ગ્રંથકર્ત્તાઓનું વર્ણન ન કરીએ તો પણ **ચૉસર,**[2] **બેકન, મિલ્ટન, સ્પેન્સર** આદી અનેક આપણી પ્રજાનો મહિમા બતાવે છે. થોડા વખત ઉપર **ઈટલિના** એક આગેવાન વર્ત્તમાનપત્રે, દુનિયાનાં સૌથી સરસ પુસ્તકો વિષે એક મત સ્થાપિત કર્યો છે. સેંકડો માણસોએ તેમના મત આપ્યા હતા, અને શ્રેષ્ઠ ઠરાવેલાં આઠ પુસ્તકોમાંથી એક નામ **બાઈબલનું** હતું અને ઈંગ્રેજી પુસ્તકોનાં ચારથી ઓછાં નામ ન હતાં.

---

૧. ઇંગ્રેજી રસાયનશાસ્ત્રી. એણે ઘણાં પુસ્તકોનો તરજુમો ઇંગ્રેજીમાં કર્યો છે. ૧૮૧૯ -

૨. ઇંગ્રેજી કવિતાનો પિતા. તે લશ્કરપર નોકર રહ્યો હતો અને થોડો વખત લડાઈના કેદી તરીકે રહ્યો હતો. ૧૩૨૮-૧૪૦૦.

નવીન યોજના અને શોધની તવારિખમાં **વૉટનું** નામ વરાળયંત્રની સાથે, **સ્ટીવન્સનનું** અગ્નિરથના યંત્રની સાથે, **વ્હિટસ્ટોનનું**[1] વિદ્યુતના તારની સાથે, **આર્કરાઈટનું** સૂત્રયંત્ર સાથે **હાર્ગ્રિવ્ઝનું**[2] જેનિ (ચરખા-જીન) ની સાથે અને **ફોક્સ ટેલ્બૉટનું**[3] યાંત્રિક ચિત્રકળા સાથે, હમેશાં સંયોજીત રહેશે.

વૈદકમાં લોહીનું ચલન **હાર્વિએ**[4] શોધી કાઢ્યું. ગૌશીતળા કહાડવાની યુક્તિ **જેનરે**[5] શોધી કાઢી, બેશુદ્ધ કરનારી દવાઓ **સિમ્પસને**[6] ઉપયોગમાં આણી, અને જખમ અને શસ્ત્રક્રિયામાં રૂઝની મહાવજત **લિસ્ટરે**[7] શોધી કાઢી. રસાયનશાસ્ત્રમાં આપણા ઘણા પુરૂષોનાં નામ મુદ્રાંકિત છે. **બેકન, ન્યુટન, ડાર્વિન, ડેવિ[8], ડેલ્ટન[9], કૅવેન્ડિશ, ફૅરૅડે, હરશલ, વ્હિલિઅમ સ્મિથ[10], લ્યેલ[11], મર્કિસન[12],** વિગેરે.

આ બાબતો હું વર્ણવું છું તેમાં કંઈ આપણી પોતાની આબરૂ નથી. તેમાં આપણા વડીલોની શોભા છે, અને તે આપણને અભિમાનપ્રદ છે, પણ તેથી આપણાપર એક મોટી જવાબદારી આવે છે.

---

૧. વિજળીના તારની શોધ કરી ઉપયોગમાં લાવનાર. ૧૮૦૨-૧૮૭૫.

૨. સૂત્રયંત્રશોધક. ——————————૧૭૭૮.

૩. ઇંગ્રેજ. ગ્રંથકાર ફોટોગ્રાફવિદ્યાનો શોધક. ૧૮૦૦-૧૮૭૭.

૪. લોહીનું શરીરમાં ફરવું શોધી કાઢનાર ઇંગ્રેજ ૧૫૭૮-૧૬૫૭.

૫. ગૌશીતળા કાઢવાની રીત શોધી કાઢનાર ઇંગ્રેજ વૈદ્ય. ૧૭૪૯-૧૮૨૩.

૬. શસ્ત્રવિદ્યાના પ્રયોગને માટે દરદીને બેભાન કરનારી દવાનો શોધક ઇંગ્રેજ. ૧૮૧૧-૧૮૭૦.

૭. ઇંગ્રેજ તત્વવેત્તા અને વૈદ્ય. ૧૬૩૮-૧૭૧૨.

૮. ઇંગ્રેજ વાયુચક્રશાસ્ત્રી અને રસાયનશાસ્ત્રી. ૧૭૬૬-૧૮૪૪.

૯. ઇંગ્રેજ રસાયનશાસ્ત્રી અને તત્વવેત્તા. ૧૭૩૧-૧૮૧૦.

૧૦. ઇંગ્રેજ ભૂસ્તર વિદ્યાનો પિતા. ૧૭૬૯-૧૮૩૯.

૧૧. ઇંગ્રેજ ભૂસ્તરવિદ્યાશાસ્ત્રી. ૧૭૯૭-૧૮૭૫.

૧૨. ઇંગ્રેજ ભૂસ્તરવિદ્યાશાસ્ત્રી. ૧૭૯૨-૧૮૭૧.

વારૂ, ત્યારે આપણ સઘળા મિલ્ટનરચિત પ્રાર્થનામાં ભાગ લઈએ. "હે પ્રભુ, તું કે જેણે સ્પૃહણીય કીર્તિ અને ઉત્કૃષ્ટતાવાળું આ બ્રિટેનિક સામ્રાજ્ય તારી પોતાનીજ ખાસ ઈચ્છાથી સ્થાપ્યું, તે પુત્રીવત આસપાસ રહેલા દ્વીપો સહિત અમારા સુખરૂપ મહાન રાજ્યનું તું રક્ષણ કર; આ વરદાન માગીનેજ માત્ર સંતુષ્ટ થવાનું નથી; પણ તેને પાત્ર થવાને પ્રયત્ન આપણે કરવાનો છે. આપણે સ્મરણમાં રાખવું જોઈએ કે, અગાધ શક્તિ અતિશય શાન્ત હોય છે; વળી, મનુષ્ય અને તેમના કર્મનો આધાર સાહિત્ય સામર્થ્યપર નહિ પણ નીતિ સામર્થ્યપર રહેલો છે."

"દરેક મનુષ્ય પોતાનો ધર્મ બજાવશે." એમ ઈંગ્લન્ડ આશા રાખે છે. તે આપણ સઘળાને કહે છે કે, "તારે માટે આ સઘળું મે કર્યું છે; મારે માટે તેં શું કર્યું છે?"

ખરેખર જ્યારે આપણે ઈતિહાસમાં ગયેલા સઘળા વખતપર નજર કરીએ છીએ, ત્યારે હું ધારૂં છું કે, આપણા દેશે પોતાપર પડેલો મોટો વિશ્વાસ ડાહ્યા અને ઉદાર જુસ્સાથી પરિપૂર્ણ કર્યો છે, અને જે વિજયોથી આ સામ્રાજ્ય જીતાયું છે, તે વિજયો કરતાં ભાગ્યેજ ન્યૂન કીર્તિવંત રીતિએ તેના ઉપર અમલ ચલાવ્યો છે,—એમ કહેવું એ કંઈ અતિશયોક્તિ નથી. એવો એક અવસર આવે કે જ્યારે ઇંગ્રેજી બોલનારા સઘળા લોકોની મળીને એક મોટી પ્રજા થાય, એવી આશા રાખવી એ શું કંઈ સ્વપ્ન છે?

હું કદાચ મારા દેશને માટે અતિ પક્ષપાતિ અને અતિ અભિમાની ગણાઉં, તો પણ ખરી વાત છાની રહેતીજ નથી. વળી મોરિસનું[1] કથન પ્રમાણ છે કે, "જે માણસને સ્વદેશના પ્યારની અતિશય લાગણી હોય, તે સરવાળે બીજી કોઈ પ્રજાને માટે, ઘણોજ પ્રમાણિક માણસ છે." સ્વદેશનો પ્યાર નાગરિકપણાના ખ્યાલને ઉચ્ચતર પદ આપે છે. જાતિ અને વળી,

૧. ઇંગ્રેજ પાદરી અને ગ્રંથકાર. ૧૮૦૬-૧૮૭૨.

કુટુંબસ્વાર્થના લઘુ વર્તુળ કરતાં સ્વદેશાભિમાની જીવતરના ખરા વિસ્તાર અને સૌંદર્યમાં આપણને ઉંચે ચઢાવે છે. ખરે-ખરો શેહનશાહી જુસ્સો ફક્ત કીર્ત્તિમાં નથી, પણ આપણી ભાષા અને વિદ્યાના, સ્થળ અને જળપર આપણા લોકો અને વેપારના, અને આપણાપર આ પ્રમાણે આવતી મોટી જવાબ-દારીના ઉંડા વિચારના ફેલાવામાં છે.



પ્રકરણ ૧૧ મું.

પૌરાધિકાર.

नरपतिहितकर्त्ता द्वेष्यतां याति लोके
जनपदहितकर्त्ता त्यज्यते पार्थिवेन ।
इति महति विरोधे विद्यमाने समाने
नृपतिजनपदानां दुर्लभः कार्यकर्त्ता ॥ १ ॥

ભાવાર્થ—જે કેવળ રાજ્યનું હિત કરે તે લોકોમાં અપ્રિય થઈ પડે છે અને જે પ્રજાનું હિત કરે તે રાજાને અપ્રિય થઈ પડે છે; આવો મોટો સમાન વિરોધ આવે તેથી રાજ્ય અને પ્રજાનું હિત કરનાર માણસ (પૌરાધિકારી) મળવો દુર્લભ છે.

આપણે સર્વે દેશસત્તાના ભાગીયા છીએ અને તે મોટી જવાબદારીને માટે આપણી જાતે યોગ્ય થવું, તે આપણાં અગત્યનાં કર્તવ્યોમાંનું એક છે. આને માટે કેવળ સુવિચારના જેટલીજ અધ્યયન અને મનનની જરૂર છે. આપણા સામ્રાજ્યનો વિસ્તાર અને મહત્વ એજ ભયરૂપ છે. આપણે ઘણી મનુષ્યજાતિપર રાજ્ય ચલાવીએ છીએ, જેમાંની કેટલીકનાં વિચારો અને ઉમેદો આપણાથી તદન નિરાળાંજ છે. હિંદુસ્તાન તરફ જુઓઃ વસ્તી લગભગ ઇંગ્લન્ડથી દશગણી છે. તેના ભિન્ન ભિન્ન જાતિ અને ઓલાદમાં ઘણા વિભાગ પડેલા છે. જે જાતિના આપણે છીએ તેજ જાતિના વાસ્તવિક હિંદુ છે, જે ભાષા તેઓ બોલે છે તેની ઉત્પત્તિ અને બંધારણ સરખાંજ છે, એટલુંજ નહિ, પણ કેટલાએક શબ્દો એકસરખા છે. શબ્દ "પુર" જે હિંદુસ્તાનમાં ઘણી જગ્યાના નામને છેડે આવે છે તે આપણા "બરો" શબ્દને મળતો આવે છે, અને આપણા જેવોજ તે સાધારણ પ્રત્યય છે. પણ હિંદુ લોકો તો હિંદુસ્તાનની વસ્તીનો માત્ર એક ભાગ છે; જોકે કાળે અને અંતરે ઘણા મોટા

તક્રાવતો પાડી દીધા છે, તો પણ દક્ષિણની **ડ્રૈવિડિઅન** (દ્રાવિડ) જાતો અને પૂર્વના મલાયા ચિના કરતાં તેઓ આપણા કુટુંબને વધારે નજીક છે. મુસલમાનો કે જેઓ સર્વોપરિ સત્તારૂપ હતા અને આપણે જતા રહીએ તો ફરીથી થાય તેમની સાથે તેઓને હડહડતું ધર્મવૈર છે.

હિંદુસ્તાન જો કે કદાચ સૌથી મોટું છે, તો પણ તે આપણી જવાબદારીમાંનો માત્ર એક જ ભાગ છે. દુનિયા ઉપર સઘળે બીજી મોટી પ્રજાઓના સંબંધમાં આપણે આવીએ છીએ. બન્ને પક્ષમાં યુક્તિના, મર્યાદશીળતાના અને ક્ષમાભાવી પ્રશ્નો ઉત્પન્ન થાય છે, અને થયા કરશે. કયારે નમી આપવું અને કયારે દૃઢ થવું તે આપણા રાજ્યદ્વારીઓએ, અને કોને આધારભૂત થવું તે લોકોએ જાણવું જોઈએ.

મનુષ્યજાતિનો ઈતિહાસ, ધૂળધાણી થઈ ગયેલાં મહાન સામ્રાજ્યોના ક્રમથી આપણને જાણીતા કરે છે. **(ઈજીપ્ત) મિસર, સિરિયા, પર્શિઆ,** (ઈરાન) **રોમ** ચડયાં અને પડયાં છે. હાલ જેમ આપણે "નૌકા, સંસ્થાનો અને વ્યાપાર" થી ઘણે દરજ્જે આબાદ થયા છઈએ, તેમ વધારે આધુનિક કાળમાં **જીનોઆ** અને **વેનિસ** અભ્યુદય પામ્યાં હતાં. જો તેમના થયેલા હાલહવાલમાંથી આપણે બચવું હોય તો તેમણે કરેલા દોષથી દૂર રહેવું જોઈએ.

"રાજ્ય સ્થાપનને માટે સહસ્ત્ર વર્ષ ભાગ્યેજ બસ છે;
પણ એક ઘડીમાં તે ધૂળધાણી થઇ જાય."

વિદેશી રાજ્યતંત્રનાં સંબંધમાં અવર પ્રદેશો સાથે મૈત્રિભાવ નિભાવી રાખવામાં આપણા ધર્મ કરતાં હિત જરાએ ઓછું નથી. દુર્ભાગ્યે પ્રજાઓ અન્યોન્ય પ્રતિ વૈરભાવ ધરાવે છે, તે છતાં વધારે શુદ્ધ વિચાર બતાવે છે કે આપણે સર્વ મનુષ્યજાતિ છઈએ અને મિત્રાચારીથી રહેવું જોઈએ. **વેઈલ્સ**ના એક પ્રબોધકે આનું એક સાદું પણ અસરકારક દૃષ્ટાંત આપ્યું છે. તેણે કહ્યું છે કે, "એક દિવસ હું બહાર

ફરવા ગયો હતો અને સામેની ટેકરીઉપર એક રાક્ષસીરૂપ જોવામાં આવ્યું; જેમ જેમ હું નજીક જતો ગયો તેમ તેમ મને માલૂમ પડતું ગયું કે તે કોઈ મનુષ્ય છે અને જ્યારે ઘણોજ પાસે આવ્યો ત્યારે મેં જાણ્યું કે તે મારો પોતાનોજ ભાઈ છે." અન્ય પ્રજાઓ મનુષ્યજાતિ છે એટલુંજ નહિ, પણ તે આપણા બંધુઓ છે અને તેમનું કલ્યાણ આપણા કલ્યાણની સાથે અનેક રીતિએ ગુંથાયેલું છે. તેમને નુકસાન થાય તો તે આપણને નુકસાન છે; જે તેમને ગુણકારી છે તે આપણને લાભપ્રદ છે. બ્રિટિશ પ્રજાનું સૌથી મોટું હિત દુનિયાની સલાહ શાન્તિ અને આબાદીમાં રહેલું છે. વિગ્રહના ઝળઝળાટે મનુષ્યજાતિની કલ્પનાને અંજાવી દીધી છે. દરેક યોદ્ધો પોતાના બચકામાં લશ્કરી અમલદારનો દંડ સાથે રાખે છે, ઈત્યાદિ વિજયી વિગ્રહના ભભકા અને સંજોગ વિષે આપણે સાંભળીએ છીએ, અને તેથી મનુષ્યજાતિપર જે અનહદ વિપત્તિ આવી પડે છે તે મનમાં ઉતરતી નથી.

વિગ્રહથી થતાં કત્તલ અને દુઃખનો વિચાર ત્રાસદાયક છે અને તે થતો અટકાવાને પંચના પક્ષની અનિવાર્ય દલીલ ઉત્પન્ન થાય છે. પદાર્થોની અત્યારની હાલત મનુષ્ય સ્વભાવને લાંછન લગાડે છે; તકરારોનો નિવેડો આયુધબળે આણવો એ કોઈ જંગલી જાતોને માટે કાંઈ બહાનું ગણાય, પણ સુધરેલી પ્રજાઓએ તેમ કરવું એ આપણી નીતિમાંજ નહિ, પણ સાધારણ સમજમાં પણ વિપરીત લાગે છે.

साम्ना दानेन भेदेन समस्तैरथवा पृथक् ।
साधितु प्रयतेतारीन्न युद्धेन कदाचन ॥ १ ॥

हितोपदेश.

ભાવાર્થ—જુજવા કે કરી સામટા, સામ ભેદ ને દામ;
યત્ન કરો અરિ સાધવા, યુદ્ધ ન કરો નકામ.

ર. ઉ.

આ સમયે પણ યૂરોપનાં સલાહ શાંતિ જાળવવાનાં ખાતાંઓમાં ૩૫,૦૦,૦૦૦ મનુષ્યો છે: વિગ્રહખાતાંઓમાં ૧,૦૦,૦૦,૦૦૦

છે, અને જ્યારે ધારેલી યોજનાઓ પરિપૂર્ણ થશે ત્યારે ૨,૦૦,૦૦,૦૦૦ પૌન્ડ કરતાં વધશે. કહેવાતું વાર્ષિક ખરચ, ૨૦,૦૦,૦૦,૦૦૦ પોંડ ઉપરાંત છે; પણ યૂરોપ ખંડનાં લશ્કરને જરૂરને વખતે જબરજસ્તીથી ઉભાં કરવામાં આવે છે, ત્યારે તો ખરૂં ખર્ચ એથી પણ ઘણું વધે છે. વળી જો, આ ૩૫,૦૦,૦૦૦ માણસોને ઉપયોગમાં આણ્યાં હોય અને પ્રત્યેકની વાર્ષિક કમાણી ૫૦ પૌ. ની ગણીએ તો આપણે ૧૭,૫૦,૦૦,૦૦૦ પૌ. વધું ઉમેરવા પડે, જેથી લશ્કરી ખાતાનું યૂરોપનું કુલ વાર્ષિક ખર્ચ ૩૭,૫૦,૦૦,૦૦૦ પૌંડ થાય. અલબત દ્રવ્યના કરતાં વધારે ઉંડા અને ગંભીર વિચારવાળી બીજી બાબતો છે; તો પણ દ્રવ્ય એ મનુષ્યજાતિ શ્રમ અને જીવતરનો અવેજ છે. હાલની નૌકા અને સૈનિક વ્યવસ્થાનો વિચાર કરતાં કોઈ પણ મનુષ્યને ભારે અનિષ્ટ દર્શન થયા વિના રહે એ અશક્ય છે. જો કે તેનો અંત વિગ્રહમાં નહિ આવે તો પણ ધીમે ધીમે તેનું છેવટ દીવાળું અને પાયમાલી છે.

યૂરોપના આગેવાન દેશોપર કરજનો બોજો ભારે અને ભારે થતો જાય છે. છેલ્લા વીશ વર્ષમાં ઈટાલિનું દેવું ૪૮,૩૦,૦૦,૦૦૦ પૌંડ થી ૫૧,૬૦,૦૦,૦૦૦; ઑસ્ટ્રિઆનું ૩૪,૦૦,૦૦,૦૦૦ પૌંડ થી ૫૮,૦૦,૦૦,૦૦૦, રશ્યાનું ૩૪,૦૦,૦૦,૦૦૦ પૌંડ થી ૭૫,૦૦,૦૦,૦૦૦; ફ્રાન્સનું ૫૦,૦૦,૦૦,૦૦૦ પૌંડ થી ૧,૩૦,૦૦,૦૦,૦૦૦ પૌંડ થયું છે. દુનિયાનાં રાજ્યોનું દેવું સાથે ગણતાં તે સને૧૮૭૦માં ૪,૦૦,૦૦,૦૦,૦૦૦ પૌંડ મનાય નહિ તેવો વિકાળ અને ચકદી નાંખતો બોજો હતો. પણહાલ તે કેટલું છે? તે વધીને ૬,૦૦,૦૦,૦૦,૦૦૦ પૌંડ. ઉપરાંત ગયું છે અને હજુ વધતું જાય છે. આ બેસુમાર ત્રાસજનક બોજાના વિશેષ ભાગથી કોઈ મૂલ્યવાન્ મિલકત મળી નથી કે કોઈ ઉપયોગી કાર્ય સિદ્ધ થયું નથી; કેવળ તેનો અનુપયોગી ખર્ચ કર્યો છે; અથવા એથી પણ વધારે ખરાબ, અન્ય પ્રજાઓના મતાનુસાર, જેમ કહી શકાય, તેમ વિગ્રહ અથવા વિગ્રહની તૈયારીમાં માત્ર ફેંકીજ દીધો છે. વાસ્તવિક રીતિએ હાલ આપણે ખરી

સલાહશાન્તિ નથી. સુભાગ્યે યુદ્ધો અથવા ખુનરેજી વગર, પણ ભયંકર આપદા સહિત આપણે ખરેખર વિગ્રહની હાલતમાં રહીએ છીએ. આપણા પોતાનાજ દાખલામાં પ્રજા ઉપજનો એક તૃતીયાંશ ભવિષ્યની લડાઇઓની તૈયારીમાં, બીજો એક તૃતીયાંશ ગયેલી લડાઈઓનો ખર્ચ પૂરો પાડવામાં વપરાય છે અને માત્ર એક તૃતીયાંશ દેશના રાજકારભારને માટે રહે છે. આપણા અનેક સ્વાર્થ જોખમમાં આવી પડયા છે અને પ્રજાઓના સ્વાર્થનું એવું મિશ્રણ થઈ ગયું છે કે હવેની દરેક લડાઈ ખરેખર અંદર અંદરની લડાઈ જેવી છે.

જો કે "ગમે તેવા જોખમે સલાહશાન્તિ" રાખવી એ મતનો હું માણસ નથી, તો પણ-ઘણું જોખમ (લગભગ ગમે તેવું જોખમ) ખમતાં સલાહશાન્તિ રાખવી એમ કહેતાં મને શરમ આવતી નથી. બેશક કેટલાએક એવા પ્રશ્નો છે કે જે પંચમાં મૂકી ન શકાય, પણ મોટા આધારભૂત **અર્લ રસલે**[1] કહ્યું છે કે, ગયા શતકમાં થયલા વિગ્રહમાંનો એક એવો નહોતો કે જે આયુધના ઉપયોગ સિવાય સારી રીતિએ પતી શકયો નહોત.

મૉ. **ગૅમ્બેટાને**[2] જ્યારે હું છેલ્લી વખત મળ્યો ત્યારે અમે આ વિષયપર ચર્ચા કરી હતી, અને તેણે પોતાની હમેશની આવેશિત રીતિએ કહ્યું કે જો હાલના ખર્ચનું પ્રમાણ જારી રહેશે તો એક એવો દિવસ આવશે કે જ્યારે ફ્રેંચ લોકો "લશ્કરી સિપાઈઓને આંગણે ભીખ માગશે" તે માત્ર જારી રહ્યું છે એટલુંજ નહિ પણ વધ્યું છે.

તે વખતે **યુરોપ**ની હાલત ભયભીત થયા વિના રહેશે નહિ. **રશ્યા** નાસ્તિત્વ (રાજ્યધર્મ અને વ્યવહાર સંબંધી ખાતાઓનો નાશ કરવાનો મત) નાં છિદ્રોમય થઈ ગયું છે. **જર્મનિ** સામાન્ય સ્વામિત્વના ભયમાં છે. **ફ્રાન્સ** રાજ્યાવ્યવસ્થાની હેબકમાં છે, અને ત્વરાથી નાદારીએ પહોચતું જાય છે. હાલના

૧. અર્લ રસલ-એક મહાન ઇંગ્રેજ રાજ્યદ્વારી હતો, ૧૭૯૨-૧૮૭૮.
૨. ગૅમ્બેટા-એક ફ્રેન્ચ રાજ્યદ્વારી હતો, ૧૮૩૮-૧૮૮૨.

રાજ્યાવ્યવસ્થા જનિત ગુન્હાઓને માટે કોઈ બ્હાનું નથી; તેમ તે ન્યાયી પણ નથી; પણ આ દુનિયામાં કાંઈ વાત કારણવગર બનતી નથી. **યુરોપખંડના** ધંધાર્થી લોકો ઘણી હલકી રોજીથી ઘણા લાંબા વખત સુધી કામ કરે છે. જો કોઈ **ઈટલિને** હાલનો હેવાલ વાંચશે તો તે દેશના કૃષિકારોની કંગાળ હાલતનું તેને ભાન થશે; **યુરોપખંડના** દેશોના મજૂરોની રોજી ઘણી હલકી છે અને તેમને લાંબો વખત કામ કરવું પડે છે; અને **ફ્રાન્સમાં** તેમજ બીજે નાના જમીનદારો કાંઈ સારી સ્થિતિમાં નથી.

દિવસમાં આઠ કલાકજ કામ લેવાની ઈચ્છાને માટે મારા મનમાં ઘણી દાઝ છે, પણ ત્રીજે વર્ષે **હાઈડ પાર્કમાં** ડહાપણ યુક્ત આગ્રહથી ઠરાવ થયો છે કે, તેવું સર્વ દેશમાં થવું જોઈએ; તો પણ જો હાલનું લશ્કરી ધોરણ ચાલુ રહેશે તો વખતની વિશ્રાંતિ અશક્ય છે. " આઠ કલાક " રાખવાનો ઉપાય માત્ર લશ્કરી ખર્ચ ઘટાડવાનો છે. નૌકા અને ભૂલશ્કરને નીભાવવાના જરૂરના કરને લીધે **યુરોપનાં** સ્ત્રીપુરૂષોને જરૂર કરતાં દિવસમાં ઓછામાં ઓછું એક કલાક વધારે કામ કરવું પડે છે. વાસ્તવિક રીતિએ **યુરોપનો** ધર્મ ખ્રિસ્તિ નથી પણ યુદ્ધ દેવની આરાધનાનો છે. અફસોસ છે કે આપણે વિગ્રહ બંધ રાખી શકતા નથી, પણ બને ત્યાં સુધી સલાહ શાન્તિના પક્ષમાં આપણે રહેવું જોઈએ; અન્ય પ્રજાઓ સાથે મૈત્રિભાવ જાળવી રાખવાનો પ્રયત્ન કરવો જોઈએ; અને તેમની સાથે વિવેક, ન્યાય અને ઔદાર્યથી વર્તવું જોઈએ.

ઘણા દેશો સાવ મૂર્ખાઈથી તેમજ નાણાના દબાણથી એક બીજાની સાથે વિગ્રહમાં ઉતરી પડે છે.

> " કૂપર કહે છે કે વચમાં આવેલા પર્વતો
> પ્રજાઓને દુશ્મન કરે છે, જેઓ નહિ તો,
> સપિંડની માફક, એકત્ર થઈ ગઈ હોત. "

સૌથી ખરાબ પ્રતિબંધો તો એ છે કે જે પ્રજાઓએ એક બીજા સામે ઉભા કર્યા છે. કર્તવ્ય અને રીતભાતના પ્રતિબંધો

સૌથી ખરાબ પરસ્પર હાનિકારક યોજનાની શંકા ઉત્પન્ન કરતી પાયા વગરની ઈર્ષા અને અરૂચિરૂપ છે, જે વાસ્તવિક રીતિએ બેમાંથી એકેમાં હોતી નથી.

જે ઈર્ષા અને વૈરનો જુસ્સો પ્રજાઓના પરસ્પર વ્યવહારનું વિશેષ લક્ષણ છે તેજ વળી દેશના રાજ્યતંત્રમાં શોકમય આપત્તિ આણે છે; પણ તેનો દુરૂપયોગ એ કંઈ પ્રમાણ નથી; તે તો નબળાઈ બતાવી આપે છે. આપણે માટે એક એવો સુખી વખત આવશે કે જ્યારે, પક્ષ પક્ષમાં અને પ્રજા પ્રજામાં આપણે એટલા બધા ધીમા અને નરમ પડી જઈશું કે,

> " ભૂલ ખાતા બંધુ ઉપર લડાઈની કંઈ ધમકી
> કે વેર વાળવાનું કંઈ જંગલી કહેણુ મોકલશું નહિ,
> પણ તેને બદલે આપણા જાતિભાઈઓને,
> એક બીજાને ચાહવાને અને માન આપવાને
> ઉપદેશ કરવાની ઈશ્વિરી યુક્તિ ગ્રહણુ કરીશું."

કેટલીક વખત કહેવામાં આવે છે કે વાતો કરવાથી કાંઈ ઉથલપાથલ થતી નથી. તો પણ દુનિયાના બંધારણમાં શસ્ત્રો કરતાં દલીલથી વધારે મોટા ફેરફારો થયા છે; અને જ્યાં શસ્ત્રો વાપર્યાં હશે ત્યાં પણ ઘણા દાખલાઓમાં, તરવાર કલમને અનુસરી છે. સંગીનો કરતાં વિચારો વધારે શક્તિમંત છે.

મિલ કહે છે "મનુષ્યજાતિની ઉન્નતિની જે શરૂઆતમાં હાલ આપણે છઈએ તેના પ્રમાણમાં, જીવતરની વર્તણુકના સામાન્ય વહનમાં વાસ્તવિક અનુરાગ ઉત્પન કરાવવાને અશકય એવી બીજાઓને માટે ખરેખરી દાઝ, કોઈ મનુષ્યમાં હોઈ શકે નહિ; પણ જે પુરૂષમાં માયાળુ જનમંડળની લાગણી પરિપક્વ થઈ ગઈ હોયજ તે પુરૂષ, બાકીની મનુષ્યજાતિ, સુખસાધન માટે પોતાની પ્રતિસ્પર્ધિ છે, અને જેને પોતાનો હેતુ સિદ્ધ કરવા માટે તેના હેતુમાં પરાજીત થયેલ જોવાની પોતાને ઈચ્છા છે, એવા વિચાર પોતાના મનમાં લાવી શકશે નહિ."

નાગરિક ધર્મ ડહાપણથી અને સારી રીતિએ બજાવવાને માટે

બર્ક કહે છે, તે પ્રમાણે "આપણાં મન સંભાળથી કેળવવાં અને આપણા જાતિસ્વભાવની દરેક જાતની ઉદાર અને પ્રમાણિક લાગણીને અતિ પૂર્ણ શક્તિ અને પક્વતાથી ઉછેરવી જોઈએ. જે સ્વભાવ ઘર કામકાજ સંબંધી જીંદગીમાં આનંદમય રહેતો હોય તેને, આપણે સદ્ગૃહસ્થ છઈએ એ ભાન રાખી, સ્વદેશાભિમાની થઈએ તેવી રીતિએ, જનસમસ્તની સેવા અને આચારમાં આણવો......સાર્વજનિક જીવતર એ ઉત્સાહ અને શક્તિનું સ્થાન છે; જે દુશ્મનને મળી જાય છે તેના જેટલુંજ, જે પહેરાને વખતે ઉંઘે છે, તે ધર્મનું ઉલંઘન કરે છે." તમારા હક માગવાના કરતાં તમારો ધર્મ બજાવવાનો વધારે ખ્યાલ રાખો.

બૉલિંગબ્રોક[1] પોતાના "સ્વદેશાભિમાનના જુસ્સા" વિષેના નિબંધમાં સૉક્રેટીસની ટીકાનો પ્રશંસાપૂર્વક ઉતારો કરે છે કે, "હલકામાં હલકો વ્યાપાર જો કોઈ માણસને આવડતો નથી હોતો તો તે માથે લેતો નથી, તો પણ સૌથી અઘરામાં અઘરા રાજ્યવ્યાપારને માટે દરેક માણસ પોતાને પૂર્ણ રીતિએ યોગ્ય ગણે છે." ગ્રીસની અંદરના પોતાના અનુભવથી આમ તેણે કહ્યું હતું. હાલ જો તે બ્રિટનમાં રહેતો હોત તો પણ તે પોતાનો વિચાર બદલત નહિ.

ખરેખર ઘણા ભિન્નભિન્ન અને અકળાવતા પ્રશ્નો આપણી આગળ રજુ થયા છે. આપણાં બાળકોને કેળવણી આપવાને આપણે પ્રયત્ન કરીએ છીએ, પણ આપણું ધોરણ પરિપૂર્ણ છે એમ સંભવિત રીતિએ કોઈ કહેશે નહિ; મુડી અને મજુરી વચ્ચેનાં તરકડીયાં આપણા વ્યાપારને ભૂખ આપે છે, આપણાં કારખાનાંઓને મુંઝવે છે, અને જો આમ ચાલ્યા કરશે તો મજુરીનો ખપ મટી જવાથી રોજી ખરેખાત ઓછી થશે.

---

૧. તે પરદેશખાતાનો સેક્રેટરિ હતો. રાણી ઍનનો તેને ઘણો આશરો હતો. તેથી તે મરી જવાથી તેને ફ્રાન્સમાં નાશી જવું પડ્યું. તેણે સર રૉબર્ટ ઉવૉલપોલનો કારભાર પોતાના લખાણોથી તોડાવ્યો હતો. १६७८-१७५१.

આપણાં મોટાં શહેરોની તંદુરસ્તીમાં હજુ ઘણી અપેક્ષાનો અવકાશ છે; વિદ્યામાં આપણે માત્ર શરૂઆતજ કરી છે.

વળી, સંવર્ધનનો કોઈ પણ પ્રશ્ન એક બાજુએ રાખતાં, જનસમૂહની નિત્યની જીંદગીમાં જથુ શ્રમની જરૂર છે. રાજ્યસભા (પાર્લમેન્ટ) નાં એકીભૂત વિચાર, લોકોપયોગી કામોનો વહીવટ, ગરીબના કાયદાનો અમલ, વિગેરે વાસ્તવિક રીતિએ સમગ્ર સાર્વજનિક કાર્યોમાં જૂદા જૂદા મનુષ્યોનાં કાર્યો જેટલીજ કાળજી અને ધ્યાનની જરૂર છે, અને કાંતો સમજથી કે ગેરસમજથી વધતી સત્સંગતિની યોજનાને માર્ગે લોકપ્રવૃત્તિ થઈ છે.

વળી ગરીબો તો હમેશાં આપણી સાથે લાગેલાંજ છે, અને અસંખ્ય ધર્માદાખાતાંઓ, ધનવાન અને અધનના મોટા એક રાગને લીધે અને કાંઈક આપણા ગરીબના કાયદા, વ્યાપારની છૂટ અને ઓછી અસંતોષકારક શરીરસંપત્તિને લીધે બીજા દેશોમાં સામાન્ય સ્વામિત્વ અને રાજ્યાવ્યવસ્થાને અનુકૂળ જે લાગણી છે, તેવી અહીં નથી.

આસક્તિ એ બેશક દુનિયાને ગતિમાં મૂકનાર એક તુલા છે, પણ જે પ્રયોગો અગાઉ ફરી ફરીને નિષ્ફળ થયા હોય, અને જેઓ નિરૂપયોગી કરતાં પણ વધારે ખરાબ નીવડ્યા હોય, કારણ જેમને માટે તેઓ યોજવામાં આવ્યા હોય તેમને હિતને બદલે અહિત કર્યું હોય, તેવા કોકટ પ્રયોગોમાં કટલા બધા કાળ અને અર્થનો વ્યય થયો છે, તેનો વિચાર શોકજનક છે. દીન લોકોના કાર્યમાં સદ્ભાવનાના આશય જેટલીજ માનસિક યત્નની અપેક્ષા છે.

વિશેષે ખપની વસ્તુ દ્રવ્ય નથી. ખરેખર એક મોટા પ્રમાણભૂત **મિસ સિવેલ** કહે છે કે, "આ વિપરિત લાગશે, પણ હું તે ખરૂં માનું છું કે, જેમ ગરીબ પડોશ તેમ તેમાં રોકડ પૈસાનું ખર્ચ ઓછું." સુવિચાર અને સદ્ભાવ એ સુવર્ણથી વિશેષ છે. જેઓ સમયનું દાન કરે છે, તે ધનદાનથી વિશેષ

કરે છે. ખરૂં જોતાં અનુભવ અને કેળવણીહીન દ્રવ્ય અને ઉત્સાહ, હિતકરતાં વધારે અહિત કરે, એમ મોટો ભય રહે છે. કારણ કે, અપૂર્ણ મૂકેલા કાર્યના કરતાં ખરાબ રીતિએ કરેલા કાર્યથી વધારે નુકસાન થાય.

દ્રવ્ય કરતાં આશા તથા શક્તિ અને હિમ્મત આપવાં એ વધારે સારૂં છે. બીજાઓની આપત્તિઓ તેમને બદલે પોતે સહન કરવી નહિ, પણ તેમનો બોજો તેઓજ ઉઠાવે, અને જીવતરની મુશીબતો સામે તેઓ બહાદુરીથી લડે તેવી રીતિએ તેમનામાં હિમ્મત અને ઉત્સાહ ઉત્પન્ન કરવાં, તે શ્રેષ્ઠ સાહાય છે. બીજાઓને સહાય થવું એ કંઇ સહેલું કામ નથી, પણ તેમાં આતુર અંતઃકરણ, તેમજ સ્વચ્છ મગજ અને ડહાપણ ભરેલા નિશ્ચયની જરૂર છે.

આપત્તિ દૂર કરવાની આકાંક્ષામાં સ્વતંત્રતાને ધક્કો ન પહોંચાડવાની આપણે કાળજી રાખવી જોઈએ. હમેશાં પહેલી મુશ્કેલી એ આવે છે કે જ્યારે મનુષ્યોને માટે કાંઈ કરવામાં આવે છે ત્યારે તેમનામાંથી કામ કરવાનો મોટો ઉત્સાહ જતો રહે છે, અને સ્વાતંત્ર્યની લાગણી નબળી પડે છે; બીજાને આધારે જીવતાં સઘળાં પ્રાણી માત્ર પરાન્નોપજીવી(ભોજનભટ)થઈ જાયછે તેટલા માટે પોતાનો રોટલો પોતે કમાય તેવે રસ્તે ચડે ત્યાં સુધી શક્યતાના પ્રમાણમાં તેને રોટલો આપવો નહિ; સીધી સહાય કરવી નહિ, પણ સ્વાશ્રયમાં તેમને મદદ કરવી. દુનિયા એવી સંયુક્ત છે કે આપણે સઘળા અનિવાર્ય રીતિએ આપણા પડોશીઓના ઘણા આભારી થઈએ છીએ; પણ શક્ય હોય ત્યાંસુધી દરેક મનુષ્યે સ્વાશ્રયી થવું જોઈએ.

બીજાઓ આપણા કલ્પિત રૂપને બંધ બેસતા આવે એવી આશા રાખી શકાય નહિ; આપણું જે કર્તવ્ય છે તે એ છે કે તેમનામાં જે સઘળું શ્રેષ્ઠ હોય તેને અમલમાં આણવાને સહાય થવું; સ્વસુધારાના તેમના યત્નમાં તેમને ઉત્તેજન આપવું. જ્યાં પૈસો અવિચારથી આપવામાં આવે છે ત્યાં કોઈ ખરી

કાઝથી નહિ, પણ માથાકુટમાંથી બચી જવાની ખાતર ઉડાઉડઓથીજ ઘણું કરીને આપવામાં આવે છે; તો પણ જનસમૂહનું કાર્ય લાંબે સરવાળે પોતે પોતાનું ફળ આપે છે. સ્વહિત કાર્યથી જે સુખ આપણને મળે છે તેના કરતાં પરહિત કાર્યથી વિશેષ મળે છે. પરાર્થે કરેલો જુજ શ્રમ પણ પ્રતિષ્ઠિત થાય છે.

કાર્ય ગમે તેવું નીચ પંક્તિનું હોય, તો પણ તેમાં તમારૂં દિલ લગાડો.

સર. ટિ. મોર[1] કહે છે કે, "જે કાર્ય તમે તમારે માથે લીધું હોય, તે જેમ બને તેમ સારી, અને સૌથી લાભપ્રદ રીતિએ બજાવો......જો તમારી ઈચ્છાનુસાર, જે દુર્ગુણો ઉપયોગ અને રીતભાતથી દૃઢ થયા હોય, તેને તમે દૂર ન કરી શકો, તો પણ આ કારણને લીધે તમારે જનસમૂહનો ત્યાગ કરવો નહિ જોઈએ; વાયુને નરમ પાડી શકો નહિ કે કબજે રાખી શકો નહિ, તેટલા માટે તોફાનમાં તમારે નૌકા છોડવું નહિ જોઈએ... પણ જેટલું તમારામાં ચૈતન્ય હોય તેટલા ચૈતન્યથી તે ડહાપણ અને શોભાથી પાર ઉતારવાને લક્ષપૂર્વક ચિંતન અને પ્રયત્ન કરો, અને જે તમો સારૂં કરી શકો નહિ, તે બહુ ખરાબ થવા દો નહિ.

"श्रेयःसाधनसामर्थ्ये न चेद्दुष्कृत्याद् दूरीभाव्यम्।"

ભાવાર્થ—"જો સારૂં કરવાનું સામર્થ્ય ન હોય તો નઠારૂં કરવાથી દૂર રહેવું." "કારણ કે જ્યાંસુધી સર્વ મનુષ્યો સારાં નથી થયાં; ત્યાંસુધી સર્વ વસ્તુઓ સારી થવી શક્ય નથી." તે વિશેષ જણાવે છે કે "એવું હજુ આંવતાં ઘણાં વર્ષો સુધી બનશે નહિ એમ હું ધારૂં છું."

---

૧. ઇંગ્રેજ રાજ્યદ્વારી, લેખક અને મુખ્ય ન્યાયાધીશ. આઠમા હેન્રિ રાજાનો તેનાપર ઘણો પ્યાર હતો અને તેને ઘેર એલ્સિમાં મળવા ગયો હતો. તે ચુસ્ત રોમનકૅથલિક હતો, તેથી છેવટ રાજા અને તેની વચ્ચે અણબનાવ થયો અને છેવટે તેને દેહાંત શિક્ષા કરી. ૧૪૮૦-૧૫૩૫.

તો પણ સઘળાં મનુષ્યો જેમ જેમ પોતાનો ધર્મ વધારે બજાવશે તેમ તેમ વધારે વહેલા અને તેની વધારે નજીક આપણે પહોંચીશું. જો આપણે સર્વ યત્ન કરીએ તો આપણે કેવા સુખી થઈએ તે ખરેખર કદાચ ભાગ્યેજ આપણે અનુભવીએ છીએ.

"આપણે સઘળા વીરપુરૂષો (નાયકો) થઈ
કોઈ મહત્ દુર્ધર્ષ સાહસથી,
ભયને હસી કહાડનાર કાર્ય કરી
અર્ધગોળને ધ્રુજાવી શકીએ નહિ;
પણ માયાળુ અને સત્ય કૃત્યોથી
જીવતર ભરપૂર કરી શકીએ.
મહાત્માઓને હમેશાં
મહત્ કર્તવ્ય કરવાનાં હોય છે."

ઇંગ્રેજ થવું એ મોટો વિશેષાધિકાર છે. કોઈ મુલકમાં મનુષ્ય વધારે છૂટ ભોગવતાં નથી.

કાયદા આગળ દરેક મનુષ્ય સરખું છે.

અપરાધી ઠરે ત્યાં સુધી દરેક મનુષ્ય નિરપરાધી ગણાય છે.

એકજ ગુન્હાને માટે એકવાર શિક્ષા થયા પછી, બીજીવાર તપાસને કોઈ પુરૂષ આધીન નથી.

સઘળી તપાસ જાહેરાત થવી જોઈએ, અને કેદીને પોતાના પ્રતિવાદી સન્મુખ ઉભો રહેવાનો હક છે.

કોઈ મનુષ્ય પોતાના મુકર્દમામાં ન્યાયાધીશ થાય નહિ, અથવા કાયદાનો મરજીમાં આવે તેમ ઉપયોગ કરે નહિ.

ત્યારે આપણા દેશની ગમે તેવા નુકસાને અગર જોખમે સેવા બજાવવી એ એક મહાન ધર્મ છે; કારણ, "જ્યારે મૃત્યુ અનિવાર્ય છે અને સદ્‌ગુણની કીર્તિ અમર છે, ત્યારે જે મનુષ્ય ભીતિ અથવા મૃત્યુની ધાસ્તીથી સ્વદેશસેવાથી દૂર રહે છે, તે બીલકુલ જીવવાને લાયક નથી."

"स्वदेशसेवाहीनानां भस्त्रावज्जीवनं नृणाम् ।"

"જે સ્વદેશની સેવા કરતા નથી, તેઓનું જીવિત ધમણની જેમ શ્વાસ લેવા માત્ર છે."

તોપણ આપણી સ્વદેશસેવા, પ્રમાણમાં થોડા વિષયો (બાબતો) માંજ જોખમવાળી છે. સુખ, ચેન અને નવરાશનો તથા ધર્મ અને કર્મમાં અર્પણ કરેલા કોઈ વખતનો થોડો ભાગ તે માગે છે; જે વાત વીરપુરૂષોને ન છાજતી અને કંટાળા ભરેલી લાગે, પણ તેટલા માટે તે જરાએ નિરર્થક નથી.

જાહેરકામકાજ—સભાઓ, ચુંટણીઓ, મેળાવડાઓ, ભાષણો ધર્મસભાઓ, દેશસ્થ મંડળીઓ—આ ઘણાં અદ્ભૂત નથી; તેઓ કલ્પનાને અંજાવી નાખતાં નથી અથવા લોહીને ઉશ્કેરતાં નથી, તો પણ શાન્તિના વખતમાં એક મત આપવાનો હક લડાઈમાં એક ઘા મારવા જેવો છે, અને તે સલાહ શાન્તિવાળો, તેમજ લોહીવગરનો છે, તેથી કંઈ ઓછો અસરકારક નથી. મત એ હક નથી પણ એક ફરજ છે; અને તે આપવાને તૈયાર થવું એ પણ એક ફરજ છે.

પ્રજાને માટે મફત થતાં કામનો સમુદાય અદ્ભૂત છે અને એવીજ રીતિએ લાંબા વખત સુધી તે ચાલુ રહે એમ ઈચ્છીએ છીએ.

કેટલાએકને બીજાઓના જેટલો અવકાશ અથવા પ્રસંગો મળતા નથી, તેટલા માટે, જોકે તેનો યોગ્ય ભાગ નહિ, પણ કિંચિત ભાગ તો સાર્વજનિક કલ્યાણમાં અર્પણ કર્યા સિવાય આ સઘળા શ્રમના લાભનો ઉપભોગ લેવાનો કોઈ મનુષ્યને કંઈ પણ હક નથી.

બેકન કહેછે કે-"કોઈ મનુષ્યનું સ્વકલ્યાણ તેના જીવતરનું કોઈ પણ રીતિએ યોગ્ય સાર્થક ગણાય નહિ." ઘરો, ખોરાક અને કપડાંજ માત્ર જરૂરની ચીજો છે, અથવા તેઓ વળી અતિશય જરૂરનાં છે એમ નથી.

સૌથી સંકોચિત અને સ્વાર્થી રીતિએ વિચાર કરતાં પણ આ ઉપરની રીતિએ "આપણા પડોશીઓની પ્રીતિ, કાર્ય, સહાય અને પરોપકારવૃત્તિમાં મનુષ્યજાતિની ભૂલ અટકાવવાની, તેની અગવડ દૂર કરવાની, અને તેની દુઃખજાલ ઓછી કરવાની ઈચ્છામાં, અને આપણે આવ્યા તે વખતે દુનિયા જેવી હતી તેનાં કરતાં વધારે સારી અને સુખી મૂકી જવાની ઉન્નતેચ્છા એટલે પ્રશંસનીય હેતુ જે સાર્વજનિક કહેવાય છે, અને જે માત્ર બીજાઓનાજ નહિ, પણ આપણા સુખસાધનની વૃદ્ધિ કરે છે," તેમાં ગાળેલો વખત નિરર્થક નહિ ગણાય.

જીવતરનાં બીજાં સુખો પણ છે. વળી **બિશપ બટલરે** કહ્યું છે કે-"જેનો આપણે બીજાઓની સાથે સામાન્ય ઉપભોગ લઈએ છીએ: જેવાં કે સુદ્ધાભાવ, વૈપુલ્ય, સ્વતંત્રતા, સુખાકારી ઋતુઓ. પણ આપણા જાતિભાઈઓપરની ખરી પરોપકારબુદ્ધિથી વધારે દૃઢભાવ વડે સામાન્ય હિતનો ખ્યાલ આપણા મનમાં આવે છે: કારણ જે પ્રમાણમાં આપણે બીજાને ચાહીએ છીએ તે પ્રમાણમાં તેનાં હિત, તેના આનંદ અને શોક આપણાં થાય છે. જાતિ પ્યારને લીધે ખાનગી હિતનો ખ્યાલ આવે છે, અને તેને આપણે પોતાનુંજ ગણીએ છીએ: આપણા પડોશીપરની આપણી પ્રીતિ, આ પ્રમાણે તેનાં હિત અને કલ્યાણને, આપણાં કરી લેવા; અને તેના સુખમાં આપણો ખરો ભાગ છે એમ ધારવાને આપણને ઉપદેશે છે. આ પ્રમાણે પરોપકારબુદ્ધિનું બીજ આપણા અંતઃકરણમાં આપણા જાતિભાઇઓના હિતની કાળજી રાખનાર વકીલ થાય છે."

ત્યારે **મર્કસ ઑરેલિઅસના**[૧] ઉમદા વચનામૃત પ્રમાણે "જે ઈશ્વરત્વ તારામાં છે—તે, આ એક સજીવ પ્રાણી, મર્દ અને પક્વ વયનું, રાજ્યદ્વારી વિષયોમાં પરાયણ થયેલું, અને એક રોમન, અને એક રાજ્યકર્ત્તા, જે આ દુનિયામાંથી બોલાવી

૧. રોમનો પાદશાહ ૧૨૧-૧૮૦.

લેનાર સંકેતની રાહ જોતો, કોઈ પણ પ્રતિજ્ઞા અગર કોઈ પણ મનુષ્યની સાક્ષીની જરૂર વગર પોતાની જગ્યાએ તૈયાર ઉભો છે–તેનો રક્ષક થાઓ."

જે કાળનો આપણે સાર્વજનિક હિતધર્મમાં વ્યય કરીએ છીએ તે નિરર્થક નથી. તે પોતાનું ફળ આપે છે. આપણે


"સુકૃતિથી થતા આનંદને ઓળખીએ છીએ."

"આપત્તિને વખતે જનસમૂહના જીવનના મોટા પરોપકારમાં સ્વાર્થનો કિંચિત અંશે પણ ભોગ આપવો એ મહત્કાર્ય છે."

કોઈ મનુષ્યો સંતાપ ઉત્પન્ન કરે છે, અને કોઈ મનુષ્યો સંતાપ નિવારે છે. જો ઈચ્છા હોય તો સર્વ મનુષ્યો બહાદૂર અને યોગ્ય સ્વદેશાભિમાની થઈ શકે. વધારે નિરોગી, સુખી, અને સારૂં જીવતર ગાળવાના સ્વજાતિ બાંધવોના લાભાર્થે હર કોઈ કાર્યમાં કંઈ નહિ તો પણ થોડો ભાગ દરેક મનુષ્ય લઈ શકે.

અને આવા વર્ત્તનથીજ માત્ર, જે પ્રશ્ન વહેલો અગર મોડો, ખચીત તમારા પોતાનાજ મનમાં આવશે, તેનો સંતોષપ્રદ ઉત્તર આપવાને, તમે શક્તિમાન થશો.

"પ્રકાશિત ચક્ષુવાળી યુવાવસ્થાના સુખમય સમયથી
જીવતરના ગાળાના મધ્ય ભાગ સુધીમાં,
નીતિ અને સત્ય, ઈશ્વર અને મનુષ્યને માટે
તેં શું કર્ત્તવ્ય કર્યું છે?"



પ્રકરણ ૧૨ મું.

સાંસારિક જીવન.

सानंदं सदनं सुताश्च सुधियः कांता न दुर्भाषिणी
स्वेच्छापूर्णधनं स्वयोषिति रतिः स्वाज्ञापराः सेवकाः।
आतिथ्यं शिवपूजनं प्रतिदिनं मिष्टान्नपानं गृहे
साधोः संगमुपासते हि सततं धन्यो गृहस्थाश्रमः ॥ १ ॥

ભાવાર્થઃ—"આનંદથી ભરપૂર ઘર, સદ્‌બુદ્ધિવાળા પુત્રો, મધુરભાષિણી કાંતા, સ્વેચ્છાપૂર્ણ ધન, સ્વપત્નીમાં પ્રીતિ, આજ્ઞાવર્તી સેવકો, સારૂં આતિથ્ય, શિવપૂજા, પ્રતિદિન ઘેર મિષ્ટાન્ન, પાન અને હમેશાં સત્પુરૂષોનો સંગ આવા ગૃહસ્થાશ્રમને ધન્ય છે."

દરેક ઈંગ્રેજનું ઘર તેનો કિલ્લો છે, એ આપણું યોગ્ય અભિમાન છે. તેથી પણ તે વિશેષ હોવું જોઈએ; તે તેનું કુટુંબગૃહ હોવું જોઈએ. તે તેનો કિલ્લો તો કાયદાના હકથી છે તેને પોતાનું કુટુંબગૃહ કરવું તે તેના ઉપર રહેલું છે.

કુટુંબગૃહ "વિશ્રામસ્થાન" શાથી થાય છે? પ્રીતિ, એકરાગ અને વિશ્વાસથી. બચપણની સ્મૃતિ, પિતામાતાની મમતા, યુવાવસ્થાની સુખસૂચક આશાઓ, બ્હેનોનું અભિમાન, બાંધવોનો સંભાવ અને સહાય્ય ,પરસ્પરનો વિશ્વાસ, આશા, હિત અને શોકનું સામાન્યત્વ-આથી કુટુંબગૃહ બંધાઈને પવિત્ર થાય છે.

પ્રીતિ વગરનું ઘર કિલ્લો, અથવા મંદિર હોય, પણ તે કુટુંબગૃહ નથી; પ્રીતિ એ ખરા કુટુંબગૃહનું સાર્થક છે. "જેવું આત્મા વગરનું શરીર માણસ ગણાય તેવું પ્રીતિ વગરનું ઘર કુટુંબગૃહ ગણાય."

"જેનું અંતઃકરણ આનંદમય છે તેને નિરંતરનું મિષ્ટાન્ન છે.
સંતાપની સાથે અસંખ્ય દોલત કરતાં,

ઇશ્વરના ભય સહિત કિંચિત વધારે સારૂં છે.
ધિક્કાર યુકત મિષ્ટાન્ન ભોજન કરતાં
પ્રીતિયુકત ભાજીનું ભોજન વધારે સારૂં છે.
... ...
કલેશ યુકત એવા ભોજનથી ભરપૂર ઘર કરતાં
શાન્તિ સાથે લુખો પાખો રોટલો સારો છે."

મોટાઓની અથવા રાજ્યની આપખુદી સત્તામાંથી નહિ, પણ જીવતરની જંજાળો અને ચિંતાઓમાંથી બચાવનાર આશ્રયના કિલ્લા તરીકે અને દુનિયાપરની આપણી સફરમાં જે તોફાનો અને ઝપાટા લાગવાની આપણને વકી છે તેમાંથી વિશ્રામ રૂપ સ્વર્ગ તરીકે હાલમાં આપણે કુટુંબગૃહને ગણીએ છીએ.

ઘણીજ વિજયવંત કારકીર્દિમાં પણ એવા પ્રસંગો આવશે કે જ્યારે એકલી સમૃદ્ધી કોઈ પણ રીતિએ સુખ અને શાન્તિ આપી શકશે નહિ.

મનુષ્ય જાતિ ઈડન વાટિકામાં પણ એકલી રહેવાને સરજાયેલી નહોતી.

"સ્વર્ગમાં પણ એકલશૂરો આત્મા શું કરી શકશે ?"

બહાર કામ કરવું એ સારૂં છે, પણ અંતઃકરણ ઘેર હોવું જોઈએ; જથુ મંડળીને માટે અગર જથુ એકાંતને માટે આપણે સરજાયલા નથી. બન્ને સારાં છે, મારે કહેવું જોઈએ કે જરૂરનાં છે.

" જે વાટિકાને હું ચાહું છું તે સંપૂર્ણ રીતિએ
ઉદ્યોગી દુનિયામાં, અગર તેથી આઘે ખીલતી નથી.
શોરબકોરવાળા શહેરમાંથી,
મરણ અથવા લગ્ન ઘટના નાદરૂપી સમાચાર ત્યાં આવે છે;
અને અંધકારરૂપી પાંદડાઓમાં સંતાઈને બેઠેલા
તમો દેવળની ઘડીઆળનો પવનમાં
આવતો ખણખણાટ સાંભળો છો;

જોકે તેની અને બગીચાની વચમાં
એક લીગનું વીડ છે, જેમાં થઈને મંદ ગતિવાળો એક
સાંકડો ઝરો વહે છે,
જે હલેસાંના ધીમા ઉછાળાથી ગતિમાન થતો,
તેનાં લિલિનાં જડ ફૂલોને હલાવેછે, અને સરતો સરતો
મછવાસહિત, પુલની જે ત્રણ કમાનો ઉપર,
મિનસ્ટર બુરજ આવેલો છે ત્યાં સુધી જાય છે."

કુદરતની શોભાઓ જાથુનો આનંદ છે, પણ વળી અંતઃકરણમાં જો પ્રકાશ થયો ન હોય તો તેને માટે આકાશનો પ્રકાસ કાંઈ નથી.

મમતા, સત્કાર, અને પ્રીતિના મનોભાવને માટે આપણે કુટુંબના ઋણી છઈએ. તે કળાકૌશલ્યસુધારાનું મંડાણ અને મૂળ છે; જે સર્વ ઉત્તમ છે તેની તે શાખા છે; તે આપણી ઉચ્ચ લાગણીઓ અને શ્રેષ્ઠ સ્વભાવને સહાય કરે છે. બીજાઓને સુખી કરવા કરતાં ફિરસ્તાઓ શું વધારે કરી શક્યા છે!

તમારૂં કુટુંબગૃહ રંક, કુરૂપ, નિરસ, બેપરવા અને પ્રતિકૂળ હોય, પણ તમારૂં વિશ્રામસ્થાન અને ધર્મ તેમાં છે; અને જેમ હરકતો વધારે મોટી તેમ બદલો વધારે ઉમદા મળશે. પજવાટ અને અન્યાયની સહનશીલ ધીરજ, સખ્ત કામ કરતાં વિશેષે મુશ્કેલ છે; તે જીવતું મોત છે, જે દ્રવ્ય, કાળ, અથવા શ્રમના ભોગ કરતાં વધારે મુશ્કેલ છે.

થોડાઓનેજ બીજાઓને દુઃખી કરવાની ખરેખરી ઈચ્છા હોય છે; અને જે હું કહું છું તે વાંચવાનો તેમને સંભવ નથી. પણ એટલું તો સંભવિત છે કે સરવાળે વિશેષ દુઃખ અંતઃકરણના અભાવ કરતાં, અવિચાર અથવા અબૂજથી થાય છે. હસ્તા ચેહેરા, માયાળુ વચન અને સારા આવકારથી દરેક મનુષ્યને મળો. જેઓ આપણને વહાલાં હોય તેઓને ચાહવાં એટલુંજ બસ નથી; પણ આપણે તેમને ચાહીએ છીએ તે બતાવવું જોઈએ. જેઓને આપણે અતિશય ચાહતા હોઈએ,

અને જેમને સહાય કરવાની આપણી ઘણીજ મરજી હોય, તેમના હૃદયને અજ્ઞાન, અવિચાર અથવા અનિશ્ચયથી આપણામાંના ઘણા ઘાયલ કરીએ છીએ.

સૈજનના થોડાએક શબ્દો આપણને કેટલી સહાય અને આપે છે, તે આપણે સઘળા જાણીએ છીએ.

ાર્ડ ચેસ્ટરફીલ્ડે કહ્યું છે કે, "કેમ ચાહવું અને કેમ ધિક્કારવું તેના જ્ઞાનના કરતાં સામાન્ય રીતિએ લોકોને બીજી બાબતોમાં ઓછું જ્ઞાન હોય એવી બાબતો થોડીજ છે એમ મને વારંવાર વિચાર આવ્યો છે અને હજુ આવે છે. ખોટી છૂટથી, તેમની ખોટ તરફ આંખ મીચવાથી, અને વળી વારંવાર પક્ષપાતથી તેઓ જેઓને ચાહે છે તેમનેજ દુભવે છે. જ્યાં તેઓ ધિક્કાર કરે છે ત્યાં કવખતના ઉભરા અને ગુસ્સાથી પોતાનેજ નુકસાન કરે છે."

મિત્રોમાં પણ આપણું જીવતર અલગપણું બતાવે છે; અસ્થિરૂપી કારાગૃહના લોહસળીયામાં, અને ત્વચારૂપી પડદાની અંદર આપણે કેદ થયેલા પૃથક્પૃથક્ ટાપુઓમાં હોઈએ એવી પરસ્પર પ્રત્યેની આપણી સ્થિતિ છે.

આપણા મિત્રો અગર સગાંઓ વિષે પણ આપણું જ્ઞાન કેવું જુજ છે ! એકજ કુટુંબનાં મનુષ્યો પણ વાસ્તવિક રીતિએ નિરાળાપણામાં રહે છે; તેમનાં મન જાણે કે સમાંતરે પણ કોઈ દિવસ મળે નહિ તેવી રેખામાં વર્તે છે; ખરી રીતિએ તેઓ એક બીજાના સંયોગમાં નથી.

> "અતિશય કોમળ અને આપણા પોતાનાથીજ બીજે નંબરે
> આવેલાં અંતઃકરણ, આપણે શામાટે ખુશી છઈએ અથવા
> શોચીએ છીએ તેનું અર્ધું કારણ પણ જાણતાં નથી?"

હવા, પાક, તાજી નવલકથા, રાજ્યનીતિસ્થિતિ, આપણા પડોશીઓની સુખાકારી અને ખામીઓ, અને ખરા અંતર જીવનની સાથે કશો સંબંધ ન હોય તેવા હરકોઈ દરેક વિષયની આપણે ચર્ચા કરીએ છીએ. ખરેખર, હરકોઈ વસ્તુ જેમ વધારે

નજીવી, અથવા ઓછી અગત્યની હોય છે, તેમ તેની વાતો વધારે થતી હોય એમ લાગે છે; અને જેઓને કાંઈ પણ બોલવાની જરૂર ન હોય તેવા વિશેષે વાતો કરતા વારંવાર જણાયછે.

વાતચિત એ એક મોટી આવડત છે, એમ થોડાજ મનુષ્યો સમજે છે. કોઈ કુટુંબને ખરેખર રીતિએ એકત્ર કે ખરેખર રીતિએ સમભાવી થવાને માત્ર પ્રીતિ, અને સદ્‌વિચારનીજ જરૂર છે એટલુંજ નહિ, પણ વિચાર આપવા અને જાણવાની પહોંચ અને શક્તિ હોવી જોઈએ. જો લોકો તમને ખુશ ન કરતા હોય તો તેમને ખુશ કરવાને તમે પ્રયત્ન કરો.

પોતાના મનમાં જે આવે તે ઝટ દઇને કહી દેવાનું અભિમાન લોકો વારંવાર ધરાવે છે, અને બેશક દરેક મનુષ્યે સત્યવકતા અને નિષ્કપટી થવું જોઈએ; પણ વાતચિત એ બીજી વસ્તુઓની માફકજ છે; અને જો આપણે તેને રસિક કરવા ઈચ્છતા હોઈએ તો તેમાં આપણે કંઈક શ્રમ લેવો જોઈએ.

આપણા કુટુંબગૃહને સુખી કરવાને આપણે સઘળા ઘણું કરી શકીએ.

"ઉછળતી દોલતની ભરતીથી, તેને શોભાવવાની શક્તિથી;
અને તંદુરસ્તીના અભિષેકથી મનુષ્યજાતિનું કલ્યાણ કરવાને,
આપણું અલ્પ ભાગ્ય ના પાડે છે, પણ
ખુશામતરહિત અને સર્વ પ્રશંસનીય સહનશીળ પ્રીતિનાં
નમ્રકાર્યની સુખકારક બક્ષિસ ઈશ્વર સર્વને આપે છે."

બીજાઓ શિક્ષા કરે છે તેના કરતાં ખરાબ સ્વભાવના મનુષ્યને પોતાની મેળે વધારે શિક્ષા થાય છે.

"આ પ્રમાણે બીજાઓને હમેશાં પજવતાં, પોતે નિરંતર
પજવાતાં ગુસ્સે થવામાંજ માત્ર તે આનંદ માને છે."

વળી કોઈ દિવસ આનંદમાં નહિ રહેવાથી તે કોઈ દિવસ સુખ પામતો નથી. નિઃસંદેહ તે બીજાઓને પણ દુઃખી કરવાને ઘણું કરે છે. આપણી આસપાસનાઓને સુખી કરવાને કોઈ

મોટા ભાગની જરૂર નથી, તેમજ માત્ર સારી ધારણાજ પૂરતી નથી. તેમાં પહોંચ, આવડત અને મહાવરો જોઈએ છીએ. કોઈપણ સારૂં અથવા ખરાબ કાર્ય સારી રીતિએ કરવાનો પણ મહાવરો હોવો જોઈએ.

માયાળુ અને મળતાવડી રીતભાત ચમત્કારીક થશે. એક જુની કહેવત છે કે. —"રીતભાતથી માણસ થાય છે." બેશક તે ખરૂં છે કે ઘણાં મનુષ્યો રીતભાતથીજ માણસાઈમાં આવ્યાં છે, અને તેના અભાવથી ઘણાં પાયમાલ થયાં છે. મુખ્ય પ્રધાન પણ જ્યારે પોતાના મંત્રિમંડળને પસંદ કરે છે ત્યારે એકલા ડહાપણ, વકતૃત્વ અથવા શક્તિ કે આબરૂનો નહિ, પણ કેટલેક દરજ્જે રીતભાત, બીજાઓની સાથે હળીમળીને કામ કરવાની પદ્ધતિનો-વિચાર કરે છે.

તોછડાઈ એ શક્તિ નથી, ખરેખર તે વારંવાર નબળાઈનું આચ્છાદન છે. **શેકસ્પીઅર, માર્ક ઍન્ટનિ**[1] પાસે **બ્રુટસ**[2] વિષે આપ્રમાણે કહેવડાવે છે.—

> " તેનું જીવતર એવું નમ્ર હતું, અને તત્વોનું
> તેનામાં એવું મિશ્રણ થયું હતું કે કુદરત પોતે ઉભી થઈ
> દુનિયાને જાહેર કરે કે, મનુષ્યજાતિનો આ નમુનો છે."

---

૧. મોટો રોમન સરદાર. મિસર દેશની **ક્લીઓપેટ્રા** રાણીથી તે મોહિત થયો હતો અને તેના પાશામાં પડવાથી રોમન લોકોએ મિસરસાથે લડાઇ કરી. ઍન્ટનિ તેમાં નહિ ફાવવાથી અને સર્વએ તેને તજી દીધો તેથી તે અપઘાત કરી મુઓ. ઇ. સ. પૂ. ૮૩-૩૦.

૨. પ્રખ્યાત રોમન. સીઝરે ફાર્સેલિઆની લડાઇમાં તેનો જીવ બચાવ્યો અને તેને પોતાનો મિત્ર કર્યો અને ફ્રાન્સનો હાકેમ બનાવ્યો. પણ કૅશ્યસ અને બીજા રોમન નાગરિકોએ તેને સીઝરનીસામે કાવત્રામાં સામેલ કર્યો અને સીઝરનો ઘાત કરાવ્યો. સીઝરનું વેર લેવા તેના દીકરા ઑક્ટેવિઅસ અને ઍન્ટનિએ તૈયારી કરવાથી તે ગ્રીસમાં જતો રહ્યો, પણ તેને ફિલિપિની લડાઇમાં હરાવવાથી તેણે અપઘાત કર્યો. ઇ. સ. પૂ. ૮૫-૪૨.

"ગીતવાદ્યના સંબંધમાં સુરમેળ અને બેસુર કોઈ કોઈ વાર ધારવામાં આવે છે, ખરેખર તેનો અર્થ એવો ઉંડો છે કે અંતઃકરણનો અનુરાગ અથવા બેસુર."

અને જો ઠપકો દેવાની જરૂર હોય તો, કંઈ નહિ તો પણ માયાળુ રીતિએ બોલો; તેમાં વિશેષ કરીને બાળકોને; કારણ કે બાળકનું નાનું ઘોડીયું માણસના તારામંડળવાળા આકાશ કરતાં વધારે જલદીથી અંધકારયુક્ત થઈ જાય છે. આપણે સાંભળ્યું છે કે રડતા બાળકને હસતું બાળક એક સપાટાથી કરી દેવાને રૂબેન્સ[1] શક્તિવાન હતો. જીવતરમાં આપણે સઘળા તેમ કરી શકીએ. એકજ શબ્દ બસ છે. સઘળી બાબતમાં,

"सविनयवचनामृतप्रवा-
हैर्जनितसुखा विपदोऽपि न स्मरंति।"

"નમ્રતાના વચનામૃતના પ્રવાહોથી માણસને એવું સુખ થાય છે કે જેથી તેઓ વિપત્તિ પણ ભૂલી જાય છે."

"નમ્રતાથી બોલો! અંતઃકરણના ઉંડા કુવામાંથી
નીકળતી આ એક સહેજ બાબત છે;
તેથી જે સારૂં થાય છે, અને આનંદ ઉપજે છે,
તે અનંતસ્થિતિ બતાવી આપશે."

ખાનગી રીતિએ ઠપકો આપવો, અને બહાર વખાણ કરવાં એ રીત પણ સારી છે. જે ખાનગીમાં કહેવાય છે તે વધારે સારા ભાવથી કબૂલ કરાશે, પ્રીતિયુક્ત ગણાશે, ખરેખર વધારે અસર કરશે, અને બહારનાં વખાણ વિશેષે ઉત્તેજક અને ઉમદા બદલો છે.

બધા કરતાં જો તમારે ઠપકો આપવાનો પ્રસંગ આવે, તો તે કરવામાં ગંભીરાઈ અને દિલગીરી બતાવો; જો તમારાથી બની શકે તો કોઈ દિવસ ગુસ્સો અથવા ત્રાસ બતાવો નહિ.

---

૧. પ્રખ્યાત ફ્લેમિશ ચિતારો. ઇટલિમાં જઇ તે ઘણો સુધર્યો હતો. ઇંગ્લંડના પહેલા ચાર્લ્સ રાજાએ તેને નાઇટનો ઇલકાબ આપ્યો હતો. ૧૫૭૭-૧૬૪૦.

આર્કિટસે[1] તેના ગુલામને કહ્યું હતું કે "જો હું ગુસ્સે થયો ન હોત તો તમને મેં શિક્ષા કરી હોત." જો તમને ગુસ્સો લાગ્યો હોય તો બોલ્યા પહેલાં સહેજ થોભો અને વિચાર કરો. શ્રેષ્ઠ કેળવણીના વિશેષ લક્ષણ તરીકે મેથ્યુઆર્નોલ્ડ આ પ્રમાણે નમુનો આપેછે કે "મનુષ્યોની દયાળુ બૂજ સાથે અયાગ છૂટ, સ્થિતિનું ભાન અને કાર્યોનો સખ્ત વિચાર" તેમાં રહેલોછે.

મૃત્યુ સર્વેને જલદીથી સરખા કરશે, ત્યારે આ વાત મનમાં રાખો, અને સદ્‌ગૃહસ્થને યોગ્ય એવા વિનયથી દરેક સાથે વર્તો.

જો તમારાથી બને તો કોઈ મિત્રથી ગુસ્સામાં અથવા અભાવથી પણ જૂદા પડો નહિ. યાદ રાખો કે, હર કોઈ વખતનું જૂદું પડવું કદાચ છેલ્લું હોય.

કેટલાક શબ્દો પ્રકાશના કિરણો જેવા છે. બીજા તીક્ષ્ણ તીર જેવા અગર સર્પના દંશ જેવા છે; અને સખ્ત શબ્દોથી જો એવા ઉંડા ઘા થાય, તો માયાળુ વચનોથી કેટલી ખુશી થાય!

જ્યોર્જ હર્બર્ટે[2] કહ્યું છે,—"સારાં વચનના કંઈ પૈસા પડતા નથી, અને તે ઘણાં કિમતી છે." કારણ કે,

"આડાં અવળાં ફેંકેલાં તીરો
ધનુષધારીએ નહિ ધારેલે ઠેકાણે વાગે છે
અને જેમ તેમ બોલેલાં વચનો
નિરાશ થયેલા હૃદયને શાન્ત કરે અથવા જખમી કરે."

બોલવું એ પણ હમેશાં જરૂરનું નથી. જ્યારે પીટરે[3]

---

૧. ગ્રીક તત્વવેત્તા, ગણિતશાસ્ત્રી, સરદાર, અને રાજનીતિકુશળ પુરૂષ. તેણે પ્લેટોને એક વખત મોતની શિક્ષામાંથી બચાવ્યો હતો. તે લડાઈમાં કોઈ દિવસ હાર્યો ન હતો. તે કારીગર તેમજ ગવૈયો પણ હતો. ઈ. સ. પૂ. ૪૦૮.

૨. ઇંગ્રેજ પાદરી અને કવિ. ૧૫૯૩-૧૬૩૨.

૩. જીસસ ક્રાઈસ્ટનો એક શિષ્ય અને તેનો આગ્રહી મતાનુસારી તેને ઉંધે માથે ક્રાઈસ્ટની માફક મારવામાં આવ્યો હતો; મૃત્યુ આશરે ૬૬.

ક્રાઈસ્ટ[1] નો અસ્વીકાર કર્યો ત્યારે "તે પ્રભુએ (ક્રાઈસ્ટે) પીટર સામું જોયું." તિરસ્કારયુક્ત તે ગમગીન ચહેરો બસ હતો. પીટર બહાર નીકળીને ખૂબ રડ્યો. મોઢું તીવ્ર દુઃખ આપી શકે છે એ જેમ સત્ય છે, તેમ આંખનો એક માયાળુ ઈસારો પણ અંતઃકરણને આનંદથી નચાવી મૂકે છે. લાંબા વિયોગ પછી જે ખરૂં સન્માન આપણને મળશેજ એમ આપણે જાણતા હોઈએ, તેને માટે આપણે કેવા તલપી રહીએ છીએ; અને આપણે સવારમાં મળીએ છીએ ત્યારે હસતો ચહેરો કાળાશ પામેલા દિવસને પ્રકાશિત કરે છે. હર કોઈને પ્રિય લાગે તેવું થવું તે બસ છે.

અતિશય મિતભાષી થઈ શરમાળ થાઓ નહિ. તમારી પ્રીતિ બતાવવામાં બીઓ નહિ. જો તમે ઉમલકાવાળા ન જણાઓ તો પ્રીતિ રાખવી એટલું બસ નથી. ઉત્સાહી અને કોમળ, વિચારવંત અને પ્રેમી થાઓ. ઉપયોગી થવા કરતાં સમભાવી (સુખદુઃખના ભાગીયા) થવાથી મનુષ્યોને વધારે મદદ મળે છે; પ્રીતિ એ પૈસાથી વિશેષ છે, અને બક્ષીસ કરતાં માયાળુ શબ્દથી વધારે આનંદ ઉપજે છે.

જ્યારે બેનજામિન વેસ્ટને[2] પૂછવામાં આવ્યું કે તને ચિત્રકાર કોણે બનાવ્યો? ત્યારે તેણે કહ્યું કે, "મારી માતાના ચુંબને."

કનફ્યુશ્યસે કહ્યું છે કે, "જો ગૃહધર્મ બરાબર બજાવવામાં આવે તો યજ્ઞ કરવા દૂર જવાની શી જરૂર છે."

જીવતરનું અતિમૂલ્યવાન અને શોભાયમાન આભૂષણરૂપ તમારા મિત્રોની પસંદગીમાં ઘણી કાળજી રાખજો. જ્યોર્જ હર્બર્ટ કહે છે કે, "સોબત સારી કરો, જેથી તમે તેવા સારા થશો." એક સ્પેનિશ કહેવત છે કે—"તમે કોની સોબતમાં રહો છો તે કહો, એટલે તમે કોણ છો એ હું કહીશ." જે મનુષ્ય પોતાની

---

૧. ક્રિશ્ચિયન ધર્મપ્રવર્તક, ઈસ્વી સન તેનાપરથી શરૂ થયો છે.
૨. અમેરિકાનો ઇંગ્લંડમાં રહેતો ચિત્રકાર ૧૭૩૮-૧૮૨૦

જાતનો સારો મિત્ર નથી તે કોઈ બીજાનો સારો મિત્ર થઈ શકશે નહિ.

" यस्य स्वात्मनि नो मैत्री तस्य मैत्री कुतः परे"

ભાવાર્થ–"જેને પોતાની જાતની સાથે મૈત્રી નથી તેને બીજાની સાથે ક્યાંથી હોય."

"સારી પસંદગીની મૈત્રી, સર્વ ગુણોમાં શ્રેષ્ઠ છે,
આપણા સઘળા આનંદને દ્વિગુણ કરે છે.
અને આપણી મુશીબતોને ભાંગી અર્ધી કરે છે."

સ્ત્રીમિત્રોની ડહાપણયુક્ત પસંદગી પણ એટલીજ જરૂરની છે. સૉલૉમનના વખતથી અત્યાર સુધીમાં ઘણા ડાહ્યા પુરૂષો મોહિનીઓથી પાયમાલીને પામ્યા છે.

" જેનું દિલ, જો કે મોટું હતું,
તો પણ સુંદર મોહિનીઓના પાસમાં ફસાઈ
તેણે નીચરૂપ ધારણ કર્યું."

લિલિએ કહ્યું છે, મૈત્રી એ "મનુષ્ય જીવતરનો મણિ છે." અને મિત્ર વગરનો મનુષ્ય ઘણો દયા પાત્ર છે, કારણ કે વિશેષે કરી સંભવિત રીતિએ તેમાં તેનો પોતાનોજ દોષ છે.

"દૈવથી એટલો બધો શાપિત કોઈ નથી,
એટલો બધો તદન શૂન્ય કોઈ નથી,
પણ કોઈ અંતઃકરણ, જો કે અજાણ્યું હોય,
તો પણ તેના અંતઃકરણની સાથે મેળ લે છે."

કેબલ[1] દિલગીરીથી કહે છે, તે પ્રમાણે આપણ સઘળાએ શૂન્ય અને એકાંતવાસી રહેવાની ખરેખર જરૂર નથી. જેમ કે,

" આપણા યોગી આત્માઓ દરેક તેની પોતાની
ખુશી અથવા દિલગીરીની હદમાં ગુપ્ત વસે છે અને
જૂદા ભમે છે.
આપણાં ચક્ષુ સઘળે આસપાસ અંધકાર અને પ્રકાશમાં
અંતઃકરણમાંથી તાજા નિકળી આવતા પોતાના
રંગો દેખે છે."

---

૧. ઇંગ્રેજ પાદરી અને કવિ. ૧૭૯૨-૧૮૬૬.

તોપણ કોઈ વખતે એકલા રહેવાની છૂટ હોવી એ બેશક સારૂં છે, કારણ કે જો તમે હમેશાં તમારા પડોશીની સંગે રહો તો તેનાપર તમારી પ્રીતિ રહેવી મુશ્કેલ છે.

ઘણું કરીને અનિવાર્ય રીતિએ એમ બનશે કે વખતોવખત તમારા મનમાં આવશે કે દુઃખોદ્ગાર કાઢવાનું તમારે કારણ છે. જો એમ થાય તો સહનશીલ અને વિચારી થાઓ. તમારા મિત્રના વિચારને આધારે તેનો તોલ કરો. ઉતાવળમાં કંઈ કરો નહિ. કુદરત તેમ કરતી નથી. એક જુની કહેવત છે કે, "અતિશય ઉતાવળ, કનિષ્ઠ ઝડપ."

"सहसा विदधीत न क्रियामविवेकः परमापदां पदम् ।
वृणते हि विमृश्यकारिणं गुणलुब्धाः स्वयमेव संपदः ॥ १ ॥

किरातार्जुनीयं.

ભાવાર્થ—"સહસા કાર્ય કરવું નહિ; તેવો અવિવેક પરમ આપત્તિઓનું સ્થાન છે. વિચારીને કાર્ય કરનારા પુરૂષને ગુણલુબ્ધ સંપત્તિઓ પોતાની મેળે વરે છે."

(ઉતાવળો સાતવાર પાછો વળે) બધું તો ઠીક, પણ ઉતાવળા થઈ કજીઓ કરશો નહિ; તે પર સારી રીતે વીચાર કરો; વિલંબ કરો. રાત્રે તમે ગમે તેવા ખીજેલા હો તો પણ ઘણી વખતે સવારનો દેખાવ જૂદોજ થઈ જાય છે.

જો તમે ચતુર અને નિર્ણાયક પણ હૃદયભેદક પત્ર લખ્યો હોય અને એક દિવસ તેને મૂકી રાખશો તો ઘણું કરીને મુદ્દલ મોકલાશેજ નહિ.

તમારાથી બને તેવા સારા મિત્રો કરો. એકે મિત્ર ન હોય તેના કરતાં એક ખરાબ મિત્ર કરવો એ વધારે ખરાબ છે.

"ઘાતકી માણસોના માર્ગને અનુસરો નહિ,
અને ખરાબ માણસને રસ્તે જાઓ નહિ,
તેથી દૂર રહો, તે પાસે થઈને પણ નીકળો નહીં,
તેમાંથી ખસી જાઓ, અને દૂર જતા રહો.

કારણ કે જ્યાં સુધી તેઓએ નુકસાન કર્યું ન હોય,
ત્યાં સુધી તેમને ઉંઘ આવતી નથી,
અને કોઇને જો તેઓ પાડતા નથી
તો તેમની ઉંઘ ઉડી જાય છે.
ઘાતકીપણું તેમનું ભોજન છે,
અને જુલમ તેમનું મદ્યપાન છે,
પણ ન્યાયી માણસોનો કેડો,
ચળકતા પ્રકાશ જેવો છે,
જે ખુલ્લા દિવસમાં
વધારે અને વધારે પ્રકાશે છે."

પણ જો કે ઘાતકી અને મૂર્ખાઓને મિત્ર કરવા એ એક મોટી ભૂલ છે તો પણ, તેમને દુશ્મન કરવા એ ગેરસમજ છે, કારણ કે તેઓની સંખ્યા મોટી છે.

લૅમ્બ બુદ્ધિકૌશલ્યપૂર્વક કહે છે કે "હાજર હોય તેમને લીધે ગેરહાજર હોય તે વાહાલાં લાગે છે" પણ પ્રીતિ, ખામોશ અને સમભાવ એથી પણ વધારે કરે છે.

જે સઘળું તમે આપી શકો તે માગવાનો મિત્રોનો સારો હક છે; પણ તમને ઉછીના આપવા કહેવાનો તેમને હક નથી.

"ઉછીનું આપનાર કે ઉછીનું લેનાર બેમાંથી એક તું થા નહિ" એમ શેક્સપીઅર કહે છે.

કારણ કે ઉછીનું આપવાથી નાણાં અને મિત્ર બન્ને વારંવાર ખોવાય છે, અને ઉછીનું લેવાથી વ્યવહારની ધાર બૂઠી થઈ જાય છે.

અને સૉલૉમન આપણને ચેતવે છે કે—

"જે અજાણ્યાનો જામીન થાય તેને પરિતાપ ઉપજે છે.
પણ જે જામીનગિરીને ધિક્કારે છે તે હુશિઆર છે."

મિત્રો તમને ઘણા ભયમાંથી બચાવશે, અને ઘણાં દુઃખ

દૂર કરશે. જ્યારે **ઑગસ્ટસને**[1] તેની પુત્રી **જુલિઆએ**[2] લજ્જિત કર્યો ત્યારે તે બોલ્યો હતો કે "જો **ઍગ્રિપા**[3] અથવા **મીસિનસ**[4] બેમાંથી એકે જીવતો હોત તો આમાનું કંઈ થાત નહિ.

અને જો તમે સારા મિત્રો કર્યાં હોય તો તેને નિભાવી રાખો.

"જે મિત્રો તારે છે, અને જેનો સ્વીકાર અજમાયેશથી થયો છે,
તેમને લોહની સાંકળથી તારા આત્મા સાથે મજબૂત બાંધ."

ગમે તેવું નજીવું પણ તેમને બડબડવાનું કારણ તું આપ નહિ. અને જો મૃત્યુ વિયોગ કરાવે છે, તો પણ તેમને ફરીથી મળવાની મીઠી આશા રહે છે. તેથી આપણને તેમની ખોટ તો પૂરી પડતી નથી તોપણ

"વર્ષે વર્ષે જેમ આપણે નજર આગળથી
આપણા મિત્રો ખોઈએ છીએ, તેમ સ્વર્ગમાં
આપણો પક્ષ વધતો જાય છે એમ માનવું એ દિલપસંદ છે."

જીવતરનું ઘણુંજ અગત્યનું કામ લગ્ન છે. પ્યાર સઘળા જગતને શોભાવતો અને ઉશ્કેરતો જણાય છે. પૃથ્વીપરના નાના કીડાનું તેનાથી આકાશમાં ઉડતું પતંગીયું બને છે. વસંતઋતુમાં પીંછાંને રંગ ચડે છે, અને આગિયા કીડાના દીવા પ્રકાશિત થાય છે; પક્ષીઓના ગાયનને તે જાગૃત કરે છે, અને કવિની કાવ્યને પ્રેરિત કરે છે. જડ કુદરતને પણ તે મોહની અસર લાગતી જણાય છે, અને નવ નવીન રંગોથી ફૂલો ખીલે છે.

સાઈમૉનિડિસ કહે છે કે "મનુષ્યને સારી સ્ત્રી કરતાં બીજું કોઈ મોટું સુખ નથી અથવા ખરાબ સ્ત્રી કરતાં કોઈ બીજું મોટું દુઃખ નથી.

---

૧. રોમનો પાદશાહ. ઍન્ટનિ તેનો બનેવી હતો. ઇ. સ. પૂ. ૬૩-૧૪.
૨. ઑગસ્ટસની દીકરી. ઘણીજ વિષયી હતી; તે મર્સેલસ, ઍગ્રિપા અને ટાઇબિરીઅસને એક પછી એકને પરણી. ઑગસ્ટસે તેને દેશનિકાલ કીધી. છેવટ તેને ટાઇબિરીઅસે ભુખમરાથી મારી નાંખી. ઇ. સ. પૂ. ૩૯-૧૪.
૩. ઑગસ્ટસનો જમાઇ અને મિત્ર. ઇ. સ. પૂ. ૬૩-૧૨.
૪. ઑગસ્ટસનો મિત્ર.

"ભર ચોમાસાના દિવસમાં જાયુનો ઝીણી ફરફર
અને એક કજિયાળી સ્ત્રી બન્ને સરખાં છે,"

"વિશાળ ઘરમાં લવલવતી ઓરતની સાથે રહેવું.
તેના કરતાં મોભારાના એક ખુણામાં રહેવું વધારે સારૂં છે,"

"अनुकूला गृहे भार्या किं तस्य त्वपरैः सुखैः ।
प्रतिकूला गृहे भार्या किं तस्य त्वपरैः सुखैः" ॥ १ ॥

ભાવાર્થ—"જેના ઘરમાં અનુકૂળ સ્ત્રી છે, તેને બીજાં સુખની શી જરૂર છે, અને જેના ઘરમાં પ્રતિકૂળ સ્ત્રી છે, તેને બીજાં સુખ શા કામનાં છે." ?

પસંદગીના સંબંધમાં બહુ કિમતી શીખામણ આપવી એ સંભવિત રીતિએ સહેલું નથી; કેટલાંક કારણો તો ખરેખર પ્રત્યક્ષ જ છે. કાચી ઉમ્મરે પરણવું તે સારૂં નથી. જ્યારે વરકન્યાનું જોડું ઘણું નાનું હોય છે ત્યારે **સર એચ. ટેઈલર**[1] કહે છે કે, "જાણે કે એક મીઠો વટાણો બીજા વટાણા ઉપર ચડાવેલો હોય" તેમ છે. કેવળ પૈસાને માટે અગર પૈસા ન હોય તો પરણશો નહિ; જેઓ પૈસા સારૂ પરણે છે તેઓ "પોતાના જીવતરના સઘળા સંતોષ અને વિચારવંત અનુકૂળતા કરતાં પૈસાને વિશેષ કિમતી ગણી, લોકોની નજરમાં પૈસા કરતાં ઓછી કિમતના જણાય છે; અને જ્યારે તેઓ પૈસા અને તેમના દુઃખને સરખાવે છે," ત્યારે જે જીવતર તેમણે વેચ્યું છે તે "લીધેલા સઘળા પૈસા ખોઇને પણ પાછું લેવાને કેવા ખુશી હોય છે ?"

તમે ધારશો નહિ કે લગ્ન કરવાથી "તમારી જાતપર પુષ્પસમાન બોજો રાખે, જ્યારે એકાંતવાસ અને મુશ્કેલ કામમાં તમને કંટાળો ઉપજે, ત્યારે ત્યારે પાસે રહે, અને જ્યાં જરૂર ન હોય ત્યાં વચમાં ન પડે, એવા કોઈ લાવણ્યતાવાળા સાદા, આનંદી, ભોળા પ્રાણીના અધિક અલંકારથી તમે તમારી વાસ્ત-

---

૧. અર્વાચીન ઇંગ્રેજ કવિ ૧૮૦૦.

વિક જીંદગી ગુજાર્યા કરો. "આ તરંગો છે, માત્ર ભોગી રં-ગીલા જુવાનીઆઓનાં સ્વપ્નો છે."

" भर्तव्या रक्षणीया च पत्नी हि पतिना सदा ।"

ભાવાર્થ—"પત્ની છે તે પતિવડે સદા ભર્તવ્યા અને રક્ષણીયા છે."

જેરિમિ ટેલર કહે છે કે, **હોમર** "પતિધર્મનાં લક્ષણોમાં ઘણી મૃદુ સંજ્ઞાનો ઉમેરો કરી કહે છે. તારી સ્ત્રીને તું પિતા, માતા, અને ભ્રાતા (તુલ્ય) થવાનો છું. લગ્નની સ્થિતિ નિરાધાર બાળકની સ્થિતિ કરતાં સારી હોય તો પણ આમ થવાનું મોટું કારણ છે; કારણ કે તારા માટે જે પોતાનાં માતપિતા અને ભ્રાતાનો ત્યાગ કરવાને બંધાય છે, તે એક પિતાવગરના બિ-ચારા બાળકની માફક કંગાળ થઈ જાય છે, તેથી આ સઘળી ખોટ તારે પૂરી પાડવી જોઈએ, અને તેથી પણ વિશેષે કરવું જોઈએ."

જો આમાં કંઈ પણ શંકા તમને રહેતી હોય તો લગ્ન કરશો નહિ. લગ્ન પછીની સ્થિતિ કાંતો ઘણી સુખી અને કાંતો ઘણી કંગાળ હોય છે.

લગ્ન એ એક મોટી જવાબદારી છે. આંખનો સંપૂર્ણ ભરોસો રાખો નહિ અથવા તેથી મોહ પામો નહિ, કારણ કે "લગ્ન, હાથ અને આંખથી કરવાનાં નથી, પણ વિચાર-શક્તિ અને અંતઃકરણની લાગણીથી કરવાનાં છે."

સારી સ્ત્રી બહારની બાબતોમાંજ નહિ, પણ મનની બાબતોમાં સહાયભૂત થાયછે. **શેકસ્પીઅર** કહેછે કે, "નીચ મનુષ્યો પ્રીતિમાં પડે છે ત્યારે તેઓમાં સ્વાભાવિક હોય તેના કરતાં વિશેષ ખા-નદાની આવેછે" અને જો નીચ મનુષ્યો પર હિતખાતર આવી જબરી અસર થાય છે તો જેઓમાં સ્વાભાવિક જ ખાનદાની હોય તેની તો પછી શી વાત ! કારણ કે, . . .

" એવા આત્માઓ છે જે તેમની સિદ્ધ થએલી આશાઓ અને

પરસ્પરની પ્રીતિથી જ્યાં જ્યાં ગમન કરે છે ત્યાં ત્યાં તેઓના કદમની આસપાસ એવી મોહક અસર ફેલાવે છે કે, તેઓ આ દુનિયાથી ઉચ્ચતર પદે વસતા દેખાય છે.

જેરિમિ ટેલર કહે છે કે "લગ્ન એ ઈશ્વરસ્થાપિત છે, તે સંયોગમાં પવિત્ર છે, રહસ્યમાં પાક છે, ભાવાર્થમાં પવિત્ર સંસ્કાર છે, સંજ્ઞામાં પ્રતિષ્ઠિત છે, કાર્યોમાં ધર્મપરાયણ છે, તે જનમંડળોનો લાભ છે અને ઈશ્વરની પવિત્રતા" છે.

ટર્ચુલિઅન[1] કહે છે કે, જો સુખદાયક લગ્ન થયું હોય તો તે સુખનું બ્યાન આપણે ક્યા શબ્દોથી કરવાના છઈએ? ... તેઓ પ્રાર્થના સાથે કરે છે, ભક્તિ સાથે કરે છે, ઉપવાસ સાથે કરે છે, દુર્ઘટપણામાં, આપત્તિમાં, વિશ્રાંતિમાં સાથે રહે છે; એકે બીજાથી કંઈ છાનું રાખતું નથી, અથવા બીજાને બોજારૂપ થતું નથી. આવું જુએ છે ત્યારે **ક્રાઈસ્ટ** આનંદ પામે છે આવાને પોતાની શાન્તિ આપે છે. જ્યાં યુગલ હોય છે ત્યાં તે હોય છે, અને જ્યાં તે હોય છે ત્યાં સંકટ હોતું નથી."

આપણી લગ્ન ક્રિયાનાં ગંભીર અને ઉત્તમ વચનો પ્રમાણે "ઉન્નતિ કે આપત્તિને માટે, સમૃદ્ધિ કે નિર્ધનતાને માટે, મંદવાડ અને આરોગ્યતાને માટે, જ્યાં સુધી મૃત્યુ વિયોગ કરાવે ત્યાં સુધી પ્રીતિ પોષણને માટે" કન્યાનું પાણીગ્રહણ કરો.

સ્ટૅન્લિ કહેછે કે "સુખી લગ્ન એ જીંદગાનીમાં નવીન શરૂઆત છે. સુખરૂપ અને ઉપયોગી થવાને માટે નવું પ્રારંભ સ્થળ છે; આપણા ગતકાળને તેની સર્વ મૂર્ખાઈ તેમજ ગુન્હા અને ભૂલો સાથ હંમેશને માટે આપણી પછવાડે ઘણે દૂર મૂકી દેવાની અને જે ભવિષ્ય આપણી આગળ ખુલ્લું થાયછે, તેમાં નવી આશાઓ, નવી હિમ્મત અને નવી શક્તિથી આગળ ધસવાની એકજ વખત મળતી તે એક મોટી તક છે. સુખી ઘર એ સ્વર્ગનો એક આચ્છો નમુનો છે; જે ઘરમાં પતિ અને પત્ની, પિતા અને માતા, ભાઈ અને બહેન, બાળક અને માંવતર,

---

૧. એક રોમન. પછી ખ્રિસ્તિ થયો હતો ૧૬૦–૨૪૦.

બીજું કોઈપણ મનુષ્યપ્રાણી કરી ન શકે તેમ, તેઓનાં ભિન્ન ભિન્ન કાર્યોમાં આગળ વધવાને નાનાપ્રકારે એક બીજાને સહાયભૂત થાય છે; કારણ કે જેઓ એકજ હાડનાં અને એકજ લોહીનાં હોય, જેનાં સુખ અને કીર્તિથી આપણે સુખી અને વિજયવંત થઈએ છીએ, જેનાં દુઃખથી આપણે દુઃખી થઈએ છીએ, જેનાં સ્વાર્થ, નબળાઈ અને દુનિયાદારીથી આપણે આ સંસારમાં ઘસડાઈએ છીએ, જેની પવિત્રતા, ઉદારતા અને શક્તિથી આપણે લગભગ આપણી મરજી વિરૂદ્ધ ફરજ બજાવી સ્વર્ગ અને પ્રભુપદ પામીએ છીએ, તેમની માફક બીજા કોઈને એવા પ્રસંગો મળતા નથી; બીજો કોઈ એક બીજાનાં એવાં લક્ષણ જાણતો નથી; અને બીજો કોઈ અન્યના કલ્યાણ અને કીર્તિ, આબરૂ અને ભલાઈ માટે પોતાનું હિત જોખમમાં નાખતો નથી."

છેવટમાં કહેવાનું કે છોકરાંઓ એ એક મોટી પણ કંઈ ઓછી મનોરંજક જવાબદારી નથી. જી. હર્બર્ટ[1] કહે છે, "એક સારી માતા સો મહેતાજી જેવી છે." કોઈ કોઈ વાર છોકરાંવિષે "આપ્યાં" એમ કહેવામાં આવે છે, અને "જો પરમેશ્વરે મોઢું આપ્યું છે, તો તેને પોષવાને તે ખોરાક આપશે," એવું કહીને અવિચારી માવતરો તેમની પોતાની ફરજમાંથી નીકળી જાય છે. પણ **મૅથ્યુ આર્નોલ્ડ**નું કહેવું વ્યાજબી છે કે, જે છોકરાંઓને થોડા નિશ્ચિત અને યોગ્ય સુખમાં સારી રીતિએ તમો ન રાખી શકો તેવાં નાનાં બિચારાં છોકરાંઓને દુનિયામાં જન્માવવાં એ કંઈ ન્યાય નથી.

પ્રીતિના પ્રકાશમાં તેમને ઉછરવા દો; જો તેઓના બચપણમાં પ્રીતિની અનુકૂળ ગરમીનું સુખ તેમને મળ્યું હશે, તો તેઓ જીવતરની થંડી સારી રીતે સહન કરશે.

જે મનુષ્યનો પોતાનાં બચ્ચાંપર પ્યાર હોય છે, તે સિવાય બીજો કોઈ કહી શકશે નહિ, કે તે વહાલી મુડીની મધુર વાત-

---

૧. ઈંગ્રેજ કવિ, ૧૫૯૩-૧૬૩૨.

ચિતમાં અંતઃકરણને આલ્હાદ આપે તેવા કેટલા બધા મીઠા શબ્દો આવે છે, તેઓનો છોકરવાદ, તેમનું તોતડું બોલવું, તેમના નાના ગુસ્સા, તેમનું નિરપરાધીપણું, તેમની અપૂર્ણતા, તેમને જોઈતી ચીજો એ સર્વ જેઓ તેમની જાત અને સહવાસમાં મગ્ન રહે છે, તેમને તેટલા ખુશી અને આનંદના નાના ઉભરા છે; પણ જે પોતાની સ્ત્રી અને છોકરાંઓને ચાહતો નથી, તે એક સિંહણને ઘરમાં પોષે છે; દિલગીરીના માળાનું સેવન કરે છે; અને કલ્યાણ જાતે પણ તેને સુખી કરી શકતું નથી; તેથી કરીને મનુષ્યને પોતાની સ્ત્રીપર પ્રીતિ રાખવાને ફરમાવતી ઈશ્વરની સઘળી આજ્ઞાઓ, આનંદની ઘણી આવશ્યકતા અને સ્થાન સિવાય બીજું કશું નથી.



પ્રકરણ ૧૩ મું.

ઉદ્યોગ.

उद्यमेन हि सिद्ध्यंति कार्याणि न मनोरथैः
नहि सिंहस्य सुतस्य प्रविशंति मुखे मृगाः ॥ १ ॥

ભાવાર્થ—કામ સરે ઉદ્યોગથી, નહીં ઇચ્છાથી ન થાય,
સુતેલા સિંહ મુખમાં, મૃગ પેશી નવ જાય.
ર. ઉ.

કંઈ પણ વસ્તુ કોઈ દિવસ ગુમાવો નહિ, પણ સઘળા કરતાં વખત કોઈ દિવસ ગુમાવો નહિ. આજ એકજ વાર માત્ર આવે છે અને તે ફરીથી કોઈ દિવસ એ વખતરૂપી વસ્તુ હાથ આવવી નથી. વખત એ સ્વર્ગની શ્રેષ્ઠ બક્ષિસોમાંની એક છે; અને એકવાર ખોઈએ તો પછી અલભ્ય છે.

व्रजन्ति न निवर्तन्ते स्रोतांसि सरितां यथा।
आयुरादाय मर्त्यानां तथा रात्र्यहनी सदा ॥ १ ॥

(ગીતિ.)

ભાવાર્થ—
જ્યમ જ્યમ પ્રવાહ વહીને, આગળ દોડી ન પછી ફરી આવે;
ત્યમ દિન રાત્રી આયુ, વહન કરે તે ન પાછું ફરી લાવે,
ર. ઉ.

“ગત કાળ ઉપર ઈશ્વરને પોતાને પણ સત્તા નથી,
કારણ કે જે થઈ ગયું, તે થઈ ગયું, અને મને મારો વખત મળ્યો હતો.”

તેથી તમારો વખત હમણા એવી રીતિએ ન ગુજારો કે જેથી પછીથી તમોને પસ્તાવો થાય. “બહુ મોડું” અને “આમ થાત” તેના કરતાં વધારે દિલગીરી ઉપજાવે તેવો બીજો કોઈ વિચાર નથી. વખત એ વિશ્વાસે સોંપેલી મિલ્કત છે, અને તેની

દરેક પળને માટે તમારે જવાબ આપવો પડશે. "ઉંઘમાં કસર, ભોજનમાં કસર, વખતમાં અતિ કસર" કરો.

નેલ્સને[1] એક વખત કહ્યું હતું કે નીમેલા વખત કરતાં હું હમેશાં પા કલાક વહેલો હાજર રહેતો અને તેને લીધેજ મારા જીવતરમાં સઘળી ફતેહ મેળવી હતી.

લૉર્ડ મેલ્બર્ને[2] કહ્યું છે—"જુવાન પુરૂષોએ આસિવાય બીજી વાત કદી કાને ધરવી નહિ જોઈએ: તમારો રસ્તો તમારે જાતે કરવાનો છે, અને તમે ભૂખે મરશો કે નહિ, તે તમારા પોતાનાજ શ્રમ ઉપર આધાર રાખે છે."

વળી ઉદ્યોગ એ માત્ર ફતેહને માટે અગત્યનો છે એટલુંજ નહિ, પણ નીતિવર્તનપર તે ઘણીજ સંગીન અસર કરે છે. **જેરિમિ ટેલરે** કહ્યું છે કે, "કોઈ દિવસ સુસ્ત રહો નહિ," પણ તમારા વખતના સઘળા ભાગ સખ્ત અને ઉપયોગી કામમાં ગાળો; કારણ કે જ્યારે આત્મા નિવૃત્ત હોય અને શરીર સુખચેનમાં હોય ત્યારે નવરાશની વેળાએ દુર્બુદ્ધિ સેહેલથી પેસી જાય છે; કારણ કે કોઈ સુખી, તંદુરસ્ત, નવરૂં મનુષ્ય લલચાયાથી શુદ્ધ રહ્યું આજ સુધી જણાયું નથી; પણ સઘળાં કામ કરતાં શારીરિક શ્રમ અતિ ઉપયોગી છે અને દુર્બુદ્ધિ દૂર કરનારો શ્રેષ્ઠ લાભ છે."

કેબલના વચનો પ્રમાણે કાળ અને સૃષ્ટિ "સ્વર્ગ અને

---

૧. સૌથી મોટો ઇંગ્રેજ દરિયાઈ સેનાધિપતી; લઢાઈમાં તેની એક આંખ ગઈ હતી. બીજી લડાઈમાં તેનો જમણો હાથ ગયો હતો. ૧૭૯૮ માં અબુકરની લડાઇમાં તેણે ફ્રેન્ચ લોકોને હરાવ્યા. ૧૮૦૧ માં તે કોપનહેગનની લડાઈ જીત્યો. ૧૮૦૫ માં ટ્રફાલગરની જીતને અંતે તેને ગોળી વાગવાથી મરણ પામ્યો. તેણે ફ્રેન્ચ સત્તાને તોડીવછોડી નાંખી. ૧૭૫૮-૧૮૦૫.

૧. ઇંગ્રેજ રાજ્યદ્વારી ૧૮૦૫ પાર્લમેન્ટનો મેમ્બર થયો, રીફૉર્મ બિલ પસાર કરવામાં તેણે ઘણી મહેનત કરી હતી. ૧૮૩૪-૧૮૪૧ માં વસુલાતી ખાતાનો ઉપરી હતો. ૧૭૭૯—૧૮૪૮.

અનંતપણાની તૈયારીઓ છે; અહિયાં આપણાં કાળનો જેવો ઉપયોગ કરીશું, તેવું આયુષ્ય ઈશ્વર આપણને આવતી દુનિઆમાં આપશે."

બીજાઓને વધારે સુખી કરી વધારે સારી સ્થિતિમાં લાવવાને ગમે તેવું પણ નાનું કાર્ય કરવું, એ મનુષ્યજાતિને ઉશ્કેરતી મહત્વેચ્છા અને ઉન્નત આશા છે.

પીએટ્રો મેડિસિએ[1] એક વખત **મિકેલ એન્ગેલોને**[2] બરફનું પુતળું બનાવવાને કામે લગાડેલો કહેવાય છે. કિમતી વખતનો આ ગાંડો વ્યય હતો પણ જો **મિકેલ એન્ગેલોનો** વખત દુનિયાને કિમતી હતો, તો આપણો વખત એટલોજ કિમતી આપણને છે અને તો પણ બરફનાં પુતળાં બનાવવામાં અને એથી પણ વધારે ખરાબ ગારાનાં પુતળાં બનાવવામાં આપણે તેને વારંવાર ગુમાવીએ છીએ.

રોમના મહાન્ તત્વવેત્તા અને રાજદ્વારી **સેનેકાએ** કહ્યું છે કે—"વખત થોડો છે એમ આપણે સઘળા બડબડીએ છીએ અને તો પણ તેનો ઉપયોગ આપણે જાણીએ છીએ તેથી તે વધી પડે છે. કાંતો બીલકુલ કાંઈ નહિ કરવામાં, કાંતો અનુપયોગી ચીજો કરવામાં, કાંતો આપણે ન કરવું જોઈએ તેવું કરવામાં આપણી જીંદગી આપણે ગુમાવીએ છીએ. આપણું જીવતર ટુંકું છે એમ આપણે હમેશાં ફરીયાદ કરીએ છીએ; તો પણ જાણે કે તેનો અંતજ ન હોય તેમ વર્તીએ છીએ."

વખતની કરકસરથી કેટલું થઈ શકે છે તે ઘણું તાજુબી પમાડનારૂં છે. "**નીહેમિઆ**"[3] જ્યારે ઈરાનના રાજાની ખુરશી પછ-

---

૧. ફ્લૉરેન્સનો રાજા, તે ૧૪૯૨ માં ગાદીએ બેઠો. પોપ લીઓ ૧૦ મો તેનો ભાઇ હતો.

૨. ઇટૅલિઅન ચિત્રકાર અને શિલ્પશાસ્ત્રી ૧૪૭૪–૧૫૬૪.

૩. એક હીબ્રુ ઇરાનના રાજા આર્ટાઝર્ગ્સીઝની હજુરમાં રહેતો. જેરૂસલમ ફરીથી બાંધવાની તેને છૂટ આપવામાં આવી હતી. ઇ૦ સ૦ પૂ૦ ૪૩૦.

વાડે ઉભો રહેતો ત્યારે પણ પરમેશ્વરની અસરકારક પ્રાર્થના કરવાનો તેને વખત મળતો."

જો કે આપણાથી બને તેમ સારી અને ડહાપણ ભરેલી રીતિએ આપણા વખતનો ઉપયોગ આપણે કરીએ, તો પણ આપણામાંથી ઘણા ભાગ્યશાલી પુરૂષોને પણ ઘણાં કાર્ય પર્ણ કર્યાવિના, ઘણાં પુસ્તકો વાંચ્યા વિના, ઘણા સુંદર દેખાવો જોયા વિના, અને ઘણા દેશોની મુલાકાત લીધા વિના રહેવું પડેછે.

જીવતરનાં ફતેહ અને સુખનું એક મોટું, મારે કહેવું જોઈએ કે ખરેખરૂં મોટું, મૂળતત્વ શુદ્ધબુદ્ધિથી સંગીન કામ કરવાની શકિત છે.

સિસેરોએ કહ્યું કે, જેની પહેલી જરૂર છે તે દુર્ધર્ષતા છે જેની બીજી જરૂર છે તેપણ દુર્ધર્ષતા છે અને જેની ત્રીજી જરૂર છે તે પણ દુર્ધર્ષતા છે. બેશક જાતિવિશ્વાસ એ ઉપયોગી છે. પણ એમ કહેવું એ વધારે સત્ય છે કે જેની પહેલી જરૂર છે તે ખંત છે, બીજી જરૂર છે તે ખંત છે અને ત્રીજી જરૂર છે તે પણ ખંત છે. અલબત રમતના કરતાં કામ એ કંઈ જીવતરનો અધિક હેતુ નથી; બન્ને સાધનોનું એકજ પરિણામ છે.

શરીરની આરોગ્યતાના જેટલીજ મનની શાંતિને માટે કામની આવશ્યકતા છે. ચિન્તાનો એક દિવસ કામના એક અઠવાડિયાથી વધારે શ્રમિત કરે છે. ચિન્તા શરીર બંધારણને ઉંધું વાળી દે છે. કામ તેને આરોગ્યતા અને નિયમમાં રાખે છે. સ્નાયુની કસરત શરીરને આરોગ્ય રાખે છે, અને મગજની કસરત મનને શાન્તિ આપે છે. "મનના કામથી મનુષ્યને અંતઃકરણની વિશ્રાંતિ મળે છે."

"કોઈ પણ કન્યાને એવું ખરૂં કામ સોંપો કે જે તેને પ્રાતઃકાળથી ઉદ્યોગી કરી રાત્રે લોથપોથ કરી નાખે; પણ પોતાના દિવસના કામથી પોતાના જાતિ પ્રાણીઓનું ખરેખર ભલું થયું છે એવા જ્ઞાનથી તેની હોંસની લાચાર દિલગીરીનું, તેજોમય અને હિતકર શાન્તિની મહત્વતામાં રૂપાન્તર થઈ જશે."

તમારી મરજીમાં આવે તે કરો, પણ કંઈકને કંઈક કરો. સ્પર્શમણિ શોધવાના અને ચોરસને વર્તુલ બનાવવાના યત્નોનું પણ કંઈક ફળ મળ્યું છે.

ડૉકટર **જૉન્સને** કહ્યું છે કે,–"શબ્દો પૃથ્વીની પુત્રીઓ છે, અને કાર્ય સ્વર્ગના પુત્રો છે," અને જે જે તમે કરો તે સંપૂર્ણ રીતિએ કરો; તેમાં તમારૂં મન ચોંટાડો, તમારી સઘળી શક્તિઓને ખેડો; કાંતો તમે તમારી શક્તિઓને ઉપયોગી કરો છો, અને કાંતો તમે તેને ખોવો છો. **હિઝીકીઆહુ**[1] વિષે આપણે સાંભળ્યું છે કે, "જે જે કાર્ય તેણે શરૂ કર્યું તે તે કાર્ય તેણે ખરા મનથી કર્યું, તેથી તે અભ્યુદય પામ્યો."

બુદ્ધિ એ આપણે સાંભળ્યું છે તે પ્રમાણે, વિઘ્નોની સામે આગ્રહી ઉદ્યોગની બાબત છે અને કેટલાક પ્રતિષ્ઠિત બુદ્ધિમાન્ પુરૂષોનું નિશ્ચયપૂર્વક કહેવું છે કે બુદ્ધિ એ ઉદ્યોગથી થોડીજ વધારે છે. **જ્યૉર્જ ઈલિઅટ**[2]ના જેવી સ્ત્રી પણ ઈશ્વરપ્રેરિત જ્ઞાનથી પોતાની નવલકથાઓ લખવાના વિચારને હસી કાઢે છે. પ્રમુખ **ડવાઈટ**[3] **યેઇલ**માં[4] છોકરાઓને કહેતો કે, 'બુદ્ધિ એ યત્ન કરવાની શક્તિ છે.'

ભિક્ષા એ પરિણામે કામના કરતાં વધારે કઠણ છે, અને સરવાળે એટલી કમાણીવાળી નથી. વળી દરેક મનુષ્યે જાતમહેનતના આશ્રયી થવું જોઈએ. **ફ્રૅન્કિલન** કહે છે કે સ્વાશ્રયી ખેડુત, બેઠાંબેઠાં ખાનારા સદ્ગૃહસ્થ કરતાં ઉત્તમ છે.

કૉબેટ[5] પોતાના પ્રખ્યાત વ્યાકરણના સંબંધમાં બોલતાં આપણને જણાવે છે કે, જ્યારે હું રોજીંદા છ પેન્સના પગા-

---

૧. જ્યુડાહનો રાજા. ઈ૦ સ૦ પૂ૦ ૭૫૧-૬૯૭.

૨. ઇંગ્રેજ સ્ત્રી. નવલકથા લેખક અને કવિ ૧૬૨૦-૧૭૦૬.

૩. અમેરિકન પાદરી. ૧૭૫૨-૧૮૧૭.

૪. અમેરિકાનું એક શહેર.

૫. પ્રખ્યાત રાજનીતિ લેખક ઇંગ્રેજ ૧૭૬૨-૧૮૩૫.

રથી સિપાઈની નોકરીમાં હતો, ત્યારે વ્યાકરણ શિખ્યો હતો. મારી અભ્યાસ કરવાની જગ્યા વહાણમાં અગર જમીનપર ચોકીની પથારીની કોર હતી; મારો બચકો મારૂં દફતર હતું; એક લાકડાનો કટકો મારા ખોળામાં રાખી તેને મારૂં લખવાનું મેજ બનાવતો: અને તે કામમાં મારા જીવતરનું એક વર્ષ લાગ્યું નહિ. મીણબતી અથવા તેલ લેવાને મારી પાસે કાંઈ પૈસા ન હોતા. શિયાળાના વખતમાં રાતના ફાનસનું અજવાળું મને ભાગ્યેજ મળતું, માત્ર સગડીનું અજવાળું મળતું, અને તે પણ મારો વારો આવે ત્યારે.........શાહી, કલમ અથવા કાગળને માટે એકાદ પૈસો આપવો પડતો તે કંઈ જેવી તેવી બાબત ન હોતી. તે પૈસો અફસોસ છે કે, મને એક મોટી રકમ જેટલો લાગતો: હાલ હું જેટલો છું તેટલોજ ઉંચો હતો; આરોગ્યતા પણ સારી હતી. અને કસરત પણ ઘણી મળતી. અમારા માટે બજારનું સઘળું ખર્ચ થયા બાદ દરેક મનુષ્ય દીઠ અઠવાડીએ માત્ર બે આના બચતા. મને યાદ છે અને સારી રીતિએ યાદ રહેશે કે, મારૂં સઘળું ન ચાલે તેવું ખર્ચ કર્યા પછી, એક શુક્રવારે, મેં માંડમાંડ કરીને એક અર્ધો આનો બચાવ્યો; જેનો બીજી સવારે કાંઈક નાસ્તો લેવાનો ઠરાવ કીધો; પણ રાત્રે જીવ નીકળી જાય એવી ભૂખ લાગી હતી, તે વખતે જ્યારે મેં મારાં કપડાં ઉતાર્યાં ત્યારે મને ખબર પડી કે મારી અર્ધીઆની ખોવાણી છે! મારી ભૂખડુ ચદરમાં અને ગોદડીમાં મોં ઘાલીને બચ્ચાંની માફક રોયો! અને વળી હું કહું છું, આવી સ્થિતિમાં, હું આવા કાર્યમાં મચ્યો અને પાર પડ્યો, તો કંઈ પણ કામ નહિ થઈ શકવાનું બહાનું કાઢે એવો આખી દુનિયામાં કોઈ પણ જુવાન પુરૂષ છે કે થશે ?"

કૉબેટની પાસે દ્રવ્ય નહોતું, પણ તેનામાં ઉત્સાહ અને હિમ્મત હતાં. **બેકન** કહે છે કે, "ઘણા મનુષ્યોને તેમના દ્રવ્ય અથવા શક્તિ બેમાંથી એકેનું ભાન ન હોય એમ દેખાય છે: પ્રથમને માટે જોઈએ તેથી વિશેષ, અને બીજાને માટે ઓછી માન્યતા તેઓ ધરાવે છે. સ્વાશ્રય અને સ્વાર્થત્યાગ, મનુષ્યને

પોતાનાજ કુંડનું જળપાન કરતાં, પોતાનોજ મીઠો રોટલો ખાતાં, અને પોતાની જીવિકા પ્રમાણિકપણે મેળવવાને જાણતાં ને શ્રમ કરતાં અને પોતાને વિશ્વાસે સોંપેલી સારી વસ્તુઓની સંભાળથી વૃદ્ધિ કરતાં, શીખવે છે.

પૂર્વની એક કહેવત છે કે,

"જો કરે બળ તો
પામે ફળ
કામચોર સિંહ કરતાં
કામગરો કૂતરો વધારે સારો છે"

કુદરત મનુષ્યને કહે છે કે,—"દરેક કલાકમાં રોજી મળે અથવા ન મળે પણ ઉદ્યોગી રહે; તું ઉદ્યોગ કરવા ઉપરજ ધ્યાન રાખ, અને તને ફળ મળ્યા વગર નહિ રહેઃ તારૂં કામ ગમે તો સફાઈવાળું હો અગર સાદું હો, અનાજ વાવવાનું હો અગર વીરરસ કાવ્ય લખવાનું હો, પણ તે માત્ર શુદ્ધ બુદ્ધિનું હોવું જોઈએ, તારી પોતાની મનપસંદગીનું હોવું જોઈએ, તો તે તારા સંકલ્પને તેમજ સમજને સંતોષ આપશે; ગમે તેટલી વાર તમારો પરાજય થાય તો પણ વિજયને માટે તમો નિર્માણ થયેલા છો. સારી રીતિએ કરેલી બાબતોનો બદલો તેમની ક્રિયામાજ છે."

સર ઉવૉલ્ટર સ્કૉટે આપણને કહ્યું છે તે પ્રમાણે મોટો ઈલમી **મિકલ સ્કૉટ** જાણતો કે પોતાની સાથે હળેલા ભુતથી નવરો રહેવાનો રસ્તો માત્ર તેને હમેશાં કામમાં ગુંથાએલો રાખવાનોજ હતો. આ બાબત સૌને લાગુ પડે છે. સેતાન (દુર્બુદ્ધિ) ને મનુષ્ય દેહમાંથી કાઢી મૂક્યા પછી જ્યારે પાછું ઘર ખાલી દીઠું ત્યારે ફરીથી તેમાં દાખલ થયો; અને તે વખતે તેની સાથે બીજા સાત સેતાન તેનાથી પણ વધારે ખરાબ લઈને આવ્યો.

સુસ્તિ એ વિશ્રાંતી નથી. તેમાં કામના કરતાં પણ વધારે થાક લાગે છે. રોમન લોકોમાં એક એવા અર્થની કહેવત હતી કે "શ્રમ વિના વિશ્રાંતિ મુશ્કેલ છે" જો તમે કંઈ નહિ કરતા હો તો આરામ લેવો મુશ્કેલ છે.

કોઈ દિવસ ઉતાવળ કરો નહિ. કુદરત તેમ કરતી નથી. સ્વિસ ભોમિયો યુવાન પહાડીને પહેલી જે શીખામણ આપે છે, અને જેનો પોતે વારંવાર ઉપયોગ કરે છે તે એ છે કે, મનુષ્યે આસ્તે આસ્તે પણ દૃઢતાથી ચાલવું જોઈએ; અથવા અતિશય ઝડપથી ચાલવાની કોશિસ નહી કરવી, તેમજ રઝળવું પણ નહિ. અલબત પ્રસંગોપાત અટકો, મજબૂત બળદને પણ તેમ કરવું પડે છે. એક ફર્લાંગ હળ તાણ્યા પછી તેને વિસામો આપવો ઠીક છે. પણ જીવતરમાં વળી સંવર્ધનનું મોટું રહસ્ય એ છે કે કોઈ દિવસ ઉતાવળ કરવી નહિ અને ભટકવું પણ નહિ. પૂર્વમાં એક કહેવત છે કે, "સેતાન (દુર્બુદ્ધિ) ઉતાવળનું મૂળ છે પણ ધીરજ સરળતાનું દ્વાર ખુલ્લું કરે છે."

"भूरिकार्यप्रलोभेन पतंति सत्वरा नराः ।
शनैः कार्यकरा ये ते जयंति कार्यसिद्धये" ॥ १ ॥

ભાવાર્થ—ઘણું કામ થવાના લોભથી ઉતાવળ કરનારા માણસો પડે છે. અને જેઓ વિચારી વિલંબથી કાર્ય કરે છે તેઓ કાર્યની સિદ્ધિમાં ફત્તેહ પામે છે.

ઉતાવળ કરવાથી વખત બચાવી શકાય છે એમ ઘણા લોકોનું માનવું હોય એમ જણાય છે તે મોટી ભૂલ છે. ચંચળાઈ રાખવી એ ઠીક છે, પણ કોઈ પણ બાબતમાં ઝડપથી સોંસરૂં નીકળી જવું તેના કરતાં તે સારી રીતિએ કરવું એ વધારે અગત્યનું છે.

વળી, કામના પોતાના સંબંધમાં પણ, જો તે અનિયમિતપણે, આંતરે આંતરે રહી રહીને, અને ઉતાવળથી થાય તો, આસ્તે આસ્તે, દૃઢતાથી અને નિયમિતપણે ઉતાવળ અથવા ધામધૂમ સિવાય કરાય, તેના કરતાં વધારે થકવતું અને ખરેખર વધારે શ્રમદાયક થાય. ઉતાવળ ફક્ત કામનેજ બગાડે છે એટલુંજ નથી પરંતુ જીંદગીને પણ બગાડે છે.

ગોથેનું નીતિવાક્ય એ હતું કે, ઉતાવળ સિવાય અને આ-

રામ સિવાય કામ કરો, જો કે આપણો (આરામ—Rest) એ શબ્દ તેના હેતુનો અર્થ બતાવતો નથી.

"ઉતાવળ કર નહિ,. કોઈ પણ અવિચારી કાર્યથી
તારા જુસ્સાની ત્વરાને હમેશને માટે થંડી પડવા દે નહિ;
સારી રીતિએ મનન કર, અને સત્ય જાણી લે,
પછી આગળ વધ, અને તારી શક્તિ પારખ;
ઉતાવળ કર નહિ, અવિચારથી કરેલા એક કૃત્યનો
અવેજ ઘણા વર્ષોથી પણ પૂરો પડી શકતો નથી.
આરામ લે નહિ, જીવતર ઝડપથી ચાલ્યું જાય છે,
મૃત્યુને શરણ થયા પહેલાં, જા અને હિમ્મતનું કાર્ય કરઃ
કાળને જીતવાને, કોઈ મહાન અને પ્રૌઢ
કાર્ય તું તારી પાછળ મૂકી જા;
આ ક્ષણભંગુર દેહનો નાશ થયા પછી,
હમેશને માટે અમર રહેવું એ કીર્તિવંત છે."

ત્યારે ખૂબ કામ કરો, પણ ઉતાવળા થાઓ નહિ, ગોંધળ કરો નહિ, અને અધિરા થાઓ નહિ.

મિસ્ટર **ફ્રૅન્સિસ ગૅલ્ટન** કહે છે કે,—"વિશેષે કરીને તમારી મુસાફરીમાં મગ્ન રહો, અને પરિણામને માટે ચિન્તા રાખો નહિ. દુઃખના અંત તરીકે અને સંકટમાંથી બચાવનાર બંદર તરીકે નહિ, પણ એક પશ્ચાત્તાપ તરીકે, અને સાહસિક તથા આનંદી જીંદગીના નિકટ સ્થાન તરીકે, સુધારાપર પાછું વલણ કરવાનો વિચાર રાખશો તે વધારે સારૂં છે; આ પ્રમાણે ઓછા જોખમે, સંબંધમાં આવતાં, અને જે દેશમાં તમે વધતા હો તેની શક્તિઓ જાણતા અગોચર રીતિએ સંવર્ધમાન થતા જશો, તો કોઈ ઉતાવળા અને આફત ભરેલા અકસ્માતમાં પાછા ફરવાને વખતે તે તમને અમૂલ્ય લાગશે. અને આ પ્રમાણે, જ્યારે કેટલાક મહિના જશે, ત્યારે કેટલું અંતર તમે ચાલી ગયા તેપર પાછી નજર કરવાથી તમે અજાયબી પામશો; કારણ કે જો તમે હમેશના સરાસરી ત્રણ માઈલ ગણશો તો વર્ષને

આખરે તમે એક હજાર માઈલ જશો, જે ઘણી મોટી શોધ ગણાય. સસલા અને કાચબાની કલ્પિત વાત વિશાળ અને અજાણ્યા પ્રદેશોના મુસાફરોને માટે ખાસ બનાવેલી હોય એમ જણાય છે."

વહેલા ઉઠો, સ્નાયુ અને મગજને યોગ્ય કસરત આપો, ખાવામાં મિતાહારી થાઓ, ઉંઘમાં વ્યાજબી વખત ગાળો, કામમાં હિમ્મત રાખો, અને તેપર ભરોસો રાખો તો તમારૂં કામ તમને નુકસાન કરશે નહિ. પજવાટ અને ઉદ્વેગ, અધિરાઈ અને ચિન્તા તમને મદદ કરી તમારા કામમાં આગળ ચલાવશે નહિ, અને છેવટે તમારૂં મોત ઉપજાવશે અગર કંઈ નહિ તો પણ કોઈ મંદવાડના હુમલાના ભોગ તરીકે સ્વાધીન કરી દેશે; પણ જો તમે તમારૂં જીવતર આનંદ અને સુખ શાન્તિમાં ગાળશો તો કસરત અને તાજી હવા જેમ શરીરને ફાયદો કરે છે, તેમ બુદ્ધિશ્રમ અને સ્વતંત્ર વિચાર મનને ફાયદો કરે છે, તેથી તમારી આવરદા ઓછી થશે નહિ, પણ વધશે.

"..ખંત
માનને સતેજ રાખે છે, ભવ્ય સ્મરણદાયક પ્રતિમાપર
કટાઈ ગયેલું બખ્તર જેમ મશ્કરી રૂપ ગણાય
તેમ, 'કર્યું હોત' એ તદ્દન શિરસ્તા બહાર છે"

ખંત, "રાજ્યદ્વારિનો મગજ, યોદ્ધાનું ખડ્ગ, શોધકનું રહસ્ય, અને વિદ્વાનની '(ઓપન સીસેઈમ) જાદુ લકડી છે.'" આપણાં માયાળુ મહારાણી સાહેબ ઈતિહાસમાંહેલા શ્રેષ્ઠ રાજ્યકર્તાઓમાંનાં એક ગણાય છે, તેનું શું કારણ ? તેમનામાં ઘણું ડહાપણ અને આવડત છે એ નિઃશંક છે, પણ તેમણે જાતે મહેનત લેવામાં મણા રાખી નથી. જે ઉત્સાહથી તેમણે કામ કર્યું છે તે ઉત્સાહ, **મિસિસ જેઈમ્સનના** જન્મવૃત્તાન્તમાં **લૉર્ડ મોન્ટિગલપર** કરેલી ટીકા બતાવી આપે છે. કોઈક કામ પ્રસંગે તેમને તકલીફ આપવાની પોતાને ફરજ પડવાથી તે બાબતમાં પોતાના તરફથી કંઈ દિલગીરીની બતાવણીના

જવાબમાં તેમણે કહ્યું, "મારી આગળ 'તકલીફ' એ શબ્દ કોઈ દિવસ બોલશો નહિ. કોઈપણ બાબત કઈ રીતિએ, કઈ વ્યાજબી રીતિએ કરવી છે, એટલુંજ માત્ર મને કહો, અને જે મારાથી બનશે તો તે હું કરીશ."

ત્યારે, જીંદગીમાં જે તમારા ધર્મ અથવા કામ હોય તે જેમ બને તેમ સારી રીતિએ કરવાની કોશીશ કરો.

વેલિંગટનના ડ્યૂકના મોટા વિજ્યો, તે મોટો સરદાર હતો તેથી, તેમજ સારો કામવાળો માણસ હોવાથી થયા છે. પોતાના લશ્કરી સરંજામ અને મોદીખાનાના ભંડારની સઘળી તપસીલપર તે ઘણુંજ લક્ષપૂર્વક ધ્યાન આપતો; તેના ઘોડાઓને પુષ્કળ ચારો મળતો, તેના સિપાઈઓને ગરમ લુગડાં, મજબૂત બૂટ અને સારો ખોરાક સારી રીતિએ પૂરાં પાડવામાં આવતાં.

સૉલૉમન કહે છે કે, "જે મનુષ્યને તું પોતાના ઉદ્યોગમાં પ્રવૃત્ત જુએ છે, તે રાજાઓ સમીપ જઈ ઉભું રહે છે." અને **સેન્ટ પૉલ** આપણને "ધંધામાં ઉદ્યોગી, અને ઉત્સાહમાં હોંસીલા થવાને, તેમજ ઈશ્વરની સેવા કરવાને" આજ્ઞા કરે છે.

"उद्योगः खलु कर्त्तव्यः फलं मार्जारवद् भवेत्
जन्मप्रभृति गौर्नास्ति पयः पिबति नित्यशः" ॥

ભાવાર્થ—"હમેશાં ઉદ્યોગ કરવાથી બિલાડીની માફક ફળ મળે છે, બીલાડીને આખા જન્મારામાં ગાય નથી તો પણ તે નિત્ય દૂધ પીએ છે."

ઉદ્યોગનું ફળ મળ્યા વગર રહેતું નથી. હિંદુસ્થાનનો પશ્ચિમ રસ્તો શોધતાં **કોલમ્બસને**[2] **અમેરિકા** ખંડ જડયો; અને ગોથે-એ બતાવ્યું છે તે પ્રમાણે **સૉલને**[3] પોતાના પિતાનાં ગધેડાં શોધતાં રાજ્ય મળી ગયું.

---

૧. સ્કૉટિશ કુદરતી જ્ઞાની. ૧૭૭૪-૧૮૫૪.

૨. અમેરિકાનો શોધક (૧૪૯૨) ૧૪૩૬-૧૫૦૬.

૩. હિબ્રુ લોકોનો પહેલો રાજા ઈ. સ. પૂ. ૧૦૪૦ માં મરણ પામ્યો.

ફ્રૅન્કલિને કહ્યું છે કે–" તમારૂં જે કર્તવ્ય હોય તે કરવાનો નિશ્ચય કરો અને જે નિશ્ચય કરો તે નિષ્ફળતા વિના સિદ્ધ કરો."

ઉદ્યોગની ગરજ બુદ્ધિ સારે એમ કોઈ કોઈ પ્રસંગે ધારવામાં આવે છે. મહાશાળાઓમાં વિદ્યાર્થીઓ વિષે આપણા વાંચવામાં આવ્યું છે કે તેઓએ પહેલાં વર્ષો સુસ્તીમાં કહાડચાં છે અને તેઓના માથાંપર ભીના રૂમાલ રાખીને અતિ શ્રમથી માત્ર થોડોજ વખત કામ કર્યું, અને તો પણ ઉચ્ચ પદ્વીની પરીક્ષાઓમાં પસાર થયા. ભીના રૂમાલને માટે તેમને પછવાડેથી ઘણુંજ સહન કરવું પડયું છે, તે ખાત્રીથી માનજો. પણ એમ હતું તો પણ તેમને કામ તો કરવુંજ પડયું હતું. સૌથી મહાન પુરૂષોમાંના ઘણાનો ઉદય, જો આપણે તેમની શાળાના દફતરની નોંધ ઉપરથી વિચાર કરીએ તો, તેમની હુશિયારી કરતાં ઉદ્યોગને લીધે વિશેષે થયો છે. ઉવેલિંગટન અને નૅપોલિઅન, ક્લાઈવ, સ્કૉટ અને શેરિડન એ સઘળા ઠોઠ નિશાળીઆ હતા એમ કહેવાય છે.

બેશક કેટલાંક મનુષ્યોમાં ઈશ્વરી બક્ષિશ બીજાઓ કરતાં વિશેષ હોય છે. પણ એક તેજસ્વી બુદ્ધિવાળો, પણ નઘરોળ, પ્રમાદી, અને મોજી; અને બીજો પ્રમાણમાં ધીમો પણ ઉદ્યોગી કાળજીવાળો, અને ઉચ્ચ વર્તનવાળો, એ બે મનુષ્યને જીવતરની સરતમાં નાખો, તો પાછળ જે કહ્યો તે, પોતાના ભભકાદાર હરીફને ઘણો પાછળ પાડી દેશે. બુદ્ધિ વગરની મહેનત લાંબે પલ્લે, મહેનત વગરની બુદ્ધિ કરતાં વિશેષ ફાયદો કરે છે. કોઈ લાભ, કોઈ ચાતુર્ય, કોઈ શ્રીમંત મિત્ર, અથવા શક્તિમાન સંબંધી, જીવતરમાં ઉદ્યોગ અને વર્તનની ગરજ સારી શકતો નથી.

લિંકનના ધર્માચાર્ય, અને એક મહાન રાજ્યદ્વારી ગ્રૉસેટેસ્ટને એક આળસુ ભાઈ હતો, જે એક વખત તેની પાસે આવ્યો અને પોતાને મહાન પુરૂષ બનાવી દવાની માગણી કરી. તે ધર્માચાર્યે જવાબ આપ્યો, "ભાઈ જો તમારૂં હળ,

ભાંગી ગયું હોય તો દુરસ્ત કરાવવાનું ખર્ચ હું આપું, અગર જો બળદ મરી જાય તો હું તમને બીજો ખરીદી આપું; પણ, હું તમને મહાન પુરૂષ બનાવી શકીશ નહિ; જ્યારથી હું જાણું છું ત્યારથી તમે એક કૃષિકાર છો, અને મને બીક લાગે છે કે, હું તમને કૃષિકાર મૂકીને મરી જઈશ."

મિલ્ટન માત્ર બુદ્ધિવાળો નહિ, પણ અથાગ ઉદ્યોગી પુરૂષ હતો. તે પોતાની ટેવોનું આ પ્રમાણે વર્ણન કરે છે-શિયાળામાં વારંવાર કોઈ ઘંટનો નાદ મનુષ્યને શ્રમ અથવા ભક્તિમાં પ્રવૃત્ત કરે તે પહેલાં; ઉનાળામાં પણ તેમજ, જે પક્ષી સર્વથી પહેલું ઉઠે છે તેની સાથે, અથવા વધારે આળસ ન રાખતાં, જ્યાં સુધી લક્ષ આપી શકાય, અથવા સ્મરણશક્તિને તેનો પુરતો બોજો મળે, ત્યાં સુધી ઉત્તમ ગ્રંથોને વાંચવા અથવા વંચાવવાને; પછી શુદ્ધ અને ઉદાર શ્રમથી, શરીરની સુખાકારી અને મજબૂતી જાળવતાં, મનની, ધર્મ પક્ષની અને આપણા દેશની સ્વતંત્રતાની સતેજ શુદ્ધ ચૈતન્યવાળી સેવા બજાવવાને." (હું પ્રવૃત્ત રહેતો.)

તમારા કામને વેઠ ગણો નહિ. જો તમે ચાહો તો તેને તમે રૂચી કરી શકો. તેમાં તમારૂં મન પરોવો, તેનો હેતુ સમજો, કારણો અને પૂર્વોક્ત હેવાલ ગોતી કાઢો. તેના સઘળા સંબંધનું મનન કરો. કેટલા બધાને, સાદો શ્રમ પણ લાભકારક થાય છે તેનો વિચાર કરો, તો હોંસ ઉત્પન્ન ન કરે એવું આપણાં કામોમાં ભાગ્યેજ કોઈ છે; તમારા કામમાં તમારી ચાહના થશે, અને જો તે આનંદથી થશે, તો તમારૂં કામ સહેલથી થશે. જો પહેલાં આ તમને અશક્ય લાગે, જો થોડા વખત સુધી તે માત્ર વેઠ જેવું લાગે, તો પણ જેની તમને જરૂર છે તે તેજ છે; પર્વતના વાયુની માફક તમારી પ્રતિષ્ઠાને મજબૂતી આપવાને તે ઠીક પડે. આપણા **સ્કેન્ડિનેવિઅન** પૂર્વજો હથોડા ફેરવતા, **થોરને** પૂજતા, અને પ્રાચીન કાળની દુનિયામાં શ્રેષ્ઠ કડીયો (કારીગર) થવા માટે **નૉર્સમિથ વૉલન્ડે**

પોતાના આત્માને સેતાનનો ગુલામ બનાવ્યો હતો એવું કહેવાય છે. પણ આ તો બહુ કર્યું કહેવાય.

નિદ્રામાં કેટલો કાળ ગાળવો, એ એક મહત્ પ્રશ્ન છે. પ્રકૃતિએ તેનું નિરાકરણ કરવું જોઈએ. કેટલાએક લોકોને બીજાઓ કરતાં ઘણો વધારે વખત જોઈએ છીએ. પ્રકૃતિને જેટલો જોઈએ તેમાં ઘટાડો કરવો એ મને શક્ય લાગતું નથી. તેમજ ખરી નિદ્રામાં ગાળેલો કાળ વ્યર્થ ગુમાવ્યો કહેવાય નહિ. શરીરબંધારણ શક્તિ, જે શહેરોઓમાં કોઈ દિવસ પૂરતી હોતી નથી, તેને અજાએબ જેવી રીતિએ તે તાજી કરે છે.

સર ઈ. કોક્સના દિવસના વિભાગ આ પ્રમાણે હતા.—

"નિદ્રામાં છ કલાક, કાયદાના ચિન્તપૂર્વક અભ્યાસમાં છ,
અને ચાર કલાક ભક્તિમાં ગાળો–બાકીના પ્રકૃતિને સોંપો."

સર, ડબલ્યુ જોન્સે આમાં સુધારો કર્યો છે—

"કાયદામાં છ કલાક, મીઠી ઉંઘમાં સાત,
દુનિયાદારીમાં દસ, અને બાકીના સઘળા ઇશ્વિરાર્પણ કરો."

છ કે સાત કલાક બેમાંથી એકે મારા માટે પુરતા નથી. આપણે હુશિઆર થઈ ઉઠીએ, અને સુસ્તી ન રહે એટલો આરામ મળે ત્યાંસુધી આપણે ઉંઘવું જોઈએ.

"शोका विष्टमपि स्वांतमुद्यमेन तु शाम्यति।"

ભાવાર્થ—"હૃદય શોકાકુલ થયું હોય, પણ તે ઉદ્યમથી શાન્ત થઈ શોકમુક્ત થાય છે."

દિલગીરીના વખતમાં પ્રવૃત્તિ—ક્રિયા જે વિચારોને કામે લગાડે છે, તે એક મોટો દિલાસો છે. "જીવતરનું સુખ કંઈ કરવામાં, કંઈ ચાહવામાં અને કંઈ આશા રાખવામાં રહેલું છે." ખરેખર આપણામાંના ઘણા ખોટી બીકોથી અને નકામી ચિન્તાઓથી નવરાશની વેળાએ દુઃખી થઈએ છીએ. હંમેશાં તમ કામમાં પ્રવૃત્ત રહો.

"તેથી, જે સુખશાન્તિ દિલગીરી આપી શકે નહિ
તે તને કામમાંથી અને વિચારમાંથી મળશે."

વૃદ્ધ **લિલિ** કહે છે કે, "ડાહ્યાને દરેક સ્થાન દેશ છે, શાન્ત મનને સઘળા ભાગ મહેલ છે."

વળી કુદરતને પ્રતિકૂળ નહિ, પણ અનુકૂળ થઈ કામ કરો. જો તમારાથી બની શકે તો સામે પૂરે હલેસાં મારો નહિઃ પણ જો તેમ કરવું જ પડે તો પછી કરવું. પછી તેથી થરથરો નહિ; પણ જો આપણે કુદરત ઉપર આધાર રાખીશું તો તે ઘણું કરીને આપણને અનુકૂળ થશે.

"કારણ કે જે તત્વ કુદરતથી વિશેષ છે તેમાં જેમ છે, તેમ કુદરતમાં પણ જે એક પ્રાકૃતિક-કુદરતી નિયમનો ભંગ કરે છે તે સર્વનો ગુન્હેગાર છે. જાણે કે આખું વિશ્વ તેની વિરૂદ્ધ શસ્ત્ર-ધારણ કરે છે અને જ્યારે અને જ્યાં, તે તે ન જાણે તેમ, સર્વ સૃષ્ટિ, તેની અગણિત અને અદૃષ્ટ શક્તિઓથી તેના અને તેના વંશજો ઉપર તેનું વેર લેવાને સજ્જ થાય છે. એથી ઉલટું, શુદ્ધ હૃદય અને મનથી સૃષ્ટિના નિયમોને જે પાળે છે, તેને સઘળી ચીજો અનુકૂળ થઈ હિતકર થાય છે. પ્રાકૃતિક સૃષ્ટિની સાથે તેને સમાધાની રહે છે. મસ્તક ઉપરના સૂર્ય અને પગ નીચેની રજની તેને મદદ તેમજ કૃપાદ્રષ્ટિ રહે છે, કારણ કે, જેણે સૂર્ય, રજ, અને સઘળી ચીજો બનાવી છેઃ અને તેમને માટે જેણે અલંઘનીય નિયમો પૂરા પાડ્યા છે, તેની ઈચ્છા અને મનન તે તાબે રહે છે."

પ્રકરણ ૧૪ મું.

આકીન-શ્રદ્ધા.

आपद्गता अपि जनैरपि निंदिताश्च
श्रद्धां त्यजंति न कदापि सुधर्मधीराः ।

धर्मशास्त्र.

"માથે આપત્તિ આવે કે લોકો નિંદા કરે તો પણ ધર્મવીર પુરૂષો કદી શ્રદ્ધાને છોડતા નથી."

લોકસ્થિતિ સંબંધીનાં પુસ્તકોમાં લખે છે કે,૧,૫૦,૦૦,૦૦,૦૦૦ મનુષ્ય પ્રાણીમાંથી ૪૦,૦૦,૦૦,૦૦૦ બૌદ્ધધર્મ માનનારા છે, ૩૫,૦૦,૦૦,૦૦૦ ખ્રિસ્તિ છે; ૨૦,૦૦,૦૦,૦૦૦ હિંદુ છે અને ૧૫,૦૦,૦૦,૦૦૦ મુસલમાન છે; પણ **સેલ્ડન** જો કે તદન વિરૂદ્ધ પક્ષમાં ઉતરે છે, તો પણ તેની ટીકા બેશક જોઈએ તેવી છે કે "સંપને ખાતર માણસો કહે છે કે આપણે સૌ એકજ ધર્મના છઈએ, પણ તે બાબતમાં બરાબર તપાસ થાય તો સઘળી બાબતમાં તેવાજ સરખા ધર્મવાળા ભાગ્યેજ કોઈ ત્રણ તમને માલમ પડશે." આમ થાય તેમાં કાંઈ આશ્ચર્ય નથી, કારણ કે આપણી પોતાનીજ દુનિયાનું પણ આપણને વાસ્તવિક રીતિએ એટલું ઓછું જ્ઞાન છે કે બીજી દુનિયાનું વધારે સારૂં જ્ઞાન મેળવવાની આશા રાખી શકીએ નહિ.

કૅનન-લિડન[1] કહે છે,-"શ્રદ્ધાની ઉચ્ચતર દુનિયા આપણી દૃષ્ટીને દૃશ્ય કિંવા અદૃશ્ય હોય, તો પણ જે વિચિત્ર દુનિયામાં આપણે આપણી હાલની જીંદગાની ગુજારીએ છીએ, તે ઘણા મહત્ ગુપ્ત ભેદોનું એક વાસ્તવિક મંદીર છે. કદાચ કાલ સાંજેજ તમો વગડામાં બહાર ફરવા નિકળશો; અને ઠેકાણે ઠેકાણે ખીલતી કળીઓ અથવા તાજાં ફુટતાં

---

૧. ઈંગ્રેજ પાદરી ૧૮૨૦ માં જન્મ્યો.

લીલાં પહેલાં પાંદડાંઓ તમને સ્મરણ કરાવશે કે વસંતઋતુ પોતાના વાર્ષિક જય હર્ષની સુંદર શોભા તમારી નજર આગળ ખડી કરવાને તૈયાર થઈજ રહેલી છે. જેને તમે જોઈ, અડી. વર્ણવી, માપી અથવા સમજી પણ શકતા નથી એવી એક ગુહ્ય શક્તિની હયાતી અને હીલચાલના પુરાવા તમારી આસપાસ સર્વત્ર જોવામાં આવે છે, આ શકિત મૌન, અદૃશ્ય, નિર્ઘોષ તો પણ ઉદ્યોગી તમારા મસ્તક પરની દરેક શાખા, પત્ર અને તમારા પગ નીચેના દરેક તૃણમાં હાજર છે.

શંકા તેજ ખરેખર તત્વજ્ઞાનનો પાયો છે, આપણે રહસ્યમય દુનિયામાં વસીએ છીએ; અને જો એક સાદા પુષ્પનો કિંવા એક ક્ષુદ્ર જંતુનો ખુલાસો આપી શકતા નથી, તો પછી જે અનંત છે તેને સમજવાની કેમ આશા રાખી શકાય? ડૉક્ટર **માર્ટિનો**[1] કહે છે કે, “આપણે કબૂલ કરીએ છીએ કે, આકાશ અને શાંતાકાર તેના ગુણો છે; અને જ્યારે દિવસની ચિન્તાઓ સાંજની થંડકમાં ગળી જાય છે, સૂક્ષ્મદર્શક યંત્રવત્ લોતાળોથી પ્રૌઢતા પામેલી કલ્પના, વિચારનું મહત્‌રૂપ ધારણ કરે છે, અને અનંત તારાગણથી ભરપૂર આકાશ નીચે એક મેદાનની માફક પૃથ્વી નિદ્રાવશ થયેલી હોય છે, ત્યારે તે અવર્ણનીય સર્વવ્યાપક સત્તા ફરીથી આપણી આસપાસ ફરી વળે છે, સુસવાટા મારતા રાત્રીના પવનમાં આપણને ચોંકાવે છે, અને સ્વર્ગના પુરાતન કાળના તેજસ્વી પદાર્થોમાંથી આપણી નજરોનજર દેખાય છે.”

જૉન સ્ટુઅર્ટ મિલ કહે છે કે, “મનુષ્ય જીવતર રહસ્યથી ઘેરાયલું છે; જે અમર્યાદ સમુદ્ર આપણી લાગણીને એકદમ ભયભીત કરે છે અને પોતાના વિસ્તાર તથા દુર્ગમ્યપણાથી આપણી કલ્પનાને ઉત્તેજે છે, તેની મધ્યમાં આપણા અનુભવનો નાનો પ્રદેશ એક નાનો દ્વીપ છે. આપણા પૃથ્વીપરના જીવતરનું રાજ્ય માત્ર અનંત આકાશમાં નહિ, પણ વળી અનંતકા-

---

૧. ઇંગ્રેજ વિદ્યાગુરૂ જન્મ ૧૮૦૭.

ળમાં એક નાનો દ્વીપ છે, તે વાત તે રહસ્યમાં ઉમેરો કરે છે."

પણ જો અજ્ઞાનમાં રહેવાને અને ખરા નિશ્ચયપર નહિ આવવાને આપણને જાથુ ફરજ પડતી હોય તો તેથી આપણે નિરાશ થવું જોઈતું નથી.

"અને તેથી આપણે કહીએ છીએ કે અંધકારરૂપી ભવિષ્યમાં,
અથવા પ્રાતઃકાળ, સાયંકાળ, મધ્યાન્હ અથવા રાત્રી હોય,
તો પણ કંઇએક વસ્તુ આપણને પ્રેરણા કરે છે તે પ્રમાણે,
જે મોટી રચનાનો આ જીવતર એક તાંતણો અને ભાગ છે,
તે ગુંમ થશે નહિ, પણ પાછો હાથ લાગશે.
અને પૂર્ણ આખા સ્થાનની સાથે વણાઈ જશે."

આપણે સમજાવી ન શકીએ એવું ઘણું આપણને લાગેછે. આનો ઈશ્વરજ્ઞાનમાં સમાવેશ થતો નથી. **સેઈન્ટ ઑગસ્ટાઈને** કહ્યું છે કે, "કાળ એ શું છે, એમ જો તમે મને પ્રશ્ન કરશો તો હું કહી શકીશ નહિ; પણ જો તમે મને પૂછો નહિ તો હું તે સારી રીતિએ જાણું છું."

વેસ્લિએ પોતાના વિષે નિચેપ્રમાણે કહ્યું છે.—

"આ સઘળા શબ્દ વિસ્તારના કલહથી,
આવા વિચારો, રીતિઓ, ક્રિયાઓ, અભિધાનોથી
કાયર થઇને,

તું, તારી રીતિ, તારૂં સત્ય, તારી જીંદગી જેને માટે
મારા નિષ્કપટી દિલમાં પ્રીતિભાવ ઉત્પન્ન થાય છે,
તે ઇશ્વરી ગુણોથી પ્રેરિત થઈ, આખરે હું,
તારી અને તારા ગુણોની સાથે રહેવા અને મરવા ઉડતો
આવું છું.

માર્ટિનો કહે છે કે, "જેઓ ઈશ્વરવિષે અતિશય બોલે છે, જેઓ જાણે કે દરેક પદાર્થમાં તેનો ઈરાદો અને ગોઠવણ તેઓ જાણતા હોય એમ બોલે છે, જેઓને દરેક કાર્યનું કારણ બતાવવામાં અને દરેક બનાવમાં તેની કોમળ દયા

જણાવવામાં કદિ મુંઝવણ આવતી નથી, જેઓ અનાદ્યનંત વ્યવહારના ચાતુર્યની પ્રશંસાકરે છે, અને વાક્પટુતાના નમુના તરીક તેના ઉત્તેજક થાય છે; જેઓ ઈશ્વરની દીર્ઘદ્રષ્ટીના ગંભીર માર્ગમાં, સ્થિતિસ્થાપક પગલાં અને મળતાવડાં રંગીલાં મુખથી, પોતાની મેળે વહન કરતા જણાય છે, તેઓજ તેઓની ખાત્રીના અતિશય નિશ્ચયથી શંકાની અમર્યાદ મનોવ્યથામાં મને નાખે છે, અને મને એમ બોલાવે છે કે, " મારી પાસે થોડું માગો; અને હું તમને બધું આપીશ. "

ડીન સ્ટૅન્લિ પોતાના જીવતરનો મોટો હેતુ, "જમાનાની માન્યતા અને શંકાઓ વચ્ચેની તકરાર તોડે તેવું કંઈ કાર્ય કરવાનો અને જે ઉચ્ચસ્થાનથી આપણને સહાય્ય મળે છે, તેના પર દઢ દૃષ્ટી રાખવાનો" હતો, એમ કહેતો.

હર્બર્ટ સ્પેન્સર કહે છે કે, " જે ગુપ્ત ભેદો વિષે આપણે જેમ જેમ વધારે અને વધારે વિચાર કરીએ છીએ તેમ તેમ જેઓ વધારે અને વધારે રહસ્યમય થતા જાય છે, તેમાં પણ આપણને એવો ખાસ નિશ્ચય થાય છે કે, એક અપાર અને અનાદ્યનંત શકિત, જેમાંથી સર્વ પદાર્થો ઉત્પન્ન થાય છે, તેની હજુરમાં મનુષ્ય હમેશાં હોય છે.

ત્યારે જે આપણાથી વર્ણવી ન શકાય, તેની લાગણીથીજ આપણે સંતોષ માનવો જોઈએ.

" एक एव हि सद्धर्मः पक्षैर्धरति भिन्नताम् ।"

षड्दर्शन.

ભાવાર્થ—"ધર્મ તો એકજ છે, પણ જૂદા જૂદા પક્ષને લઈ તે ભિન્ન ભિન્ન થયો છે. "

ઘણાં મતભેદો કે જેથી મનુષ્યોમાં જૂદા જૂદા પંથો બંધાય છે તેનું કારણ ધર્મ નહિ પણ પક્ષ છે. **સેઈન્ટ પૉલના** ઉપદેશ-

ની વિરૂદ્ધ લોકો કહે છે કે, "હું **પૉલનો**[1] છું અને હું **ઍપૉલૉ-સનો** છું."

જેરિમિ ટેઇલર કહે છે કે, "ઈશ્વરી રાજ્યનો સમાવેશ શબ્દોમાં નહિ પણ શક્તિ, પવિત્રતાની શક્તિમાં થાય છે. જોકે હાલમાં આપણે જૂદીજ રીતિ ગ્રહણ કરેલી છે તો પણ સઘળા ધર્મને શ્રદ્ધાનું રૂપ અપાયું છે, અને આપણી શ્રદ્ધા હિત અથવા તકરારની ઉત્પત્તિ સિવાય બીજી કંઈ નથી; બીજી સઘળી દુનિયાની વિરૂદ્ધ અમુક પક્ષ અને ઝગડામાં મચ્યા રહેવા સિવાય તે બીજું કંઈ નથી; અને જ્યારે તે ક્યા ધર્મનો છે એવો પ્રશ્ન પૂછવામાં આવે છે, ત્યારે તે પ્રશ્નનો અર્થ કયા પક્ષને અનુસરે છે, તેના પંથનાં શું સાહિત્યો, છે એવો હોય એમ આપણે સમજીએ છીએ, પણ તેના જીવતરની રીતભાત કેવી છે તે સમજાતું નથીઃ અને મનુષ્યો બીજી રીતિએ લોભના કટકા, **ડેથનના** જેવા પક્ષ ઉત્પન્ન કરનારા, **કોરાહના** જેવાં તડાં પાડનારા, પતીત થયેલા દેવદૂત જેવા ગર્વિષ્ઠ હોય, પણ જો તેઓ તેમના પક્ષ અને હિતને માટે ઉત્સુક હોય તો તેઓ અગત્યના મનુષ્યો છે.

જો કે **થૉરસો** કહે છે કે, "ધર્મમાં વિદ્યા છે તેના કરતાં વિદ્યામાં ધર્મ વધારે છે." તો પણ વિદ્વાન્ મનુષ્યોપર શ્રદ્ધાના અભાવનો આરોપ વખતોવખત મૂકવામાં આવે છે.

પણ જે વિદ્વાન્ મનુષ્યને શંકા ઉત્પન્ન થાય છે તેનો હેતુ મશ્કરીનો હોતો નથી, તે ધિક્કારનો નહી, પણ આદરભાવનો છે. **ટેનિસને** યોગ્ય રીતિએ કહેલું છે તે પ્રમાણે—

---

૧. યાહુદી માબાપને પેટે તે જન્મ્યો હતો. ક્રિશ્ચિઅન લોકોપર ઘણો જુલમ કરતો, પણ પછી એકાએક ક્રિશ્ચિઅન થયો; અને દેવળો વિગેરેમાં કામ કરતો. ૬૭. મત્યુ.

૨. તે પહેલો યાહુદી હતો ત્યારે તેનું નામ અલેકઝેન્ડ્રિઅન હતું. પછી ખ્રિસ્તિ થતાં ઍપૉલૉસ થયું. તેને ક્રાઇસ્ટના શિષ્યોનો બહુ સમાગમ હતો.

" શ્રદ્ધામાં મુંઝાયેલા, પણ કાર્યમાં શુદ્ધ-એવા
તેણે પોતાનું ગાન ઉચ્ચ સ્વરે કર્યું.
મારો ભરોસો રાખો કે, અર્ધો સ્વીકૃત મત કરતાં,
શુદ્ધ શંકામાં વધારે શ્રદ્ધા રહેલી છે."

દાખલા તરીકે બે પ્રતિનિધી મનુષ્યોના મત ટાંકીએઃ— આચાર્ય ટિન્ડલ કહે છે કે, "જે શક્તિ જગત્‌માં હું સ્પષ્ટ દેખું છું, તેને અમુક જાતિ અથવા બીજા કોઈ પદાર્થનું રૂપ આપવાનો જ્યારે હું યત્ન કરૂં છું, ત્યારે બુદ્ધિની સઘળી ક્રિયાને ક્ષીણ કરતી તે મારીપાસેથી અદૃશ્ય થઈ જાય છે; તેના સંબંધમાં પુલ્લિંગવાચક સર્વનામ 'તે' હું વાપરી શકતો નથી, તેને 'મન' કહેવાની હું હિમ્મત ધરી શકતો નથી, તેને 'કારણ' પણ કહેવાને મારૂં દિલ ના પાડે છે, તેનું રહસ્ય મને અંધકારમાં નાખે છે." વિદ્યાગુરૂ હુગ્ઝલે શ્રેષ્ઠ વિચારશક્તિવાળો છે; વળી, તે પોતે એક નાસ્તિક છે, અને સાધારણ રીતિએ જોતાં તે કોઈ ધર્મખાતાનો મિત્ર નથી; પણ તેણે આપણને કહ્યું છે કે, "લોક સમસ્તનું કલ્યાણ કરે એવા સ્થાપિત ધર્મનો મને ખ્યાલ આવે છે. જે ધર્મમાં, ઈશ્વરજ્ઞાનના પૃથક સિદ્ધાંતોની પુનરોક્તિને માટે નહિ, પણ સત્ય, પ્રમાણિક અને ખરા જીવનનું શુદ્ધ સ્વરૂપ મનુષ્યોના મનમાં ઠસાવવાને, દર અઠવાડીયે ક્રિયાઓ થવી જોઈએ; જે ધર્મમાં, જેઓ દૈનિક જંજાળોના બોજાથી કંટાળેલા હોય તેમને, જે ઉચ્ચ જીવન સર્વને લભ્ય છે, તો પણ થોડાનેજ મળે છે, તેને માટે વિચાર કરવાનો ક્ષણનો આરામ મળવો જોઈએ; જે ધર્મમાં હરિફાઈવાળા તેમજ ધંધાવાળા મનુષ્યોને, જે લાભનો તે લોભ રાખે છે તે, શાન્તિ અને દાનની સાથે સરખાવતાં કેવો અલ્પ લાગે છે, તેનો વિચાર કરવાનો વખત મળવો જોઈએ. સત્ય માનજો કે જો કોઈ આવો ધર્મ હોય તો તેનું ખંડન કરવાનો કોઈ પણ પ્રયત્ન કરશે નહિ."

આ ધર્મ અને **આર્નોલ્ડ,** અને **મોરિસ, કિંગ્ઝલે સ્ટૅન્લિ,**

અને જૉવેટના[1] ધર્મમાં કંઈ વધારે અંતર હોય એમ મને લાગતું નથી. ઈગ્લન્ડનો ધર્મ આ ખરા સ્વરૂપને ધીમે ધીમે પામતો જાય છે, અને જેમ જેમ તે તેવું સ્વરૂપ ધારણ કરતો જશે તેમ તેમ તે વધારે મજબૂત થશે.

ઈશ્વરજ્ઞાનવેત્તાઓ સમજી શકાય તેવી ભાષામાં તેમના વિચારો દર્શાવવાનો આવશ્યક રીતિએ પ્રયત્ન કરે છે. તેમનો શબ્દશઃ અર્થ ગ્રહણ કરવાની ધારણાથી આપણે તેમને અન્યાય આપીએ છીએ. જ્યારે કવિઓ "સૂર્યોદય" એ શબ્દ વાપરે છે ત્યારે ખગોળશાસ્ત્રને ખોટું માનવાનો દોષ તેમના ઉપર કંઈ આપણે મૂકતા નથી; તેમજ જે એમ માને છે કે, જે ફરે છે તે પૃથ્વી છે, પણ સૂર્ય નથી, તેના ઉપર **શેક્સપીઅર** અને **ટેનિસનની** બદબોઇ (નિંદા) કરવાનો આરોપ વ્યાજબી રીતિએ મૂકી શકાય નહિ. શાસ્ત્રની શોધોમાં પણ તેની ખાસ ભાષા વપરાવી જોઈએ, અને જો નવાં બનાવેલાં વાક્યોના ઉપયોગ સિવાય, આપણે એક પુષ્પ અથવા એક પાષાણનું વર્ણન પણ બરાબર આપી શકતા નથી, તો પછી મનુષ્યભાષાથી અનંત શક્તિને સમજવી એ અશક્ય છે, એમ ખાત્રીથી માનવું. જે પરિણામો શારીરિક નબળાઈથી થાય છે એવું હાલ આપણે જાણીએ છીએ, તે અસલના લેખકો, તે વખતના સામાન્ય મતાનુસાર, કેટલાક દાખલાઓમાં, જો પિશાચોનું કૃત્ય માનતા તો તેમાં કંઈ નવાઈ જેવું નથી.

હરકોઈ વાત જે આપણે સમજાવી શકીએ નહિ, તેમજ સમજી શકીએ નહિ તેને માન્યતા આપવાનો પ્રયત્ન કરવાથી કાંઈ પુણ્ય થઈ શકે નહિ. જે સિદ્ધાંતને માટે પૂર્ણ પુરાવો હોય નહિ તે માનવામાં અથવા જે કંઈ વાત આપણા ખ્યાલમાં ઉતરતી ન હોય તે આપણે માનીએ છીએ એમ સમજવામાં કંઈ લાભ નથી. કોઈ પણ વાત જેને માટે કંઈ સારો પુરાવો નથી એમ આપણે જાણતા હોઈએ, તે માનવી એ ખરેખર

---

૧. ગ્રીક ભાષાનો વિદ્વાન્ અને વિદ્યાગુરૂ ઇંગ્રેજ ૧૮૧૭.

અશક્ય છે. એથી ઉલટું આપણો ધર્મ એ છે કે, જ્યાં પુરાવો પૂર્ણ હોય ત્યાં માન્યતા આપવી; અને જ્યાં પુરાવો અપૂર્ણ હોય ત્યાં મત બાંધવામાં ઢીલ કરવી. કેટલાક મનુષ્યો એવું ધારતા જણાય છે કે, કોઈ પણ વાતને આપણે માન્યતા અગર અમાન્યતા આપવીજ જોઈએ, અને તો પણ ઘણા દાખલાઓમાં માન્યતાને માટે આપણને પૂર્ણ આધાર હોતા નથી.

ખરી શ્રદ્ધા એ માત્ર માનસિક વ્યાપાર નથી. જે શ્રદ્ધા આપણો ધર્મ છે તે સચેત શ્રદ્ધા છે, અને કાર્ય વગરની શ્રદ્ધા અચેત છે. **શેલ્ડન** શ્રદ્ધા અને કાર્યની પ્રકાશ અને ઉષ્ણતાની સાથે સરખામણી કરે છે. "દીપકમાં પ્રકાશ અને ઉષ્ણતા બન્ને છે, અને જે દીપક હોલાવી નાખીએ તો બન્ને અદૃશ્ય થાય છે. તે જેમ હું મારી બુદ્ધિ પ્રમાણે જાણું છું તેમ શ્રદ્ધાના પણ ભાગ પાડી શકાય." હિબ્રુ ધર્મશાસ્ત્રના અગિયારમા ભવ્ય પ્રકરણમાં શ્રદ્ધાથી કાર્યઉત્પત્તિનાં દૃષ્ટાંતો છે. શ્રદ્ધાથી **એબલે** યજ્ઞ કર્યા: શ્રદ્ધાથી **નોઆએ**[1] કમાન બાંધી, શ્રદ્ધાથી **એબ્રહૅમે** સ્વગૃહનો ત્યાગ કર્યો. દરેક મનુષ્ય સ્વીકાર કરશે કે જે જે તેઓએ માન્યું અને જે જે તેઓએ કર્યું તેને માટે તેમને પૂરતું કારણ હતું એમ તેઓએ ધાર્યું હશે. તેમની પ્રશંસા એટલામાટે થાય છે કે દુઃખમય અથવા શ્રમદાયક સ્વધર્મ સન્મુખ આવતાં તેઓ શ્રદ્ધાથી ચળ્યા ન હોતા, પણ જેને તે સત્ય માનતા તે પૂર્ણ ભક્તિથી તેઓએ બજાવ્યું છે. તો પણ, કોઈ પણ રીતિએ સહેલો નહિ, એવો આપણો એક ધર્મ એ છે કે જ્યારે પુરાવો અનિશ્ચિત હોય ત્યારે મત બાંધવામાં વિલંબ કરવો. એવા કેટલાએક વિષયો છે, જેમાં શંકાઓ જો કે સદ્ગુણ નથી, પણ ખરેખર ધર્મ તો છેજ.

"આપણા નાના દેહોને તેમનો દિવસ મળે છે;
તેમને તેઓનો દિવસ મળે છે અને જીવતાં અટકે છે:
તેઓ માત્ર તારી રોશનીના અંશો છે,
અને હે પ્રભુ! તું તેમનાથી વિશેષ છે."

---

૧. મૂળવડવો. લૅમેકનો દીકરો. તે ૯૫૦ વર્ષ જીવ્યો હતો (ક્રિશ્ચિઅન ધર્મ પ્રમાણે)

તે અંતરપટ ધીમે ધીમે ઉંચો થતો જાય છે, પણ અસંખ્ય પ્રશ્નોના સંબંધમાં તો હાલ આપણે અજ્ઞાન રહેવાથી સંતોષ માનવો જોઈએ.

"મનુષ્ય પ્રાણી તરીકે આપણું સુખ, જે બાબતો વિશેષે કરી આપણા સંબંધની હોય છે તેમાં પણ થોડું જ્ઞાન મેળવવાના સંતોષના આધારે રહેવું જોઈએ. . . . .

એક વાદળામાં (શંકામાં) વસવાની અને શ્વાસોશ્વાસ લેવાની શક્તિ ઉપર આપણો સઘળો આનંદ અને ઉત્સાહી કાર્યની શક્તિ આધાર રાખે છે; તેનાં પાતળાં પડોમાંથી દૃઢ અને પાકી (વાસ્તવિક) વસ્તુઓનો થોડો પ્રકાશ લેવામાં ખુશી રહી, તેને કોઈ સ્થાનપર ખુલ્લું થતું અને કોઈ સ્થાનપર બંધ થતું જોઈ સંતોષ માનવો; તો પણ અંધકારમાં પણ મહત્તા જોઈ, જ્યાં પ્રતિકૂળ પ્રકાશ આપણને બાળી નાખત, અથવા અનંત શુદ્ધિ કંટાળો આપત, ત્યાં પણ આ માયાળુ અંતરપટનું આચ્છાદન થયેલું છે એમ આનંદ માનવો.

કારણ કે વિદ્યાગુરૂ હગ્ઝલે કહેછે તે પ્રમાણે "મનુષ્યજાતિની નબળાઈનો વિચાર કરતાં, પોતાની શક્તિ અને પોતાની ખામોશ, પોતાના ન્યાય અને પોતાની દયા, સ્વાર્પણ પર્યંત પણ સહાય કરવાની પોતાની વૃત્તિ, પોતાની નીતિ, શુદ્ધિ અને મહત્તા જેનો ધર્માચાર્યોએ ચિતાર આપ્યો છે, જેમાં અસંખ્ય ધર્માર્થ પ્રાણત્યાગીઓએ પોતાનો અચળ વિશ્વાસ રાખ્યો છે, અને જેને લીધે **સીનાની કૅથેરિન**[1] અને **જૉન નૉક્સ**[2] જેવાં અપ્રસિદ્ધ સ્ત્રી-પુરૂષોને, પોપ અને રાજાઓને ઠપકો આપવાની હિમ્મત મળી છે, તે માનુષત્વનું ખરૂં સ્વરૂપ–જેને હું ખ્રિસ્તિ ધર્મનો તેજસ્વી પક્ષ કહેવાને હિમ્મત ધરૂં છું , તેનું જે કોઈ મનન કરશે તે, મનુષ્યજાતિના ઈતિહાસમાં મોટા ભાગ તરીકે, ક્રિશ્ચિઅન ધર્મની અગત્યતાની ઓછી તુલના કરશે નહી."

---

૧. રોમન કૅથલિક ધર્મની આર્યાઓમાં સુધારો કરનાર. ૧૩૪૭-૧૩૮૦

૨. સ્કૉટલન્ડમાં મોટા સુધારો કરનાર ૧૫૦૫–૧૫૭૨.

સેન્ટ માર્ક આપણને કહે છે કે, એક યાહુદી ધર્મશાસ્ત્રી ક્રાઈસ્ટ પાસે આવ્યો અને તેને પૂછ્યું કે સૌથી મોટી આજ્ઞા કઈ છે? "**જીસસે** તેને જવાબ દીધો. અરે **ઈઝ્રાયલ**! સાંભળ, સૌથી પહેલી આજ્ઞા આ છે; તે પ્રભુ આપણો ઈશ્વર એકજ પ્રભુ છે; અને તું તે ઉપર તારા સઘળા અંતઃકરણથી, મનથી અને તારી સઘળી શકિતથી પ્રીતિ રાખજે, આ પહેલી આજ્ઞા છે. વળી બીજી આજ્ઞા પણ તેવીજ છે, એટલે કે તારા પડોશીને તારીજ માફક ચાહજે; આના કરતાં વધારે મોટી બીજી કોઈ આજ્ઞા નથી. તે પછી ધર્મશાસ્ત્રીએ તેને કહ્યું બહુ સારૂં પ્રભુ, આપે સત્ય કહ્યું છે કારણ કે ઈશ્વર એકજ છે અને તેના સિવાય બીજો કોઈ નથી; અને તેને સઘળા અંત:કરણથી અને સઘળી સમજથી, સઘળા આત્માથી, સઘળી શક્તિથી ચાહવો અને પોતાનીજ માફક પોતાના પડોશીને ચાહવો, તે અખિલ યજ્ઞ કરતાં વિશેષ છે. અને જ્યારે **જીસસને** લાગ્યું કે તે વિચારશીળતાથી જવાબ આપે છે ત્યારે તેણે તેને કહ્યું કે તું ઈશ્વરના રાજ્યથી બહુ દૂર નથી.

त्रयी सांख्यं योगः पशुपतिमतं वैष्णवमिति
प्रभिन्ने प्रस्थाने परमिदमदः पथ्यमितिच ।
रुचीनां वैचित्र्यादृजुकुटिलनानापथजुषां ।
नृणामेको गम्यस्त्वमसि पयसामर्णव इव ॥ १ ॥

ભાવાર્થ—વેદ, સાંખ્ય, યોગ, સ્માર્ત, અને વૈષ્ણવ આ પ્રમાણે જૂદા જૂદા ધર્મના માર્ગો છે, તેમાં આ ધર્મ હિતકારી છે, એમ વિચિત્ર રૂચિને લીધે સરલ અને કુટિલ એવા વિવિધ ધર્મમાર્ગોને સેવન કરનારા પુરૂષોને જેમ બધાં જળ સમુદ્રમાં મળે છે, તેમ હે ઈશ્વર! તમે એકજ ગમ્ય છો અર્થાત બધા ધર્મો એકજ ઈશ્વરમાં મળે છે.

---

૧. મોટા ક્રિશ્ચિઅન ધર્મોપદેશક.

પ્રકરણ ૧૫ મું.

આશા.

"आशा दुराशा द्वे रम्ये संसारकुलबालिके ।
आद्या पितृकुलोद्धारा द्वितीया कुलघातिनी ॥ १ ॥"

ભાવાર્થ—આશા અને દુરાશા એ બન્ને સંસારરૂપ પિતાની બે કુલીન કન્યા છે, તેમાં આશા એ પોતાના પિતાના કુળને ઉદ્ધાર કરનારી છે અને દુરાશા એ પિતાના કુળનો ઘાત કરનારી છે.

શ્રદ્ધા અને દાન એ સદ્‌ગુણોના વર્ગમાં આશાને મૂકવાથી વારંવાર આશ્ચર્ય બતાવતાં મેં સાંભળ્યું છે. શ્રદ્ધાનો કદાચ ખરો અથવા ખોટો અર્થ થાય, અને દાન એ તો દેખીતોજ સદ્‌ગુણ છે. પણ આશા કેમ સદ્‌ગુણ ગણાય?

તો પણ નાઉમેદ થવું એ ખરેખર ખોટું છે, અને જો તે ખોટું છે તો આશા એ ખરી છે; કાર્યમાં સહનશક્તિ અને ટકાવ એ આશા છે; અને ગમે તેવા પણ એકજ બહાદૂરીના કામ કરતાં સહનશક્તિ એ વર્તણુકની વધારે સારી કસોટી છે. ઘણી દુઃખી અને એકનિષ્ઠ સ્ત્રીઓ વાસ્તવિક ધર્માર્થે પ્રાણ ત્યાગી ગણાય.

વસ્તુઓ ઉપર અતિશય દિલ લગાડો નહિ. કોઈ પણ મનુષ્ય જ્યાંસુધી નાઉમેદ થતો નથી ત્યાંસુધી તે ખરેખર કોઈ દિવસ પરાજીત થતો નથી.

" કોઈ પણ કાર્યથી પરાજીત થવું,
એ કાંઈ ઓછી નામોશી નથી;
અથવા વિશેષ બળવડે હાર પામવાથી,

મનુષ્યને કાંઈ વધારે ખોટું લાગતું નથી,
પણ પૂંઠ બતાવવી, નાસવું,
અને પ્રયત્ન વગર પરાજય કબૂલ કરવો,
અથવા હુમલાને તાબે થવું,
તે મનુષ્યનું અદૃષ્ટ નહિ, પણ તેની ભૂલ છે."

પોતાની વિશેષ પ્રકૃતિવાળી રમૂજી સાધારણ અકલથી, **સિડનિસ્મિથે** એવાં ઉત્તમ વચનોમાં શિખામણ આપી છે કે, દુનિયામાં કરવા યોગ્ય કાર્ય જો કંઈ આપણે કરવું હોય, તો, "તાઢ અને ભયની બીકનો વિચાર કરતાં કિનારે ઉભા રહેવું ન જોઈએ; પણ અંદર કુદી પડીને આપણાથી બને તેટલી સારી રીતિએ તરી બહાર આવવાનો પ્રયત્ન કરવો જોઈયે." એ નવાઈ જેવું છે કે, ખરા ભયથી મનુષ્યો ભાગ્યેજ ડરે છે: પણ જે ભય કલ્પિત હોય તેની તેમના ઉપર વધારે અસર થાય છે. દાખલા તરીકે હાંસી થવાથી તેઓ મૂર્ખાઈ ભરેલી રીતિએ ડરે છે.

ખોટી શરમને કોઈ દિવસ તાબે ન થાઓ. **પીટર** બહાદૂરીથી **ફેરિસીઝ** અને યોદ્ધાઓની સામે થતો, પણ મુખ્ય ધર્માચાર્યના મંદિરમાં દાસદાસીઓની મશ્કરી સહન કરી શકતો નહિ.

"બીકણો તેમના મૃત્યુ પહેલાં ઘણીવાર મોત અનુભવે છે;
પણ બહાદૂરો માત્ર એકવાર તેનો અનુભવ કરે છે."

તબેલાની બારીએ કાંડિથી ટીંગાતા **ડૉનક્વિક્ઝોટે** ધાર્યું કે-હું એક ભયંકર ખાઈમાં ટીંગાઉં છું, પણ જ્યારે **મૅરિટૉર્નિસે** તેને દોરડું કાપી નીચે પાડ્યો, ત્યારે તેને માલૂમ પડ્યું કે પોતે માત્ર જમીનથી થોડેજ ઉંચે હતો.

પિલગ્રિમ્સ પ્રોગ્રેસ (યાત્રાળુઓનો પ્રવાસ) માં જે સિંહો **મિસ્ટ્રસ્ટ** (અણવિશ્વાસુ) અને **ટિમરસ** (બીકણ) ને બીવારાવતા તે ક્રિશ્ચિઅન (ખ્રિસ્તિ ધર્મપરાયણ) ને જ્યારે તે હિમ્મતથી તેમની નજીક ગયો ત્યારે સંકળાયેલા માલૂમ પડ્યા.

કેટલાં બધાં સૈન્ય, જે યુદ્ધમાં વિજયવંત હોય, તે રાત્રીમાં ધાસકાથી નાસેલાં છે! "ધાસંકો" એ શબ્દ પોતાનોજ અર્થ કારણવગરનો ભય છે અને વળી ચળકતા સૂર્યપ્રકાશમાં પણ ભય અને ચિન્તા વખતોવખત શું એવાં પાયા વગરનાં નથી હોતાં?

"उत्पद्यंते विलीयंते चिंता इव मनोरथाः।"

ભાવાર્થ—"મનોરથની જેમ ચિન્તાઓ મનમાં ઉત્પન્ન થાય છે અને પાછી લીન થઈ જાય છે."

"એવી ઘણી ચિન્તાઓ છે, કે જેને
જો આપણે વારંવાર કહી સંભળાવીએ નહિ,
અને નરમાશથી પુષ્ટિ આપીએ નહિ,
અને આપણા અંતઃકરણમાં સ્થાયી કરીએ નહિ,
તો પરપોટાની માફક ફૂટી જાય છે,
અને વિસ્મરણના પ્રવાહમાં ચાલી જાય છે.
શોકકારક રીતિએ પ્રવેશ કરતી,
શાન્ત રીતિએ ઉછરતી અને
સઘળી જાતની ભયંકર ચીજોનું સેવન કરતી
એવી ઘણી દીલગીરીઓ છે કે જેને,
જો પાંખો આપવાની આપણી મરજી ન હોય,
તો કાલે સવારે જતી રહે."

અસંતોષી મનુષ્યે પોતાનેજ પ્રશ્ન પૂછવો જોઈએ કે, "કોના જેવો હું થાઉં તો સારૂં." એક માણસની તંદુરસ્તી, તો બીજાની દોલત, અને ત્રીજાનું ઘર લેવાની તેણે આશા ન રાખવી જોઈએ. જો તેને અસંતોષ હોય તો તેણે એકની સાથે સર્વ અદલબદલ કરવું જોઈએ અથવા બિલકુલ અદલબદલ કરવું જોઈએ નહિ.

"संतोष एव पुरुषस्य परं निधानम्."

ભાવાર્થ—"સંતોષ એ પુરૂષનો મોટો ભંડાર છે."

મહત આપત્તિમાન કૉલ્રિજે[1] સર હમ્ફ્રિ ડેવિને લખ્યું

૧. ઇંગ્રેજ ગ્રંથકાર, અફીણનો બંધાણી, આજ સુધીમાં થયેલા સૌથી મોટા વાતુડીઓ. ૧૭૧૨-૧૮૩૪.

હતું કે, "આ સઘળાં અવસ્થાન્તરો, દીનતા અને ભયની વચમાં અનાદ્યનંતનો ભાવ મારામાં વાસ કરે છે, અને જે સર્વ હું સહન કરૂં છું તે કલ્યાણમય છે. એવી મારા આનંદની શ્રદ્ધાને તે અપરાજીતપણે જાળવી રાખે છે."

ત્યારે કદી આશા મૂકો નહિ. નિરાશાસિવાય બીજી વસ્તુમાત્ર પુનઃસંપાદન થાય છે. **સિરાકના** પુત્રે કહ્યું છે કે, "નબળા હૃદયવાળાને માટે અપસોસ."

"જો હિમ્મત ગઈ તો પછી બધું ગયું,
તે કરતાં તો જન્મ ન લીધો હોય તે સારૂં."

સહન કરવું એ આપણા પ્રારબ્ધપર વિજય મેળવવા જેવું છે.

"મરણીયાં પગલાંથી સાવધ રહો, સૌથી દિલગીરી ભરેલો દિવસ,
આવતી કાલસુધી રહે છે, અને પછી જતો રહે છે."

દરેક મનુષ્ય ભૂલ કરે છે. જે માણસ કોઈ દિવસ ભૂલ કરશે નહિ, તે કંઈ કરશે નહિ, એમ કહેવાય છે, તે બરાબર છે. પણ એકજ જાતની ભૂલ બે વખત આપણે કરવાની જરૂર નથી. તમારી ભૂલને શિખામણ ગણો અને તે તમારી જીંદગી સુધારવાનું પહેલું પગથીયું થશે.

જૉસેફ હ્યુમ[1] કહેતો કે વાર્ષીક દશ હજાર પૌન્ડની ઉપજવાળી જહાગીર કરતાં મને આનંદી સ્વભાવ મળે તો વધારે સારૂં.

"**सहजानन्दमग्नानां नापेक्षा चक्रवर्त्तिनः।**"

ભાવાર્થ—"જેઓ સહજ સ્વાભાવિક આનંદમાં મગ્ન છે તેમને ચક્રવર્ત્તી રાજાની પણ દરકાર નથી."

---

૧. પ્રખ્યાત વસુલાતી ખાતાનો સુધારક અને રાજ્યનીતિકુશળ ઇંગ્રેજ તે હિંદુસ્થાનમાં લૉર્ડ લેઈકની સાથે મરાઠા વિગ્રહમાં હતો. ૧૮૧૨ થી તેણે પાર્લમેન્ટમાં મેમ્બર તરીકે બેસવા માંડ્યું. ૧૭૭૭-૧૮૫૪.

કાર્યને માટે વર્ત્તમાનકાળ સર્વ રીતિએ અગત્યનો છે, પણ એક બીજો ભાવ વર્ત્તે છે જેમાં ભૂત અને ભવિષ્યને માટે રહેવું એ વધારે સારૂં છે. વર્તમાન માટે ભવિષ્યનો અને ક્ષણિક સંતોષને માટે વર્ષોનાં સુખનો ભોગ આપવાથી આપણાં ઘણાં દુઃખો ઉત્પન્ન થયેલાં હોય છે. નિઃશંક એ સત્ય છે કે હાથમાંહેનું એક પક્ષી ઝાડમાંહેનાં બે પક્ષિ જેટલુંજ કિમ્મતનું છે; પણ ત્યારે સંભવો એવા છે કે ઝાડ માંહેલાં પક્ષિ કદી પાંજરામાં આવે નહિ, અને ભવિષ્ય તો, એથી ઉલટું અવશ્ય આવવાનુંજ છે; અને જે મનુષ્યો "કાર્યોના સ્મરણમાં મગ્ન રહી તેમાં તૃપ્તિનો ઈશ્વર ઉપર આધાર રાખે છે," તેઓ સૌથી સુખી છે.

જો આપણે ભવિષ્યનો વિચાર કરીએ, તો આપણે ભાગ્યેજ વિશેષ ભૂલ કરીએ; કારણકે મનુષ્યને, "ક્ષણિક અને નાશવંત પદાર્થો, જેની સાથે ખરૂં જીવન કદિ સંબંધ રાખી શકતું નથી તેને તજવાજ પડે છે, અને તેમ થતાં પ્રભુ પોતાની સર્વ કલ્યાણ શકિત સાથે નીચે ઉતરે છે અને તેમાં વાસ કરે છે."

હું હમણાં કહેવાજ જતો હતો કે ગમે તેમ હોય તો પણ મનુષ્યમાં માનુષત્વ હોવું જોઈએ, અને

"કાર્ય કરવાની મરજી અને હિમ્મત ધરાવનાર આત્મા" હોવો જોઈએ, કારણ

"આપણી શંકાઓ વિશ્વાસઘાતી છે,
અને યત્ન કરવાની બીકથી આપણું જે ભલું
વખતોવખત થવાનું હોય તે ખોવરાવે છે."

હિમ્મત એ એક સદ્‌ગુણ છે એટલું જ નથી, પણ વળી તે મનુષ્યતત્વનો એક ભાગ છે. જેવી રીતિએ સ્ત્રી, સ્ત્રી કહેવાવાને માટે નમ્ર હોવી જોઇએ, તેમ મનુષ્ય, મનુષ્ય કહેવાવાને માટે બહાદૂર હોવો જોઈએ; તો પણ મનુષ્યો બહાદૂર જેવાજ નમ્ર તેમજ સ્ત્રીઓ નમ્ર જેવીજ બહાદૂર હોવી જોઈએ.

બેપરવાઈ એ હિમ્મત નથી. ભયને તુચ્છકારવામાં નહિ, પણ બહાદૂરીથી તેના સામા થવામાં હિમ્મત છે. અર્થ વગરનું જોખમ વહોરવામાં હિમ્મત નથી; પણ જ્યારે ભય આવી પડે છે ત્યારે બીકણપણું તેને વધારે છે. બહાદૂરીથી અને શાન્તિથી તેના સામું થવું એ સહિસલામતીનો ખરો રસ્તો છે. ઍકિલિઝની[1] માફક માત્ર પગની પેનીમાંજ ઘાયલ થવાથી મરે તેવો હોય તેને માટે તો વિશેષે કરીને લડાઈમાં દુશ્મનથી ભાગવું તે મરવાનોજ રસ્તો છે.

બર્ક કહે છે કે—"કંઈ પણ કાર્યને ઘણું ત્રાસદાયક કરવાને સામાન્ય રીતિએ અજ્ઞાન જ જરૂરનું છે. કોઈ પણ ભયનો પૂર્ણ વિસ્તાર જ્યારે આપણે જાણીએ છીએ અને જ્યારે આપણી આંખે તે જોવો એ સહેજ થઈ પડે છે, ત્યારે ઘણે ભાગે બીક જતી રહેછે" જુની કલ્પિત વાર્તામાં પીંછાંથી ભડકેલું હરણ શિકારીઓના હાથમાં પડયું, અને ઘેટાનાં ટોળાંથી ઉડતી ધુળના વાદળને જે લશ્કરે દુશ્મન છે એમ ધાર્યું, તે લશ્કર ઝાડીમાં સંતાયેલા લશ્કરના મોઢામાં પડયું.

શાન્ત અને બહાદૂર રહો.

"કાંટાના ઝાડરૂપ ભયમાંથી, સહિસલામતી રૂપ
પુષ્પો ચુંટી લ્યો,"

અને પૂર્વની કહેવત પ્રમાણે "પછેડી પ્રમાણે સોડ કરો."

અતિ આશા રાખો નહિ. ગોથેએ કહ્યું છે કે "થોડી આશા કેમ રાખવી, અને ઝાઝી તૃપ્તિ કેમ રાખવી, એ જાણવું તે વિજયનું રહસ્ય છે."

અતિશય આશા રાખો નહિ, અને તે અતિ ઝડપથી પૂર્ણ થાય એવી વક્કી રાખો નહિ. "ધીરજ કેમ રાખવી તે જે

---

૧. 'ઇલિઅડ'નો મુખ્ય પુરૂષ 'ટ્રૉજન' વિગ્રહમાં સૌથી બહાદૂર ગ્રીક. તેનું બખ્તર વલકને બનાવ્યું હતું અને તે કોઈ શસ્ત્રથી અભેદ્ય હતું હૅકટરને તેણે યુદ્ધમાં માર્યો. પૅરિસે તેની એડીમાં તીર માર્યું, આ ભાગમાં લાગવાથી જ તે મરે તેમ હતું તેથી તેનું મૃત્યુ થયું.

જાણે છે તેને સર્વ વસ્તુ મળે છે. (ધીરજનાં ફળ મીઠાં છે)

"चलंति गिरयः कामं युगांतपवनाहताः ।
कृच्छ्रेऽपि न चलत्येव धीराणां निश्चलं मनः ॥"

ભાવાર્થ—"પ્રલયકાળના પવનથી પર્વતો ચલિત થાય છે પણ કષ્ટ આવી પડતાં ધીર પુરૂષોનું મન ચલિત થતું નથી."

મનુષ્ય જ્યારે કેવળ પોતાનો જ વિચાર કરે છે અને તે વખતે જે કલ્પનાઓ તેના મનમાં આવે છે, તે સૌથી અંધકારમય હોય છે. આપણે ગમે તેમ કરીએ તો પણ દિલગીરીના પ્રસંગો તો અવશ્ય આવે છે, અને બહાદૂરીથી તેમની સામે થવું એ આપણું કામ છે.

રિચ્યરે કહ્યુંછે, કે "દિલગીરીના વખતે સુખના વખતનું સ્મરણ કર."

"સહન કરવું અને મજબૂત થવું
એ કેવું ઉત્તમ છે તે તું જાણ,"

વળી

"જેમ બનવાનું હોય તેમ બને છે,
સખ્ત દિવસમાં પણ કાળ અને કલાક વહન થાય છે."

એવું જ્ઞાન આપણને હમેશાં દિલાસો આપે છે.

કારણ કે, **જ્યોર્જ મૅકડૉનલ્ડ** કહે છે તે પ્રમાણે—

"જો અંતઃકરણ શુદ્ધ હોય અને પ્રીતિ દૃઢ હોય,
તો કોઈ પણ બાબત કદી બહુ અવળી થતી નથી;
કેમ કે જો દિલગીરીરૂપી ઝાકળ અને વરસાદ પડે છે,
તો પ્રીતિ તેને પાછું પ્રકાશનું રૂપ આપે છે."

"શિયાળા પછી ઉનાળો આવે છે, રાત્રીને દિવસ અનુસરે છે, અને મોટા તોફાન પછી શાન્તિનો વખત આવે છે." આપણો પંથ ગમે તેવો અંધકારમય લાગે, તો પણ યાદ રાખવું કે કાળે કરીને મોટી દિલગીરીઓ પણ શાન્તિ પામે છે. "રાતમાં ગભરાટ રહે, પણ સવારમાં આનંદ મળે છે."

"દિલગીર અંતઃકરણ, સ્વસ્થ થા, અને શોચ કરવો બંધ કર,
વાદળાંઓની પછવાડે સૂર્ય હજુ ચળકે છે ;
તારા જેવા હાલ સર્વને સામાન્ય છે,
દરેક જીવતરમાં કાંઈ વરસાદ પડવોજ જોઇએ,
કેટલાક દિવસો અંધકાર અને શુનકારમય થવા જોઇએ."

જે કાંઈ પહેલાં દુર્ભાગ્ય જણાય, એવું કોઈ અવસ્થાન્તર બને ત્યારે કાંઈ નહિ તો પણ તે દુર્ભાગ્યજ છે, એમ માનો. ડોળ વારંવાર ભૂલાવો ખવરાવે છે. નજીવી બાબતોથી નાઉમેદ થઈ શકીએ એવી દુનિયામાં આપણે વસતા નથી, અને યત્ન કરીએ નહિ, ત્યાંસુધી આપણાથી શું થશે તે કદી જાણી શકતા નથી. આપત્તિ અને શોક વારંવાર વેષધારી મિત્રો હોય છે. જ્યારે નેલ્સને પાછા ફરવાની નિશાની જેવાની ઈચ્છા કરી નહિ ત્યારે તેણે પોતાની બાડી આંખનો પણ લાભ લીધો. સર એમ ગ્રાન્ટ ડફફ પોતે બનાવેલા રેનન[1]ના રમૂજી જન્મવૃત્તાંતમાં લખે છે કે, એવા ઘણા પુરૂષો છે, "જેની જીંદગીને માટે આપણે દરકાર કરત નહિ, પણ જેમના મૃત્યુની આપણને અદેખાઈ આવે છે." અને ઈતિહાસમાં એવા ઘણાનું અમરપણું જેવું રાજ્યથી થયું છે તેવુંજ ફાંસીએ જવાથી થયું છે. જો આપણને સહન કરવું પડતું હોય, તો તે કાં તો આપણા દોષને માટે હોય છે અગર સામાન્ય હિતને ખાતર હોય છે.

"ડાહ્યા મનુષ્યો કોઈ દિવસ બેસીને તેમની હાનીનો
શોચ કરતા નથી, પણ પોતાને થતાં નુકસાનનો
ઈલાજ કેમ થાય તેની શોધમાં આનંદથી રહે છે."

વળી જ્યારે જીંદગીનાં અસંખ્ય સુખને માટે ઉપકાર માનતા હોઈએ અને તેમને સંપૂર્ણ રીતિએ ભોગવતા હોઈએ, ત્યારે દિલગીરી અને દુઃખને કેવળ શુદ્ધ સંકટો ગણવાં જોઈએ નહિ. નિરંતર અને એકસરખી સિદ્ધિથી કોઈ પણ મનુષ્યમાં સુધારો થતો નથી; આવી સિદ્ધિ અતિશય મહત્ ન હોય તો પણ

૧. પૂર્વદેશની ભાષાઓમાં પ્રવીણ અને ઈશ્વરીય જ્ઞાનસંબંધી ફ્રેન્ચ લેખક. ૧૮૨૩ માં જન્મ્યો.

તે શક્તિ અને સત્તાને ઓછી કર્યા વગર રહેતી નથી. મુશીબતોમાંથી નીકળવું, લાલચને અટકાવવી અને દિલગીરીને બહાદૂરીથી સહન કરવી, એ ગુણો વર્તનને ઉચ્ચ કરે છે, પુષ્ટિ આપે છે, અને શ્રેષ્ઠ કરે છે. "અનંત સ્થિતિ સામે આવતાં તેનાં સામાં નિડર ડગલાં ભરવાં એ મહત્ કાર્ય છે."

ગ્રીષ્મઋતુના મૃદુ વાયુ અને પ્રકાશિત સૂર્યનો આપણે સંપૂર્ણ ઉપભોગ લઇએ છીએ, પણ જગતની શોભા અને ભભકાનો વિશેષ ભાગ શિયાળાના હિમ અને તોફાનોને લીધેજ હોય છે.

એક ઉમદા કવિતામાં કિંગ્ઝલે ઈશાન ખૂણના વાયુનાં વ્યાજબી વખાણ કરે છે કે,

" સુસ્ત રંગીલાઓ જ્યારે
સ્ત્રીદૃષ્ટિમાં મગ્ન રહેતા હોય,
ત્યારે દક્ષિણનો મધુરવાયુ
પ્રેમાસક્ત પુરૂષોના ખેદને શાન્તિ આપો.
અંતઃકરણને તેમજ કલમને મૃદુ કરી દીધા
સિવાય તે બીજું શું કરે છે?
પણ કઠણ ઇંગ્રેજોને ઉછેરનારી તો
સખ્ત તોફાની હવા છે.

. . . . . .

પણ બરફના તોફાનમાંથી ધકેલાતો
ભયંકર ઇશાન ખૂણનો વાયુ,
ઓક ઝાડના જેવાં સખ્ત આપણાં ઇંગ્રેજ અંતઃકરણને
સમુદ્રમાં, દુનિયામાં, સર્વ સ્થળે પ્રવૃત્ત કરે છે.
તું આવ; મગજ અને સ્નાયુને તંગ કરતો,
દરિઆઈ રાજાઓના લોહીનો ઉછાળો અમારામાં ઉત્પન્ન
કરતોઃ ઇશ્વરપ્રેરિત વાયુ, તું વા."

સંકટો એ ઈશાનખૂણના વાયુરૂપ નીતિ છે. તે આપણને શક્તિ આપી તંગ કરે છે—

" કીર્તિના શૃંગાર અને સાજની પાછળ રહેલી
વિજયવંત પુરૂષોની આ પૂર્ણતા અને મુગટ છે.

તે ન હોય તો, પરાક્રમી ઈચ્છાના કીર્તિવંત જયના પ્રયત્નની અપેક્ષા વિશેષ જરૂરની છે."

એપિક્ટેટ્સ[1] કહે છે કે, "એવો કોઈ સિંહ, રાક્ષસી સર્પ, સાબર, ડુક્કર, અને અમુક અન્યાયી, પશુ જેવાં મનુષ્યો જેને **હર્ક્યુલીઝ**[2] હાંકી કાઢી મૂકતો, તે જો ન હોત તો તે કેવો નીવડત, તે વિષે તમો શું ધારો છો? આમાંનું કશું ન હોત તો તેણે શું કર્યું હોત? તે શું ખુલ્લું નથી કે તે સોડ તાણીને સુઈ રહ્યો હોત? ત્યારે પહેલી વાત તો એ કે, જો તે આવી મોજીલી અને સુખી જીંદગીમાં ચમન કરતો હોત તો, તે **હર્ક્યુલીઝ** જ થયો ન હોત; અને કદાચ જો તેવો થયો તો પણ જો એવાં બનાવો અને પ્રસંગોએ તેને જાગૃત કરી કેળવ્યો ન હોત તો તેનો શું ખપ પડત! અને તેનાં બાહુ અને શરીરનાં બીજાં અંગોનું કૌવત, તેની સહનશકિત, અને તેનો ઉદાર ભાવ શું કામમાં આવત!"

જ્યારે **સૉક્રેટીસને** સજા કરવામાં આવી, ત્યારે તેનાપર એવો અન્યાય થવાથી **ઍપૉલૉડૉરસે**[3] પોતાની દિલગીરી બતાવી, તે વખતે તે તત્વજ્ઞાનીએ કહ્યું, "મેં ગુન્હો કર્યો હોત તો તમે રાજી થાત?"

"જો મનુષ્ય, ઈશ્વર ઉપર આસ્થા રાખવાને માટે અન્યાયથી થતું દુ:ખ સહન કરે, તો તે પ્રશંસનીય છે," એમ **સેઈન્ટ-પીટર**[4] કહે છે. "કારણ કે જો તમને તમારા અપરાધને માટે ઠોંસા મારવામાં આવે અને તે તમે ધીરજથી સહન કરો, તો તેમાં શી વડાઈ છે? પણ જો તમે કાંઈ સારૂં કરો, અને તેને માટે તમને નુકસાન થાય, તે જ્યારે તમે સહન કરો તો તે ઈશ્વરને માન્ય છે."

---

૧. ગ્રીક રોમન તત્વવેત્તા. ૫૦ માં જન્મ્યો.

૨. ગ્રીક પુરાણીનો પ્રખ્યાત યોદ્ધો. જ્યુપિટર દેવનો દીકરો. તેને બાર મુશ્કેલ કામ સોંપવામાં આવ્યાં હતાં. એક મોટા વિકાળ સિંહને મારી તેનું ચામડું લાવવું વગેરે. તે તેના ઘણા શારીરિક બળને માટે પ્રસિદ્ધ છે.

૩. ઍથેન્સનો પ્રખ્યાત ચિતારો. ઈ. સ. પૂ. ૪૦૮ માં હતો.

૪. ઍલેકઝેન્ડ્રિઆનો ધર્મ ગુરૂ. ૩૧૧ માં મૃત્યુ પામ્યો.

પ્રકરણ ૧૬ મું.

પરોપકારબુદ્ધિ.

" आत्मार्थं जीवलोकेऽस्मिन् को न जीवति मानवः ।
परं परोपकारार्थं यो जीवति स जीवति ॥ १ ॥"

ભાવાર્થ—" આ લોકમાં પોતાના આત્માને માટે કોણ નથી જીવતું! પણ જે પરોપકારને માટે જીવે છે, તેજ જીવે છે."

બીજાઓને જેવી રીતિએ આપણી સાથે વર્તવાને આપણે ઈચ્છતા હોઈએ, તેવી રીતિએ આપણે તેમની સાથે વર્તવું એટલુંજ બસ નથી, પણ બીજાઓને આપણા ઉપર જેવો પ્રીતિભાવ રખાવવાની આપણી મરજી હોય, તેવો પ્રીતિભાવ આપણે તેમનાપર રાખવો જોઈએ. જો આપણે તેમના સંબંધમાં કંઈ દરગુજર ન કરીએ તો આપણા સંબંધમાં તેઓ દરગુજર કરે એવી આશા કેમ રાખી શકાય?

વળી સરવાળે આપણને માલૂમ પડશે કે બીજાઓને માટે કઈ પણ મત ન બાંધવો તેના કરતાં તેમને વિષે સારો મત ધરાવવો એ સંભાવિત રીતિએ વધારે વ્યાજબી છે.

" જેવી રીતિએ હૅનિબાલે આલ્પ્સ પર્વત ઉપર સુરંગો રેડી તેને ઉલંગ્યો કહેવાય છે, તેમ કેટલાક પુરૂષો જીવતરની મુશીબતોમાંથી નીકળી જવાનો વિચાર રાખે છે."

બીજાઓ જોખમ ખેડવાને તૈયાર હોય છે, પણ માયા અને પ્રીતિનાં જે નાનાં કાર્યો જીંદગીના પ્રકાશ અને સુખમાં ઘણી વૃદ્ધિ કરેછે, તેમાં ગફલત કરે છે.

જો આપણને ખેદ થવાનું કારણ હોય તો પણ અપરાધ આપણે ધારતા હોઈએ એવો ગંભીર ભાગ્યેજ હોય છે, અને

નુકસાનથી ક્રોધ ચડાવતાં વધારે નુકસાન થાય છે. નુકસાનના કરતાં વૈરભાવ વધારે ભુંડું કરેછે. અને "જે મધમાખી ખીજાઈને ગુસ્સાથી દંશ મારે છે તો તે મરી જાય છે." તેમ જે માણસ બીજાને નુકસાન કરવા ધારેછે તેને પોતાને તેના કરતાં વધારે નુકસાન થયા વિના રહેતું નથી. આપણે સાંભળ્યું છે કે, ગીધ મુડદાલ માંસ વિના બીજું કશું સુંઘતું નથી, અને મોહું ઉઘાડ ભીડ કરતો કાચબો ઈંડામાંથી નીકળ્યા પહેલાં તેમજ મરી ગયા પછી પણ થોડીવાર સુધી મોઢું હલાવ્યા કરેછે.

દુનિયામાં કેટલાક લોકો તો દોષ શોધતાજ ફરે છે, તો પણ ભૂલો કાઢવી તેના કરતાં વખાણ કરવાં એ વધારે ડહાપણવાળું છે, તેમજ વાંકાં બોલવાં એ ખરૂં ગુણદોષવિવેચન નથી. કબાટમાં એક હાડપિંજર હોય તો તેમાં તે એકજ ચીજ રહેલી છે એમ હોતું નથી.

મનુષ્ય અસ્થિનુંજ માત્ર બનેલું છે એમ નથી. ગુણદોષાવિવેચન ખરૂં હોય, પણ તે શું પરિપૂર્ણ સત્ય છે? પડદા પાછળ રહેવું એ બહુ મજાનું છે, પણ ખેલ જોવાને માટે તે શ્રેષ્ઠ સ્થાન નથી. મનુષ્યો તેમજ જન્મવૃત્તાંતો બન્નેમાં દોષ પર નહિ, પણ ગુણ પર નજર રાખવાની કોશીશ કરો, જેથી તમે શું શોધો છો તેની તમને ખબર પડશે.

क्षमा शस्त्रं करे यस्य दुर्जनः किं करिष्यति ।
अतृणे पतितो वह्निः स्वयमेवोपशाम्यति ॥

ભાવાર્થ—"જેના હાથમાં ક્ષમારૂપી શસ્ત્ર હોય તેને દુર્જન શું કરી શકે? તૃણવગરના સ્થાનમાં પડેલો અગ્નિ પોતાની મેળેજ શમી જાય છે."

હમેશાં સહનશીલ રહો. આપણે જાણીએ છીએ કે જો છોકરાં કજીયાળાં હોય તો દશમાંથી નવ દાખલામાં તેઓનો કજીઓ તેઓના દુશ્મને લીધેજ હોય છે, અને બીજી બાબતોની માફક આ બાબતમાં પણ પુરૂષો અને સ્ત્રીઓ મોટી

ઉમરનાં છોકરાંઓ જેવાં છે. ઘણા ખરા દાખલામાં,જો આપણે સઘળી સ્થિતિથી વાકેફ હોઈએ અને તેમને શું લાગેછે તેનું જો આપણને જ્ઞાન હોય, તો જે મનુષ્યો ખતડા હોય તેમના ઉપર આપણને ગુસ્સો આવતો નથી,પણ તેમની દયા આવે છે.

કોઈ માંદું છે એમ જો આપણે જાણીએ છીએ તો કેવા સહનશીલ થઈ જઈએ છીએ! તેને કોઈ પણ વસ્તુ આપવાની ના પાડતા નથી, તેને માટે જે ઠીક લાગે તે દરેક ચીજ કરીએ છીએ. બની શકે તેટલા સઘળા પજવાટ અને હરકતમાંથી તેને બચાવીએ છીએ, પણ તેટલાજ વખતને માટે તેમ કેમ કરીએ છીએ! આપણે હમેશાં જો આવાજ વિચારવંત, ડાહ્યા અને માયાળુ રહીએ તો કેટલું બધું સારૂં થાય?

બીજાઓની આતુર ચિન્તાઓ, દિલગીરીનો સંતાપ અને આપત્તિઓનાં રહસ્ય (ગુપ્ત કારણો) આપણે જાણતા નથી; ત્યારે આપણને જો કંઈ ખેદ ઉપજાવનારૂં કારણ લાગે તો દરગુજર કરો. અતિશય દરગુજર કરવાથી બીશો નહિ. દરેક પદાર્થ અને મનુષ્યનો સૌથી શ્રેષ્ઠ ઉપયોગ કરો.

"મરી ગયેલાનું સારા સિવાય બીજું કાંઈ બોલો નહિ." એ સારો બોધ છે. પણ મરેલાને માટેજ તેની શા માટે હદ બાંધવી? બીજાને માટે માયાળુપણે બોલવામાં આવે છે અને તેના કોઈ ભલા કામની પ્રશંસા કરવામાં આવે છે, ત્યારે આટલી બધી દુષ્ટ સ્વભાવની વાતો અને પ્રતિકૂળ ટીકાઓ સાંભળીએ છીએ તેનું શું કારણ છે? મરેલા વિષે લોકો જેમ બોલે છે, તેમ જીવતા વિષે બોલતા હોય તો તે કેવું સારૂં લાગે?

કદાચ જો તમારે બીજાઓને દોષ દેવો હોય તો તેમાં ઉતાવળા થતા નહિ.

"તેના મગજનાં અને તેના અંતઃકરણનાં
કાર્યો જે તું જોઈ શકતો નથી, તેની ટીકા કર નહિ;
તારી ઝાંખી આંખે જે કલંક જણાતું હોય,
તે જો ઈશ્વરના શુદ્ધ પ્રકાશમાં અવલોકીશ તો,

જે પ્રખ્યાત રણસંગ્રામમાં તું મૂર્છીત થઇ તાબે થઇ જાય,
તેમાં પડેલા ઘાની રૂઝનું માત્ર એક ચાઠુંજ લાગશે. "

નામંજુરી આપવાની જરૂર પડે એવા પ્રસંગો આવે, અને અવશ્ય આવશે; પણ જો માયાળુ અને પરોપકારબુદ્ધિથી કંઈ બોલવું અશક્ય હોય તો, એક નિયમ તરીકે, કંઈપણ ન બોલવું એ વધારે સારૂં છે. **સિડ્નિસ્મિથ** વિષે એવું કહેવાય છે કે, એક ઓળખીતો માણસ જે તેની ગેરહાજરીમાં તેને ગાળો દેતો હતો, તેને તેણે એક સંદેશો કહેવડાવ્યો કે હું જ્યારે અહીંઆં ન હોઉં ત્યારે મનેપાદુ મારવા પણ પધારવાની મેહેરબાની કરશો. તોપણ આપણામાંના ઘણા ખરા જો આપણો કંઈ દોષ હોય તો મોઢામોઢ સાંભળવાને ઈચ્છીએ છીએ, અને આપણો બચાવ કરવાને આપણે હાજર ન હોઈએ તે વખતે જે કંઈ આપણા વિષે કહેવામાં આવે છે તેની વિશેષે કરીને ઘણી લાગણી થાય છે. બીજાઓ વિષે દુષ્ટ સ્વભાવની તમારી વાતો સાંભળીને લોકો હસતા અને ખુશી થતા જણાય છે, પણ આટલું તો તમારે નિશ્ચય કરી માનવું, કે તેઓ કુદરતી રીતિએજ અનુમાન કરી લેશે કે તેઓનો વારો આવતાં તમે તેમને પણ છોડશો નહિ, અને તેટલા માટે, તેઓ તે વખતે હસતા હશે તો પણ, તમને કંઈ વધારે ચાહશે નહિ.

" ત્યારે તારા મનુષ્યજાતિભાઈની નરમાશથી બારીક તપાસ કર,
અને મનુષ્યસ્ત્રીજાતિ બેનની એથી પણ વધારે નરમાશથી
તપાસ કર, જો તેઓ જાણી જોઇને ખોટું કરતાં હોય
તો મનુષ્યથી ભૂલ થાય છે એ કુદરતી છે એમ જાણવું.

. . . .

ત્યારે નિર્ણયને માટે આપણે મુંગા રહેવું જોઇએ,
આપણે તેનો તોડ કદિ કાઢી શકીએ તેમ નથી,
જે થયેલું હોય છે તેનો અડસટ્ટો આપણે કરી શકીએ
પણ કેટલી મુસીબત પડી હશે તે આપણે જાણતા નથી.''

જાનવરો માટે પણ મારે થોડું કહેવું જોઈએ. **સેનેકાનું** કહેવું સત્ય છે કે, "કેટલેક અંશે ગુલ, જાળ, ફાંસા, અને કૂતરાંથી

(અને હવે આપણે તેમાં બંદુકનો પણ ઉમેરો કરવો જોઈએ.) સઘળાં સજીવ પ્રાણીની સાથે વિગ્રહમાં આપણે યોજાયેલા છીએ." આપણી હયાતીની એ દેખીતી જરૂર છે કે કેટલેક અંશે આપણે બીજા પ્રાણીઓ ઉપર જીવવું પડે છે, ત્યારે જો આપણે તેમના એટલા બધા આભારી છઈએ તો તેમને કંઈ પણ અણખપતું દુઃખ દેવાથી વિશેષ દૂર રહેવું જોઈએ.

"હલકામાં હલકું પ્રાણી જેને લાગણી હોય છે તેની દિલગીરીનું, આપણા આનંદ અથવા અભિમાનમાં, મિશ્રણ કદી થવા દો નહિ."

અને તેથી "જો તારા અંતઃકરણમાં સત્ય હશે તો દરેક પ્રાણી તને જીવતરનો નમુનો અને પવિત્ર ઉદ્દેશનું પુસ્તક લાગશે."

જાનવરોને આત્મા હોય છે એમ હાલમાં આપણામાંના ઘણા ખરા માનતા નથી, અને તેમ છતાં પણ બુદ્ધથી માંડીને **ઉવેસ્લે અને કિંગ્સલે** સુધી સંભવિત રીતિએ મનુષ્યજાતિના મોટા ભાગે તેમ માન્યું છે.

પક્ષિઓમાં વિશેષે કરીને કંઈક આત્મીય તત્ત્વ છે. **સેઈન્ટ[1] ફ્રાન્સિસ**, "જે પોતાને સંપૂર્ણ રીતિએ આત્માવાળું પ્રાણી માનતો, તેનો એવો વિચાર હતો કે પોતાની માફક નાશવંત માંસના દેહમાં પક્ષિઓ પણ આત્મારૂપી પ્રાણીઓ હશે; અને આવાં સુંદર, આવાં અદ્‌ભૂત પ્રાણીઓ, (જે તેની જુની રૂઢિના રિવાજ પ્રમાણે માનતો કે) જેમ સ્વર્ગમાં ફિરસ્તાઓ ઇશ્વરનું સ્તવન કરે છે, તેમ જંગલમાં ઈશ્વરસ્તવન કરે છે, તેમની જોડે ખુશીથી સંબંધનો હક ધરાવવામાં મનુષ્ય જાતિના મોભાને કંઈ પણ હીણપત નથી એમ માનતો."

આ ગમે તેમ હો, પણ ખરેખાત જાનવરો સાથે માયા અને વિચારથી વર્તવું જોઈએ; તેમને દુઃખ દેવું એ પાપ છે, **ઉવર્ડસ્વર્થ** એમ કહે છે કે—

---

૧. ઇટૅલિઅન સાધુ. જે પોતાનું સર્વ દાનમાં અર્પણ કરી માગી માગીને પણ દાન આપતો. પત વિગેરેના રોગીઓની તે સારવાર કરતો. ૧૧૮૨-૧૨૨૬.

"નાનાં નામ વગરનાં સ્મરણમાં ન આવતાં,
માયા અને પ્રીતિનાં કાર્યો,
સારા મનુષ્ય જીવતરનો શ્રેષ્ઠ ભાગ છે."

અને કૉલિજનું કહેવું સત્ય છે કે—

"જે પુરૂષ મનુષ્યને અને પશુપક્ષિને સારી રીતિએ ચાહે છે
તે ઈશ્વરનું સ્તવન સારી રીતિએ કરે છે.
નાના અને મોટા બન્ને પદાર્થ માત્રને
જે શ્રેષ્ઠ રીતિએ ચાહે છે, તે સૌથી શ્રેષ્ઠ રીતિએ
સ્તવન કરે છે;

કારણ કે જે પ્રેમી પ્રભુ આપણને ચાહે છે,
તેણે સર્વેને બનાવ્યાં છે અને તે તેમને ચાહે છે.

कृपारसप्रवाहेण यस्यांतःकरणं प्लुतम् ।
स एव सुकृती लोके सर्वोत्कृष्टतमस्तथा ॥"

ભાવાર્થ—"જેના અંતઃકરણમાં દયાનો રસપ્રવાહ વ્યાપ્ત છે, તે પુરૂષ આ લોકમાં સુકૃતિ અને સર્વોત્કૃષ્ટ છે."

શેકસ્પીઅરનાં સઘળાં પ્રખ્યાત વાક્યોમાં નીચેનાં વાક્યો કરતાં વધારે રસિક બીજાં કોઇ નથી, જેમાં તે કહેછે કે,

"દયાના સદ્‌ગુણને ખેંચવો પડતોજ નથી,
તે આકાશના ધીમા વરસાદની માફક
નીચેની જગ્યાઉપર ઝર્યાં કરે છે, તે બેવડો કલ્યાણકારી છે;
દાતા અને પ્રતિગ્રહીતા બન્નેનું કલ્યાણ કરે છે.
તે સૌથી બલિષ્ઠમાં અતિ બલિષ્ઠ છે; રાજ્યાભિષેક
થયેલા રાજાનું મુકટ કરતાં તે વિશેષ આભૂષણ છે;
તે, તેનો રાજ્યદંડ, રાજ્યસત્તાનું જોર,
આદરયુક્તમાન, અને ગૌરવનું ચિન્હ
જેમાં રાજ્યભય અને ત્રાસ રહેલાં હોય છે, તે બતાવે છે;
પણ રાજ્યદંડના ચિન્હવાળી સત્તા કરતાં પણ દયા શ્રેષ્ઠ છે;
તેનો રાજાઓના હૃદયમાં રાજ્યાભિષેક થયેલો હોય છે.
તે ઇશ્વરનો પોતાનોજ ગુણ છે;

અને જ્યારે દયા ન્યાયને ઓપાવે છે
ત્યારે પૃથ્વીપરની સત્તા ઈશ્વરી સત્તા જેવી દેખાય છે."

દાન આપવું તેને વારંવાર પરોપકારબુદ્ધિ ગણવામાં આવે છે, અને બેશક તે ખરૂં છે, કારણ કે એક પ્રખ્યાત ગ્રીક વાક્ય છે કે,

"અજાણ્યા અને ગરીબ માણસો સઘળાને ઝીયસ મોકલે છે,
અને ભિક્ષાદાન ગમે તેવું નાનું પણ મીઠું છે."

પણ ભિક્ષાદાન એ પરોપકારબુદ્ધિનો માત્ર એક રસ્તો છે; તે કંઈ મુખ્ય રસ્તો નથી, અને તે એવો છે કે જો તેમાં વિચારબુદ્ધિ ન વપરાય તો ભલું કરવાને બદલે ભુંડું કરે, અને વારેવાર તેમ કરે છે.

સમભાવ અને પ્યારની લાગણી વિશેષે જરૂરની છે.

"બીજાઓની આપદાની મને લાગણી થવાને,
અને જે દોષ હું દેખું તે ઢાંકવાને મને બોધ કર;
જેથી, જે દયા હું મારા પોતાના પર રાખું છું
તે દયા હું બીજાના પર રાખું."

"स्मरेत्कृतोपकारं यत् परदोषं च विस्मरेत् ।"

ભાવાર્થ—"બીજાએ કરેલા ઉપકારને ભૂલવો નહિ અને દોષને ભૂલી જવો."

કોઈએ નુકસાન કર્યું હોય તે ભૂલી જવું, પણ ઉપકાર કર્યો હોય તે ભૂલવો નહિ.

"સંતતિ અકૃતઘ્ન હોય
તે સર્પદંશ કરતાં પણ વિશેષે દુઃખ દે છે."

निर्गुणेष्वपि सत्त्वेषु दयां कुर्वन्ति साधवः ।
न हि संहरते ज्योत्स्नां चन्द्रश्चाण्डालवेश्मनः ॥ १ ॥

हितोपदेश.

ભાવાર્થ—

નિર્ગુણપર પણ સાધુજન, દયા બતાવે સોય;
શશિ કદિ તેજ ન ખેંચી લે, ચાંડાલનું ઘર તોય. ર. ઉ.

"સૂર્યના પ્રકાશને માટે અયોગ્ય એવાં કેટલાં બધાં મનુષ્યો છે તો પણ સૂર્ય તો ઉગેછેજ."

જેઓ બીજાને ક્ષમા કરતા નથી, તેમણે પોતે ક્ષમાની આશા રાખી શકાય નહિ.

"ધારો કે તમે મૃત્યુ આવી પહોંચવાના ભયમાં છો, અને તમારા જાતિભાઈઓ તરફની તમારી વર્તણુકનો જવાબ આપવાને સર્વ પૃથ્વીના ન્યાયાધીશ આગળ, નગ્ન અને વેશ વગર જવાને તૈયાર થયાછો: અને જેઓએ તમને હરકત કરી હોય તેમના ઉપર તમે કોઈ દિવસ દયા રાખી નથી, અને અશામ્ય રહ્યાછો: જે દયાભાવ તે વખતે ઈશ્વર તરફથી તમારા પર બતાવવામાં આવે એમ તમે ઈચ્છતા હો અને જે તમારી માત્ર એકજ આશા છે તે દયાભાવ તમે કોઈ દિવસ બતાવ્યો નથી તેનો વિચાર કરતાં, તેના ચુકાદાને માટે વધારે ભયંકર ધાસ્તી બીજી કઈ વસ્તુ ઉપજાવી શકશે? અને આ કુદરતી બીકો આપણા તારનારે આપેલી દૃષ્ટાંતિક નીતિવાર્તાઓ ઉપર સ્થપાયેલી છે. 'તેથી જો તમે તમારા દરેક જાતિભાઈને તેના અપરાધની અંતઃકરણશુદ્ધ માફી આપશો નહિ, તો મારો સ્વર્ગવાસી પિતા પણ તમારી સાથે તેવીજ રીતિએ વર્તશે.'"

અપરાધ માફ કરવાના અને આપણા દુશ્મનને ચાહવાના ઈશ્વરી બોધનો, જો કે બીજાં નીતિ ધોરણોમાં બીલકુલ અભાવ નથી, તો પણ ક્રિશ્ચિઅન ધર્મમાં તેનો ભાવ વિશેષ છે. બાઈબલમાં તેને માટે વારંવાર આગ્રહ કરવામાં આવ્યો છે. "કારણ કે જો તમે મનુષ્યોનો અપરાધ માફ કરશો, તો તમારો સ્વર્ગવાસી પિતા તમને માફી આપશે: પણ જો તમે મનુષ્યોને તેમના અપરાધની માફી આપશો નહિ; તો તમારો પિતા તમને તમારા અપરાધની માફી આપશેજ નહિ."

માફી આપવી એટલુંજ બસ નથી, એથી પણ આપણે વધારે કરવું જોઈએ.

"હું તને શિક્ષા આપું છું કે તારા દુશ્મનોને ચાહ, જે તને

શાપ આપે તેનું કલ્યાણ કર, જે તને ધિક્કારે તેનું ભલું કર, અને જે તારાપર દ્વેશ રાખી તને હેરાન કરે તેનું ભલું થવા ઈશ્વરને પ્રાર્થના કર; તેથી જે પ્રભુ સ્વર્ગમાં છે તે તને પોતાનું બાળક ગણશેઃ કારણકે તે પોતાનો સૂર્ય ભલા અને ભૂંડા ઉપર પણ ઉગાડે છે, અને પ્રમાણિક અને અપ્રમાણિકને માટે વરસાદ વરસાવે છે.”

સેઈન્ટ પૉલ કહે છે—

“પરોપકારબુદ્ધિ બહુ દુઃખ સહન કરે છે, અને માયાળુ છે;
પરોપકારબુદ્ધિ અદેખાઈ કરતી નથી;
પરોપકારબુદ્ધિ પોતે મગરુર થતી નથી, ફૂલાતી નથી,
અયોગ્ય વર્તન કરતી નથી,
પોતાનું સ્મરણ રાખતી નથી,
જલદીથી ચીડવાતી નથી,
કંઇ દુષ્ટ વિચાર કરતી નથી,
અન્યાયમાં આનંદ માનતી નથી, પણ સત્યમાં ખુશી રહે છે;
સઘળું વહન કરે છે, સઘળું માને છે,
સઘળી આશા રાખે છે, સઘળું સહન કરે છે.”

“પરોપકારબુદ્ધિ કદિ નિષ્ફળ જતી નથીઃ દૈવી ભવિષ્ય વાણી હોય તે પણ તેની આગળ નિષ્ફળ થાય છે; જો કંઈ બોલાતું હોય, તો તે બંધ થાય છેઃ જો કંઈ બીજું જાણવામાં આવ્યું હોય, તો તે અદ્દશ્ય થાય છે.......હવે ત્યારે શ્રદ્ધા, આશા, પરોપકારબુદ્ધિ એ ત્રણ મોટા ગુણ છે; પણ પરોપકારબુદ્ધિ એ સર્વમાં શ્રેષ્ઠ છે.

પ્રકરણ ૧૭ મું.

લક્ષણ—પ્રતિષ્ઠા.

धर्मः कीर्त्तिर्द्वयं स्थिरम् ।

દુનિયામા સંવર્ધનની બાબતમાં તો હુશિયારી કરતાં વર્તન અને દૃઢતા મનુષ્યને વધારે કામનાં છે. વર્તનની અગત્યનો આધાર, અલબત, હું આવા વિચારો ઉપર વિશેષે કરીને રાખતો નથી, તો પણ તેમાં કંઈ ઓછું સત્ય નથી. સારૂં શું છે તે જાણવું તેના કરતાં તે કરવું એ વધારે અગત્યનું છે, અને જો આપણે ભલા અથવા વર્ધમાન અને સુખી થવાને ઈચ્છતા હોઈએ, તો આપણે બરાબર તેજ નિયમને અનુસરવું જોઈએ. સુકૃત્યો સમૃદ્ધિ આણે છે.

જીવતરની યોગ્યતા તેની નીતિની ગણનાથી મપાય છે. "તમારે જે કંઈ કરવુંજ જોઈએ તે જ્યારે તમને તમારૂં અંતઃકરણ સૂચવે,ત્યારે વિલંબ અને આનાકાની કરતાં કદિ નહિ ઉભા રહેવાનો એકવાર નિશ્ચય કરશે તો દરેક સુખની એક પાપી મનુષ્ય કેટલે દરજ્જે આશા રાખી શકે તે ભેદ તમને તરત મળશે."

કર્તવ્યમાં ગફલત કરવાથી, અથવા ખસી જવાથી લાંબે પલ્લે તમે તમારા સુખમાં કદિ વધારો કરશો નહિ. ભલા તેમજ ડાહ્યા મનુષ્યના ગુણનું વિશેષ લક્ષણ આ છે.—

"મનુષ્યને અઘટિત એવા કોઈ ભયની સાથે તે સમાધાન કરતો નથી;
જ્યાં ધર્મ આજ્ઞા કરે છે ત્યાં તે વિશ્વાસથી વહાણ હંકારે છે;
તેના હુકમથી હજારો ભયની સામો થાય છે,
અને પોતાના ઈશ્વર પર ભરોસો રાખી સર્વમાં વિજય મેળવે છે."

જીવતરના ખરા વિજયને માટે શું જરૂરનું છે? પણ માત્ર એકજ ચીજ આવશ્યક છે.

सद्वर्त्तनं यदि भवेत्पुरुषे प्रकृष्ट-
मन्यैर्गुणैरलमतिप्रयशः प्रकाशैः।

ભાવાર્થ—"જો માણસમાં એક સદ્વર્તન હોય તો કીર્તિને પ્રકાશ કરનારા બીજા ગુણોની કાંઈ જરૂર નથી."

દ્રવ્યની, સત્તાની, હુશિયારીની, કીર્તિની, કે સ્વતંત્રતાની પણ જરૂર નથી; તેમ તંદુરસ્તી પણ જરૂરની ચીજ નથી; સદ્વર્તન એકલુંજ-સંપૂર્ણ રીતિએ કેળવેલી ઈચ્છા જ-તે વસ્તુ છે, જે આપણને ખરેખર બચાવી શકે છે અને જો આપણે આ બાબતમાં સલામત નહિ હઈશું તો પછી ખરેખર ધિક્કારપાત્ર થઈશું.

તમારૂં વર્તન જેવું તમે કરવા ઈચ્છતા હશો તેવું થશે. આપણ સઘળા કવિ અથવા ગવૈયા, મોટા હુન્નરી કે શાસ્ત્રવેત્તા થઈ શકીએ નહિ; "પણ બીજા ઘણા વિષયો છે જેને માટે તું એમ નહિ કહી શકે, કે કુદરતે તેને માટે તને નથી યોગ્ય કરેલો. ત્યારે જે સઘળા ગુણો તારી શક્તિમાં હોય, તે બતાવ; જેવાકે શુદ્ધ ભાવ, ગાંભીર્ય, શ્રમસહનતા, મોજ-શોખનો ધિક્કાર, પરોપકાર બુદ્ધિ, નિષ્કપટ, તૃષ્ણાનો અભાવ, નજીવી બાબતોમાં સ્વાતંત્ર્ય અને ઉદારતા. જે ગુણોમાં સ્વાભાવિક અશક્તિ અને અયોગ્યતાનું બહાનું ન હોય તેવા કેટલા બધા ગુણો તું હમણાંજ બતાવવાને શક્તિમાન છો તેની શું તને ખબર નથી પડતી? અને તેમ છતાં પણ તારે જેટલું કરવું જોઈએ તેનાથી તું જાણીજોઈને પછાત રહે છે? અથવા શું સ્વાભાવિક રીતિએ ખામીવાળો હોવાથી, બડબડવાને, હલકાઈ બતાવવાને, આજીજી કરવાને, તારા નિર્દોષ શરીરનો દોષ કાઢવાને, લોકોને ખુશી કરવાનો યત્ન કરવાને, મોટો ડોળ ઘાલવાને, અને મનમાં વ્યથિત રહેવાને શું તને ફરજ પડે છે? ઈશ્વર પ્રતિજ્ઞાપૂર્વક તેમ નથીઃ ક્યારનોય તું આ બાબતોમાંથી મુક્ત થાત. વાસ્તવિક રીતિએ જો માત્ર તારાપર મંદ સમજ શક્તિનો દોષ મૂકવામાં આવે તો તેને માટે પણ તારે મહે-

નત કરવી જોઈએ, અને તેમાં ગફલત ન કરતાં, વળી તારી સુસ્તીમાં આનંદ ન માનવો જોઈએ."

જેમાં શરમાવાનું કંઇપણ કારણ હાય તેવી બાબત તમે કોઈ દિવસ કરો નહિ. જે મત સારા છે, અને જે તમારે માટે શ્રેષ્ઠ છે, તે તમારા પોતાનોજ મત છે. **સેનેકા** કહેછે કે "સરલ અંતઃકરણ એ નિરંતરને ઉત્સવ છે." ઘણી સારી શીખામણને માટે જેના આપણે દેણદાર છઇએ તેવા **ફ્રૅન્કિલને** એક રસ્તો ગ્રહણ કર્યો હતો જેની હું ભલામણ કરી શકતો નથી. સદ્‌ગુણોનો શુદ્ધ અને સંક્ષિપ્ત સારાંશ કાઢચા પછી તે આ પ્રમાણે કહેછે, "તે સઘળાની આદત પાડવાનો મારા ઈરાદો થવાથી, મેં જાણ્યું કે સઘળાને માટે એકદમ યત્ન કરવાથી, મારા લક્ષને ભિન્ન ભિન્ન ન કરવું એ સારૂં છે; પણ એકી વખતે એકજ ઉપર તેને લગાડવું; અને જ્યારે તે મારામાં પરિપૂર્ણ આવે ત્યારે બીજાને ગ્રહણ કરવો, અને એ પ્રમાણે જ્યાં સુધી હું મિતાહાર, મૌન, ક્રમ, નિશ્ચય, કરકસર, ઉદ્યોગ, શુદ્ધભાવ, ન્યાય, મિતપાન, સ્વચ્છતા, શાન્તિ, પવિત્રતા, અને નિરભિમાન એ તેર ગુણોની આરપાર જાઉં ત્યાં સુધી કર્યાં કરવું." આ વિચાર પ્રમાણે તે ખરેખર વર્તી શક્યો હાય એમ ધારવું એ મુશ્કેલ લાગેછે, કારણ કે "પાપપુરૂષના એક પણ સંબંધીને તમે ઘરમાં આવવા દેશો તો તેની પછવાડે તેને સઘળો પરિવાર પણ આવશે."

ધર્માધ્યક્ષ **વિલ્સને** કહ્યું છે કે "કોઈ ગરીબ માણસને પૈસા આપતાં, પીઠામાં જઈ તે ગુમાવવા, જુગાર રમી તે ઉડાવવા અથવા કોઈ નકામું રમકડું ખરીદવામાં ખર્ચવા કહેવું." તે સાંભળી આપણને કેટલું બધું આશ્ચર્ય થવું જોઈએ! "જેવો હુકમ બીજાને આપતાં તમારી મશ્કરી થશે એમ જ્યારે તમે કબૂલ કરોછો, ત્યારે તેવું તમારે પોતેજ શામાટે કરવું જોઈએ."

નીચ નહિ પણ ઉચ્ચ લક્ષ્ય રાખો. **લૉર્ડ બીકન્સ ફીલ્ડે** કહ્યું છે કે "જે મનુષ્ય ઉચ્ચ લક્ષ્ય નથી રાખતો, તે પતિત

થશે, અને જે ઉત્સાહ ઉંચે ચડવાની હિમ્મત નથી કરતો તે નીચે પડી રહેવાને નિર્માણ થએલો છે."

"જ્યારે કીર્તિ એ ધ્વનિજ જ્ઞાન તંતુને
તંગ કરવા અને અંતઃકરણને ઉત્તેજવાની મોહિની છે
કારણકે પ્રતાપી મહાન મૃત પુરૂષોનો વિચાર કરતાં
યુવાનો તેમના તરૂણાવસ્થાના પલંગમાંથી ચમકી ઉભા થાયછે
અને ઉંચા પહોળા હાથ કરી, તેમની માફક ઉત્તમ કામો
કરવાની પ્રતિજ્ઞા કરેછે ત્યારે,
અરે, કીર્તિ એ એક ફોકટ નામ છે
એવો હલકો મત કોણ આપશે?"

જીવતરના અસ્તિત્વના સંબંધમાં બેશક મહત્વેચ્છાના સામાન્ય ડોળ અમે અમારી નજરમાં લેતાજ નથી, અને ખરેખર, આપણા મહાન પુરૂષો **શેક્સપીઅર** અને **મિલ્ટન**, **ન્યૂટન**, અને **ડાર્વિન**, રાજ્ય આપી શકે તેવાં માન અને ઈલકાબોના બીલકુલ દેણદારો નથી. **સામાન્ય** મહત્વેચ્છાની મોટી ખોડ એ છે કે તે કદિ તૃપ્તિ પામતી નથી. પર્વતના ચઢાવની માફક, જ્યારે એક શીખરે પહોંચીએ છીએ, ત્યાં બીજું આગળ આવી ઉભું રહે છે. દાખલા તરીકે સૌથી મોટા વિજયી **ઍલેકઝેન્ડર**[૧] અને **નૅપોલિઅન** કોઈ દિવસ સંતોષ પામ્યા ન હતા. અયોગ્યસ્થાને મૂકાએલા રાજ્ય લોભના ભોગ રૂપી તેઓ "સ્વસ્થ અને ઉપકારી" થઈ શક્યા નહિ. **બેકન** કહેછે કે જે "વારંવાર આગળ વધતો હોય તેને જ્યારે અટકવું પડે છે, ત્યારે તેને પોતાનાજ પર તિરસ્કાર આવે છે, અને તે માણસ તદન બદલાઈ જાય છે."

તો પણ, એક કવિએ નીચે કહ્યું છે તે પ્રમાણે કહેવું એ અતિશયોક્તિ ગણાય,

---

૧. મહાન સિકંદર મોટો વિજયી. તે વખતમાં જણાયેલી દુનિયાનો જીતનાર. ઍરિસ્ટૉટલ તેનો શિક્ષક હતો. તે હિંદુસ્થાનમાં આવ્યો હતો અને પંજાબના પોરસ રાજાને હરાવ્યો હતો પણ પાછો તેને ગાદીએ બેસાડ્યો હતો. ઈ. સ. પૂ. ૩૫૬—૩૨૩.

"કીર્તિવંત કૃત્યોથી ભરેલો જીવતરનો એક કલાક પણ
નામ વગરના એક જમાના જેટલો છે."

સ્વાર્થી મહત્વેચ્છા એ નાશકારક અગ્નિની માફક મોટો મોહ છે.

"તે એક ભભકાદાર ઠગારો છે,
તે ઇશ્વર દત્ત કૌશલ્યવાળા છોકરાનો સુવાનો ઓરડો શોધી
કાઢે છે,
અને તેની સાદી બારી ઉંચી કરીને, અંદર દાખલ થાય છે.
સાંકડી દીવાલો વિસ્તાર પામે છે, વધીને
પાદશાહી મહેલ બને છે, છાપરૂં
ઉચું આકાશે પહોંચેછે, અદ્રશ્ય આંગળાંઓ
ઉમદા ચિન્હાકૃતિઓથી છતને રંગે છે અને સર્વની ઉપર
પ્રકાશિત અક્ષરોમાં તેનું નામ લખે છે:

. . . .

અને તેનો બદલો શું છે? ઘણામાં ઘણું નામ (કીર્તિ)
જ્યારે કાન સાંભળી ન શકે તેવા બહેરા થઈ જાય ત્યારે-
સ્તુતિનો યોગ,
જે ઇન્દ્રિઓ ખુશી થવી જોઇએ તેમાંથી રામ ઉડી ગયા
હોય ત્યારે સુવર્ણની પ્રાપ્તિ,
જે વાળને સણગારવા જોઇએ તે ધોળા થઈ જાય ત્યારે-
વિજયમાળનો લાભ,
અંતઃકરણથી રોમ રોમહર્ષ વ્યાપવો જોઇએ તે જ્યારે
શાંત થઈ ગયું હોય ત્યારે-
કીર્તિનો ભાવ, જ્યારે આપણે મમતાની જરુર હોય
ત્યારે સર્વ વસ્તુમાં તેનો અભાવ;
આ સર્વની પછવાડે નજીક મૃત્યુ આવે છે, અને આ નિરર્થક
બક્ષીસો આપણી છે એટલું ભાન થાય છે તે પહેલાં આપણું
સર્વ છિનવી લઈ લગભગ નગ્ન કરી આપણને તે કબરમાં
મોકલી દેછે."

પછી એઉસી શું કરી શકે! **મૅરી**[1] **ડિ. મેડિસિસ**, જે **ફ્રાન્સ**ની રાણી અને પ્રતિનિધિ હતી, તેમજ **ફ્રાન્સ**ના રાજાની, **સ્પેઇન**ની રાણીની, **ઇંગ્લન્ડ**ની રાણીની અને **સૅવૉય**ની ડચેસની માતા હતી તેનો તેનાં છોકરાંઓએ ત્યાગ કર્યો હતો; તેઓ તેને પોતપોતાના મુલકમાં પણ આવવા દેતાં ન હોતાં અને દશ વર્ષની સતાવણી પછી લગભગ ભૂખમરાની કંગાળ હાલતમાં તે **કોલોન** શહેરમાં મૃત્યુ પામી.

સઘળા મુકટો થોડી અથવા ઘણી રીતિએ કાંટાના બનેલા છે. તેમનો ધારણ કરનાર જેમ વધારે સારો અને વધારે સત્યનિષ્ઠ હોય તેમ તેના ઉપર સત્તાની જવાબદારીનો બોજો વધારે અસર કરે છે. જ્યારે કોઈ પણ ભૂલ ભરેલા વિચારથી હજારો મનુષ્યોપર આફત આવી પડે છે ત્યારે તેથી ચિન્તા ન થાય એ અશક્ય છે.

ગમે તેવા ધીમા પણ સંવર્ધનથીજ જીંદગીમાં આનંદ આવે છે, અને તે વગર તે લગભગ અસહ્ય થઈ પડે છે. કારણ કે-

> “પ્રસંગો એવા આવે છે કે જ્યારે સર્વ મનુષ્યો મહત્વતાએ પહોંચવાની ખુશીથી ઇચ્છા કરે છે; અને સંગીત, કવિત્વ અથવા જાતિસ્વભાવ, તેમને ઉચ્ચ સ્થિતિએ પહોંચાડવાને, જેટલી મદદ આપી શકે તેટલી બધી રાજી થઈને ઉપયોગમાં લે છે.”

સંવર્ધમાન થવું, અને અટકી ઉભા ન રહેવું, એ મનુષ્ય કર્તવ્ય છે. આપણામાંના ઘણા કોઈપણ રીતિએ શાન્ત-સ્થાયી થતા નથી. આપણે સંવર્ધમાન થવું જોઇએ અગર મરવું જોઈએ; તોપણ ઉન્નતિ મેળવવાનાં સાધનો તેમજ તેનાં પરિણામ વિષે સાવધાનતા રાખવાની અપેક્ષા છે. નીચ સાધનોથી મેળવેલો ઉદય એક ખરેખર અસ્તજ છે. ત્યારે હવે આપણી સ્વભાવજન્ય આ બે આવશ્યકતાનું શી રીતિએ સમાધાન

---

૧. ફ્રાન્સના ચોથા હેન્રિ રાજાની રાણી. તે અદેખી, હઠીલી, અને તામસી સ્વભાવવાળી હતી. ૧૫૭૩-૧૬૪૨.

કરી શકીએ.? આપણા દરેકનું ખરૂં રાજ્ય આત્મસંયમ છે. તેની મહત્વેચ્છા રાખવી, અને વધારે જ્ઞાન મેળવવું, વધારે શક્તિ મેળવવી, અને વધારે કામ કરવું એ ખરૂં સંવર્ધન છે. આ સંવર્ધનમાં કંઈ બાધ આવવાનો નથી; દરેક પગલે, તે વધારે ભયંકર નહિ, પણ વધારે સહીસલામત થતું જાયછે. જે સૌથી પહેલી અને અતિશય ઉચ્ચ મહત્વેચ્છા મનુષ્ય રાખી શકે તે તેનો ધર્મ છે.

"કોઈ ભભકાદાર કવિતાથી નહિ શ્રેષ્ટતા પામેલો, અને
કોઈ રૂપથી નહિ મોહાયેલો, કોઈ સ્તુતિ કરતા મિત્રોથી નહિ
સેવાયેલો અને કોઈ દુશ્મનથી નહિ દોષિત થયેલો,
માત્ર પ્રમાણિક માણસ, પોતાનો ધર્મ બજાવતો,
ભપકા અથવા શોભા સિવાય ખુશીથી મૃત્યુને ભેટે છે."

એવું કહેવાય છે કે **વેલિંગટનના ડયુકના** સરકારી લખાણોમાં 'કીર્તિ' એ શબ્દ એક વખત પણ વપરાયેલો જોવામાં આવતો નથી. તેના જીવતરનું સંકેત વચન 'ધર્મ' હતું.

ત્યારે મહત્વેચ્છાનો ત્યાગ ન કરતાં તમારો ધર્મ પણ પવિત્રાત્મા અને જ્ઞાનીઓના જેવોજ થાઓ. કારણકે–

" (ઇતિહાસનાં) નિષ્ફળ પૃષ્ટો ઉપર
હજારો વિજયી પુરૂષોમાં માત્ર એકાદજ જ્ઞાની જન જોઇને,
કીર્તિની આકાંક્ષાવાળા મનુષ્યોએ કીર્તિ મેળવવાનો
રસ્તો પણ વધારે મક્કમ રીતિએ જાણવો જોઇએ."

આજથી સો વર્ષ ઉપર કોણ જાણશે કે તમે શ્રીમાન્ હતા કે રંક હતા, અમીર હતા કે ખેડુત હતા; પણ જે તમે કાંઈપણ કર્યું તે વ્યાજબી હતું કે ગેરવ્યાજબી તે કોણ ભૂલી જશે!

રસ્કિન કહેછે કે," આપણા વિચાર, આપણું જ્ઞાન, અથવા આપણી માન્યતા એ છેવટે કંઈ અગત્યનાં નથી; માત્ર અગત્યની વસ્તુ આપણું આચરણ છે."

"પણ ડહાપણ ક્યાં મળશે ?
અને સમજનું સ્થાન ક્યાં છે ?
મનુષ્યને તેના મૂલ્યનું જ્ઞાન નથી;
જીવતાઓના હાથમાં તે મળતું નથી.
પાતાળ કહે છે કે તે મારામાં નથી;
અને સમુદ્ર કહે છે કે તે મારી પાસે નથી.
સુવર્ણથી તે મળી શકતું નથી,
અથવા રૂપા ભારોભાર પણ તે મળતું નથી

. . . .

પરવાળાં અથવા મોતી તેની પાસે કંઈ વિસાતમાં નથી
કારણકે ડહાપણનું મુલ્ય માણેકના મૂલ્ય કરતાં પણ ચડે છે

. . . .

ઈશ્વરનો ડર એ ડહાપણ છે;
અને ક્રૂર કર્મથી દૂર રહેવું એ સમજ છે;"

પ્રમાણિક અને સત્યશીળ થાઓ. **જીન પૉલ રિચ્ચર** કહે છે કે, "આ પૃથ્વી પરનું પહેલું પાપ—સુભાગ્યે જેનો અપરાધી જ્ઞાનવૃક્ષપરનો દુરાત્મા (શેતાન) હતો—તે અસત્ય હતું." પ્રમાણિકપણું શ્રેષ્ઠ તેમજ એકજ સત્ય નીતિ છે.

"એક ખોટી તુલાને ઇશ્વર ધિક્કારે છે,
પણ ખરૂં વજન તેનો આનંદ છે."

ચૉસરે કહ્યું, છે કે, "સત્ય એ મનુષ્યનું શ્રેષ્ઠ ભૂષણ છે." **કુલૅરન્ડન**[1], **ફૉકલૅન્ડ**[2] વિષે એવું કહે છે, કે "સત્યનો તે એવો ચુસ્ત ઉપાસક હતો કે વાત છુપાવવાને તે ચોરી કર્યાની બરાબર ગણતો."

"સત્યથી ચલાયમાન મનુષ્ય સાબીત કરી આપેછે કે પહેલે દરજ્જે તે પોતે ઈશ્વરને ધિક્કારે છે, અને બીજે દરજ્જે તે મનુષ્યથી બીહે છે."

---

૧. ઈંગ્રેજ રાજ્યદ્વારી. ન્યાયખાતાનો વડો ને ગ્રંથકાર ૧૬૦૮-૧૬૭૪.
૨. સેક્રેટરિ ઑફ સ્ટેટ. ૧૬૧૦-૧૬૪૩.

જો તમે કંઈ ખોટું કર્યું હોય તો તેથી શરમાવું એ સારૂં છે, પણ તે કબૂલ કરવામાં કોઈ દિવસ શરમાવું નહિ.

"મનુષ્યમાં મનુષ્યત્વ લાવનારા, અને જીવતરમાં જે કર્તવ્ય કરવાનો તેનો ઉદ્દેશ છે તેને માટે તેને યોગ્ય કરનારા અસંખ્ય ગુણો છે. પણ તેમાં એક એવો ગુણ છે જે અતિ અગત્યનો છે, જેના વિના મનુષ્ય એ મનુષ્ય નથી, જેના વિના ખરેખર આજ સુધીમાં થઈ ગયેલ કોઈ મોટું માનવજીવન મહત્વ પામ્યું નથી, જેના વિના ખરેખર કોઈ મોટું કાર્ય સિદ્ધ થયું નથી તે સત્ય, અંતઃસત્ય છે. ખરેખરા મહાન્ અને સારા પુરૂષોનો ખ્યાલ કરો. શામાટે આપણે તેમને મહાન્ અને સારા કહીએ છીએ કારણ કે તેઓ પોતાનીજ જાતપર સત્યશીળ થવાની હિમ્મત ધરે છે.

" આ સર્વથી શ્રેષ્ઠ છે,–તારી પોતાની જાત તરફ તું સત્યશીળ થા
ત્યારે રાત્રી જેમ દિવસને અનુસરે છે તેમ,
તું કોઈ મનુષ્ય તરફ કપટી થઈ શકીશ નહિ એ સિદ્ધ છે."

વર્ડ્સ્વર્થે કહ્યું છે કે, "બે બાબતો જોકે પરસ્પર વિરૂદ્ધ દેખાય તો પણ તેઓ સહચર થવી જોઈએ; મનુષ્ય પરતંત્રતા અને મનુષ્ય સ્વતંત્રતા; મનુષ્ય આશ્રય અને મનુષ્ય સ્વાશ્રય." આજ્ઞા માનતાં શીખો એટલે આજ્ઞા કેમ કરવી તે તમને આવડશે. કવાયત એ મન તેમજ તન બન્નેને માટે સારી કેળવણી છે, અને ઠોઠ સિપાઈ કોઈ દિવસ સારો સરદાર થશે નહિ.

" જો તમારી ફતેહ થાય
તો તેથી તમે ગર્વિષ્ઠ થાઓ નહિ."
" ગર્વ એ નાશનો પુરસ્સર છે,
અને કડક મીજાજ એ પડતીનો અગ્રગામી છે."
(વિનાશકાળે વિપરીત બુદ્ધિ.)

આપણે વારંવાર ગુસ્સાનું ચેતન સાથે અને ધીરજનું અચેતન સાથે મિશ્રણ કરીએ છીએ, પણ એ ભૂલ છે. ધીરજમાં શક્તિ આવશ્યક છે અને ગુસ્સો એ નબળાઈ અને આત્મસંયમની ખામીનું ચિન્હ છે.

જો તમને અધિકાર મળ્યો હોય તો પ્રમાણિક અને વિવેકી થવાની કાળજી રાખો. **સાદી** કહે છે કે એક વખત પૂર્વના એક નરાધિપે કોઈ નિરપરાધી પુરૂષને દેહાંત શિક્ષાની આજ્ઞા કરી. તે મનુષ્યે કહ્યું, "હે, નરાધિપ તું તારા પોતાની દયા લાવ, કારણ કે હું તો માત્ર એક ક્ષણનુંજ દુઃખ ભોગવીશ, પણ આ પાપ તારે નસીબે હમેશને માટે ચોટશે."

સત્તા જવાબદારીયુક્ત હોય છે. પણ કોઈ બાબતમાં તમારી શું કરવા મરજી છે, તેનો ખ્યાલ નહિ રાખતાં તમારૂં શું કર્તવ્ય છે તે પર નજર રાખો. સુખનો માત્ર આ એક સત્ય માર્ગ છે.

શંકાયુકત બે કર્તવ્ય હોય, તો ઓછી શંકાવાળું ગ્રહણ કરો. કેટલાક આબરૂદાર ગૃહસ્થો સદ્ધર્મીઓને ખાતર પોતાના પરિવારની ગફલત કરે છે. પણ "ઘરનાં છોકરાં ઘંટી ચાટે અને ઉપાધ્યાયને આટો જોઈએ" તેમ ન થતાં પ્રથમ કુટુંબીઓ તરફ સદ્ભાવ રાખવો જોઈએ.

આ દુનિયામાં સર્વ વસ્તુ નીતિમાન્ તરફ વહન કરે છે. આ વિષે આપણને જલદીથી સંતોષ મળી શકે છે. પાપની શિક્ષાની આપણે વાતો કરીએ છીએઃ કોણ આપણને દંડ દે છે? આપણે આપણ પોતાનેજ દંડીએ છીએઃ આ દુનિયાની એવી ગોઠવણ છે કે ભલાઈ આનંદ, અને ભુંડાઈ શોક ઉત્પન કરે છે. પાપ કરવું, અને તેનો દંડ ન સહન કરવો એ સૃષ્ટિનિયમમાં નવો તર્ક ગણાય. પાપની માફીનો હેતુ એવો નથી કે તેની આપણને શિક્ષા થશે નહિ, તેવું થવું એ અશકય છે, એટલુંજ નહિ, પણ એ દુર્ભાગ્ય ગણાય; વાસ્તવિક રીતિએ પાપમાં આબાદ રહેવા કરતાં બીજું કોઈ મોટું દુર્ભાગ્ય નથી. જે ખોટું કહેવાય તે તમે જો કર્યું હોય તો ભૂતકાળનું સ્મરણ ભવિષ્યમાં તમને સંતાપે છે. જે ઓને તમે નુકસાન કર્યું હોય તેઓ તમને ક્ષમા કરે છે, પણ તેમ કરવાથી તમારા સંતાપમાં તે વધારે બળતણ મૂકે છે, કારણ કે તેઓની ક્ષમારૂપ ઉદારતાથી તમારા અપરાધને વધારે કાળાશ લાગે છે.

વર્તણુક એ જીવતર છેઃ લાંબે પલ્લે સુખ અને આબાદી તેના પર આધાર રાખે છે, બાહ્યસ્થિતિ પ્રમાણમાં થોડીજ અગત્યની છે; આપણી ચોપાસ શું છે તેનું કાંઈ કામ નથી, પણ આપણે કેવા છઈએ તેનું કામ છે. ત્યારે પ્રત્યેક દિવસે પોતાની જાતની સંભાળ રાખો. ટેવ એ બીજો સ્વભાવ છે "કાર્યમાં દૃઢ થાઓ તો ટેવ પડશે; ટેવ પડવાથી પ્રતિષ્ઠા બંધાશે." પ્રત્યેક દિવસે આપણ સઘળા સારી અથવા ખરાબ રીતિએ સંવર્ધમાન થઈએ છીએ. કયે રસ્તે વધ્યા છીએ તે પ્રશ્ન દરેકે રાત્રીએ પોતે પોતાનેજ પૂછવો એ સારૂં છે.

એમર્સને કહ્યું છે કે, "મનુષ્યજાતિના પોતાની મેળે બે વર્ગ બંધાય છે—કલ્યાણ કર્ત્તા અને અકલ્યાણ કર્ત્તા" જો તમે પાછલા વર્ગમાં હશો તો તમારા મિત્રો તમારા દુશ્મનો થશે; યાદગીરીઓ દુઃખદાયક થશે, જીવતર ગ્લાનીરૂપ થશે; દુનિયા કારાગૃહ ભાસશે અને મૃત્યુનો ત્રાસ લાગશે. અને એથી ઉલટું, જો તમે શુદ્ધ અને સારો વિચાર મનમાં લાવશો, અને કોઈને પણ જો તેના જીવતરમાં એક કલાકનું સુખ આપશો તો તમે દેવદૂતની ફરજ બજાવી ગણાશે.

જો દરેક મનુષ્ય હમેશાં એક કલાક-અર્ધો કલાક પણ શાન્તિ અને ધ્યાનમાં ગાળે તો ઘણું કહેવાય. વખત નથી એમ કહેવું એ અશક્ય છે. **સર આર પીલ**[1] આમની સભામાંથી પાછો આવ્યા પછી,-જો કે મારે અહિઆં જણાવવું જોઈએ કે, હાલની માફક તે વખતમાં આમની સભા લાંબા વખત સુધી બેસતી ન હોતી-દરરોજ રાત્રે **બાઈબલનું** એક પ્રકરણ વાંચતો.

સારૂં શું છે તેનું જો તમો મનન કરશો તો તમારાથી ખોટું થશે નહિ.

"મૃત્યુ અને ન્યાય, સ્વર્ગ અને નરકનો,
જે વારંવાર વિચાર કરે છે તેનું મૃત્યુ અવશ્ય સુધરે છે."

અને ફલ મહત્ છે.

---

૧. ઇંગ્રેજ રાજ્યદ્વારી, ૧૭૮૮-૧૮૫૦.

"મારા બેટા મારો કાયદો ભૂલીશ મા,
મારી આજ્ઞાઓ તારા અંતઃકરણમાં ધારણ કરજે:
કારણ કે તારા દિવસોની લંબાઈ, લાંબું આયુષ્ય
અને મનની શાન્તિમાં તે વૃદ્ધિ કરશે."

ઉપરની બાબતને મુલતવી રાખો નહિ. યુવાવસ્થાનું બહાનું કાઢો નહિ. **માર્ગેરાઈટ ડી. વૅલોઈએ**[1] કહ્યું છે કે, "જ્યારે આપણે માત્ર હાડચામડી રહેશે ત્યારે તો સર્વ સદ્ગુણી થઈશું."

"તારા ઉત્પન્ન કરનારનું તારી યુવાવસ્થાના સમયમાં સ્મરણ રાખ" આપણી ઈચ્છા પ્રમાણે જો મૃત્યુ માગવું હોય તો આપણે ઉચિત રીતિએ વર્તવું જોઈએ. સત્પુરૂષ મૃત્યુથી ડરતો નથી. ધર્માધ્યક્ષ **થર્લવૉલ**[2] તેના છેલા મંદવાડમાં નીચેના વાક્યનું સાત જૂદી જૂદી ભાષામાં ભાષાંતર કરવામાં કામે લાગેલો હતો:—"નિદ્રા એ મૃત્યુનો બાંધવ જ છે. તેથી નિદ્રા રૂપ મૃત્યુમાંથી અને મૃત્યુરૂપ નિદ્રામાંથી જે તને જાગૃત કરનાર છે તેની સંભાળ નીચે તારી જાતને સોંપી દેવા કાળજી રાખજે."

સિસેરો કહે છે કે, "જ્યારે સૉક્રેટીસને (સુકૃતિને) તેના દોષિત કરનારાઓ સામે ખડા કરવામાં આવ્યો ત્યારે તે "દેહાંત શિક્ષા થયલા મનુષ્યની માફક નહિ, પણ સ્વર્ગે જતા મનુષ્યની માફક" વાતો કરતો હતો.

સેનેકાએ કહ્યું છે કે, "જો તમે તમારૂં કર્તવ્ય બહાદૂરીથી અને ઉદારતાથી પરિપૂર્ણ કરશો તો સિદ્ધિ શું થશે? તમે કૃતકૃત્ય થશો—કાર્ય એ પોતેજ સિદ્ધિ છે." વચનની આશાથી કે શિક્ષાની બીકથી નહિ, પણ જે સારૂં છે તેની પ્રીતિથી જે સત્ય હોય તે આપણે કરવું જોઈએ, કારણ કે, "તારી સાક્ષીજ મારા અંતઃકરણનો આનંદ છે."

---

૧. ફ્રાન્સના રાજા પહેલા ફ્રાન્સિસની બહેન અને નૅવેરેની રાણી ૧૪૯૨-૧૫૪૯.

૨. ઈંગ્રેજ ઈતિહાસ કર્તા. ૧૭૯૭-૧૮૭૫.

સર ફ્રાન્સિસ ડ્રેઈક[1] વિષે બોલતાં **ફુલર** કહે છે કે તે પોતાના જીવનમાં પવિત્ર, પોતાના વ્યવહારેમાં પ્રમાણિક, પોતાનું વચન પાળવાવાળો, પોતાના તાબાના મનુષ્યોપર દયાવાન્ હતો; અને તેને આલસ્યના જેટલો બીજા કશાપર ધિક્કાર ન હતો; વિશેષે કરીને અગત્યના કામમાંઃ બીજા માણસો ગમે તેવા વિશ્વાસપાત્ર અથવા ચતુર દેખાતા હોય, તો પણ તેમના ભરોંસા ઉપર તે કોઈ દિવસ આધાર રાખતો નહોતો પણ ભયને હમેશાં તુચ્છકારતો; ગમે તેવો શ્રમ અંગીકાર કરતો, અને હિમ્મત, ચાતુર્ય, કે ઉદ્યોગના દરેક કાર્યમાં (પછી બીજો ગમે તે આવે) પણ પોતે પહેલો ઝંપલાવી પડતો."

આપણે જાણીએ છિએ કે પરિપૂર્ણ થઈ શકીશું નહિ તો પણ બીજી બધી બાબતોની માફક વર્તનમાં પરિપૂર્ણ થવાનો આપણે ઉદ્દેશ રાખવો જોઈએ. વળી આપણ સઘળામાં એક ભરોંસાદાર ભોમિયો દૃઢ વસી રહેલો છે અને જો આપણે આપણા અંતઃકરણ (ભોમીઆ) ને અનુસરીશું તો ખોટે રસ્તે ઘણે દૂર જઈશું નહિ. દરેક મનુષ્ય જો પોતાની મરજી હોય તો ઉમદા જીવન ભોગવી શકે.

ત્યારે તમારી સમીપ (અનુકરણ કરવા) હમેશાં કોઈ શ્રેષ્ઠ પરિપૂર્ણ પ્રતિમા રાખો.

" મનુષ્ય પોતાની પદ્વિકરતાં ઉચ્ચતર પદ્વિએ
પહોંચી શકતું નથી, ત્યાં સુધી તે કેવું કંગાલ લાગે છે? "

જો તમે એક મનુષ્યછો તે છતાં પણ, આ પ્રમાણે કદાચ અને સઘળી રીતિએ તમે જાતેજ આપ્રમાણે કેળવાઓ તો **શેક્સ્પીઅર, માર્ક, ઍન્ટનિ** પાસે **બ્રુટસ** વિષે જેવું કહેવરાવે છે. તેવું કોઈ દિવસ તમારા વિષે પણ કહેવામાં આવે.

" તેનું જીવતર નમ્ર હતું, અને તેનામાં,
તત્વોનું એવું મિશ્રણ થયેલું હતું કે કુદરત પોતે

[1] ઇંગ્રેજ વહાણવટી ૧૫૪૦-૧૫૯૬.

ઉભી થઈ સર્વ દુનિયાને જાહેર કરે કે " આ
વાસ્તવિક મનુષ્ય છે."

અને સ્ત્રીજાતિએ,

એક અપ્રતિમ (પરિપૂર્ણ) સ્ત્રીએ સૂચના આપવાને,
ધૈર્ય આપવાને
અને સત્તા ચલાવવાને શ્રેષ્ઠ ગુણો યુક્ત,
અને તો પણ કંઈક દેવદૂત અંશી,
શાંત અને તેજસ્વી આત્મા (જુસ્સા) વાળી."
થવું જોઇએ.

લૉકહર્ટને[1] તેની મરણ પથારીપર સર ડબલ્યુ સ્કૉટે કહેલા છેલા શબ્દો આ હતા: "સદ્‌ગુણી થા—ધર્મપરાયણ થા—સજ્જન થા, આ પથારીએ બીજી કશી વસ્તુ સાંત્વન કરશે નહિ."

બલામે[2] પણ ઈચ્છા ધરાવી છે કે "મારૂં મૃત્યુ એક ભક્તિમાન્ મનુષ્યના જેવું જ થાઓ, અને મારો અંતપણ તેની માફકજ આવો."

---

૧. અર્વાચીન ઇંગ્રેજ લેખક તેણે સર ઉવૉલ્ટર સ્કૉટનું જન્મચરિત્ર લખ્યું છે. ૧૭૯૪-૧૮૫૪.

૨. તેને ઇસ્રાયલ લોકોને શાપ દેવાને મોકલ્યો હતો, પણ તેમ ન કરતાં તેણે તેમને આશીર્વાદ આપ્યો. ઈ. સ. પૂ. ૧૪૫૦.

પ્રકરણ ૧૮ મું.

શાન્તિ અને સુખ.

"यत्र शांतिः सुखं तत्र ह्यशांतेस्तु कुतः सुखम् ।"

'साहित्य.'

સંપત્તિ અને સુખ કોઈ પણ રીતિએ-હમેશાં સહગમન કરતાં નથી, અને દેખીતી રીતિએ જેઓને સુખનાં સર્વ સાધન હોય છે, તેવાં ઘણાં મનુષ્યો અતિ દુઃખી હોય છે. વિદ્યાગુરૂ હગ્ઝલે કહે છે તે પ્રમાણે "પોતાના પ્રિય એવા શ્રેષ્ઠ બલવત્તર મનુષ્યને" પોતાથી બની શકતા દરેક પદાર્થ કુદરત આપે, પણ તે તેને સુખી કરી શકે નહિ; તે તો તેણે પોતાની મેળેજ થવું જોઈએ. દુનિયામાં ફતેહ મેળવનારૂં જીવતર જોખમ અને ચિન્તાથી ભરપૂર હોય છે. જો કોઈ મનુષ્યમાં પોતામાંજ સુખનાં મૂળતત્વો હોતાં નથી તો દુનિયાનું સઘળું સૌંદર્ય અને વૈચિત્ર્ય, મજા અને ભાત તેને તે આપી શકતાં નથી. સ્કોપેન્હૉવર કહે છે કે, "એક મનુષ્યને દુનિયા વેરાન, શૂન્ય અને જુઠી લાગેછે, બીજાને તે રસમય, રમૂજી અને સારવાળી લાગેછે" સુખ એ સારંગીની માફક મહાવરો કરવા જેવી વસ્તુ છે. જો તમો યોગ્ય સાધન લેશો તો તે તમને મળશે, પણ તે મેળવવાની આપણે અતિશય કાળજી રાખવી ન જોઈએ. આપણો મોટો આનંદ, "જો આપણે ઑરફીયસની માફક તેના તરફ પાછું વાળીને જોઈએ છીએ તો" પાછો પાતાળમાં

૧. ગ્રીક પુરાણનો એક કવિ અને યોદ્ધો, તેની સ્ત્રી યુરીડાઇસ સર્પદંશથી મરીજવાથી તે ઘણોજ શોકાતુર થયો. અને તેને પાછી લેવાને (હેઇડઝ) માં ગયો, ત્યાં તેની વાંસળીથી આઇને પ્લુટો પાસેથી પોતાની સ્ત્રીને પાછી મેળવી, પણ સરત એવી હતી કે જ્યાંસુધી પૃથ્વીપર પહોંચો ત્યાંસુધી પાછું વાળીને જોવું નહિ. પણ વચનનો ઓરફીઅસે ભંગ કરતાં યુરીડાઇસ મરીગયેલા આત્માઓને રહેવાના સ્થળે પાછી જતી રહી.

પેસી જાય છે (અદૃશ્ય થાય છે) " આનંદથી દૂર રહો તો તે તમને વળગતો આવશે."

તમારા પોતાને વિષે અતિશય ઉંચો મત રાખો નહિ; દુનિયામાં તમે એકજ મનુષ્ય નથી. **રસ્કિન** કહે છે કે આનંદ શોધવાનો પ્રયત્ન કરો નહિ, "પણ હમેશાં આનંદી થવાને તૈયાર રહો." જીવતરને, સ્વલ્પ આનંદની શૃંખલા બનાવવી એ એક મોટી વાત છે.

દાખલા તરીકે, રમૂજની લાગણી એ મનુષ્યની ખાસ બક્ષીસ છે. બીજાં પ્રાણીઓને વિચારશક્તિ છે કે નહિ તેવિષે કંઈ શંકા છે, પણ દેખીતી રીતિએ તેમને મોજમજાની બક્ષીસ નથી, અને **કેમ્ફર્ટે** કહ્યું છે કે, "જે દિવસે આપણે હસ્યા નથી તે સૌથી વ્યર્થ ગયો ગણાય છે." આનંદી ખડખડ હસવું સાંભળવું એ કેવી મજા છે? તે કેવું દરેક વસ્તુને આનંદમય કરે છે!

" આનંદી અંતઃકરણ આખો દિવસ ચાલે છે
અને દિલગીરીને થોડી વારમાં હરાવી દે છે."

" आनंदामृतवारिधेर्यदिरयः किं तत्र शोकांकुरः "

ભાવાર્થ—"જ્યાં આનંદરૂપ અમૃતસાગરનો વેગ પ્રચલિત હોય ત્યાં શોકનો અંકુર ક્યાંથી હોય."

આપણા એક ધર્માધ્યક્ષે કહ્યું છે કે,—"સારો મિજાજ એ ક્રિશ્ચિઅન ધર્મનો નવદશાંશ ભાગ છે," અને જો તમારો મિજાજ ગયો હોય તો " ગુસ્સામાંને ગુસ્સામાં સાંજ પડવા દેશો નહિ."

કજીયો કરવામાં બેની જરૂર પડે છે, તેમાંના એક તમે થશો નહિ.

કેટલાક લોકો હમેશાં બડબડયા કરે છે; જો તેઓ ઈડનના બગીચામાં જન્મ્યા હોત તો પણ તેમને ફરિયાદ કરવાનું ઘણું રહેત. બીજા ગમે તે સ્થળે સુખી રહે છે; તેમની આસપાસ સઘળે તેમને સૌંદર્ય અને સુખ નજરે પડે છે.

" જો ભય પૃથ્વીની નિચે દટાઈ ગયો હોત,
જો આશા નિષ્ફળ થતી ન હોત, અથવા પ્રીતિ ઘટતી ન હોત,
તો પૃથ્વી એ કેવું સ્વર્ગ થાત."

આનંદી સ્વભાવ એ મોટો નીતિબળનો વર્ધક છે. જેમ સૂર્યનો પ્રકાશ ફૂલોને ખીલવી ફળને પકવ કરે છે, તેવીજ રીતિએ આનંદી સ્વભાવ-સ્વતંત્રતા અને જીવતરની લાગણી-આપણમાં જે કંઈ સારાં તત્ત્વો અને જે સઘળું સારૂં હોય-તે સઘળાંને પકવાવસ્થામાં લાવે છે.

બીજાઓ તરફ આનંદી સ્વભાવ રાખવો એ આપણો ધર્મ છે. એક જુની દંતકથા છે કે જ્યાં જ્યાં મેઘધનુષ્ય પૃથ્વીને અડે છે ત્યાં ત્યાં સુવર્ણપાત્રો મળે છે, અને કેટલાંક મનુષ્યો એવાં થાયછે કે તેમનું હાસ્ય, તેમની વાક્ચાતુરી, તેમની હાજરીજ સૂર્યના કીરણોની માફક પ્રકાશ આપતી લાગે છે; તથા જે સર્વ વસ્તુના સંબંધમાં તેઓ આવે છે તેને સુવર્ણમય કરી મૂકે છે. જ્યાં સુધી મનુષ્યો આનંદમાં રહેછે ત્યાં સુધી તેઓ લેવાઈ જતાં નથી. આનંદી અંતઃકરણ પોતાને તેમજ બીજાને માટે નિરંતરનું પુષ્ટિકર ભોજન છે. **ફ્લૉરેન્સ**ના બુલબુલની આગતાસ્વાગતાએ, તે શહેરની ઔષધિઓ કરતાં ઘણાં મનુષ્યો સાજાં કર્યાં છે; અને જો આપણે બીજાઓનો બોજો વહન કરવામાં ભાગ લેતા હોઈએ તો આપણે પોતાનોજ ભાર હલકો કરીએ છીએ.

આનંદી સ્વભાવ એટલે બેફિકરાઈ, એવું કેટલાએક ધારતા હોય એમ લાગે છે; તો પણ તે બન્નેની વચ્ચે કંઈ જરૂરનો સંબંધ નથી. **આર્નોલ્ડ** કહે છે કે, આનંદી સ્વભાવ "જે ખરેખર આ દુનિયામાં સર્વથી મોટું સુખ છે, તે અત્યંત આતુર વિચાર અને સુકોમળ પ્રીતિની આસપાસ રમી રહે છે, અને જે મનુષ્ય ઈશ્વર દૃષ્ટિમાં મૂર્ખ હોય તેની હલકાઈ અને કઠોરતાના સાથેના મિશ્રણ કરતાં વધારે દીપી નીકળે છે."

---

૧. ફ્લૉરેન્સ નાઈટીંગેઈલ. એક પરગજુ બાઈ. તે ડર્બિશિયરના કોઈ ગૃહસ્થની દીકરી હતી. દવાખાનાઓમાં માંદાંની તે સારવાર કરતી અને તેને માટે કશું લેતી નહિ. લડાઈઓમાં ઘાયલ થયેલા સિપાઈઓને પાટાપીંડી કરવામાં તે ખુશી રહેતી. ૧૮૨૩ માં જન્મી હતી.

કેટલાંક એવાં મનુષ્યો છે કે, જેઓ જન્મથીજ જીવન પર્યંત વૈતરૂં કરવાની શિક્ષા પામેલાં છે; આ માત્ર એકલા ગરીબનેજ લાગુ પડે છે એમ નથી. શ્રીમંતો પણ ગરીબના જેટલુંજ અથવા વધારે કામ કરે છે. વળી, પોતાનીજ દોલતને માટે દુઃખી થતાં કેટલાં બધાં મનુષ્યો છે, —જેઓના જીવતરમાં કંઈ નિવૃત્તિ (આરામ) કંઈ સ્વસ્થપણું, કે કંઈ શાન્તિ હોતાં નથી. આપણે આ દુનિયામાં દુઃખને દૂર રાખી શકતા નથી, પણ જો આપણી ઈચ્છા હોય તો તેમાંથી તરી શકીએ. તે અર્થ સાધવાને આપણે આપણા સ્મરણ સ્થાનરૂપી ઓરડાની દીવાલોને સુંદર ચિત્રો અને સુખી યાદગીરીઓથી શણગારવી જોઈએ.

આનંદ કરવાને સઘળા ઈચ્છે છે, પણ તે માત્ર થોડાનેજ મળેછે. જીવતરનું મૂલ્ય અને આનંદ તેઓ સમજતા નથી.

નાની મુશીબતોને મોટી આપત્તિઓનું રૂપ આપો નહિ. **સિસેરો** કહે છે કે, " અનાદ્યંતત્વ અને સૃષ્ટિના વિસ્તારનું જેણે પોતે જ્ઞાન મેળવ્યું છે તેને મોટી લાગે એવી આ જીવતરમાં કંઈ મુશીબત છે? કારણ કે જે ડાહ્યા મનુષ્યનું મન હમેશાં એવું સાવધ રહે છે કે તેને અણધાર્યું કંઈ બનતું જ નથી; તેને મનુષ્યજ્ઞાન અથવા આ વૈત જેટલા ટુંકા જીવતરમાં એવું શું છે કે જે તેને મોટું લાગે ? "

જ્યારે આપણે માત્ર છોલાણા હોઈએ ત્યારે મરી જઈએ એવો ઘા લાગ્યો છે એમ આપણે વારંવાર ધારીએ છીએ. **ફુલર** કહે છે કે " એક નજીવા ઘાની મલમપટી કરવા બોલાવેલા એક વૈદ્યે તત્કાળ પટી લાવવાને માણસ મોકલ્યું. આ વખતે તે ગૃહસ્થે કહ્યું, 'કેમ ત્યારે ઈજા શું એટલી ભયંકર છે!' વૈદ્યે કહ્યું 'ના, પણ જો તે માણસ ટપાલની ઝડપથી નહી આવે તો ઘા પોતાની મેળે રૂઝાઈ જશે, " કાળે ઘા જેમ રૂઝાઈ જાય તેમ દિલગીરી પણ ઘસાઈ જાય છે.

" કોઈ કેળવાયલા મનને, મારો કહેવાનો હેતુ તત્વજ્ઞાનીનું

મન નથી, પણ બીજા હરકોઈ મનને, જેને માટે જ્ઞાનનો ભંડાર ખુલ્લો થયો હશે અને જેને પોતાની શક્તિઓનો સામાન્ય પ્રમાણમાં ઉપયોગ કરતાં શીખવાએલું હશે, તેને સૃષ્ટિજન્ય પદાર્થોમાં, હુન્નરથી સિદ્ધ થયેલાં કાર્યોમાં, કવિત્વની કલ્પના-શક્તિમાં, ઈતિહાસિક બનાવોમાં, આગળની અને હાલની મનુષ્યજાતિની રીતિઓમાં, તેમની ભવિષ્યની આશાઓમાં, અને જે સર્વ પદાર્થો તેની આસપાસ છે તેમાં અખૂટ આનંદનાં સાધનો મળી આવે છે. પણ માત્ર જ્યારે કોઈ મનુષ્યે શરૂ-આતથીજ આ બાબતોમાં સારાસાર અથવા માનુષિક વિવેક વાપર્યો હોતો નથી, અને જીજ્ઞાસાના સંતોષ સિવાય બીજી કંઈ વસ્તુની શોધ કરી નથી, તેને આ સઘળી બાબતોમાં, અને વળી તેના એક હજારમા અંશનો ઉપભોગ લેવામાં બેદરકારી રહે એ ખરેખર શક્ય છે."

પુષ્પો, વૃક્ષો, ઘાસ, નદીઓ, સરોવરો, સમુદ્રો, પર્વતો અને પ્રકાશમય દુનિયામાં આપણે વસીએ છીએ. બુદ્ધિમાનને સૃષ્ટિ પ્રકાશમય લાગે છે અને જેઓને સુખ લેવાની મરજી હોય તેને તે સુખી કરે છે.

"સવારનો સૂર્ય સ્વચ્છ ખુલ્લા આકાશમાં શાન્ત ચળકતો હતો,
અને હવા ધુમરથી સુગંધમય થઈ હતી;
સર્વ વસ્તુ એવી મૃદુ લાગતી હતી કે, વસંતઋતુ જાણે ફરીથી,
મૃત્યુ પામતા વર્ષને ભેટવા અને નષ્ટ થતી દુનિયાને
સુખના સ્વપ્નોથી ચુંબન કરવા
આવતી હોય એમ જણાતું હતું."

પણ સુંદર વસ્તુઓની બૂજ કરવાને સૌંદર્યની અક્કલ (સમજ) હોવી જોઈએ. કૂતરા અને હાથીની સમજ વિષે આપણે ઘણી વાતો સાંભળીએ છીએ, પણ દુનિયાના સૌથી સુંદર દેખાવથી તેમને કંઈ પણ મજા પડતી હોય તેમ ધારવાનું કંઈ કારણ નથી.

"અમે નવરા છીએ—અમને કંઈ કામ સૂઝતું નથી," એવી

ફરીયાદ લોકો કોઈ કોઈ વખત કરે છે; પણ તે બાબતમાં તેમની પોતાનીજ સુસ્તિ છે. જો કોઈ કેળવાયલા, આરોગ્યતાવાળા, અને આંખ, હાથ અને નવરાશવાળા મનુષ્યને કોઈ પણ પદાર્થની તંગી રહે છે, તો તે સર્વ વસ્તુઓનું સર્વ શક્તિમાન પ્રભુએ માત્ર અપાત્રેજ દાન કરેલું છે એમ જણાય છે.

સંપત્તિ કે પદ્વિ, એમાંથી એકે સુખ આપી શકતી નથી; તમે શ્રીમાન્, મહાન્ અને શક્તિમાન્, હો, પણ પ્રીતિ, પરોપકાર બુધ્ધિ અને મનની શાન્તિ વિના સુખીથઈ શકતા નથી.

ઈરાન દેશમાં એક વાત ચાલે છે કે ત્યાંના મહારાજાને બેચેની થવાથી જોશીઓને પૂછયું અને તેમણે કહ્યું કે પૂર્ણ સુખી માણસનું પહેરણ પહેરવાથી તમને સુખ થશે. તે દેશના સર્વ દરબારીઓ અને શ્રીમાન્ વર્ગોમાં તેની શોધ કરી પણ કંઈ વળ્યું નહિ. એવો કોઈપણ મનુષ્ય મળી શકયો નહિ; આખરે પોતાના કામ ઉપરથી આવતો એક મજુર આ સરત પૂરી કરે એમ માલૂમ પડયું; તે પૂર્ણ સુખી હતો, પણ અપસોસ છે કે તે ઉપાય નિષ્ફળ ગયો. તે માણસને પહેરણજ ન હોતું.

મેં બતાવ્યું છે કે જેમ સૌથી બુદ્ધિમાન પુરૂષોએ પોતાની સંમત્તિ આપી છે, તેમ સુખ દ્રવ્યથી વેચાતું લઈ શકાતું નથી તેમજ સત્તાથી પકડી રખાતું નથી. (કબજે રાખી શકાતું નથી.)

રાજ્ય મુગટોમાં કાંટાની હારો હોય છે. **હિએરોએ**[1] **સાઇમોનિડિઝને** કહ્યું છે કે મનુષ્યજાતિનો મોટો ભાગ, "રાજ્ય વૈભવથી મોહ પામે છે; લોકગણ, વિશેષે કરીને જેવું જુએછે તે ઉપરથી, મનુષ્યનાં સુખ અથવા દુઃખનો વિચાર બાંધતા જણાય છે, તેથી મને કંઈ આશ્ચર્ય લાગતું નથી. વળી રાજ્ય વૈભવ (સત્તા) પોતાની અતિ મૂલ્યવાન્ જે વસ્તુઓ ગણાયછે તેને, પ્રસિદ્ધ રીતિએ અને સળેસળ ઉખેળીને દુનિયાની નજર

૧. સાઇરેક્યુસનો રાજા; તે કવિતાનો ઉત્તેજક હતો. ઈ. સ. પૂ. ૪૬૭ (મરણ.)

આગળ ધરેછે, અને રાજાઓની ચિન્તાને, આત્માના સૌથી ઉંડા ભાગમાં જ્યાં મનુષ્યજાતિનું સુખ અને દુઃખ બન્ને રહેછે તેમાં સંતાડી રાખે છે. મારા વિષે જો પૂછતા હો તો, હું અનુભવથી બહુજ સારી રીતિએ જાણું છું, અને **સાઇમૉનિડિઝ**! તમને ખાતરી કરી આપુંછું કે, મોટામાં મોટાં સુખનો સૌથી નાનો ભાગ, અને સૌથી મોટાં દુઃખનો સૌથી મોટો ભાગ રાજાના નસીબે માંડેલો હોયછે"

"यावत्सुखप्रदं राज्यं तावद्दुःखाधिकं भवेत्।"

राजनीति.

ભાવાર્થ—'જેટલું રાજ્ય સુખદાયક છે, તેટલું દુઃખદાયક વિશેષ છે'જો તમે દુઃખી હો તો **મૅસ્સિલન**ની સૂચનાથી ઘણાને દિલાસો મળશે. "અરે મનુષ્ય! એમ કેમ થાય! તને અહિઆં પતિત દુનિયામાં મોકલ્યો છે તેપરથી તું એમ સમજીશ નહિ કે સ્વર્ગ તારા નસીબમાં નથી. પૃથ્વી તારો સ્વદેશ નથી, અને જે સઘળું ઈશ્વર માટે નથી તે ખરેખર તારે માટે પણ નથી."

"આનંદના બદલતા રંગ અને જે સઘળું સારૂં છે તેની મોહક રીતો વિષે શું કહેવું તે અમને બીલકુલ સૂજતું નથી; અને સૌથી સારા વિષે જે સઘળું આપણે કહી શકીએ તે એ છે કે, તેમાં કંઈ અજાણી અવર્ણનીય મોહિની છે; સૌથી શ્રેષ્ઠ સુખ વિષે આપણે જે સઘળું કહી શકીએ તે એ છે કે તે અનિર્વાચ્ય છે."

જો આપણે ખરી રીતિએ જોઈએ તો આપણ સઘળા ડૅન્ટિની માફક કહીએ કે,

"જે મેં જોયું તે એક તલ્લીન અવસ્થા,
સર્વ વસ્તુનું એક સામાન્ય હાસ્ય જણાયું;
તે અપ્રતિમ આનંદ, અનિર્વાચ્ય ખુશી;
શાન્તિ અને પ્રીતિનું અવિનાશી જીવન;
અખૂટ દોલત અને અમાપ સુખ હતું."

સૃષ્ટિમાં દરેક વસ્તુ ડાહ્યા અને હિતકારી નિયમને અનુસરી વર્તે

છે, તેનો દરેક બીજી વસ્તુ સાથે સંબંધ હોય છે અને તેના કાર્યનો હેતુ સારો હોય છે. જો આપણાપર દુઃખ પડે છે તો તેમાં કાંતો આપણો પોતાનોજ વાંક હોય છે અથવા સામાન્ય હિતને ખાતર હોય છે. **સેનેકા** કહે છે કે, એવી એકે ફરજ નથી કે જે અદા કરવાથી આપણે વધારે સુખી ન થઈએ. અથવા એવી કોઇ લાલસા નથી કે જેનો ઉપાય નહિ હોય.

સિસેરો કહે છે તે પ્રમાણે **એપિક્યુરસે**[1] નોંધી રાખ્યું હતું કે "ઈચ્છાઓના ત્રણ ભેદ છે; પહેલી કે જે સ્વાભાવિક અને જરૂરની; બીજી કે જે સ્વાભાવિક પણ જરૂરની નહિ, ત્રીજી કે જે સ્વાભાવિક ને જરૂરની પણ નહિ. અને આ સઘળી એવી છે કે જેઓ જરૂરની છે તે ઘણી મહેનત અથવા ઘણા ખર્ચ વિના તૃપ્ત થાય છે; વળી જે સ્વાભાવિક છે અને જરૂરની નથી તેમાં પણ ઘણું જોઈતું નથી, કારણ કે, જે દ્રવ્ય તેને તૃપ્ત કરવાને પૂરતું હોય છે તેને સ્વભાવ પોતે સુલભ કરી મર્યાદામાં રાખે છે; પણ ખોટી ઈચ્છાઓને માટે તો તેની કંઈ મર્યાદા બાંધવી, અથવા તેમને કંઈ માપમાં રાખવી એ અશકય છે."

તોપણ જીવતરનો પરિપૂર્ણ ઉપભોગ લેવાને માટે આપણું મન મારવાને અને ઘણી ધ્રુલચાવતી મજાઓ જતી કરવાને તૈયાર રહેવું જોઈએ.

> " राजन् जितं यदि भवेत् मन एव पुंभिः
> सर्वेन्द्रियाणि विजितानि भवन्ति तस्मात् ।"
>
> "कथा समुच्चय"

ભાવાર્થ—હે રાજા! જો માણસો મનને જીતે છે, તો તેથી સર્વ ઇંદ્રિયો જીતાયેલી થાય છે.

ઈન્દ્રિયાદિ વૈભવ મરજી પ્રમાણે માણવા કરતાં તેમાં મનને મારવાથી વધારે આનંદ મળે છે. ઈન્દ્રિયો જે સ્વાભાવિક

૧. ગ્રીક તત્વવેત્તા તેણે ૩૦૦ પુસ્તકો લખ્યાં કહેવાય છે. ઈ. સ. પૂ. ૩૪૧. ૨૭૦.

રીતિએ ખરા આનંદથી ભરપૂર છે, તેને જો આપણે તાબે થઈએ, તો અસલની મોહિનીઓની માફક, આપણા જીવતર નૌકાનો, જીંદગીના ખરાબા અને વમળમાં ચડાવી, ભંગ કરશે.

" જે બીજાની ઇચ્છાને તાબે નથી
તેનો જન્મ અને ઉપદેશ કેવા સુખી છે?
પ્રમાણિક વિચારરૂપી તેને કવચ છે,
અને સત્યરૂપી તેની મોટી ચતુરાઈ છે."

આપણને આટલી બધી ઓછી નવરાશ છે એ આપણા જમાનાનું એક દુર્ભાગ્ય છે. આપણે જાથુ વમળમાં લોઢાઈએ છીએ, કેટલી બધી સ્ત્રીઓને, અને તેને લીધે માણસોને પણ **પૉર્ટિઆની**[1] માફક લાગ્યું છે કે, "મારો સૂક્ષ્મ દેહ, આ વિશાળ દુનિયાથી કંટાળી ગયો છે."

તો પણ સારૂં કામ ઉતાવળાં થઈ શકતું નથી, વિચારને માટે વખત અને શાન્તિ આવશ્યક છે.

કિંગ્ઝલે કહે છે કે, "હું જાણું છું કે આપણ સઘળાને જે જોઈએ છીએ, તે અંતરનો આરામ છે; અંતઃકરણ અને મગજનો આરામ, શાન્ત, મજબૂત, આત્મ શુદ્ધ, આત્મસંયમી, વર્તણુક; જેને કોઈ ઉત્તેજકની જરૂર નથી, કારણ કે તેનાપર નિરાનંદનું દબાણ નથી; જેને કોઈ નિદ્રાજનક ઔષધની જરૂર નથી, કારણ કે તે આવેશના હુમલાને વશ નથી; જેને કોઈ વૈરાગી અંકુશની જરૂર નથી, કારણ કે ઈશ્વરના પ્રસાદનો દુરૂપયોગ કર્યા સિવાય તેનો સદુપયોગ કરવાને તે પૂર્ણ બલિષ્ઠ છે; ટુંકામાં, એવી વર્તણુક કે જે માત્ર

---

૧. 'મર્ચન્ટ ઑફ વેનિસ' માં એક શ્રીમંતની દીકરી, જે તેની વારસ હતી તે 'બેસેનિઓ' ની સાથે પ્યારમાં પડી હતી. તેના બાપનું એવું પણ હતું કે જે જે તેનું માગું કરે તેમને ત્રણ ટોપલીઓ, એક સોનાથી, બીજી રૂપાથી, અને ત્રીજી સીસાથી ભરીને બંધ આપવી અને તે ત્રણ ટોપલીમાંથી એકની અંદર પોતાની દીકરીની છબી મૂકવી. છબીવાળી ટોપલી જે પસંદ કરે તેને પોતાની દીકરી પરણાવવી અને સઘળી દોલત પણ આપવી.

ખાનપાનમાંજ નહિ, પણ સઘળી ઈચ્છા, વિચાર અને આચારમાં વાસ્તવિક રીતિએ મિત છે; જે અવિચારી દુર્વાસના અને તૃષ્ણાને પેલો પુરાતની **આદમ** શરણ થયો હતો અને મના કરેલા સાધનથી જ્ઞાન અને જીવન શોધતાં, વ્યાધિ અને મૃત્યુ તેને સાંપડ્યાં હતાં, તેથી આ તદ્દન મુક્ત છે; હા, હું તે જાણું છું; અને વળી તે આરામ આપણને જ્યાંથી મળ્યો છે ત્યાંથીજ મળશે, એ પણ જાણું છું."

એપિક્ટેટ્સ કહે છે તે પ્રમાણે "**ઝીઅસની**[1] આજ્ઞાનુસાર વર્તો; જો તમે તેમ નહિ વર્તો તો તમને દંડ પડશે; તમને શિક્ષા થશે, અને શી શિક્ષા થશે? તમારો ધર્મ નહિ બજાવવાથી વિનય, પ્રમાણિકપણું અને યોગ્યતાની પ્રતિષ્ઠાને તમે ખોશો. આથી કોઈ બીજી વધારે મોટી શિક્ષા હોઈ શકે?"

રસ્કિન કહે છે કે "ઘણી ચીજોની જરૂરીઆતની આપણે ફરીયાદ કરીએ છીએ. આપણને અભિપ્રાય સત્તા જોઈએ છીએ, આપણને સ્વતંત્રતા જોઈએ છીએ; આપણને ગમ્મત જોઈએ છીએ, આપણને દ્રવ્ય જોઈએ છીએ; પોતાને શાન્તિ જોઈએ છીએ એમ આપણામાંથી કોને લાગે છે અને તેનું જ્ઞાન છે? જો તે તમને જોતી હોય તો, તે મેળવવાના બે રસ્તા છે: પહેલો તદ્દન તમારી પોતાનીજ શક્તિમાં છે; તમે જાતે આનંદી વિચારોનું સ્થાન બનો..........સઘળી આપત્તિની સાથે ટકી શકે તેવા સુંદર વિચારોના કેવા ભવ્ય મહેલો આપણે બાંધી શકીએ તે આપણામાંના કોઈને હજુ બાલ્યાવસ્થાથી શિખવવામાં આવ્યું નથી, તેથી આપણામાંથી કોઈ તે જાણતું નથી. ચકચકિત કલ્પનાઓ, સંતુષ્ટ થયેલી યાદગીરીઓ, શ્રેષ્ઠ ઈતિહાસો, સત્યવચનો, એ મૂલ્યવાન્ અને શાન્તિમય વિચારોના ભંડાર છે; જેમાં ચિન્તા હરકત કરી શકતી નથી, અથવા જેને દુઃખ ઉદાસીન કરી શકતું નથી, અથવા રંકદશા જેનું આપણ પાસેથી અપહરણ કરી શકતી નથી,—આપણા

---

૧. ગ્રીક લોકોનો જ્યુપિટર.

આત્માઓને રહેવાનેમાટે હાથવિના બંધાયેલા રમણીય પ્રાસાદ છે."

ભલા અને મહાન્ પાદશાહ **ઍન્ટોનિનસે**[1] મરતી વખતે, તેની ચોકીના (તપાસના) અમલદારોને જે છેલ્લો સંકેત શબ્દ કહ્યો હતો, તે "સ્વસ્થતા" હતો. **ક્રાઈસ્ટની** જીવતરની સ્વસ્થતામાં કોઈ દિવસ કશાથી ભંગ થયો ન હોતો.

સાધુ ટૉમસ. એ. કૅમ્પિસ કહે છે કે, "તૃષ્ણાનો ત્યાગ કર, અને તેથી શાન્તિ મળશે," આ જીવતરમાં આપણે જેટલા મોટા બનાવોથી શોકાતુર થઈએ છીએ તેટલાજ આપણે નાની બાબતોમાં ચીડવાઈ જઈએ છીએ.

"જે સઘળી ખરાબ બાબતોને માટે મનુષ્યજાતિ શાપિત
થયેલ છે,
તેમાં તેનો પોતાનોજ ખરાબ સ્વભાવ ખરેખર સૌથી
મોટી બાબત છે."

શાસ્ત્રમાં આપણે સાંભળ્યું છે કે "નિરોગી શરીરથી કોઈ સમૃદ્ધિ વિશેષ નથી, અને અંતઃકરણના આનંદથી કોઈ આનંદ વિશેષ નથી."

नारोग्याद्धिका संपत् हृदानंदात्तथापरः।"

स्वानुभव.

ભાવાર્થ—"આરોગ્યપણાથી અધિક સંપત્તિ નથી અને હૃદયના આનંદથી અધિક બીજો આનંદ નથી."

સ્વસુખને માટે બહિર શોધની જરૂર નથી, પણ આપણા પોતામાંજ, આપણા પોતાનાજ અંતઃકરણમાંથી તેને શોધવાની અપેક્ષા છે. "સ્વર્ગનું રાજ્ય તમારા પોતામાંજ છે," જો આ લોકમાં આપણે સુખી થઈ શકીએ નહિ, તો હવે પછી પરલોકમાં સુખી થવાની આશા આપણે શાવાસ્તે રાખવી? શું ઈશ્વર ત્યારે, અત્યારના કરતાં આપણાપર કંઈ વધારે નજર રાખશે? જો આ લોકમાં આપણે શાન્તિ રાખીશું નહિ,

૧. રોમનો પાદશાહ, ૮૬-૧૬૧.

તો સ્વર્ગમાં શાન્તિ રહેવાની આશા કેવી રીતિએ રાખીશું ! આપણી શાન્તિ કોણ હરી લેછે?

મમતા, સ્વાર્થ અને લોભ, આવા અને તેમના જેવા બીજા ગુણો રહિત આપણે અહીં પણ સુખી થઈએ, પણ તે સહિત તો કોઈ જગ્યાએ સુખી થઈ શકીશું નહિ; જેને આપણે મૂલ્યવાન ગણીએ છીએ તે રખેને આપણે ખોઈ બેસીએ એવી અહિયાં આપણને ચિન્તા રહ્યા કરે છે, તો સ્વર્ગમાં આપણને કેટલી બધી વધારે ચિન્તા રહેશે! જો અહિયાં આપણે બીજાઓની સાથે સલાહ શાન્તિથી નહિ વર્તી શકીએ તો પછી બીજી જગ્યાએ તેવી રીતિએ વર્તવાની આપણે શી આશા છે? જો આપણી શાન્તિ અને સુખનો આધાર બહિર પદાર્થો પર રાખીશું, એને માત્ર બીજી દુનિયા સિવાય બીજા કશાની ઈચ્છા નહિ રાખીશું, તો તે બીજા અવતારમાં ત્રીજી દુનિયાની અને એ પ્રમાણે ઉત્તરોત્તર શું આપણે હમેશાં આશા નહિ રાખીશું?

બેશક, ખરેખર, આશા, ઉપભોગ, અને સ્મરણમાં ત્રણગણું સુખ રહેલું છે, તેથી સુખનું એક પવિત્ર અને મહત્ સાધન, ઉન્નતેચ્છા રાખવામાં અને જેઓ આપણને ચાહતા હોય અને ચાલ્યા ગયા હોય તેમને ફરીથી મળવાની, તેમજ હાલમાં જે સઘળાથી આપણે અજ્ઞાન છીએ તે ઘણું ખરૂં શુદ્ધ રીતિએ સમજવાની આશા રાખવામાં-છે. સુખ અને આનંદનાં આવાં કારણ વિરૂદ્ધ, મારે કાંઈ કહેવાનું નથી, પણ આપણાં હાલનાં સુખોની ઓછી ગણના ન કરવી જોઈએ, અગર તેને માટે અનુપકારી ન થવું જોઇએ.

ત્યારે તમે પોતે એવી રીતિએ વર્તવાનો યત્ન કરો કે કેબલની માફક તમે પણ કહી શકો—

"અરે પ્રભુ મારા ઈશ્વર, તું તારી પવિત્ર ઇચ્છા પૂરી કર
હું શાન્ત પડયો રહીશ;
હું હાલી ચાલીશ નહિ, રખેને તારા હાથનો ત્યાગ થાય

અને જે મોહિની, પૂર્ણ શાન્તિમાં
માતા પિતાની ડોકે વળગી રહેતાં, મારી ચિન્તાનું વિસ્મરણ
કરાવે છે, તેનો ભંગ થાય."

સ્વાભાવિક શાન્તિ,—

"તારા ગણથી ભરપૂર આકાશનો શાન્તાકાર,
એકાન્તવાસી પર્વતોમાં રહેલી નિદ્રા."

—નો આવી રીતિએજ માત્ર તમે ઉપભોગ કરી શકશો. તે વખતે ઈશ્વરપ્રેરિત દૂતો, જેમ ઘણા વખત પહેલાં, **મેમરીના** મેદાનોમાં, અસલના **ઍડમના** ઘરમાં આવતા, તેમ તમારા પોતાનાજ ઘરમાં આવશે.

એમ પણ બની શકે કે, "ઘણા નવીન આનંદો જેનું મનુષ્યને જ્ઞાન નથી, તે સુધારાના પ્રકાશમય રસ્તે તેને મળી આવે."

કારણ કે જ્યારે, જે શરીર આત્માનો ભાગીયો, પણ ઉતરતો ભાગીયો છે તેનાપર આત્મા ડહાપણથી હુકમ ચલાવે છે, પ્યારથી રાજ્ય કરે છે, અને ફાયદો કરે તેવી રીતિએ તેની સંભાળ રાખે છે, તેને પુષ્કળતાથી પૂરૂં પાડે છે, અને તેને પરોપકારમાં પ્રવૃત્ત કરે છે, ત્યારે આત્મા અને શરીર સંપૂર્ણ મનુષ્યરૂપ થાય છે; પણ જો શરીર પોતેજ રાજ્યકર્ત્તા થાય છે સ્પૃહાની શક્તિને વશ થઈ પ્રથમ સમજને બગાડે છે, અને પછી ઈચ્છા અને પસંદગીનો શ્રેષ્ઠ ભાગ તેને કબજે થાય છે ત્યારે શરીર અને આત્માનો યોગ્ય સંયોગ ગણાતો નથી, અને તે મનુષ્ય મૂર્ખતા પામી દુઃખી થાય છે. જો આત્મા રાજ્યકર્ત્તા થતો નથી, તો તે સખા થઈ શકતો નથી; કાંતો તે રાજ્યકર્ત્તા થવો જોઈએ, અને કાંતો તે ગુલામ થવો જોઇએ. (જો તે રાજ્યકર્ત્તા થતો નથી તો પછી દાસત્વ પામે છે.)"

જો જીવતરનો ઉપભોગ આપણે નથી લેતા તો તે આપણો પોતાનોજ દોષ છે. **રસ્કિન** કહે છે કે "જો કે સિદ્ધિ થોડાજ મેળવી શકે છે, પણ ઉપભોગ સૌ લઈ શકે છે."

ભાવાર્થ—"હે રાજેંદ્ર સારા વિચારરૂપ અમૃતથી મનનું પોષણ કરો." મનને સ્વસ્થ અને સુખી રાખવાને આપણે તેને ડાહ્યા અને ઉત્તમ વિચારોથી ભરપૂર કરવું જોઈએ.

ફીડ્રસમાં પ્લૅટો કહે છે કે, ઐશ્વર્ય "એ સૌંદર્ય, ડહાપણ, ભલાઈ, એ આદિ સર્વ ગુણોનું સ્થાન છે; તેનાથી આત્માની પાંખો પોષાય છે અને વિસ્તરે છે, પણ આસુરિપણાથી તેનો ક્ષય થઈ કરમાઈ જાય છે."

ત્યારે પસંદગી કરવામાં ડાહ્યો થા, અને

"તેથી આનંદાદેવીને સ્વગૃહમાં લાવ,
અને તેનો વાસો તારા મોટા અંતઃકરણમાં કર,
તેને વૃદ્ધિ પામવાનો અવકાશ અને પુષ્ટિ આપ,
તો જ્યારે તું ખેતરમાં હળ હાંકતો હઈશ; હા,
અથવા પ્રભાતના પવિત્ર સમયમાં તું નિંદતો હઈશ;
ત્યારે તે દેવી તારીપાસે આવશે, અને વારંવાર ગાયન કરશે.
આનંદી રહેવું એ યોગ્ય રીતિ છે—

આપણે કહીએ છીએ કે આનંદ એ ઈશ્વરનું દિવ્ય ભૂષણ છે."

સૉક્રેટીસે કહ્યું છે, કે, "જે મનુષ્ય પોતાને પરિપૂર્ણ કરવાનો અતિશય શ્રમ કરે છે, તે સૌથી શ્રેષ્ઠ છે, અને જે મનુષ્ય પોતાને પરિપૂર્ણ થતો સમજે છે તે સૌથી સુખી છે."

પ્રકરણ ૧૯ મું.

ધર્મ.

"येषां न विद्या न तपो न दानं
ज्ञानं न शीलं न गुणो न धर्मः ।
ते मृत्युलोके भुवि भारभूता
मनुष्यरूपेण मृगाश्चरन्ति ॥ "

ભાવાર્થ—"જેમનામાં વિદ્યા, તપ, દાન, જ્ઞાન, શીલ, ગુણ અને ધર્મ નથી, તેઓ આ મૃત્યુલોકમાં ભૂમિપર ભારરૂપ એવાં મનુષ્યરૂપી મૃગલા થઈ ફર્યા કરે છે."

જોકે ઈશ્વરીય જ્ઞાન-ધર્મ હજુ સુધી અતી વ વિદ્વાન્ પુરૂષોને-પણ રહસ્યભેદ લાગે છે, પણ કર્તવ્ય-ધર્મ તો એક બાળકને પણ સ્પષ્ટ દેખાય તેવો છે.

જેરિમિ-ટેઈલર કહે છે કે, "કર્તવ્યનો અર્થ **ઍપૉલો**[1] દેવથી અપાતા પ્રશ્નોત્તરની માફક, ભાવમાં દ્વિગુણ, સમજાવવામાં મુશ્કેલ, અર્થમાં ગુહ્ય, યુક્તિમાં ધૂર્ત, અને આચારમાં ધારણાથી વિપરીત નથી; પણ કર્તવ્યના અર્થનાં ઈશ્વરવચનો આકાશના મેદાનજેવાં ખુલ્લાં, ચંદ્રજેવાં પ્રકાશિત, અને સૂર્યની અસરજેવાં આરોગ્ય છે; અને આટલું તો નિઃશંક રીતિએ સત્ય છે કે, જ્યારે કોઈ વસ્તુ દુર્ગમ્ય લાગે છે, ત્યારે તેમાં જોકે આપણો કાંઈ દોષ નથી, તો પણ માત્ર આપણાથી બને ત્યાં સુધી સ્પષ્ટ સમજાતી હોય અથવા સમજાય ત્યાં સુધી તેનું વિવેકબુદ્ધિથી શોધન કરવું એ આપણું કર્તવ્ય છે."

છોકરાંઓના સંબંધમાં લોકો જે કહે છે તે ખરેખર પુખ્ત ઉમ્મરનાં મનુષ્યોને લાગુ પડશે. "આ સર્વ શક્તિમાન્ પ્રભુના

૧. જ્યુપિટર દેવનો દિકરો. તેને ભવિષ્ય કહેવાની સત્તા હતી અને કવિતાનો તે દેવ હતો. તેનું દેવળ ગ્રીસમધ્યે ડેલ્ફિમાં હતું.

સંબંધમાં બાળકોના મનમાં ભાવ અને શ્રદ્ધા ઉત્પન્ન કરો. આ વિષયમાં વધારે ખુલાસો આપવાનો પ્રયત્ન કર્યા વગર શરૂઆતમાં એટલુંજ બસ છે; કારણ કે તે અનંતાત્માનો ગહન પ્રકૃતિગુણ તેમને સમજાવવામાં અયોગ્ય ઉતાવળ કરવાથી કદાચ તેમનાં મનમાં તે સંબંધમાં ખોટા વિચારો ઠસી જાય, અથવા દુર્બોધ વિચારોથી તેમનું મન મુંઝાય; પ્રસંગોપાત તેમને એટલોજ બોધ આપો, કે સર્વ વસ્તુ ઈશ્વરે બનાવી છે અને તેપર તેની સત્તા છે, તે સર્વ સાંભળેછે, અને જુએ છે, જેઓ તેનાપર ભાવ રાખી તેની આજ્ઞાને અનુસરે છે, તેમનું તે સર્વ રીતિએ કલ્યાણ કરે છે. ઈશ્વરસંબંધમાં આટલો બોધ આપ્યા, પછી, તેને લગતા તેઓના મનમાં બીજા વિચારો પૂર્ણ ત્વરાથી ઉત્પન્ન થશે, જે તમારી દૃષ્ટિએ પડવાથી તમારે સુધારવા જોઈએ. જે વસ્તુ અગમ્ય છે એમ સર્વેએ માન્ય કરવું જોઈએ તેના સંબંધમાં અતિ જીજ્ઞાસુ વિચારો કર્યા વિના ઉપરના વિચારથીજ સામાન્ય રીતિએ સર્વ મનુષ્યો સંતોષ પામે તો વધારે સારૂં થાય, એમ હું ધારૂં છું; કારણ કે ઘણાં મનુષ્યો જેઓને, પોતે કેટલું જાણી શકે, અને કેટલું ન જાણી શકે તે સમજવાની વિચારશક્તિ, અને વિચારશુદ્ધિ હોતી નથી, તેઓ ખોટા વહેમે ચડી જાય છે, ઈશ્વરને પોતાના જેવો ગણે છે, અથવા (કારણ કે તેઓને બીજી કંઈ ગમ પડતી નથી તેથી)ઈશ્વર નથી એમ માને છે."

લૉવેલ, જૉન્સનનું વચન હમેશાં વિશેષ સાનંદાશ્ચર્યથી બોલતો કે, "જે જે આપણને આપણી ઈન્દ્રિઓની સત્તાથી સ્વતંત્ર રાખે છે, જે જે વર્ત્તમાન ઉપર, ભૂત, અન્તર, અને ભવિષ્યને પ્રાબલ્ય આપે છે તે તે આપણી વિચારશક્તિના ગૌરવમાં વિશેષતા બતાવે છે."

ઈશ્વરજ્ઞાન અને મત એ ધર્મનાં શાસ્ત્ર છે, પણ તત્ત્વ નથી. ધર્મ એ હમેશના જીવનમાં સદાચારનો નિયમ, સંપત્તિમાં રક્ષક,

---

૧. અમેરિકન કવિ, અને રમુજી લખાણ કરનાર. ૧૮૧૯.

આપત્તિમાં ધૈર્ય, ચિન્તામાં આધાર, ભયમાં આશ્રય, શોચમાં સાન્ત્વન, અને સુખ-શાન્તિમાં ખુલ્લું બંદર છે. ધર્મ એ એક રીતિએ શરીર તેમજ આત્માને માટે એકત્ર વસ્તુ છે. મનની તેમજ શરીરની સઘળી ગણના રાખવી જોઈએ.

ફિકટેહ[1] વાસ્તવિક રીતિએ કહે છે કે, "ધર્મ એ પોતે એવું અલગ અથવા નિરાળું કાર્ય નથી કે જેને મનુષ્ય પોતાનાં બીજાં કાર્યોથી જૂદું જ કિંવા અમુક નિમેલા દિવસોએ અથવા વખતેજ આચારમાં લાવે; પણ તે અન્તરસ્થ એવો ગુણ છે કે, જે આપણા સઘળા વિચાર અને આચાર જે બીજી બાબતોમાં ફેરફાર અથવા અવરોધ સિવાય તેમની નિયમિત ગતિમાં વહન કરે છે, તેમાં પ્રવેશે છે, તેમને ઉત્તેજે છે, અને તેમાં પ્રસરે છે.

"अनाचारेण मालिन्यमत्याचारेण मूर्खता ।
विचाराचारयोर्योगः सदाचारः स उच्यते ॥"

धर्मशास्त्र.

ભાવાર્થ—આચાર ન પાળવાથી મલિનતા આવે છે અને અતિ આચાર પાળવાથી મૂર્ખતા કહેવાય છે, તે વિચાર અને આચારનો જે યોગ તે સદાચાર કહેવાય છે.

બાઈબલ આપણને ગૂઢ નિરૂપણથી ભ્રમિત કરતું નથી, પણ એવા તર્કથી આપણા વિચારોને દૂર રાખે છે.

મોઝીઝે કહ્યુંછે,-કે "કારણકે આ આદેશ (આજ્ઞા) જે હું આજે તને ઉપદેશું છું તે તારાથી ગુપ્ત નથી, અથવા તે તારાથી દૂર નથી; તે સ્વર્ગમાં નથી, કે તું એમ કહે કે, અમારે માટે સ્વર્ગમાં કોણ જશે, અને અમને તે કોણ આણી આપશે, કે જેથી તે અમે સાંભળીએ, અને તેને અનુસરીએ ? તેમજ તે દરિયાપાર નથી કે તું કહે કે અમારે માટે દરિયાપર કોણ જશે અને અમને તે આણી આપશે, કે જેથી અમે તે સાંભળીએ અને તેને અનુસરીએ ? પણ તે આજ્ઞાને તું અનુસરે તેમ તે ઘણી તારી નજીક છે, તારા મુખમાં છે, તારા હૃદયમાં છે."

---

૧. જર્મન તત્ત્વવેત્તા. ૧૭૬૧-૧૮૧૯.

જે વકીલે પ્રશ્ન પૂછ્યો હતો તેને જીસસે કહ્યું હતું કે,-"તારા ઈશ્વર પ્રભુ ઉપર તારા સઘળા અંતઃકરણથી, તારા સઘળા આત્માથી, તારા સઘળા મનથી, તું પ્રીતિ રાખજે. આ પહેલી અને મોટી આજ્ઞા છે; અને બીજી પણ તેના જેવી જ છે. તારા પડોશીને તું તારા પોતાની માફક જ ચાહજે આ બે આજ્ઞા ઉપર સઘળા ધર્મ અને પેગમ્બરોનો આધાર છે."

સેઈન્ટ જેઈમ્સ[1] કહે છે કે,-"ઈશ્વર અને પિતાની સમક્ષ શુદ્ધ અને પાક ધર્મ એ છે કે, બાપ વગરનાં છોકરાંઓ અને વિધવાઓની આપત્તિમાં સંભાળ લેવી, અને દુનિયામાં નિષ્કલંક રહેવું."

આપણે ક્યાંથી આવ્યા અથવા ક્યાં જઈએ છીએ તે કહેવાને આપણે શક્તિમાન્ ન હોઈએ; શું વિચારવું અથવા શું માનવું તેની આપણને ખાતરી ન હોય, પણ આપણે શું કરવું જોઈએ (આપણો શું ધર્મ છે) તે આપણા અંતઃકરણમાં આપણે હમેશાં પૂર્ણ સારી રીતિએ જાણીએ છીએ. આપણા પડોશી સાથેનો આપણો ધર્મ એ ઈશ્વર તરફ આપણા ધર્મનો એક ભાગ છે. મધ્યમ કાળનો લુટારો, જે પોતે "ઈશ્વરનો મિત્ર અને મનુષ્યજાતિનો દુશ્મન" છે એમ કહેતો તેમાં તેની, ઓછા બહાનાવાળાં ઘણાં મનુષ્યો કરતાં ક્રિશ્ચિઅન ધર્મનું તત્વ સમજવામાં વધારે ભૂલ ન હોતી. ઈશ્વરપરનો ભાવ મનુષ્યપરના ભાવથી સારી રીતિએ સિદ્ધ થાય છે.

જો કોઈ કોઈ વખત આપણને બીજાઓની ફરીયાદ કરવાનું વલણ થાય તો આપણે યાદ લાવવું જોઈએ કે, "તું ઈચ્છતો હો તેવો તું પોતે જો થઈ શકતો નથી, તો સઘળી બાબતમાં તને ગમે તેવો બીજો કોઈ થાય એવી શામાટે આશા રાખે છે,"

અને કદાચ વળી જો આપણને ફરીયાદ કરવાનું વ્યાજબી કારણ હોય, તો પણ આપણે જેમ ક્ષમાની આશા રાખીએ

---

૧ ક્રાઈસ્ટનો શિષ્ય. જેરૂસલેમમાં ગર્દન મારવામાં આવ્યો. ૪૪.

છીએ, તેમ પીટરે સૂચના આપી છે તે પ્રમાણે "સાત વખત સુધી" નહિ પણ "સીતેર ગણા સાત વખત સુધી" ક્ષમ કરવી જોઈએ.

"ઊલમાંથી નીકળી ચૂલમાં પડવું
અને ચૂલમાંથી નીકળી,
વળી અનંત દુ:ખની ખાણમાં પડવું,
એ કેવું દુ:સહ છે;
તેનું જે મનુષ્ય અન્તરમાં
નિરંતર મનન કરે છે,
તેને દુનિયાનું રાજ્ય આપો
તો પણ તે એક પણ પાપકર્મ નહિ કરે."

આપણે ચેતવણીમાં ગફલત ન કરવી જોઈએ અથવા વચનોનો તિરસ્કાર ન કરવો જોઈએ. "હજુ થોડા વખત સુધી તારે માટે પ્રકાશ છે, રખેને તને અંધારૂં ઘેરી લે, તેટલા માટે જ્યાંસુધી પ્રકાશ રહે ત્યાં સુધી આગળ ચાલ; કારણ કે જે અંધારામાં ચાલે છે તે પોતે ક્યાં જાય છે તેની તેને સૂઝ પડતી નથી."

"તેટલા માટે જે દરેક મનુષ્ય મારાં આ વચનો સાંભળે છે, અને તે પ્રમાણે તે વર્તતો નથી તેને એક મૂર્ખ માણસ જેણે પોતાનું ઘર રેતીમાં બાંધ્યું, અને જેનાપર વરસાદ, રેલ, પવન અને તોફાન તૂટી પડ્યાં, તે ઘરને પાડી દીધું, અને તેની નિશાની પણ ન રહેવા દીધી, તેવા મૂર્ખના જેવો ગણવામાં આવશે." પણ એથી ઉલટું "જે મનુષ્ય મારાં આ વચનો સાંભળે છે, અને તે પ્રમાણે વર્તે છે તેને, એક ડાહ્યો માણસ જેણે પોતાનું ઘર એક ખડક ઉપર બાંધ્યું, અને જેનાપર વરસાદ, રેલ, પવન અને તોફાન તૂટી પડ્યાં, તો પણ તે પડ્યું નહી; કારણકે તેને એક ખડક ઉપર બાંધ્યું હતું, તેવાં મનુષ્ય જેવો હું ગણીશ."

અને સઘળા કરતાં જે મનુષ્યો બીજાઓને અને વિશેષે કરીને જુવાનને ભમાવે છે, તેને માટે અપસોસ છે.

" ગુન્હાઓ નજ બને એ અશક્ય છે; પણ જે મનુષ્યદ્વારાએ ગુન્હો થાય છે તેને માટે અપસોસ છે. આવા અલ્પજ્ઞ યુવકોને ઈજા કરવા કરતાં તે પોતે પોતાની ડોકે ઘંટીનું પડ બાંધીને સમુદ્રમાં પડે તો વધારે સારૂં છે."

" કારણકે જો મનુષ્ય દુનિયાનું રાજ્ય મેળવે, અને તેનો પોતાનો આત્મા ખુવે તો તેથી તેને શું ફાયદો થશે? અથવા મનુષ્ય પોતાના આત્માના બદલામાં કંઈ વસ્તુ આપશે?"

વળી આપણે ગમે તેટલું પાપ કર્યું હોય, તોપણ એક પછી એક વાક્યો, એક પછી એક વચનો, હરકોઈને નિરાશ નહિ થવા ફરમાવે છે.

ક્રિશ્ચિઅન ધર્મમાં ભય નથી, પણ આશા છે.

રૅલે સૂચવે છે તે પ્રમાણે, તે બન્ને બાબતનો આપણે આપણા વિચારમાં ખરેખર સમાવેશ કરી શકીએ—

"મોત અને ન્યાય, સ્વર્ગ અને નરકનો,
જે વારંવાર વિચાર કરે છે, તે અવશ્ય સારૂં કરેછે."

પણ શિરજોરી કરતાં સમજુતીથી મનુષ્ય સહેલથી વશ થાય છેઃ કહેવા કરતાં કરી બતાવવું એ વધારે સારૂં છે. અને ધર્મન્યાયની કોર્ટની સઘળી બીકની તિરસ્કારથી મશ્કરી કરે એવા ઘણા મનુષ્યને **ડ્રમૉન્ડની**[1] ટીકા સત્ય લાગશે કે " દરેક દિવસે **ક્રાઈસ્ટના** સહવાસમાં ગાળેલી દશ મિનિટ, હા, જો મોઢામોઢ હોયતો, અને અન્યો અન્ય અંતઃકરણપૂર્વક હોય તો બે મિનિટપણ, મનુષ્યનું આખું જીવતર જૂદુંજ કરી દેશે."

સારૂં શું છે તેનો વિચાર રાખો, એટલે જે ખોટું છે તે તમે કરશો નહિ. " જે જે વસ્તુઓ સત્ય છે, જે જે વસ્તુઓ શુદ્ધ છે, જે જે વસ્તુઓ સુંદર છે, જે જે વસ્તુઓ સારી ગણાય છે; પણ જો કંઈ સદ્‌ગુણ હોય, અને જો કંઈ

---

૧ સ્કૉચ્ય કવિ. ૧૫૮૫-૧૬૪૯.

પ્રશંસનીય હોય, તો આ વસ્તુઓનું મનન રાખો." ગુન્હાઓ વિચારમાં ઘણી વખત થયા પહેલાં આચરણમાં આવતા નથી.

સેનેકાએ કહ્યુંછે કે, "જે કંઈ તમે મનુષ્યોને નહિ જણાવવાને ઈચ્છતા હો, એવું પરમેશ્વર પાસે કંઈ માગો નહિ, અથવા જે કંઈ તમે ઈશ્વરને નહિ જણાવવાને ઈચ્છતા હો, એવું મનુષ્ય પાસે કંઈ માગો નહિ." પણ કાળ અને અવકાશની અનંતતામાં આપણે કેવા ક્ષણભંગુર અને અતિસૂક્ષ્મ પ્રાણીઓ છીએ તેનો જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે **સ્પેન્સરની** માફક આપણે બરાબર કહીએ કે—

"આવાં ક્ષુદ્ર પ્રાણીઓને માટે શું સ્વર્ગમાં કાળજી?
અને સ્વર્ગવાસીઓમાં પ્રીતિ છે?"

સામિસ્ટ (ક્રિશ્ચિઅન ભજન કીર્તન બનાવનાર, ગાનાર) સત્યરીતિએ કહે છે. "હું તારી સૃષ્ટિ, તારાં હસ્તકૃત કામો, ચંદ્ર અને તારાઓ, જેને તેં નિર્માણ કર્યાં છે તેનો વિચાર કરૂં છું, તે વેળા મને નવાઈ લાગે છે કે મનુષ્ય અથવા મનુષ્યનો પુત્ર એ શું છે કે તેની તું ફીકર રાખે છે અને તેને દર્શન દે છે (મળે છે)?"

પણ **કોલ્રિજના** જવાબમાં દિલાસો છે કે,

"જો મનુષ્યો પ્રાર્થશે, તો સંતો મદદ કરશે;
કારણકે નીલવર્ણું આકાશ સર્વ ઉપર ઝુમી રહ્યું છે."

"માગો અને તે તમને આપવામાં આવશે; શોધો અને તે તમને મળશે; બારણું ઠોકો, અને તમારે માટે તે ઉઘાડવામાં આવશે." એવી શું આપણને પ્રતીતિ નથી અપાયેલી (વચન નથી આપ્યું)?

અને વળી: "મારા નામથી ગમે તે તમે માગશો, તે હું કરીશ." "જો તમે મારા ઉપર વિશ્વાસ રાખશો, અને મારાં વચનોનો તમારા હૃદયમાં વાસ રાખશો, તો તમારી મરજીમાં આવે તે માગો, અને તે તમને મળશે." વળી આપણે સાંભળ્યું છે કે ઈશ્વરને "સઘળાં અંતઃકરણ ખુલ્લાં છે, અને સર્વ

ઈચ્છા જણાયેલી" હોય છે; વળી તે પશ્ચાત્તાપી અંતઃકરણના નિઃશ્વાસને તેમજ શોકાર્ત્ત જેવાઓની ઈચ્છાને તિરસ્કારતો નથી; વળી તમે "તમારી સઘળી ચિન્તા તેનાપર નાખી દ્યો; કારણ કે તે તમારે માટે કાળજી રાખે છે."

આપણે પોતે સુસ્ત રહેવું અને પછી ઈશ્વરની મદદની આશા રાખવી એ ખરૂં કારણ નથી, પણ તે છતાં આપણને મદદની ખાત્રી આપી છે એટલુંજ નહિ, પણ કહ્યું છે કે, "ઈશ્વરની મદદ વગર જે કોઈ ઘર બાંધે છે, તેનો શ્રમ વ્યર્થ જાય છે; પ્રભુ શહેરનું રક્ષણ કરતો નથી, તો ચોકીદારના ઉજાગરા ફોકટ જાય છે." વળી "પ્રત્યેક ઉત્તમ પ્રસાદ અને પ્રત્યેક વરદાન સ્વર્ગમાંથી મળે છે, અને તેજોમય પિતા જેને કંઈ ભિન્નાભિન્નતા નથી અથવા વિકાર નથી તેના તરફથી અર્પણ થાય છે."

સ્વર્ગને માટે આ દુનિયાનો હોમ કરવાનો ક્રિશ્ચિઅન ધર્મ આપણને ઉપદેશ કરતો નથી, એથી ઉલટું "આપેલી આજ્ઞાઓપર પ્રીતિ રાખવી, અને આપેલાં વચનોની આશા રાખવી." એ અહિયાં તેમજ હવે પછીની દુનિયામાં, આપણા સુખની વૃદ્ધિ કરશે. સંસાર અને સ્વર્ગના જ્ઞાનમાં કંઈ અન્તર નથી; કારણ કે ધર્મ હમેશના જીવનને પવિત્ર કરે છે.

"એકાંત સ્થળને માટે આપણે આપણા કામથી
તેમજ પડોશીઓથી તદન અલગ થવાની જરૂર નથી,

. . . .

આત્મસંયમ, સ્થિતિ, ઇશ્વિર સાનિધ્ય હમેશાં પહોંચવાનો
આપણો માર્ગ, જે સઘળું આપણું ઇચ્છિત હોવું જોઇએ,
તે સર્વ સહેજ શ્રમ અને સામાન્ય કાર્ય
આપણને પ્રાપ્ત કરી આપશે."

જીસસે પોતાના શિષ્યોના સંબંધમાં કહ્યું છે કે-"તું તેમને દુનિયામાંથી બહાર કાઢી લે એમ હું પ્રાર્થતો નથી, પણ તેમને પાપથી તું દૂર રાખ એવી મારી પ્રાર્થના છે."

પ્લૅટો અને ઍરિસ્ટૉટલ અને એપિકટીટસમાં સેનેકા અને મર્કસ ઑરેલિઅસમાં, ઉત્તમ વિચારો છે, પણ નવા ઈશ્વરોક્ત આજ્ઞા ધર્મપુસ્તકમાં જેવાં પ્રીતિ વચનામૃત છે તેવાં બીજા કશામાં નથી.

જીસસે કહ્યું છે કે, મારો ધર્મ ખરેખર નવીન છે. "હું તમને નવીન આજ્ઞા આપુંછું, કે તમે પરસ્પર પ્રીતિ રાખો; જેવી રીતિએ મેં તમારાપર પ્રીતિ રાખી છે, તેવી રીતિએ તમે એક બીજા પર પ્રીતિ રાખો; આવી રીતિએ જો તમે પરસ્પર માયા રાખશો તો મનુષ્યો જાણશે કે તમ મારા શાગ્રિત (મતાનુસારી) છો."

અને વળીઃ "આ ઉપદેશ મેં તમને કર્યો છે તેનું કારણ એ છે કે, મારો આનંદ તમારામાં રહે. અને તમારો આનંદ પરિપૂર્ણ થાય. મારી આ આજ્ઞા છે કે, જેમ મેં તમારાપર ચાહના રાખી છે, તેમ તમે પરસ્પર ચાહના રાખો. પોતાના મિત્રો માટે સ્વાર્પણ કરતાં બીજો મોટો પ્યાર મનુષ્યમાં નથી. જે જે હું તમને આજ્ઞા કરૂં તે તે જો તમે માનશો તો તમે મારા મિત્ર છો. આજથી હું તમને મારા સેવક ગણતો નથી; કારણ કે સેવકો પોતાના પ્રભુનાં કાર્યો જાણતા નથીઃ પણ મેં તમને મારા સરખા ગણ્યા છે; કારણ કે જે સઘળું તાત્પર્ય મારા પિતાએ મને શ્રવણ કરાવ્યું છે તે સઘળું હું તમને નિવેદન કરૂં છું."

ક્રિશ્ચિઅન ધર્મનું આગમન. "ઈશ્વરના ઉચ્ચતમ મહિમા, પૃથ્વીની સુખશાન્તિ, અને મનુષ્ય તરફના-સદ્ભાવ, તરીકે પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું."

જીસસે વિશેષે કરીને તેને **મોઝીઝના** ઉપદેશથી ભિન્ન કરી બતાવેલ છે, કારણ કે તેમાં પુનઃ પુનઃ ક્ષમા આપવાને અને શત્રુપ્રતિ પણ પ્રીતિ રાખવાને ફરમાવેલ છે.

" सुहृन्मित्रार्युदासीन मध्यस्थ द्वेषि बंधुषु ।
साधुष्वपि च पापेषु समबुद्धिर्विशिष्यते ॥ १ ॥"

"श्रीभगवद्गीता"

ભાવાર્થ—" કુટુંબ, મિત્ર, શત્રુ, ઉદાસી, મધ્યસ્થ, દ્વેષી સંબંધી, અને સાધુ પુરૂષ એ સર્વેને વિષે જેની સમાન બુદ્ધિ છે તે પુરૂષને શ્રેષ્ઠ જાણવો." " તમે એમ કહેલું શ્રવણ કર્યું છે કે, તું તારા પડોશીપર પ્રીતિ રાખજે અને તારા શત્રુને ધિક્કારજેઃ પણ હું તમને ઉપદેશ આપું છું કે, તમારા દુશ્મનોપર પ્રીતિ રાખજો. જે તમને શાપે તેમનું કલ્યાણ કરજો, જે તમને દુશ્મન ગણી ધિક્કારે તેમનું ભલું કરજો, અને જે દ્વેષભાવથી તમારી સાથે વર્તે અને તમને સંતાપે તેમનું ભલું કરવા ઈશ્વરને પ્રાર્થના કરજો; કે જેથી તમારો સ્વર્ગવાસી પિતા તમને પોતાનાં બાળક ગણેઃ કારણ કે તે પોતાના સૂર્યનો પ્રકાશ ભલા અને ભુંડા સર્વેને આપે છે, અને ન્યાયી અને અન્યાયી સર્વેને માટે વૃષ્ટિ કરે છે.

" निर्गुणेष्वपि सत्वेषु दयां कुर्वंति साधवः ।
नहि संहरते ज्योत्स्नां चंद्रश्चांडालवेश्मनि" ॥ १ ॥

ભાવાર્થ—" સજ્જન પુરૂષો નિર્ગુણ પ્રાણી ઉપર પણ દયા કરે છે, ચંદ્ર ચાંડાલના ઘર ઉપરથી પોતાની કાંતિને સંહારી લેતો નથી."

કારણ કે " જે તમને ચાહતા હોય, તેમને તમે ચાહો, તેમાં તમે શું વિશેષ કરો છો ? ક્ષુદ્ર મનુષ્યો પણ શું તેમ નથી કરતા? અને જો તમે માત્ર તમારા બંધુઓનેજ નમન કરો, તેમાં બીજા કરતાં તમે શું વધારે કરો છો ? શું ક્ષુદ્ર મનુષ્યો પણ તેમ નથી કરતા? તેટલા માટે જેવો સર્વાંગ શુદ્ધ (નિર્દોષ) તમારો સ્વર્ગવાસી પિતા છે તેવા તમે સર્વાંગ શુદ્ધ થાઓ."

" વ્યાધિ, શોક અને ચિન્તા આપણે અનિવાર્ય માનવાં જોઈએ, પણ સંતાપમાંએ (આનંદ) માનવોઃ કારણ કે સંતાપથી ખામોશ વધે છે; અને ખામોશથી અનુભવ આવી અનુભવથી આશા ઉત્પન્ન થાય છે." અને આપણને પ્રતીતિ અપાયેલી છે કે, " વર્ત્તમાન કાળનાં દુઃખો, જે મહિમા આપણને જણાવવામાં આવશે, તેની સાથે સરખાવો કરવા યોગ્યજ વળી નથી."

"ઈશ્વરપર જે પ્રીતિ રાખે છે તેને માટે તેણે જે વસ્તુઓ ઉત્પન્ન કરી છે, તે કોઈને દૃષ્ટિ કે કર્ણગોચર થઈ નથી, તેમજ કોઈ હૃદયમાં તેનો આભાસ પડ્યો નથી."

એપિક્ટીટસ કહે છે કે, "બીજા સઘળા આનંદને બદલે ઈશ્વર આજ્ઞાનુસાર વર્તવાના અંતર્જ્ઞાનના અને વળી ડાહ્યા અને સન્મનુષ્યની માફક માત્ર વાણીથી નહિ, પણ કર્મથી વર્તવાના આનંદમાં તમે મગ્ન રહો." અને તોપણ, પોતાના ધર્મને માટે મનુષ્યો કેટલું થોડું કાર્ય કરે છે! તેઓ "તેના વિષે ઝગડા કરશે, તેના વિષે સંવાદ કરશે, અપશબ્દો કહેશે, તેઓના પડોશીઓને સંતાપશે અને બાળી મૂકશે, ધર્મને માટે લડશે, અને તેને માટે તેમના આત્મા અર્પણ કરશે; ખરેખર તેમાં તલ્લીન થઈ બીજી હરકોઈ બાબત કરશે. ધર્મપરાયણ રહેવાનો યત્ન થોડાજ પુરૂષો કરે છે."

ટૉમસ એ **કૅમ્પિસ** કહે છે, "થોડા દરમાયાને (પૈસાને) માટે લાંબા પંથે પળાય છે; પણ અનંત જીવનને માટે ઘણાં મનુષ્યો જમીનપરથી ભાગ્યેજ એક પગલું ભરે છે." અને વળી બીજે સ્થળે કહે છે કે, "લખો, વાંચો, શોક કરો, ચૂપ રહો, પ્રાર્થના કરો, સંકટો મર્દાઈથી સહન કરો; અનન્ત જીવતર આ સર્વ વસ્તુઓ, અને વળી વધારે મહત્ યુદ્ધોને માટે યોગ્ય છે." આમ છે તો પણ કેટલું થોડું આપણી પાસેથી માગવામાં આવે છે? "કારણ કે પ્રભુ આપણી પાસેથી શું માગે છે, માત્ર એટલુંજ કે, ન્યાયી થા, દયામાં પ્રીતિ રાખ, અને તારા ઈશ્વરની સાથે નમ્રતાથી વર્ત!"

તોપણ જો આપણી પાસેથી વધારેની આશા રાખવામાં આવી હોત, જો વધારે મોટા ભોગો માગ્યા હોત, જો આ દુનિયાની દરેક વસ્તુ અર્પણ કરવાનું કહેવામાં આવ્યું હોત, તો જીંદગી પણ કેવી ટુંકી છે!

"જેમ વાદળાં અને સૂર્યથી પડતા છાયાઓ
ઉનાળાના સૂકા ઘાસ ઉપરથી ચાલ્યા જાય છે,

તેમ હે સર્વ શક્તિમાન્ ઈશ્વર! તારી નજરે
દુનિયાના જમાનાઓ પસાર થાય છે;
અને અપાર અસંખ્ય વર્ષો જેમ જેમ
ઝડપથી ભીંસ કરતાં આગળ વધતાં આવે છે,
તેમ તેમ દુનિયામાં અભિમાનપ્રદ
પ્રકાશિત નામો જરા ચળકે છે અને ચાલ્યાં જાય છે."

અલબત આપણી યાચના સત્યભાવનાવાળી હોવી જોઈએ.

"તું જાણે કે મારી સાથેજ હો
એમ વર્તવાને હું હમેશાં યત્ન કરીશ:
જે જે માર્ગ હું ગ્રહણ કરીશ,
તે તારા પોતાને માટેજ હશે."

આવી પ્રકૃતિનું ફળ તેમાં પોતામાંજ સમાયેલું છે; કારણ કે ધર્મનાં વચનો આવી દુનિયાનેજ માટે નથી. તેઓ અહિંઆં, હમણાં, અને એકદમ શરૂ થાય છે. જો પોતે માત્ર પવિત્ર રાખી શકે, તો આપણામાંના દરેકના આત્મામાં સજીવ જળનો એક કૂપ રહેલો છે—

"મનુષ્ય જાતિને કેટલીએક એવી વૃત્તિઓ આપેલી છે કે
જેમાં સ્વર્ગીય અંશ કરતાં પૃથ્વીય અંશ ઓછો હોય છે."

સિસેરો વિશેષ વાસ્તવિક રીતિએ કહે છે કે, "સન્મનુષ્ય સિવાય કોઈ સુખી નથી, અને સઘળા સન્મનુષ્યો સુખી છે, તે જો સત્ય હોય, તો તત્વશાસ્ત્ર (કારણકાર્યવિવેક) સિવાય બીજી કઈ વસ્તુ વધારે મનન કરવા યોગ્ય છે, અથવા સદ્દગુણ કરતાં બીજું મોટું ઐશ્વર્ય કયું છે?"

જો કે નિઃશંક આ વાસ્તવિક રીતિએ સત્ય છે, તો પણ માનવું મુશ્કેલ લાગે છે. મનુષ્યોને પોતાની સહનશકિત ઉપરાંત લાલસા થતી નથી, પણ વળી, "ઈશ્વર સત્ય છે; ને તમારા ગજા ઉપરાંત તમને લાલચમાં પડવા દેતો નથી. પણ તે લાલચ તમે સહન કરી શકો તેને માટે તેમાંથી સલામત રહેવાનો પણ રસ્તો સૂચવે છે."

" वलिभिर्मुखमाक्रांतं पलितैरंकितं शिरः ।
गात्राणि शिथिलायन्ते तृष्णैका तरुणायते ॥ "

ભાવાર્થ—" મુખ ઉપર વળીઓ પડયાં, મસ્તકપર પળીઓ આવ્યાં અને ગાત્રો શિથિલ થઈ ગયાં, તો પણ એક તૃષ્ણા તરૂણ રહ્યા કરે છે."

તથા મનુષ્ય એવું નબળું છે કે, " તમે લાલચમાં ન ફસાઓ એમ સાવધ રહો અને યાચના કરો." એવો બોધ આપણને આપવામાં આવ્યો છે: ખરેખર ઈન્દ્રિઓ તૃષ્ણાતુર છે, પણ શરીર નબળું છે.

આપણે પરિપૂર્ણતાએ પહોંચવાનો ઉદ્દેશ રાખવો જોઇએ, " તમારો પિતા જે સ્વર્ગમાં છે તે જેવો સર્વાંગશુદ્ધ છે, તેવા સર્વાંગશુદ્ધ તમે પણ થાઓ." અને તેનું ફળ તાત્કાલિક તેમજ અમાપ છે. આપણાં ઘણાં સંકટો આપણેજ ઉત્પન્ન કરીએ છીએ. " ખાલી પ્રૌઢતાથી મનુષ્ય પોતે અસ્વસ્થ રહે છે." ડેનિઅલની[1] માફક આપણામાંના ઘણા કહી શકીએ. " મારા મગજના તુરંગોએ મને હેરાન કીધો." તો પણ જો આપણી ઈચ્છા હોય તો આપણે સ્વસ્થ થવાય: જો આપણે સ્વસ્થ ન થઈએ તો આપણો પોતાનોજ દોષ છે. ધર્મ તો આ દુનિયામાં પણ આરામ અને નિર્ભયતા, મનની શાન્તિ અને ચિન્તામાંથી મુક્તિ આપવાનું આપણને વચન આપે છે. સ્વર્ગ માત્ર ભવિષ્યમાં અને દૂર નથી: સ્વર્ગ તમારાં પોતામાંજ છે.

" स्वस्मिन्नेव हिवर्त्तेते स्वर्गो नरक एव च ॥"

" उपदेशमाला."

ભાવાર્થ—" સ્વર્ગ અને નરક પોતામાં જ છે."

જો આપણે શ્રમિત થયા હોઈએ અને કાયર થઈ ગયા હોઈએ તો શું આપણને આમંત્રણ નથી ? " જે સઘળાઓ તમે મહેનત કરો છો અને જેમને ઘણો બોજો છે, તે સઘળા

---

૧. મોટા પેગમ્બરોમાં ચોથો. ઇ. સ. પૂ. ૫ માં સૈકામાં થઇ ગયો.

મારી પાસે આવો, એટલે હું તમને આરામ આપીશ." "તમારા અંતઃકરણને વ્યગ્ર થવા દ્યો નહિ: તમે ઈશ્વરપર શ્રદ્ધા રાખો છો તો મારા પર પણ વિશ્વાસ રાખો." શંકાથી મનને વ્યથિત થવા દેવું એ શ્રદ્ધાની ખામી બતાવે છે.

આપણે સાંભળ્યું છે કે, ભયનું કંઈ વાસ્તવિક કારણ આપણે નથી: "કારણ કે જો કે હું મોતરૂપી અંધકારમય ખીણમાં ફરતો હોઉં તો પણ કશી આપત્તિની મને બીક લાગતી નથી: કારણ કે તું મારી સાથે છે; તારો પવિત્ર દંડ અને છડી મને શાન્તિ આપે છે." તેમજ ચિન્તાની પણ કંઈ બીક નથી, "આકાશ ઉડતાં પક્ષિઓ કે જેઓ વાવતાં નથી, જેઓ લણતાં નથી, તેમજ જેઓ ભંડારમાં સંગ્રહ કરી રાખતાં નથી, તો પણ તમારો સ્વર્ગસ્થ પિતા તેમનું પોષણ કરે છે! શું તમો તેમના કરતાં ઉત્તમ નથી? ...... અને તમે ખાધાના શામાટે ઉચાટ રાખોછો! ખેતરોમાં ઉગતાં સુંદર ફૂલોનો વિચાર કરો, તેઓ કેમ ઉગે છે: તેઓ મહેનત કરતાં નથી, તેમજ ચાકપર ચડતાં નથી: આમ છે તોપણ મારૂં તમને એટલું કહેવું છે કે **સૉલોમન**ની તેના સઘળા વૈભવ છતાં પણ આવી સ્થિતિ ન હોતી. તેટલામાટે જો ખેતરનું ઘાસ જે આજે છે, અને કાલે તો ભઠ્ઠીમાં જાય છે, તેનું ભરણ પોષણ ઈશ્વર કરે છે તો, અરે અપૂર્ણ વિશ્વાસવાળાઓ શું તે તમારૂં વધારે ભરણ-પોષણ નહિ કરે?"

"विश्वं बिभर्ति येनासौ "विश्वंभर" इति स्मृतः ।
तेनासो विश्वभरणे तत्परः परमेश्वरः ॥ १ ॥"

"कवीश्वर."

ભાવાર્થ—"વિશ્વનું ભરણ—પોષણ કરે તેથી વિશ્વંભર કહેવાય છે, તેથીજ તે એ પ્રભુ આ વિશ્વના ભરણ—પોષણમાં તત્પર છે."

"તમારા ખાનપાનની શોધમાં ન રહો......કારણ કે આ ચીજોની શોધમાં તો આખા જગત્‌ની પ્રજાઓ રહ્યા કરે છે:

અને તમારો પિતા જાણે છે કે તમારે આ વસ્તુઓની આવશ્યકતા છે. પણ ઈશ્વરના રાજ્યની શોધમાં રહો; અને સઘળી ચીજો તમને તેની સાથે મળશે."

એના એજ બોધનો વારંવાર ઉપદેશ કરવામાં આવ્યો છે, એનાં એજ વચનો વારંવાર આપવામાં આવ્યાં છે, "આ દુનિયા કે જ્યાં ઉધાઈ અને કાટ લાગે છે, અને જ્યાં ચોરો આવીને ચોરી જાય છે, ત્યાં તમે તમારી દોલતનો સંગ્રહ કરો નહિ; પણ તમારી દોલતનો સ્વર્ગમાં સંગ્રહ કરો, કે જ્યાં ઉધાઈ કે કાટ બેમાંનું એકે લાગતું નથી, અને જ્યાં ચોરો જઈને ચોરી શકતા નથી: કારણ કે જ્યાં તમારો ખજાનો હશે ત્યાં તમારૂં ચિત્ત પણ લાગેલું રહેશે." અને વળી: "જો સંપત્તિ વધે તો તેના ઉપર તમારૂં ચિત્ત ચોટાડો નહિ." વાસ્તવિક રીતિએ કોઈપણ ચિન્તાનું ખરૂં કારણ દુર્બળ સ્થિતિ નથી, પણ સંપત્તિજ છે.

"जनयन्त्यर्जने दुःखं तापयंति विपत्तिषु।
मोहयंति च संपत्तौ कथमर्थाः सुखावहाः॥"

ભાવાર્થ—"જે ઉપાર્જન કરવામાં દુ:ખ આપે છે, વિપત્તિઓમાં પરિતાપ કરે છે, અને સંપત્તિમાં મોહ કરે છે, તે સંપત્તિ સુખદાયક શી રીતિએ કહેવાય?" "જેઓ સંપત્તિપર વિશ્વાસ રાખે છે તેમને સ્વર્ગના રાજ્યમાં દાખલ થવું એ કેવું મુશ્કેલ છે."

તે પર્વતપરના ધર્મોપદેશમાં, જેઓ દયાળુ, નમ્ર, સંધિસાધક, અને અંતઃકરણ શુદ્ધ હોય, તેમને સ્વર્ગનું વચન આપવામાં આવ્યું છે.

આપણને ઉપદેશ કરવામાં આવ્યો છે કે, ઈશ્વરથી બીહવું નહિ: કારણ કે તે આપણો પિતા છે, અને પરિપૂર્ણ ભાવથી બીક નાસી જાય છે.

માણસની બીક રાખવાની આપણે જરૂર નથી, "મારો

સંપૂર્ણ વિશ્વાસ મેં પરમેશ્વરમાં રાખ્યો છે, માણસ મને શું કરશે તેની મને કાંઈ બીક નથી."

ખરેખર કોઈ વસ્તુ આપણને નુકસાન નહિ કરે. "જે પરમેશ્વરપર પ્રીતિ રાખે છે તેમનું સર્વ વસ્તુઓથી કલ્યાણજ થાય છે."

આપણને ખાત્રી આપવામાં આવી છે કે, જીવતરના સઘળા સંતાપ અને ચિન્તા અને કઠિનતાઓમાં, "ઈશ્વરની શાન્તિ જે સર્વ સમજથી શ્રેષ્ઠ છેઃ તે તમારા અંતઃકરણ અને મનને ઈશ્વરના જ્ઞાન અને પ્રીતિમાં રાખશે." અને ઈશ્વર તરફથી તમારૂં કલ્યાણ થશે અને તે હમેશાં તેમનું તેમ તમારી પાસે રહેશે.

અને આ વચનો આપણને સર્વને મળેલાં છે. માત્ર સંપત્તિમાન્, મહાન્, ચંચળ, અને વિદ્વાનને જ નહિ પણ આપણ સઘળાને મળેલાં છે, કારણ કે ઈશ્વર આગળ સૌ સરખું છે.

"न स्वकीयः परः को वा सम दृष्टिर्महेश्वरः।"

'अनुभव.'

ભાવાર્થ—"ઈશ્વરને કોઈ પોતાનો કે પારકો નથી, તે દયાળુ પ્રભુની સર્વ ઉપર સમાન દૃષ્ટિ છે."

"નાનાં છોકરાંઓને મારી પાસે આવવા દ્યો, અને તેમને મના કરો નહિ; કારણ કે એવાંઓને માટેજ સ્વર્ગનું રાજ્ય છે."

આપણેજ માત્ર આપણા આ લાભોનો હોમ કરીએ છીએ.

"કારણકે હું સમજું છું કે મૃત્યુ, અથવા જીંદગી, દેવદૂતો, અથવા ઉપરાજ્ય, અથવા સત્તા, અથવા આધુનિક અથવા ભવિષ્યમાં થવાની વસ્તુઓ, અથવા ઉચ્ચતા, અથવા અધમતા, અથવા કોઈ બીજું પ્રાણી, આપણા પ્રભુ **જીસસ ક્રાઈસ્ટ**માં જે આપણી પ્રીતિ છે, તેનો આપણને વિયોગ કરાવવાને શક્તિમાન્ થશે નહિ."

આવી, અને આવી રીતિથીજ માત્ર મનુષ્ય જીવતર શુદ્ધ અને શાન્તિમય અને સુખી થશે.

"નિષ્કપટ થાઓ અને જે સત્ય વસ્તુ છે તેના પર લક્ષ રાખો; કારણ કે આથી છેવટ શાન્તિની પ્રાપ્તિ થશે."

અને તેથી કરીને જેઓનાં નામો અનંત સ્થિતિમાં મુદ્રાંકિત થયેલાં છે તેમની પંક્તિમાં તમો પણ બિરાજશો.

આમ છે તેથી તમારૂં દૈવ ગમે તેવું હોય અને ગમે ત્યાં તમને લઈજાય તો પણ તમારે સુખી થવાનીજ આશા રાખવી, કારણ કે—

"ઇશ્વરની નજર નીચે રહેલાં સર્વ સ્થળો
ડાહ્યા મનુષ્યને સુખ આપતાં બંદરો અને આશ્રમ
સ્થાનો છે."

કિંગ્ઝલેના ઉત્તમ વચનો પ્રમાણે ભલા થાઓ;—

"અને જેઓ હુશિઆર હોય,
તેઓ ઉત્તમ કાર્યોકરો,—તેપર દિવસોના દિવસો સુધી વિચાર કર્યા કરો નહિ; તેમ કરતાં આ જીવતર, મૃત્યુ અને પછીની અનંત સ્થિતિ એક મોટા મધુર ગાયન રૂપ તમને લાગશે."

"कमलदल गतांबुबिंदुलोलं
धनमथ जीवितमस्ति मानुषाणाम् ।
इति मनसि विचार्य सज्जनाभोः
कुरुत सदा परलोकसाधनानि ॥ १ ॥

ભાવાર્થ—"માણસોનું ધન અને જીવિત કમળની પાખડી ઉપર રહેલા જલબિંદુની જેમ ચપલ છે આવો મનમાં વિચાર કરી હે સજ્જનો! તમે સદા પરલોકનાં સાધનો સંપાદન કરો."

સંપૂર્ણ.

00147983